મહાવીર પુરાણ

શ્રી સકલકીર્તિ આચાર્ય વિરચિત

# મહાવીર પુરાણ



: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ॐ

શ્રી સકલકીર્તિ આચાર્ય વિરચિત

# મહાવીર પુરાણ

: પ્રેરણાસ્રોત :

સ્વ. નાગરદાસ બી. મોદી, સોનગઢ

: અનુવાદક :

પ્રશમ જિતેન્દ્રભાઈ મોદી, સોનગઢ

(સંપાદક : આત્મ-જાગ્રતિ)

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ

email : moxarthikahanshishu@yahoo.co.in

Mob. : 09722833143

કહાન સંવત : ૩૪ | વીર સંવત : ૨૫૪૧ | વિ. સંવત : ૨૦૭૧ | ઈ. સ. : ૨૦૧૪

**–: પ્રકાશન તિથિ :–**

ભગવાન મહાવીર નિર્વાણ કલ્યાણક દિન, આસો વદ–૦)) તા. ૨૩–૧૦–૨૦૧૪

પ્રત : ૧૦૦૦

## : પ્રાપ્તિસ્થાન :

✻ **શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦,
નવયુગ સી.એચ.એસ. લિ.,
વિ.એલ. મહેતા માર્ગ,
વીલેપાર્લે (વેસ્ટ),
**મુંબઈ–૪૦૦૦૫૬**
ફોન : ૦૨૨–૨૬૧૩૦૮૨૦

✻ **ચિંતન જિતુભાઈ મોદી**
''ક્રમબદ્ધ નિવાસ'',
૪૫, કહાન નગર સોસાયટી,
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
મો. નં. : ૦૯૯૨૫૮૬૨૫૬૮
૦૯૭૨૨૮૩૩૧૪૩

✻ **શ્રી હિતેશભાઈ ચોવટીયા**
ડી/૧૬/૨૦૫, યોગી તુલ્સી,
યોગી નગર, બોરીવલી (વેસ્ટ),
**મુંબઈ – ૪૦૦ ૦૯૨**
ફોન :(૦૨૨) ૨૮૬૩૧૧૫૫
મો. નં. : ૦૯૩૨૨૮ ૯૦૦૮૯

✻ **શ્રી સીમંધર કુંદકુંદકહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગી નિકેતન પ્લોટ,
''સ્વરુચિ'' સવાણી હોલની
શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
**રાજકોટ** – ૩૬૦ ૦૦૫,(ગુજરાત)
ફોન : (૦૨૮૧) ૩૧૦૦૫૦૮

## શ્રી મહાવીર પુરાણ
### પ્રસ્તુત પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

| | |
|---|---|
| રૂા. ૮૧,૦૦૦/- | એક મુમુક્ષુ |
| રૂા. ૧૧,૦૦૦/- | એક મુમુક્ષુ, મુંબઈ |
| રૂા. ૧૦,૦૦૦/- | શ્રીમતી દમયંતીબહેન મણિલાલ ગાલા, મુંબઈ |
| રૂા. ૫,૦૦૦/- | સ્વાધ્યાય પરિવાર હ. શ્રી રમણીકભાઈ સાવલા, મુંબઈ |
| રૂા. ૨,૦૦૦/- | એક મુમુક્ષુ, વડાલા-મુંબઈ |
| રૂા. ૧,૦૦૦/- | સ્વ. શાંતાબહેન પ્રભુલાલ ઘીયા પરિવાર, રાજકોટ |


મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**મો. ૦૯૮૨૪૯ ૪૪૪૦૧**

**મૂલ્ય : સ્વાધ્યાય**

ટાઈપ સેટીંગ :
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફીક્સ**
**સોનગઢ**
**મો. ૦૯૯૦ ૪૧૦ ૪૪૩૨**

# અર્પણ

ભવાટવીમાં ભટકતાં ભૂલા પડેલાં ભવ્યોને ઉગારનાર ભગવાન શ્રી સીમંધરસ્વામીના સમવસરણના શ્રોતા, મહાવિદેહમાં સમવસરણમાં ભગવત્ કુંદકુંદાચાર્યદેવના પ્રત્યક્ષ દર્શન કરનાર હે અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ ! આપશ્રીએ ૪૫-૪૫ વર્ષો સુધી અધ્યાત્મની ધોધમાર વર્ષા વરસાવીને પંચમઆરાના અંત સુધી ધસમસતી વહેતી રહેનાર તત્ત્વજ્ઞાનની ગંગા વડે ભવ્ય જીવો પર જે અસીમ ઉપકાર કર્યો છે તે ઉપકાર પ્રતિ ભક્તિ-અંજલિ સમર્પિત કરવા **મહાવીર પુરાણ** ગુજરાતીમાં પ્રકાશિત કરીને આપને અર્પણ કરતાં અમો અત્યંત પ્રસન્નતા અનુભવીએ છીએ.



—પ્રકાશક-પરિવાર

# આચાર્ય સકલકીર્તિનો સંક્ષિપ્ત પરિચય

આચાર્ય સકલકીર્તિનો જન્મ વિ.સં. ૧૪૪૬ (ઈ.સ. ૧૩૮૬)મા થયો અને ૫૬ વર્ષની ઉંમરમાં જ તેઓ પરમગતિને પ્રાપ્ત થયા. આ રીતે, તેમનો દેહત્યાગ વિ.સં. ૧૪૯૯મા થયો. તેઓ ણહિલપુર પટ્ટણના રહેવાવાળા હતા. તેમના પિતાનું નામ 'કર્ણસિંહ' અને માતાનું નામ 'શોભા' હતું. તેમના જન્મનું નામ 'પૂરણસિંહ' અથવા 'પૂર્ણસિંહ' હતું. તેઓ જાતિએ હુમડ હતા.

પાંચ વર્ષની ઉંમરથી તેમનો વિદ્યાભ્યાસ શરૂ થયો, ૧૪મા વર્ષમાં વિવાહ થયા અને સત્સંગતિ મળતા ૧૮મા વર્ષમાં અર્થાત્ વિ.સં. ૧૪૬૬મા તેમણે ગૃહત્યાગ કરી દીધો. નેણવામાં ભટ્ટારક પદ્મનંદિના શિષ્ય થયા. ઘણા સમય સુધી તેઓ ભટ્ટારક રહ્યા, પછી ૩૪મા વર્ષે દિગંબરાચાર્ય થઈ ગયા–પૂર્ણરૂપથી નિર્ગ્રંથાવસ્થામાં હતા.

તેમણે ખૂબ અધ્યયન કર્યું. રાજસ્થાની, પ્રાકૃત અને સંસ્કૃતભાષાના વિદ્વાન કહેવાયા. એકલા સંસ્કૃતમાં જ તેમણે ૨૯ ગ્રંથો રચ્યા કે જે બધા પદ્યમાં છે. તેમાં યશોધર ચરિત્ર, ધન્યકુમાર ચરિત્ર, જંબૂસ્વામી ચરિત્ર, આદિપુરાણ, ઉત્તરપુરાણ આદિ પ્રમુખ છે. રાજસ્થાનીમાં પણ 'આરાધના પ્રતિબોધસાર' આદિ ૮ ગ્રંથો રચ્યા છે. પોતાના સમયના તેઓ પ્રકાંડ વિદ્વાન હતા. અનેક ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં તેમની પ્રશંસા કરી છે. ઉદાહરણ માટે 'હરિવંશપુરાણ' (શ્રી બ્રહ્મ જિનદાસરચિત)ની પ્રશસ્તિમાં એમને महाकवित्वादि कलाप्रवीणः तपोनिधिः सकलकीर्ति 'निर्ग्रंथवरः प्रतापी' કહ્યા છે.

તેમણે ઘણી તીર્થયાત્રાઓ કરી, જગ્યા જગ્યાએ નવા મંદિર નિર્માણ કરાવ્યા, ૧૪ બિંબ પ્રતિષ્ઠાઓ કરાવી. એ મુગલકાળમાં નિર્ભય થઈને તેમણે ખૂબ ધર્મ-પ્રચાર કર્યો. પ્રસ્તુત 'શ્રી મહાવીર પુરાણ' તેમણે લગભગ વિ.સં. ૧૪૭૧મા પૂર્ણ કર્યું.

–શ્રી નેમિચંદ પટોરિયા

# પ્રસ્તાવના

જેના અભાવમાં જિનવરસ્વામી મળવા છતાં ન મળ્યા સમાન રહ્યો, જેના અભાવમાં દિવ્યધ્વનિના શ્રવણપાન છતાં ધર્મોપદેશથી વંચિત રહેવા સમાન રહ્યો એવો દુર્લભ દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશ આ દુષમકાળે ભવ્ય જીવોને જેમના પ્રતાપે સુલભ બન્યો એવા ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત કરુણાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ પ્રધાનપણે તો, જેની પ્રાપ્તિ વિના જીવ બોધિપણે–સમ્યગ્જ્ઞાનપણે પરિણમ્યો નથી એવો, દ્રવ્યદૃષ્ટિનો જ માર્ગ પ્રકાશ્યો છે અને સાથોસાથ તે બોધિબીજને અનુકૂળ એવી સમાધિ-વૈરાગ્યની ભૂમિ માટે પુરાણોના સેંકડો પ્રસંગોનું ખૂબ મલાવી મલાવીને વર્ણન કરતાં કરતાં એ પુરાણ-પ્રસંગો વડે જીવોના પરિણામની વિચિત્રતા, તે તે પરિણામોની તેના જન્મક્ષણે અફરતા-નિશ્ચિતતા, પરિણામોની યોગ્યતા અને ક્રમબદ્ધતા તેમજ પુણ્ય-પાપ અને તેનું ફળ, સંયમ અને તેનું ફળ અને તે દ્વારા હેય-ઉપાદેયપણાની સિદ્ધિ કરતાં રહ્યા હતા. તેઓશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન મૂળભૂત ઉપદેશનું સંકલન તો અનેકવાર અગાઉ પ્રકાશિત થતું આવ્યું જ છે પરંતુ તેઓશ્રીના પ્રવચનોમાં વારંવાર પુરાણ-પ્રસંગો સાંભળતાં એક ભાવના રહ્યા કરતી હતી કે મોટા ભાગના પુરાણો હિન્દીમાં જ ઉપલબ્ધ હોવાથી તથા મોટા ગ્રંથાકારમાં હોવાથી સામાન્ય જનસમુદાય માટે તેનું વાંચન સુલભ ન હોવાથી, આચાર્યોના મહાન પુરાણોમાંથી કેટલાક સમાધિ-વૈરાગ્ય-પ્રેરક પુરાણોનું ગુજરાતીમાં સંકલન પ્રકાશિત કરવું. ફળસ્વરૂપે **શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ** દ્વારા **આચાર્ય શ્રી સકલકીર્તિજી** વિરચિત આ **''મહાવીર પુરાણ''** પ્રકાશિત કરવાનું બનતાં પ્રસન્નતા અનુભવીએ છીએ.

સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં ચાર અનુયોગનો ઉપદેશ હોય છે તેમાં પ્રથમ અનુયોગનું નામ પ્રથમાનુયોગ છે. બીજી રીતે કહીએ તો દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ અને કરણાનુયોગમાં જે વર્ણન છે તેનો 'પુરાવો' (-સાક્ષી) એટલે આ પ્રથમાનુયોગ! તેથી પ્રથમાનુયોગના અભ્યાસથી એ ત્રણેય અનુયોગના વર્ણનનું ભાવભાસન સરળ બને છે; વિશેષરૂપે દ્રવ્યાનુયોગના વિષયની દૃઢતા તેમજ ચિંતન-મનન પ્રબળ બને છે.

પુરાણના સ્વાધ્યાયથી પુરાણના પ્રસંગોનો શાંતચિત્તે વિચાર કરતાં મુખ્યતઃ વૈરાગ્યભાવના વિશેષ વૃદ્ધિગત્ થવા પામે છે જેના કારણે ગૃહસ્થભૂમિકામાં પ્રવૃત્તિ, પરિચય અને પ્રમાદથી વિશેષ નિવૃત્તિપૂર્વક દ્રવ્યદૃષ્ટિપ્રધાન આત્મસાધનામાં વિશેષ આરૂઢતા થઈ શકે છે.

આ મહાવીર પુરાણ વાંચતા સમજાશે કે–

(૧) આ હુંડાવસર્પિણી ચતુર્થકાળના અંતિમ તીર્થંકરનો–મહાવીરપ્રભુનો જીવ, આ કાળના પ્રથમ નારાયણ (ત્રિપૃષ્ઠ) શલાકા પુરુષ હતા; પ્રથમ નારાયણ થતાં પહેલાં તે જીવ આ કાળના પ્રથમ ચક્રવર્તીના પુત્ર અને પ્રથમ તીર્થંકરના પૌત્ર (મરીચિ) હતા! એટલે કે પ્રથમ તીર્થંકરનો પૌત્ર અને પ્રથમ ચક્રવર્તીનો પુત્ર હોવા છતાં, પ્રથમ તીર્થંકર મુનિરાજ સાથે જ વીતરાગી દિગમ્બર મુનિપણું લઈને પણ કિંચિત્ ન્યૂન ક્રોડાક્રોડી સાગરોપમ સંસારમાં રખડ્યો! એટલે કે કેટલોય કાળ નિગોદમાં રહ્યો! અર્થાત્ દિગમ્બર દ્રવ્યલિંગપણું ધારણ કરીને પણ કેટલાય ભવો સંસારમાં રખડીને નિગોદમાં જઈ પડ્યો!!

આ પ્રસંગ એમ સાવધાની કરાવે છે કે આપણને અત્યારે વીતરાગી દેવ-ગુરુ-ધર્મનો યોગ મળ્યો છે ને આપણે થોડો સમય દેવદર્શન-પૂજન-ભક્તિ કે પ્રવચન શ્રવણ તેમજ ગૃહસ્થને યોગ્ય જૈનના વ્યવહારનું પાલન કરીએ છીએ કે દાન-પ્રભાવના કરીએ છીએ માટે આ દુર્લભભવની સફળતા થઈ ગઈ કે આપણે મુક્તિનું ભાજન થઈ ગયા—એવા ભ્રમમાં બિલકુલ રહેવા જેવું નથી; પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે તેમ સંસારથી જીવતા મરીને આત્મપુરુષાર્થ કરી લેવા જેવું છે.

(૨) આ કાળના પ્રથમ નારાયણ કે જે નારાયણને અન્યમતીઓ પ્રભુતુલ્ય માનતા હોય છે એવા ત્રિપૃષ્ઠ નારાયણના પૂર્વના ભવ ને ભવિષ્યના ભવનો વિચાર કરતાં સમજાશે કે—

એક રાજ્યનો રાજા વિશાખભૂતિ પોતાના ભત્રીજા રાજકુમાર વિશ્વનંદી સાથે માયાચારી કરીને તેને લડવા મોકલે છે, તે દરમ્યાન પોતાના પુત્રની ઈચ્છા પૂરી કરવા ભત્રીજાનો સુંદર બગીચો પુત્રને આપી દે છે; પુત્રમમતાવશ અનીતિ કરે છે! ભત્રીજો વિશ્વનંદી વિજયી બની રાજ્યમાં પાછો ફરે છે ત્યારે તેને સમજાય છે

કે કાકાએ પુત્રની ઈચ્છા પૂરી કરવા મારી સાથે છળકપટ કરી છે એટલે ક્રોધથી પિતરાઈ ભાઈ વિશાખનંદને મારવા ઉદ્યમી થાય છે, વિશાખનંદીને બંદી બનાવી મારવા જાય છે ત્યાં તેને પોતાના ભાઈને મારવાના ભાવથી એકદમ વૈરાગ્ય થઈ જતાં મુનિદીક્ષા લઈ લ્યે છે. વિશ્વનંદીના મુનિપણા દરમ્યાન વિશાખનંદ તેની ખૂબ મશ્કરી કરે છે એટલે મુનિરાજ નિદાન બાંધે છે કે મારા તપના પ્રભાવથી ભવિષ્યમાં હું તારો વિનાશ કરીશ! કાકા વિશાખભૂતિ કોઈ એક સમયે સંસાર-શરીર-ભોગથી વિરક્તિ પામીને દિગમ્બરી મુનિદીક્ષા ધારણ કરીને સમાધિમરણપૂર્વક મહાશુક્ર નામના સ્વર્ગમાં મોટો દેવ થાય છે અને જેની સાથે છળકપટ કરેલી તે ભત્રીજો વિશ્વનંદી મુનિ સમાધિમરણપૂર્વક તે જ મહાશુક્ર નામના સ્વર્ગમાં દેવ થયો! ત્યાં બંને દેવમિત્રોએ સાગરોપમ સુખ ભોગવીને ત્યાંથી ચ્યવીને કાકાનો જીવ વિજય બળભદ્ર (પ્રથમ બળભદ્ર) થયો ને ભત્રીજાનો જીવ ત્રિપૃષ્ઠ નારાયણ(પ્રથમ નારાયણ) થયો ને કાકાનો પુત્ર વિશાખનંદ અશ્વગ્રીવ (પ્રથમ પ્રતિનારાયણ) થયો!

જુઓ સંસારની વિચિત્રતા! કે જે પુત્ર માટે પિતાએ માયાચારી કરેલી તે પુત્ર વિશાખનંદ દુશ્મનરૂપ અશ્વગ્રીવ પ્રતિનારાયણ થયો! જે ભત્રીજા સાથે છળકપટ કરેલી તે વિશ્વનંદી મહાપ્રિય બંધુ ત્રિપૃષ્ઠ નારાયણ થયો ને પોતે તે ભત્રીજાના અત્યંત પ્રિય વડીલબંધુ વિજય બળભદ્ર થયા! જે પિતાએ જે પુત્ર માટે પૂર્વભવમાં ભત્રીજા સાથે છળકપટ કરેલી, તે જ પુત્રને મારવા માટે પિતા અને ભત્રીજો થનગનતા હતા કે ક્યારે તેનો—અશ્વગ્રીવનો વધ કરું!! માત્ર બે ભવ દરમ્યાન આટલા રાગ-દ્વેષના પલટા! બે ભવ પૂર્વે પ્રાણપ્રિય પુત્ર હતો તેનો જ વધ કરવા પિતા નીકળી પડ્યા!!

આ પ્રસંગથી એમ બોધ મળે છે કે આ ભવમાં જો કોઈ સાથે ખૂબ રાગ હોય તોપણ તેને માટે અન્યાય-અનીતિ આદિ કરવા યોગ્ય તો નથી પણ તેની અનુમોદનામાં પણ જોડાવા જેવું નથી, કેમકે તેનાથી પોતે એકલો પાપ બાંધે ને ભોગવે તો છે જ પરંતુ જેના માટે રાગવશ ખોટા કાર્યમાં જોડાઈશ તે આગામી કોઈ ભવમાં તારો દુશ્મન બની ગયો હશે!! ને જેની સાથે અન્યાય અનીતિ કર્યા હશે તે આગામી કોઈ ભવમાં તારો પ્રિયપાત્ર બની ગયો હશે!—તો પછી કોઈના રાગે ખોટા કાર્યમાં–ચાહે સામાજિક કાર્ય હો, વ્યાવસાયિક કાર્ય હો, ગૃહસ્થી કાર્ય હો કે

ધર્મપ્રભાવનાદિ કાર્ય હો, કોઈ પણ અનુચિત-અયોગ્ય કે અપ્રમાણિક કાર્યમાં–શા માટે જોડાવું કે અનુમોદના કરવી!

(૩) પરિણામની વિચિત્રતા તો જુઓ! વિશ્વનંદીનો બગીચો છળકપટથી ભાઈ વિશાખનંદે પચાવી પાડ્યો તો ક્રોધાવેશથી લડીને ભાઈ વિશાખનંદને મારવા ઉદ્યમી થયો! અને તેને મારવા જતાં પરિણામે એવો પલટો લીધો કે રાજ્યપાટ-સ્ત્રી-પુત્ર-પરિવાર છોડીને દિગમ્બરી દીક્ષા ધારણ કરી લીધી–એટલા વૈરાગી પરિણામ થઈ ગયા અને ફરી જ્યારે વિશાખનંદે મુનિરાજ વિશ્વનંદીની આકરી મશ્કરી કરી તો વૈરાગી મુનિના પરિણામે એવો પલટો લીધો કે નિદાનબંધ કરીને ત્રિપૃષ્ઠ નારાયણ થઈને સાતમી નરકે ગયો!! જેને મારવાના પ્રસંગે વૈરાગ્ય ઉત્પન્ન થયો તેના જ શબ્દોને નિમિત્ત બનાવીને નિદાનબંધથી સાતમી નરકે!! અને વિશાખનંદ પણ પ્રથમ પ્રતિનારાયણ–પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ થઈને સાતમી નરકે ગયો!! વિશ્વનંદી અને વિશાખનંદ પ્રત્યે ક્રમશઃ દ્વેષ અને રાગ કરનાર વિશાખભૂતિ પ્રથમ બળભદ્ર 'વિજય' થઈને ગજપંથાથી મોક્ષે ગયા! પરિણામની વિચિત્રતા એમ બોધ આપે છે કે પરિણામના ભરોંસે રહેવા જેવું નથી; ત્રિકાળી શાશ્વત જ્ઞાયકની આરાધનાએ જીવન વીતાવવું ઉચિત છે.

(૪) પ્રથમ તીર્થંકરનો પૌત્ર, પ્રથમ ચક્રવર્તીનો પુત્ર મરીચિ કે જેણે દાદાની સાથે મુનિદીક્ષા લઈને દાદાના સમવસરણમાં દિવ્યધ્વનિના શ્રવણનું ઉત્તમ નિમિત્ત પામીને પણ કુમાર્ગનું પ્રવર્તન કર્યું; સાત-સાત ભવ કુમાર્ગનું પ્રવર્તન કરતો રહ્યો ને પછી નરક-નિગોદમાં ગયો! અર્થાત્ નિમિત્ત અકિંચિત્કર! એ જ મરીચિનો જીવ જ્યારે છેલ્લીવાર સિંહ થયો ને હરણને મારીને ખાતો હતો ત્યારે તેની યોગ્યતાના ભવિતવ્યની–પરિણમનની કાળલબ્ધિ પાકતાં આકાશેથી બે મુનિરાજ તે સિંહને સંબોધન કરવા આવી ચડ્યા! કાળલબ્ધિ પાકતાં નિમિત્ત ઉપસ્થિત! છતાં અકિંચિત્કર! કેમ કે જો નિમિત્ત કાંઈ કરતું હોય તો મરીચિના ભવમાં તો ઉત્કૃષ્ટ નિમિત્ત મળેલ હતું! પરંતુ યોગ્યતાના પરિણમનની કાળલબ્ધિ પાક્યા વિના ''કેવળી આગળ રહી ગયો કોરો!!'' ને યોગ્યતાના પરિણમનની કાળલબ્ધિ પાકે ત્યારે નિમિત્ત હાજર ને મોઢમાં માંસ છતા દુર્લભ બોધિની પ્રાપ્તિ! ''યોગ્યતા સર્વત્ર શરણમ્''—એ સિદ્ધાંતની સચોટતા સ્વીકારી અકર્તાસ્વભાવી જ્ઞાયકની સન્મુખતાનો પુરુષાર્થ કરવાની આ પ્રસંગથી પ્રેરણા મળે છે.

(૫) સામાન્ય રીતે તીર્થંકરદેવને કેવળજ્ઞાન થતાં દિવ્યધ્વનિ સ્વાભાવિક કાર્ય છે; પરંતુ મહાવીરપ્રભુને

૬૫-૬૫ દિવસ સુધી દિવ્યધ્વનિ ન છૂટી; તેથી આ પ્રસંગને ઊંડાણથી વિચાર કરવામાં આવે તો કાંઈક વિશેષ બોધનું કારણ હોવાનું સમજાશે.

મહાવીરપ્રભુને કેવળજ્ઞાન થવા છતાં ૬૫ દિવસ સુધી દિવ્યધ્વનિ ન છૂટવાથી એક પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે બાર-બાર કોઠામાં ભરચક ભવ્યજીવો ભગવાન મહાવીરની પ્રથમ દેશનાના શ્રવણપાન માટે આતુરતાથી ૬૫-૬૫ દિવસ સુધી બેઠા રહ્યા; સૌધર્મ ઈન્દ્ર ધર્મસભામાં સ્વયં ઉપસ્થિત હતા; તો શું સૌધર્મ ઈન્દ્રની જવાબદારી નહોતી બનતી કે કેવળજ્ઞાન થયું ને દિવ્યધ્વનિ કેમ ન છૂટી તે જાણવા અવધિજ્ઞાનનો ઉપયોગ કરે!

તીર્થંકરપ્રભુના દર્શન થતાં ભવ્યજીવો શું ભગવાનના દર્શન-પૂજન-ભક્તિમાં એટલા બધા તલ્લીન થઈ ગયા હતા કે દેશના ખીરતી નથી એ વાત પણ વિસરી ગયા? સ્વયં સૌધર્મ ઈન્દ્રને પણ ૬૫-૬૫ દિવસ સુધી કાંઈ વિકલ્પ સુદ્ધા ન આવ્યો કે આમ કેમ?

અરે ભાઈ! સૌધર્મ ઈન્દ્રમાં ભલે ત્રણ લોકને ઊલટો કરવાનું સામર્થ્ય હોય તોપણ કાળલબ્ધિ પાક્યા પહેલાં તે કાર્ય કરવા ઈન્દ્ર પણ અસમર્થ હોય છે તેથી તે કરે શું? તેથી જ શ્રી જયધવલામાં આચાર્યદેવે કાળલબ્ધિના સામર્થ્યને પ્રસિદ્ધ કરતાં કહ્યું છે કે :—

ભગવાન મહાવીરકી દિવ્યધ્વનિકો પૂરી તરહસે ગ્રહણ કરનેમેં સમર્થ ગણધરકે ન હોનેસે ૬૫ દિન તક દિવ્યધ્વનિ ખીરી નહીં. પુનઃ શંકા કિ ગઈ કિ દેવેન્દ્રને ઉસી સમય ગણધરકો લાકર ક્યો નહીં ઉપસ્થિત કર દિયા? ઈસકા સમાધાન કરતે હુએ કહા ગયા કિ કાળલબ્ધિકે બિના દેવેન્દ્ર ઉસી સમય ગણધરકો ઉપસ્થિત કરનેમેં અસમર્થ થા.

આપણે અત્યારે જે યુગમાં જીવીએ છીએ તે આધુનિક યુગ અનુસાર વિચારીયે તો આપણી કલ્પનામાં એ વાત બેસે જ નહીં કે ૬૫-૬૫ દિવસ સુધી ઈન્દ્રએ કેમ કાંઈ ન કર્યું? આપણા જીવનમાં તો કોઈ પ્રસંગ તેના ટાઈમ અનુસાર ન બને–વિલંબ થાય તો તુરત મોબાઈલથી પૂછપરછ શરૂ થઈ જાય ને તાત્કાલિક તેનું

નિવારણ કરીએ. જ્યારે ઈન્દ્રને અવધિજ્ઞાન હતું, દેવોની સેના સેવા માટે તત્પર હતી છતાં દિવ્યધ્વનિ હમણા ખીરશે–હમણા ખીરશે એમ ૬૫–૬૫ દિવસ સુધી રાહ જોતા રહ્યા પણ કાંઈ કર્યું કેમ નહીં?

આનું સચોટ સમાધાન સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવના એક ''માસ્ટર કી'' સમાન વચનામૃતમાં સમાયેલું છે કે— જીવની જેવી ભવિતવ્યતા હોય તેવી જ તેની બુદ્ધિ થાય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે અને સહાયક નિમિત્ત પણ તેવા જ મળી જાય છે.

તાત્પર્ય એ કે ૧૨ સભામાં બેઠેલા ભવ્યજીવોને દેશનાના શ્રવણની અને જ્ઞાનનો ઉઘાડ થવાની યોગ્યતા–ભવિતવ્યતા ૬૬મે દિવસે પરિણમવાની હતી તેથી ઈન્દ્રને કે સભાજનોને ૬૫ દિવસ સુધી કાંઈ ઉપાય કરવાનો વિકલ્પ ક્યાંથી ઉદ્ભવે? ૬૬મે દિવસે શ્રવણના સૌભાગ્યની તેમજ જ્ઞાન ખીલવાની યોગ્યતા–ભવિતવ્યતા જાગી એટલે ઈન્દ્રને બુદ્ધિ ઊપજી કે આમ કેમ? બુદ્ધિ ઊપજતા પુરુષાર્થ સૂઝ્યો કે આ ઉપાય કરું અને નિમિત્તરૂપ ઈન્દ્રભૂતિએ સમવસરણમાં આવવાની સમ્મતિ દર્શાવી! ક્રમબદ્ધ=કાળલબ્ધિ+ ભવિતવ્યતાનો આ સિદ્ધાંત સત્ય હોવા છતાં, સ્વયંભૂરમણ સમુદ્રને સળીથી ઉલેચવા જેટલી ધીરજને વાસ્તવિક ધીરજ કહેવાય છે એવું નહીં જાણતાં ઉતાવળીયા યુગના ઉતાવળીયા જીવોને ઊંડે ઊંડે એમ થયા કરશે કે બધા જ તીર્થંકરોને કેવળજ્ઞાન થાય ને દિવ્યધ્વનિ છૂટે ને ભગવાન મહાવીરને દિવ્યધ્વનિ છૂટવામાં દિવસો ઉપર દિવસોનો વિલંબ થવા છતાં કોઈને કાંઈ કરવાનું કેમ સૂઝ્યું નહીં હોય? પણ ભાઈ! કેવળજ્ઞાન થયા બાદ નિર્ધારિત સમયમાં દિવ્યધ્વનિ ન છૂટતાં—

(I) ધારો કે તુરત ઈન્દ્રએ અવધિજ્ઞાનથી જાણ્યું કે ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ અહીં આવ્યા બાદ ગણધરપદ ધારણ કરશે ને દિવ્યધ્વનિ છૂટશે માટે હમણાં જ જઈને તેને લઈ આવું. જો આવું થયું હોત તો શું થાત? કે—૬૬મે દિવસે ઈન્દ્રભૂતિનું સમવસરણમાં આગમન થવાનું હતું તે ૬૬ દિવસ વહેલું થતાં, તે જીવ અને તેના શરીરના પુદ્ગલની ક્રિયાવતી શક્તિનું પરિણમન તેના નિર્ધારિત સ્વ-અવસર પહેલાં થયું; તેથી તેમાં નિમિત્તભૂત ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું નિર્ધારિત સ્વ-સમય પહેલાં તેવું પરિણમન થયું; આકાશની અવગાહનાનું તે

પ્રકારનું પરિણમન નિર્ધારિત સ્વ-અવસર પહેલાં થયું અને તે દ્રવ્યના તે પ્રકારના પરિણમનમાં નિમિત્ત એવું કાળદ્રવ્યનું પરિણમન પણ નિર્ધારિત સ્વ-અવસર પહેલાં થયું. અર્થાત્ ઈન્દ્રભૂતિના દ્રવ્ય સાથે નિમિત્તભૂત એવા પાંચેય દ્રવ્યોના પરિણમનની નિર્ધારિત સમય-વ્યવસ્થા તૂટી પડે! પરંતુ સારાય વિશ્વમાં કોઈ પણ એવું સમર્થ દ્રવ્ય નથી કે જે બીજાના નિર્ધારિત પરિણમનને વહેલું પરિણમાવી શકે! અરે! પોતાના પરિણામને પણ સુનિશ્ચિત સ્વ-અવસર પહેલાં પરિણમાવી શકવાનું પણ કોઈ દ્રવ્યનું સામર્થ્ય નથી! તો પછી ઈન્દ્ર શું કરે?

(II) ધારો કે પહેલે જ દિવસે ઈન્દ્ર ઈન્દ્રભૂતિને સમવસરણમાં લઈ આવ્યા. એનો અર્થ એ કે ઈન્દ્રભૂતિની યોગ્યતા ૬૬મે દિવસે ગણધર થવાની હતી તે પહેલે જ દિવસે પ્રગટ થઈ ગઈ! વાણી પણ એટલી વહેલી છૂટી એટલે ભાષાવર્ગણાનું પરિણમન પણ ક્રમભંગ! ૬૬મે દિવસે દિવ્યધ્વનિ સાંભળતા જીવોને જ્ઞાનની પ્રાપ્તિ થવાની હતી તે પહેલે જ દિવસે પ્રગટ થઈ! એટલે બધા જીવોના જ્ઞાન-પરિણમનમાં પણ સુનિશ્ચિતતાનો અભાવ! કેટલાક જીવો સમકિત વહેલા પામ્યા, કેટલાય જીવોએ ચારિત્ર વહેલાં ધારણ કર્યું ને ફળસ્વરૂપે કેટલાય જીવો વહેલાં મુક્તિ પામ્યા! એટલે કે છ માસમાં છસોને આઠ જીવો કરતાં વધુ જીવો મુક્તિ પામ્યા!

(III) કાળલબ્ધિ પાક્યા વિના જો કોઈ કાર્યનું પરિણમન કરાવવા ઈન્દ્ર સમર્થ હોત તો મરીચિના ભવમાં જ ઈન્દ્રએ મરીચિને સમજાવી ફરીથી સમવસરણમાં ઉપસ્થિત કરીને સન્માર્ગે ચઢાવી દીધો હોત ને! અને તો મરીચિએ દીક્ષા તો ભગવાન સાથે જ લીધેલી એટલે ફરીથી પ્રાયશ્ચિત્તપૂર્વક ચારિત્ર ધારણ કરીને મુક્તિ પ્રાપ્ત કરી લેત ને!—અને તો તે ભગવાન મહાવીર કેમ થાત!! અથવા કોણ થાત?!

ભાઈ! ૬૫ દિવસ સુધી ઈન્દ્રને કોઈ વિકલ્પ ન ઊઠ્યો ને ૬૬મે દિવસે જ બધું થવાયોગ્ય થયું એ એમ સૂચવે છે કે પ્રત્યેક દ્રવ્યનું પ્રત્યેક સમયનું પરિણમન તેના સુનિશ્ચિત ક્રમમાં સ્વ-અવસરે ક્રમબદ્ધપણે પરિણમે છે અને તેના તે ક્રમબદ્ધ પરિણમનનો ફેરફારકર્તા ન તો કોઈ અન્ય દ્રવ્ય છે કે ન તો સ્વયં તેનું દ્રવ્ય છે. અર્થાત્ જીવદ્રવ્ય તો સ્વ-અવસરે ક્રમબદ્ધ પરિણમતા પર્યાયમાત્રનો અકર્તા જ્ઞાતાદ્રવ્ય છે એમ આ વિલંબે છૂટતી દિવ્યધ્વનિમાં ગર્ભિત ઊંડું આધ્યાત્મિક રહસ્ય સમાહિત છે જે બહુ મનનીય છે.

દિવ્યધ્વનિના શ્રવણપાનથી તો તત્ત્વનો બોધ પ્રાપ્ત થતો જ હોય છે, પરંતુ મહાવીરપ્રભુએ કેવળજ્ઞાન થયા બાદ ૬૫ દિવસ મૌનપણે ઉપરોક્ત માર્મિક આધ્યાત્મિક ક્રમબદ્ધના સિદ્ધાંતના પ્રકાશન વડે જ્ઞાતા થવાનો માર્ગ પ્રસિદ્ધ કર્યો છે.

(૬) ત્રેસઠ શલાકા પુરુષોમાંના ૨૪ તીર્થંકરોમાં અંતિમ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુનો જીવ, પ્રથમ તીર્થંકર ઋષભદેવનો પૌત્ર અને પ્રથમ ચક્રવર્તી ભરતનો પુત્ર મરીચિ બન્યો, તીર્થંકર દાદાની સાથે મુનિદીક્ષા લીધી ને તીર્થંકર દાદાના સમવસરણમાં દેશનાનું શ્રવણ કર્યું. એ દેશના કે જેના વડે લાખો જીવો ધર્મમાર્ગે ચઢ્યા, સમ્યક્ત્વ પામ્યા ને મુક્તિને પણ વર્યા, પરંતુ મરીચિ મુનિએ પુરુષાર્થ કેમ ન કર્યો? પિતા ભરતજીએ કે ઈન્દ્રએ કેમ તેને સન્માર્ગે ન ચઢાવ્યો?—એમ વિચારતાં સમજી શકાય છે કે—

પૂજ્ય ગુરુદેવશ્રીએ કર્તાવાદને મૂળથી ઉખેડી નાખતો જૈનદર્શનનો ક્રમબદ્ધપર્યાયનો જે મહા સિદ્ધાંત જૈન જગતમાં પ્રસિદ્ધ કર્યો છે એવા દ્રવ્યાનુયોગના સિદ્ધાંતનું સચોટ સમર્થન ઉપરોક્ત પ્રસંગ કરે છે.

(૭) ગૌતમ ગણધરના પૂર્વની ભવાવલિ વાંચતાં સમજી શકાય છે કે—જીવ અવળો પડે તો અજ્ઞાન વડે કેટલા અધમ પરિણામો કરે છે ને કેવા કેવા ભયંકર દુઃખો ભોગવતો થકો સંસાર-અટવીમાં ભ્રમણ કરે છે અને જ્યારે એ જ જીવ સવળો પડે તો જ્ઞાન–સામર્થ્ય વડે ઘડીકમાં ગણધરપદે પહોંચી જાય છે! અર્થાત્ જીવમાં કેવું અદ્ભુત જ્ઞાન-સામર્થ્ય છે કે ભૂતકાળમાં ભયંકર ભૂલો કરીને સંસાર-સમુદ્રમાં ગોથા ખાનાર ઘડીકમાં સંસાર-સમુદ્રને તરી જાય છે!–એવો જીવરાજા હું છું–એમ પુરાણના પ્રસંગો વડે પોતાના નિર્ણયને દૃઢ કરવા માટે પ્રથમાનુયોગ ઉપકારી થાય છે.

(૮) પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનોમાં અવાર-નવાર વૈરાગ્યભાવે સંસારની વિચિત્રતાનું વર્ણન કરતાં કહેતા કે જુઓ! એકીસાથે જમનારા શ્રેણિક, ચેલના ને અભયકુમાર.....એક મરીને નરકે જાય! એક મરીને સ્વર્ગે જાય! ને એક મરીને નિર્વાણ પામે!! આ પુરાણમાં, ગણધરદેવે શ્રેણિકરાજાએ પૂછેલા પ્રશ્નોત્તરમાં આ વાત વિસ્તારથી સમજાવતાં કહ્યું કે જીવનભર સાથે રહેવા છતાં, ત્રણેય સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા હોવા છતાં એક જશે નરકમાં, એક

જશે સ્વર્ગમાં ને એક જશે મોક્ષે! શ્રેણિક રાજાએ પોતે ગણધરદેવના શ્રીમુખેથી સાંભળ્યું કે હું નરકે જઈશ! ને મારો પુત્ર મોક્ષે જશે!! આવું સાંભળીને કેટકેટલા વિચારો શું નહીં આવ્યા હોય? પરિણામને સુધારવાની ભાવના નહીં જાગી હોય? છતાં પરિણામમાત્રનો અકર્તા હોવાથી હું પરિણામને શું ફેરવું? કઈ રીતે ફેરવું? પરિણામ તેની યોગ્યતા અનુસાર થઈને રહેશે કે મારા ફેરવ્યા ફરશે? ઈત્યાદિ અનેક પ્રકારે અકર્તા જ્ઞાયક સ્વભાવની દૃઢતા કરીને પરિણામની સ્થિતિનું વૈરાગ્યપૂર્વક સમાધાન કર્યું હશે ને! અરે! સ્વયં ગણધરદેવ પણ પુરુષાર્થની ઉગ્રતા કરીને મહાવીરપ્રભુના નિર્વાણ પહેલાં કેવળજ્ઞાન પ્રગટ કરવા સમર્થ નથી તો મારે તો નરકગતિનો બંધ પડી ગયો છે તેને હું કઈ રીતે ફેરવું? નરકગતિના ભયંકર દુઃખો મારે ભોગવ્યે જ છૂટકો એમ જાણતા હોવા છતાં અકર્તા સ્વભાવના અવલંબનપૂર્વક સમાધાન વર્તતું રહ્યું હશે ને? આમ, એ પ્રસંગને ઊંડાણથી અવલોકીને પોતાની વર્તમાન ગૃહસ્થભૂમિકામાં અકર્તાપણાના દૃઢ નિર્ણય માટેનો પુરુષાર્થ ઉગ્ર કરવાની ભાવના વૃદ્ધિગત થાય છે.

(૯) પ્રથમ બળભદ્ર 'વિજય' જાણતા હતા કે જેના માટે મને બેહદ પ્રેમ છે એવો મારો ભાઈ પ્રથમ નારાયણ 'ત્રિપૃષ્ઠ' મરીને સાતમી નરકે જશે! આવું જાણવા છતાં શું તેમણે તેને નરકે જતો બચાવવા કાંઈ પ્રેરણા નહીં કરી હોય? કાંઈ બોધ નહીં આપ્યો હોય? હું મોક્ષે જઈશ ને મારાથી વિશેષ પુણ્યવાન મારો ભાઈ સાતમી નરકે જશે!–તો હું તેને માટે કાંઈક કરું!–એમ વ્યાકુળ રહ્યા કર્યા હશે?–કે ક્રમબદ્ધ પરિણમતિ વ્યવસ્થાનો–વસ્તુવ્યવસ્થાનો હું તો માત્ર જ્ઞાતા છું એમ જ્ઞાતાભાવે રહ્યા હશે!–ઈત્યાદિ પ્રકારે શાંતચિત્તે વિચારવાથી પોતાની ગૃહસ્થભૂમિકામાં વૈરાગ્યભાવના ઘૂંટાશે કે અરેરે! જે પરિવારના સભ્યોની મમતામાં હું કાળ ગુમાવું છું તે સભ્યો તો પોતપોતાના પરિણામની યોગ્યતાનુસાર ચાલ્યા જશે, હું કોને પ્રેરણા કરું ને કોને માટે કાળ વ્યતીત કરું? રાત-દિવસ કરતાં કરતાં આયુષ્ય-જીવન તો ઘોડાપૂરની જેમ ચાલ્યું જ જાય છે;? કોની આશાએ જીવન જીવાય છે? શું કરવા જીવન જીવાય છે? જીવનમાં શું સાર્થકતા કે વિશેષતા થઈ રહી છે? કોની કોની મમતા માટે જીવન જીવાય છે અથવા તો ક્યા ક્યા લહાવા લેવા જીવન જીવાય છે? જો બધાય બાહ્યભાવોથી નિસ્પૃહ થઈને એક આત્મભાવનામય જીવન જીવાતું હોય તો આ જીવન સાર્થક ગણાય—એમ,

આત્મસાધનાની જાગ્રતિ આ પુરાણ-પ્રસંગોથી વૃદ્ધિગત થાય છે.

અંતમાં, આ પુરાણના વાંચન વડે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મના માર્મિક સિદ્ધાંતોનું સરળતાપૂર્વક ભાવભાસન થાઓ તથા આ દુર્લભ મનુષ્યભવમાં બોધિ-સમાધિની ઉપલબ્ધિ થાઓ અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી આદિ ધર્માત્માઓનો સત્-સમાગમ ચરિતાર્થને પ્રાપ્ત હો એવી શુભ ભાવના સહ.....

**—જિતેન્દ્ર નાગરદાસ મોદી**
**(રીટાયર્ડ સંપાદક : ગુજરાતી આત્મધર્મ)**

## પ્રકાશકીય

અમને જણાવતા આનંદ થાય છે શ્રી આચાર્ય સકલકીર્તિજી કૃત મહાવીર પુરાણનો ગુજરાતી અનુવાદ સોનગઢનિવાસી **શ્રી પ્રશમભાઈ જિતુભાઈ મોદી (સંપાદક : આત્મજાગ્રતિ)**એ તૈયાર કરી આપતા અમો મહાવીરપુરાણ ગુજરાતીમાં પ્રકાશિત કરી રહ્યા છીએ. મહાવીર પુરાણનો ગુજરાતી અનુવાદ **સોનગઢનિવાસી શ્રી જિતુભાઈ નાગરદાસ મોદી (રીટાયર્ડ સંપાદક : ગુજરાતી આત્મધર્મ)**એ તપાસી આપેલ છે. આ પુસ્તકનું મુખપૃષ્ઠ ‘ક્રમબદ્ધ મીડિયા’(સોનગઢ)એ બનાવેલ છે તેમજ ટાઈપ સેટીંગ અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ,(સોનગઢ) તથા સુંદર મુદ્રણ સ્મૃતિ ઓફસેટ (સોનગઢ)એ કરી આપેલ છે તે બદલ અમે તે સર્વેનો આભાર માનીએ છીએ. મુમુક્ષુ વાચકોને વિનંતી કે આ મહાવીર પુરાણના અધ્યયન દરમ્યાન આપને કોઈ ત્રૂટી જણાય તો અમને અવગત જરૂર કરશો જેથી નવા સંસ્કરણમાં સુધારી શકાય.

આચાર્ય સમન્તભદ્રસ્વામીએ જેને બોધિ તથા સમાધિનું નિધાન કહેલ છે એવા સર્વજ્ઞકથિત પુરાણના અધ્યયન વડે સૌ મુમુક્ષુઓ પોતાનું જીવન વૈરાગ્યમય બનાવીને આત્મસાધનાના માર્ગે પ્રગતિ કરે એવી ભાવના સહ...

**—પ્રકાશક**

*

।श्री वर्द्धमानाय नमः।

आचार्य श्री सकलकीर्ति विरचित

# શ્રી મહાવીર પુરાણ

## અધ્યાય પહેલો

**સાગર અતુલિત ગુણોં કે, સર્વ માન્ય અખિલેશ;**
**ધર્મચક્ર ધારી મહા, વન્દોં વીર જિનેશ.**

જે સમસ્ત વિશ્વના સ્વામી છે, સર્વમાન્ય તથા અનંતગુણોના સમુદ્ર છે, ધર્મરૂપી ચક્રના ધારક એવા શ્રી મહાવીર ભગવાનની હું વંદના કરું છું.

જેમના ગર્ભમાં આવ્યા પૂર્વે છ મહિનાથી તથા ગર્ભમાં આવ્યા બાદ નવ મહિના સુધી અર્થાત્ પંદર મહિના સુધી કુબેરે રત્નોની વર્ષા કરી, સુમેરુ પર્વત ઉપર જેમનો જન્માભિષેક ઉત્સવ જોવા માટે ઈન્દ્રના સહસ્ર નેત્ર થઈ ગયા, જેમણે શૈશવ અવસ્થામાં જ રાજ્યવિભૂતિનો તૃણવત્ ત્યાગ કરી દીધો તથા કામરૂપી શત્રુને પરાજિત કરી ઉગ્ર તપસ્યા માટે વનમાં ગમન કર્યું, જેમને આહારદાન દેવાના કારણે સતી ચંદના ત્રૈલોક્યમાં પ્રખ્યાત થઈ, જે રુદ્રકૃત ઉપસર્ગોને શાંતિપૂર્વક સહન કરી 'મહાવીર'ના નામથી પ્રસિદ્ધ થયા, જેમણે ઘાતિકર્મરૂપી શત્રુઓને પરાસ્ત કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, જે ભગવાને સ્વર્ગ-મોક્ષરૂપી લક્ષ્મી પ્રદાન કરવાવાળા ધર્મનો પ્રચાર કર્યો કે જે આજ સુધી શ્રાવકધર્મ તથા મુનિધર્મના રૂપમાં વિદ્યમાન છે તથા ભવિષ્યમાં પણ

વિદ્યમાન રહેશે, કર્મને જીતવાથી 'વીર', ધર્મોપદેશ દેવાથી 'સન્મતિ' તથા ઉપસર્ગોને સહન કરવાથી 'મહાવીર' જેમનું નામ છે એ અનંતગુણોથી વિભૂષિત શ્રી મહાવીરપ્રભુને હું તેમના ગુણોની પ્રાપ્તિ માટે મન-વચન-કાયથી સદાય પ્રણામ કરું છું. આ સાથે જ હું આ કાળના શ્રી ઋષભદેવ આદિ પૂર્વવર્તી ત્રેવીસ તીર્થંકરોને ત્રણેય યોગસહિત વારંવાર પ્રણામ કરું છું.

હું આવા સમસ્ત સિદ્ધોને પ્રણામ કરું છું કે જેઓ સમ્યક્ત્વ આદિ આઠ ગુણોથી સહિત લોક શિખર ઉપર બિરાજમાન છે.

શ્રી મહાવીરસ્વામીના મોક્ષ ગયા બાદ શ્રી ગૌતમસ્વામી, સુધર્માચાર્ય તથા અંતમાં શ્રી જંબૂસ્વામી–આ ત્રણ કેવળજ્ઞાની થયા. આ ત્રણેય શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ બાદ બાસઠ વર્ષ સુધી ધર્મના પ્રવર્તક થયા. તેમના ચરણકમળમાં હું ભક્તિભાવથી તેમના ગુણોની પ્રાપ્તિની ઈચ્છાથી નમસ્કાર કરું છું. તેમના ૧૦૦ વર્ષ બાદ ૧૪ અંગ–પૂર્વના જાણકાર નંદી, નંદિમિત્ર, અપરાજિત, ગૌવર્ધન તથા ભદ્રબાહુસ્વામી–આ પાંચ શ્રુતકેવળી થયા. તેમના ચરણકમળમાં મારા શતશઃ પ્રણામ છે. તેમના ૧૮૦ વર્ષ પછી ધર્મના પ્રકાશક રત્નત્રયધારી વિશાખાચાર્ય, પ્રૌષ્ઠીલ આચાર્ય, ક્ષત્રિય, જય, નાગ, સિદ્ધાર્થ, જિનસેન, વિજય, બુદ્ધિલ, ગંગ તથા સુધર્માચાર્ય—આ ૧૧ આચાર્ય થયા છે. તેમના ચરણકમળમાં હું પ્રણામ કરું છું. તેમના ૨૨૦ વર્ષ વ્યતીત થયા બાદ ધર્મના પ્રવર્તક નક્ષત્ર, જયપાલ, પાંડુ, દ્રમસેન, વાક્કંસ–આ પાંચ ૧૧ અંગના જાણકાર થયા. હું તેમની વંદના કરું છું. ફરી ૧૦૦ વર્ષ વ્યતીત થયા બાદ સુભદ્ર, યશોભદ્ર, જયબાહુ, લોહાચાર્ય—આ ચાર અંગના પાઠી થયા. ફરી થોડો કાળ વ્યતીત થતાં વિનયધર, શ્રીદત્ત, શિવદત્ત, અર્હદત્ત—આ ચાર અંગ-પૂર્વના થોડા અંશના જાણકાર થયા. ત્યારબાદ, હુંડાવસર્પિણી–ક્ષય તથા તેમના વિશેષજ્ઞોની કમી થવાથી શ્રી ભુતબલી અને પુષ્પદંત બે મુનિરાજોએ 'શ્રુત' વિનષ્ટ થવાના ભયથી શાસ્ત્રોની રચના કરી કે જે 'ધવલ-મહાધવલ' નામથી પ્રખ્યાત છે. તેમણે પોતાના શાસ્ત્રોને જેઠ સુદ ૫ના દિવસે પૂર્ણ કર્યા હતા, તેથી તે દિવસનું નામ 'શ્રુતપંચમી' પડ્યું. તે દિવસે બધા સંઘોએ મળીને જિનવાણીની પૂજા કરી તથા આજે પણ કરે છે. ત્યારબાદ, શ્રી કુંદકુંદ

આદિ અનેક આચાર્યો થયા છે. સદ્‌ગુણ-પ્રાપ્તિની આશાથી હું તે બધાની વારંવાર વંદના કરું છું.

મારો એવો વિશ્વાસ છે કે ભગવાનના મુખકમળથી પ્રગટ થયેલી વિશ્વપૂજ્યા સરસ્વતી (વાણી) મારી બુદ્ધિને નિર્મળ બનાવવામાં સમર્થ થશે. આ રીતે, સત્ય તથા શ્રેષ્ઠગુણવાળા દેવ-શાસ્ત્ર-ગુરુઓને પ્રણામ કરતો હું, શ્રોતા-વક્તાના લક્ષણોનું વર્ણન કરું છું કે જેથી આ ગ્રંથની ઉત્તમ પ્રતિષ્ઠા થાય.

### વક્તાના લક્ષણ

જે સમગ્ર પરિગ્રહોથી મુક્ત હોય, પોતાનું માન તથા પ્રસિદ્ધિ માટે ઉત્સુક ન હોય, અનેકાંતવાદના ધારક હોય, સર્વ સિદ્ધાંતોના પારખુ હોય, ભવ્યજીવોના હિતમાં સદા લીન હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ જ જેમનું આભૂષણ હોય, પ્રશમ આદિ ગુણોના સાગર હોય, નિર્લોભી, નિરભિમાની, ગુણી તથા ધર્માત્માઓથી વિશેષ પ્રેમ રાખવાવાળા હોય, અત્યંત બુદ્ધિશાળી, ઉદ્યમી તથા જૈનધર્મના માહાત્મ્ય-પ્રકાશનમાં સમર્થ હોય, જેમનો યશ સર્વત્ર ફેલાયેલો હોય, જેમને બધા માન આપતા હોય તે જ સત્યવક્તા આદિ ગુણોના ધારક ઉત્તમ વક્તા કહેવામાં આવ્યા છે; તેમનો જ ઉપદેશ શ્રવણ કરી ભવ્યજીવ ધર્મ તથા તપને ધારણ કરે છે, અન્ય કુમાર્ગીઓના વચનોની સત્‌પથગામી ઉપેક્ષા કરે છે. કારણ કે કુમાર્ગી જ્યારે ધર્મનો ઉપદેશ આપે છે તો સ્વયં તેવું આચરણ કેમ નથી કરતા? તેથી શાસ્ત્રના રચયિતા તથા ધર્મોપદેશ દેવાવાળામાં જ્ઞાન તથા આચરણ– બંને ગુણ પૂર્ણમાત્રામાં હોવા જોઈએ.

### શ્રોતાના લક્ષણ

જે સમ્યગ્દૃષ્ટિ, શીલવ્રતી, સિદ્ધાંતગ્રંથોના શ્રવણમાં ઉત્સુક તથા શાસ્ત્રોપદેશને ધારણ કરવામાં સમર્થ હોય; શ્રી જિનેન્દ્રદેવના સિદ્ધાંતને માનવાવાળો, અર્હંતનો ભક્ત, સદાચારી તથા પદાર્થ-સ્વરૂપનો વિચારક અને કસૌટી સમાન પરીક્ષક હોય, જે આચાર્યના કથન અનુસાર શાસ્ત્રોનું અધ્યયન કરી સાર-અસારનું અન્વેષણ કરી સત્યગ્રહણ કરવાવાળો હોય, જો આચાર્યથી કોઈ ભૂલ પણ થઈ જાય તો તેના ઉપર હસવાવાળો ન હોય—

આવા ગુણોનો ધારક શ્રેષ્ઠ શ્રોતા કહેવાય છે. આનાથી વિશેષ બીજા પણ અનેક શ્રેષ્ઠ ગુણોને ધારણ કરવાવાળા શ્રોતાઓના લક્ષણ અન્ય શાસ્ત્રોથી જાણવા જોઈએ.

## શ્રેષ્ઠ કથાના લક્ષણ

જે કથા તથા ઉપદેશમાં જીવ આદિ સાત તત્ત્વોનું વિવેચન કરવામાં આવ્યું હોય, જ્યાં સંસાર-દેહ-ભોગોથી અંતમાં વૈરાગ્ય બતાવવામાં આવ્યો હોય, જેમાં દાન, પૂજા, તપ, શીલ, વ્રત આદિ તથા તેમનું ફળ અને બંધ-મોક્ષનું સ્વરૂપ તથા તેમનું કારણ બતાવવામાં આવ્યું હોય; વાસ્તવમાં ધર્મની માતા જીવદયા છે, તેના પ્રસાદથી ભવ્ય જીવો સમસ્ત પરીગ્રહનો ત્યાગ કરી સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરે છે–એવી જીવદયાનું વર્ણન જે કથામાં પૂર્ણરૂપથી કરવામાં આવ્યું હોય; જે ઉપદેશમાં મહાન પદવીના ધારણ કરવાવાળા મોક્ષગામી ૬૩ શલાકા-પુરુષોનું ચરિત્ર તથા તેમની વિભૂતિઓનું વિસ્તૃત વર્ણન હોય, સાથે સાથે તે મહાપુરુષોના પૂર્વભવોની કથાઓ તથા તેમના પૂર્વકર્મોના ફળનું વર્ણન હોય, તે શ્રેષ્ઠ કથા કલ્યાણકારિણી 'ધર્મકથા' કહેવાય છે. તે જ સત્યકથા છે કે જે પૂર્વાપર વિરોધ રહિત હોય અને જે જિનસૂત્ર પર આધારિત હોય. આથી વિશેષ અન્ય શ્રૃંગાર આદિ રસોને પ્રગટ કરવાવાળી પાપકારિણી કથા સ્વપ્નમાં પણ મંગલદાયીની હોઈ શકે નહીં.

આ રીતે, વક્તા, શ્રોતા અને કથાના લક્ષણનું સંક્ષેપમાં વિવેચન કરી હવે હું ભગવાન શ્રી મહાવીરના પરમ નિર્મળ ચરિત્રનું વર્ણન કરું છું કે જે સદાય પુણ્યનું કારણ અને પાપનું નાશક છે. માત્ર આટલું જ નહીં, આ કથા વક્તા તથા શ્રોતા બંનેનું હિત કરવાવાળી છે. આ મહાન ચરિત્રનું શ્રવણ કરી ભવ્ય જીવ પુણ્યનો સંગ્રહ કરે છે, તેમના પાપનો નાશ થાય છે તથા તેમને દુઃખરૂપી સંસારથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

આ રીતે, પોતાના ઈષ્ટદેવોના ચરણકમળમાં નત થઈને તથા વક્તાઓના સ્વરૂપનું વર્ણન કરીને હું, શ્રી જૈનેન્દ્રદેવ દ્વારા વર્ણિત ધર્મપ્રવર્તક અંતિમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની નિર્મળ જીવનગાથા શરૂ કરું છું કે જે કર્મરૂપી શત્રુઓને પરાજિત કરવામાં સહાયક થશે. આથી, ભવ્યજીવોએ સાવધાની પૂર્વક આ અમૃતરૂપી કથા શ્રવણ કરવી જોઈએ.

# અધ્યાય બીજો

## કથા પ્રારંભ

અસંખ્ય દ્વીપ-સમુદ્રોથી ઘેરાયેલા આ મધ્યલોકમાં જાંબુના વૃક્ષોથી ચિહ્નિત એક જંબૂ નામનો દ્વીપ છે. એ જંબૂદ્વીપના મધ્યમાં વિસ્તૃત અને ઊંચો સુમેરુ નામનો એક પર્વત છે. આ સુમેરુપર્વત દેવોમાં શ્રેષ્ઠ તીર્થંકરો સમાન, પર્વતોમાં મુખ્ય છે. આ પર્વતની પૂર્વદિશા તરફ પૂર્વ વિદેહક્ષેત્ર છે. તે ક્ષેત્ર ધર્માત્માઓથી તથા શ્રી જિનેન્દ્રદેવના સમવસરણોથી સુશોભિત છે. ત્યાંથી અનંત મુનિ તપશ્ચર્યાપૂર્વક મુક્ત–વિદેહ થઈ ગયા છે. આ ગુણના કારણે આનું નામ 'વિદેહ' પડ્યું. આ ક્ષેત્રની સીતા નદીના ઉત્તરભાગમાં પુષ્કલાવતી નામનો એક વિસ્તૃત પ્રદેશ છે. ત્યાં તીર્થંકરોના ચૈત્યાલયો ઊંચી ઊંચી ધ્વજાઓથી સુશોભિત થઈ રહ્યા છે. આ સ્થળ પર ચારેય પ્રકારના સંઘોથી યુક્ત ગણધર આદિ દેવ સત્યધર્મની વૃદ્ધિ માટે વિચરણ કરે છે. તેથી, ત્યાં કોઈ પાખંડી વેષધારીનો નિવાસ નથી. અહીં શ્રી અરિહંત ભગવાનના મુખકમળથી પ્રગટ અહિંસાપ્રધાન ધર્મ પ્રચારિત છે, તેને મુનિ તથા શ્રાવક સર્વદા ધારણ કરે છે. આથી, એ પ્રદેશમાં જીવોને પીડા આપવાવાળી એક પણ વ્યક્તિ નથી અર્થાત્ બધા જ ધર્મનું પાલન કરે છે. તે સ્થાન પર જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી ભવ્ય જીવો ૧૧ અંગ ૧૪ પૂર્વનું સદાય અધ્યયન તથા મનન કરે છે કે જેથી અજ્ઞાનનો વિનાશ થાય છે; બીજાના કુશાસ્ત્રોનું સ્વપ્નમાં પણ અધ્યયન નથી કરતા. આ દેશમાં ક્ષત્રિય, વૈશ્ય તથા ક્ષુદ્ર—આ ત્રણ વર્ણની પ્રજા સદાય સુખી રહે છે. તે સદાય ધર્મમાં તત્પર તથા અત્યંત ભાગ્યશાળી છે. આ ક્ષેત્ર અસંખ્ય તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તીઓ તથા વાસુદેવોની જન્મભૂમિ છે તથા દેવો દ્વારા સદાયથી પૂજ્ય છે. અહીં મનુષ્યોનું શરીર ૫૦૦ ધનુષ(બે હજાર હાથ) ઊંચું તથા આયુષ્ય એક કરોડ પૂર્વનું હોય છે. અહીં સદાય ચતુર્થકાળનું

વાતાવરણ રહે છે. આ સ્થળમાં ઉત્પન્ન થયેલા મહાપુરુષ તપશ્ચરણ દ્વારા સ્વર્ગમાં અહમિન્દ્રપદ તથા મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ કરે છે અર્થાત્ અહીં બધાય કાર્ય સિદ્ધ કરી શકાય છે. આ દેશમાં પુંડરિકીણી નામની ૧૨ યોજન લાંબી તથા ૯ યોજન પહોળી એક નગરી છે. તે ૧૦૦૦ મોટા દરવાજાઓથી યુક્ત તથા ૫૦૦ નાના દરવાજાઓ સહિત છે. અહીં મહાન પુણ્યવાન જીવો જ જન્મ લે છે. આ નગરીમાં જૈન મંદિરોની ધ્વજાઓ એવી શોભાયમાન છે કે માનો તે સ્વર્ગવાસીઓને બોલાવે છે. નગરની બહાર મધુક નામનું એક મોટું વન છે, જોવામાં તે અત્યંત રમણીય છે. અહીં પર ધ્યાનમાં લીન મુનિરાજ વિરાજમાન રહે છે. તેથી તે વનની શોભાનું વર્ણન કરી શકાય તેમ નથી.

કોઈ એક સમય તે વનમાં ભીલોનો એક રાજા હતો કે જેનું નામ પુરુરવા હતું. તે અત્યંત ભદ્ર પરિણામી હતો. તેને કાલિકા નામની રાણી હતી, તે પણ અત્યંત કલ્યાણકારિણી હતી. એક દિવસ એ વનમાં જિનદેવની વંદના કરવા માટે સાગરસેન મુનિનું આગમન થયું. પુરુરવાએ મુનીશ્વરને દૂરથી જ જોઈને તથા તેમને હરણ સમજીને મારવાની ઈચ્છા કરી, પરંતુ તેના પુણ્યોદયથી તેની રાણીએ તેને મુનીશ્વરને મારવાથી રોકી દીધા અને કહ્યું કે 'હે સ્વામિન્! સંસારના કલ્યાણના ઉદ્દેશ્યથી આ વનદેવતા ભ્રમણ કરી રહ્યા છે, તેથી તેમની હત્યા કરી પાપના ભાગીદાર ન બનો.' પોતાની પ્રિય પત્નીની વાત સાંભળી તે ભીલરાજાને જ્ઞાન થઈ આવ્યું. તે પ્રસન્નચિત્ત થઈ મુનિરાજ સમીપ ગયો અને ખૂબ ભક્તિસહિત પોતાનું મસ્તક ઝુકાવ્યું. ધર્માત્મા મુનીશ્વરે પણ ધર્મોપદેશ દેતાં કહ્યું કે 'હે ભદ્ર! શ્રેષ્ઠ ધર્મને પ્રગટ કરવાવાળા મારા વચનોનું શ્રવણ કર કે જે ધર્મનું પાલન કરવાથી ત્રૈલોક્યની લક્ષ્મી અનાયાસ જ પ્રાપ્ત થાય છે, ચક્રવર્તી તથા ઈન્દ્ર આદિ પદોની પ્રાપ્તિ પણ તે જ ધર્મના પ્રભાવથી થાય છે, તે ધર્મનો પ્રભાવ એવો છે કે મનોવાંછિત બધી જ સંપદા તથા લૌકિક સુખ પ્રદાન કરવાવાળા ઉત્તમ કુટુંબની પ્રાપ્તિ ઘણી જ સરળતાથી થાય છે. તે ધર્મ મદીરા, મધુ તથા માંસના ત્યાગ કરવાથી, પાંચ ઉદુંબર ફળોનું ગ્રહણ ન કરવાથી તથા સમ્યક્ત્વસહિત અહિંસા આદિ પાંચ અણુવ્રતોનું પાલન કરવાથી થાય છે. આ સિવાય ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત અર્થાત્ કુલ ૧૨ વ્રત એકદેશરૂપે ગૃહસ્થો માટે

હોય છે. એના સંપૂર્ણ રીતે પાલનથી સ્વર્ગાદિક સુખોની ઉપલબ્ધિ થાય છે.'

મુનીશ્વરનો આ અમૂલ્ય ધર્મોપદેશ સાંભળીને તે ભીલરાજાએ મધુ, માંસ આદિનો પરિત્યાગ કરી, તેમના ચરણોમાં નમસ્કાર કરી તથા ધર્મપ્રાપ્તિની આશાથી તેણે તે જ સમયે ૧૨ વ્રત ધારણ કરી લીધા. આચાર્ય મહારાજનું કથન છે કે આ ધર્મની પ્રાપ્તિથી શાસ્ત્રાભ્યાસ, વિદ્વાનોની સંગતિ, નિરોગતા, સંપન્નતા આદિ સમસ્ત વૈભવ પ્રાપ્ત થાય છે. મુનિરાજને નમસ્કાર કરી તે ભીલ અત્યંત પ્રસન્નતાપૂર્વક પોતાના ઘરે પાછો ફર્યો. તેણે જીવનપર્યંત ઉક્ત વ્રતોનું પાલન કર્યું અને અંતમાં સમાધિમરણ કરી વ્રતથી ઉપાર્જન કરેલ પુણ્યોદયથી તે ભીલ સૌધર્મ નામના મહાકલ્પ વિમાનમાં મહાઋદ્ધિધારી દેવ થયો. તેનું આયુષ્ય એક સાગરનું હતું. તેણે અંતર્મુહૂર્તમાં નવયૌવન અવસ્થા ધારણ કરી લીધી. તેણે અવધિજ્ઞાનથી પોતાના પૂર્વજન્મનો સર્વ વૃત્તાંત જાણી લીધો, તેથી જૈનધર્મમાં તેની નિશ્ચલ ભક્તિ થઈ ગઈ. ધર્મની સિદ્ધિ માટે તે જિન ચૈત્યાલયમાં જઈ ભગવાનની પૂજા કર્યા કરતો હતો. તે પોતાના પરિવારવર્ગની સાથે આઠ પ્રકારના દ્રવ્યોથી ચૈત્યવૃક્ષોમાં સ્થિત તીર્થંકરોની પૂજા કરી નંદીશ્વર આદિ દ્વીપોમાં જઈ ભક્તિથી પૂજા કરતો હતો. ગણધરો દ્વારા બંને પ્રકારનો ધર્મોપદેશ (ગૃહસ્થ અને મુનિધર્મ) સાંભળી તેણે મહાન પુણ્ય ઉપાર્જન કર્યું. આ રીતે, એ દેવ પુણ્ય ઉપાર્જન કરી પોતાના સ્થાને પાછો ફર્યો. તે સદાય મહેલ, સુમેરુપર્વત તથા વનોમાં જઈને કોઈ સ્થાને દેવાંગનાઓનું નૃત્ય જોતો, કોઈ સ્થાને મનોહર ગીત સાંભળતો તથા કોઈ સ્થાને ક્રીડા કરતો રહેતો. આ પ્રકારે પૂર્વ પુણ્યના પ્રભાવથી તેને સમગ્ર ભોગોની ઉપલબ્ધિ થઈ. તેનું શરીર સાત હાથ ઊંચું હતું તથા સપ્તધાતુથી રહિત હતું. તે મતિ-શ્રુત-અવધિ—ત્રણેય જ્ઞાનોથી વિભૂષિત હતો. ૮ ઋદ્ધિઓથી યુક્ત તે દેવ ઈન્દ્રિજન્ય સુખમાં નિમગ્ન રહેવા લાગ્યો.

ભરતક્ષેત્રમાં કૌશલ નામનો એક દેશ આર્યખંડના મધ્યભાગમાં સ્થિત છે. તેને આર્યજનોની મુક્તિનું કારણ કહેવામાં આવ્યું છે. ત્યાં ઉત્પન્ન થયેલા ભવ્યજીવો વ્રતાદિ ધારણ કરી કોઈ તો મોક્ષ પ્રાપ્ત કરે છે તો કોઈ નવ ગ્રૈવેયક/સોળમાં સ્વર્ગમાં જન્મ લે છે અને કોઈ જિનદેવના ભક્ત સૌધર્મ આદિ સ્વર્ગના ઈન્દ્ર પણ બને

છે. આટલું જ નહીં, અહીંના લોકો સુપાત્રને દાન દેવાના કારણે ભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે અને કોઈ કોઈ તો પૂર્વવિદેહમાં જન્મ ધારણ કરી રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરે છે. આ સ્થાન પર સંસારપૂજ્ય કેવળી, મુનિગણ ધર્મોપદેશ કરતાં ચાર પ્રકારના સંઘોની સાથે વિહાર કરે છે. આ દેશ ગ્રામ, પત્તન, ઊંચી નગરી તથા મોટા મોટા ઊંચા ભવ્ય જિન મંદિરોથી શોભાયમાન છે. અહીંનું વનસ્થળ ધ્યાનારૂઢ યોગીઓથી સદાય ભરપૂર રહેતું હતું તથા નવીન ફળ-ફૂલોથી સદાય ભરેલું રહેતું હતું. આ દેશની મધ્યમાં અયોધ્યા નામની પ્રસિદ્ધ નગરી હતી, જ્યાં ભવ્ય પુરુષોનો નિવાસ હતો. આથી જેવું રમણિક તેનું નામ હતું તેવા જ ગુણને ધારણ કરવાવાળી તે નગરી હતી.

આ નગરીનું નિર્માણ ઈન્દ્રએ શ્રી આદિનાથ તીર્થંકરના જન્મ માટે કર્યું હતું. તે નગરી સ્વર્ણ-રત્નમય ચૈત્યાલયોથી શોભાયમાન હતી. અયોધ્યામાં એવા ઊંચા ઊંચા કોટ અને દરવાજા હતા કે જેથી શત્રુ પણ તેને લાંઘી ન શકે. તે નગરીની લંબાઈ બાર યોજન અને પહોળાઈ નવ યોજન પ્રમાણ હતી. દેવોને ખૂબ જ પ્રિય આ નગરીની સુંદરતાનું વર્ણન વચનો દ્વારા કરી શકાય તેમ નથી. અહીંના વિશાળ ભવનોમાં નિવાસ કરવાવાળા દાની-ધર્માત્મા પુણ્ય ઉપાર્જન કરવાવાળા અત્યંત ધનાઢ્ય પુરુષ હતા. તેમના ગુણોની પ્રશંસા કરવી સૂર્યને દીપક દેખાડવા સમાન છે. તે સર્વગુણસંપન્ન પુરુષગણ દેવો સમાન તથા ત્યાંની સ્ત્રીઓ દેવાંગનાઓ સમાન સુખોપભોગ કરતી હતી. જે અયોધ્યામાં દેવતાઓ પણ મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશ્યથી જન્મ ધારણ કરવા માટે ઉત્સુક છે એવી સ્વર્ગ-મોક્ષ પ્રદાન કરવાવાળી નગરીની પ્રશંસા આ તુચ્છ લખાણ શું કરી શકે? તે નગરીનું સ્વામિત્વ આદિધર્મ-પ્રવર્તક શ્રી ઋષભદેવના પુત્ર રાજા ભરતના અધિકારમાં હતું. ભરતના ચરણકમળોની અકંપન આદિ રાજા, નમિ આદિ વિદ્યાધર, મગધ આદિ દેવ સદા વંદના કરતાં હતા એવા છ ખંડના ભાવી સ્વામી ચરમશરીરી પુણ્યવાનને સુખ પ્રદાન કરવાવાળી ધારિણી નામની પટ્ટરાણી હતી. તે સુંદરી અપૂર્વ ગુણવતી હતી. આ બંનેને ત્યાં તે દેવ (પુરુરવા ભીલનો જીવ) સ્વર્ગથી ચ્યવીને અનેક ગુણોથી સંપન્ન મરીચિ નામનો પુત્ર ઉત્પન્ન થયો. તે ક્રમ ક્રમથી મોટો થવા લાગ્યો. જ્યારે તેની અવસ્થા થોડી વધી ત્યારે તે અનેક શાસ્ત્રોનું વિદ્યાગુરુ દ્વારા

અધ્યયન કરી પોતાને યોગ્ય રાજ્ય-સંપત્તિની ઉપલબ્ધિ કરી વન આદિમાં ક્રીડામાં રત રહ્યો.

એક સમયની એક ઘટના છે કે શ્રી ઋષભદેવને, દેવાંગનાઓનું નૃત્ય જોઈને, સંસાર-ભોગોથી સર્વથા વિરક્તિ ઉત્પન્ન થઈ ગઈ. તે પાલખીમાં સવાર થઈને લૌકાંતિક દેવોને સાથમાં લઈને વનમાં જઈ પહોંચ્યા. તેમણે ત્યાં જઈને બાહ્ય તથા અભ્યંતર બંને પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કરી મોક્ષમાર્ગપ્રતિપાદક તપ ધારણ કર્યું. ઠીક તે જ સમયે સ્વામીભક્ત કચ્છ આદિ ચાર હજાર રાજાઓએ નગ્નવેષરૂપી દ્રવ્યસંયમ ધારણ કર્યું; પરંતુ તેમના ચિત્તમાં ચારિત્ર ધારણ કરવાની સંયમપૂર્ણ ભાવના હતી નહીં. કાળાંતરમાં શ્રી ઋષભદેવે દેહની મમતાનો પરિત્યાગ કરી સુમેરુપર્વત જેવા નિશ્ચલ થઈ કર્મરૂપી શત્રુને પરાસ્ત કરવા માટે છ મહિનાની પરમ સમાધિ લગાવી લીધી.

ત્યારબાદ, કચ્છ, મરીચિ આદિએ ભૂખ-તરસ આદિ કઠિન પરિષહોને થોડા દિવસો સુધી સ્વામીની સાથે સહન કર્યું, પરંતુ આગળ જઈને તેમણે પોતાને આ મહાન કાર્યમાં અસમર્થ જાણ્યા. ક્લેશના ભારથી દબાયેલા તેઓ પરસ્પર આ પ્રકારે વાર્તાલાપ કરવા લાગ્યા—'જુઓ આ જગતના સ્વામી વજ્રશરીરી ન જાણે ક્યાં સુધી આ પ્રકારે ઊભા રહેશે. આપણને તો તેમની સાથે રહેવામાં પ્રાણ નષ્ટ થવાનો ભય લાગે છે. શું આપણે એમની બરાબરી કરી પ્રાણોનો ત્યાગ કરીશું?' આ પ્રકારે વાર્તાલાપ કરી તેઓ ભગવાન શ્રી ઋષભદેવને પ્રણામ કરી અન્યત્ર ચાલ્યા ગયા. કારણ કે તેમને ઘરે પાછા ફરવામાં રાજા ભરતનો ડર હતો. તેમણે પાપોદયના પ્રભાવથી ફળોનું ભક્ષણ કરવાનું શરૂ કરી દીધું. તે રાજાઓની દેખાદેખીથી તે મરીચિ પણ તેવું જ કરવા લાગ્યો, પરંતુ તેમને આ પ્રકારે નીચ કર્મ કરતાં જોઈને તે વનના રક્ષક એક દેવે કહ્યું કે 'અરે ધૂર્તો! તમે મારી વાતને સાંભળો. આ પવિત્ર મુનિવેશમાં જે લોકો નિંદ્ય કર્મ કરે છે, તે પાપના ઉદયથી નરકરૂપી સમુદ્રમાં જઈને પડે છે. વાસ્તવમાં ગૃહસ્થ અવસ્થામાં કરેલા પાપોનું જિનલિંગ અર્થાત્ મુનિ-અવસ્થામાં નિવારણ થઈ જાય છે, પરંતુ જો મુનિવેશમાં પાપ કરવામાં આવે તો તેનાથી છૂટકારો મેળવવો અત્યંત કઠિન જ નહીં પરંતુ અસંભવ જ છે. તેથી, તમે લોકો આ વેષનો પરિત્યાગ કરી કોઈ બીજો વેશ ગ્રહણ કરો, નહીં તો મારે તમને દંડ

આપવો પડશે.' દેવની આવી ફટકાર સાંભળી મુનિવેશધારી પાખંડીઓને ખૂબ ભય લાગ્યો. તેમણે મુનિવેશનો ત્યાગ કરી જટાજુટ આદિ વેશ ધારણ કરી લીધો. ભરતપુત્ર મરીચિએ પણ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયથી મુનિવેષનો પરિત્યાગ કરી સંન્યાસીનો વેશ ધારણ કરી લીધો. તેની તીક્ષ્ણ દૃષ્ટિ પરિવ્રાજક મતના શાસ્ત્રોની રચના કરવામાં સમર્થ થઈ, પરંતુ સંયોગવશ તે ભ્રષ્ટ થઈ ગયા. **બરાબર જ છે કે જે હોનહાર હોય છે તે બનીને જ રહે છે. તેના માટે કોઈ પણ પ્રકારનો પુરુષાર્થ કરવો વ્યર્થ સિદ્ધ થાય છે.**

ત્રણ જગતના પૂજ્ય શ્રી ઋષભદેવ પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. તે તે જ વનમાં એક હજાર વર્ષ સુધી મૌન ધારણ કરી સિંહ સમાન નિશ્ચલ રહ્યા. તીર્થંકર રાજાએ પોતાના ધ્યાનરૂપી ખડ્ગ દ્વારા સંસારનો નાશ કરી હિતકારી કેવળજ્ઞાનરૂપી રાજ્યનો સ્વીકાર કર્યો અર્થાત્ તેઓ કેવળજ્ઞાની થઈ ગયા. ઠીક તે જ સમયે બાર કોઠાવાળા સભામંડપની રચના થઈ કે જેમાં સંસારના બધા જ જીવો બેસી શકે, સાથે સાથે ઈન્દ્ર આદિક દેવોએ પણ પોતાની વિભૂતિ તથા દેવાંગનાઓની સાથે આવીને અષ્ટદ્રવ્યથી ભક્તિપૂર્વક પ્રભુની પૂજા કરી.

પાખંડી કચ્છ આદિ રાજાઓ તો ભગવાન શ્રી ઋષભદેવ પાસે બંધ-મોક્ષનું સ્વરૂપ સાંભળીને વાસ્તવમાં નિર્ગ્રંથ ભાવલિંગી મુનિ થઈ ગયા, પરંતુ મરીચિએ પોતાના મનમાં એવો વિચાર કર્યો કે જેવી રીતે તીર્થનાથે ગૃહ આદિનો પરિત્યાગ કરી ત્રણ જગતને આશ્ચર્ય પમાડનારી અપૂર્વ શક્તિ પ્રાપ્ત કરી છે, તેવી જ રીતે હું પણ મારા મતનો પ્રચાર કરી અપૂર્વ ક્ષમતાશાળી થઈ શકું છું અર્થાત્ હું પણ જગદ્ગુરુ થઈ શકું છું. મારી આ ઈચ્છા અવશ્ય પૂર્ણ થશે. આ પ્રકારે માન-કષાયના ઉદયથી તે પોતાના સ્થાપિત મિથ્યામતથી કિંચિત પણ વિરક્ત ન થયો. તે પાપાત્મા મૂર્ખ મરીચિ ત્રિદંડીનો વેષ ધારણ કરી કમંડલ હાથમાં લઈને પોતાના શરીરને કષ્ટ દેવામાં તત્પર થયો. તે પ્રાતઃકાળમાં શીતળ જળથી સ્નાન કરી કંદમૂળ આદિનું ભક્ષણ કરતો હતો. તેણે બાહ્ય પરિગ્રહોના ત્યાગથી પોતાને સર્વત્ર તપસ્વી પ્રસિદ્ધ કરી દીધો. તેણે શિષ્યોને કહ્યું કે જિનમત ઈન્દ્રજાળ સમાન છે.

*(અહીં એક વાત વિચારણીય છે કે ભગવાન આદિનાથનો પવિત્ર ઉપદેશ સાંભળીને પાખંડી કચ્છ આદિ રાજાઓએ તો પ્રાયશ્ચિત્ત કરીને ફરી પવિત્ર દિગંબર દીક્ષા ધારણ કરી લીધી; પણ મરીચિએ પ્રાયશ્ચિત્ત ન કર્યું. જ્યારે ભરત ચક્રવર્તીએ ભગવાન આદિનાથને પ્રશ્ન કર્યો કે આ સભામાં આપ સમાન અન્ય કોઈ તીર્થંકરનો જીવ છે કે નહીં? ત્યારે ભગવાનની વાણીમાં આવ્યું કે તારો પુત્ર મરીચિ રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાનો પુત્ર આ ચોવીસીના અંતિમ ૨૪મા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર થશે.

આ સાંભળતાં મરીચિને થયું કે મારા દાદા પોતાના પંથમાં આગળ વધીને તીર્થંકર થયા તો હું પણ મારા મતમાં ખૂબ જ પુરુષાર્થ કરીને તીર્થંકર થઈશ. આમ, અભિમાનના આવેશમાં દિગંબર વીતરાગ ધર્મ ન અપનાવીને મિથ્યા-કુમાર્ગનું પોષણ કરીને પાખંડ-મત શરૂ કર્યો અને પંચાગ્નિ આદિ તપ કરવા લાગ્યો.

ભગવાનની વાણી દ્વારા પોતાના પ્રશ્નનો ઉત્તર મેળવીને ભરતને રાગવશ થોડું દુઃખ અને આશ્ચર્ય થયું, જેથી તેણે ભગવાનને ફરી પ્રશ્ન કર્યો કે હે વીતરાગ! મારા પુત્રને આપના સમાન ઉત્તમ નિમિત્ત મળવા છતાં ૨૪મો તીર્થંકર થશે? આ તે કેવું આશ્ચર્ય!! કારણ કે જીવ ત્રસ પર્યાયમાં તો સાધિક ૨૦૦૦ સાગર પર્યંત જ રહી શકે છે. જો આટલા સમયમાં મોક્ષ ન થાય તો નિયમથી નિગોદમાં જવું પડે. જ્યારે ૨૪મા તીર્થંકર થવાને તો હજી આશરે એક કોડાકોડી સાગરથી થોડો ઓછો સમય બાકી છે. આથી, આટલા લાંબા સમયમાં મરીચિને તો નિયમથી નિગોદમાં જવું પડશે!! આનું શું કારણ? ભરત ચક્રવર્તીનો પ્રશ્ન સાંભળીને સભાના બધા જ જીવો આતુરતાથી ભગવાનના ઉત્તરની રાહ જોવા લાગ્યા.

ભરતના પ્રશ્નના ઉત્તરમાં વીતરાગી ભગવાન આદિનાથે પોતાની દિવ્યવાણી દ્વારા કહ્યું કે હે ભરત! એક સિદ્ધાંત છે કે ''જીવની જેવી ભવિતવ્યતા અર્થાત્ પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેવી જ તેની બુદ્ધિ હોય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે તથા તેને સહાયક એટલે કે નિમિત્ત પણ તેવા જ મળે છે.'' આ સિદ્ધાંત પ્રમાણે મરીચિનાં વિષયમાં વિચારો તો—

★ અનુવાદક

મરીચિની ભવિતવ્યતા અર્થાત્ પર્યાયની ક્રમબદ્ધતામાં આ કાળના અંતમાં તીર્થંકર થવાની યોગ્યતા વર્તમાનમાં વિદ્યમાન છે. જો મને નિમિત્ત બનાવીને અત્યારે જ પુરુષાર્થ કરીને મુક્તિનો પુરુષાર્થ કરે અને મુક્તિ પામે તો તેની ૨૪મા તીર્થંકર બનવાની યોગ્યતાનું શું થાય? મરીચિના ભવિષ્યનાં અસંખ્ય ભવ છે જે નિશ્ચિત છે, તેનું શું થાય? રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાનું શું થાય? ૨૪મા તીર્થંકર પદ પર કોણ જીવ આવે? આવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય અને પર્યાયની ક્રમબદ્ધ શ્રૃંખલા તૂટતા વિશ્વ-વ્યવસ્થા તૂટી જાય, પણ એમ તો બનવું અસંભવ છે.

વળી, જેવી પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેવી જ બુદ્ધિ થતી હોઈ કચ્છ આદિએ તો પ્રાયશ્ચિત્ત કર્યું પણ મરીચિને એવા ભાવ ન થયા—એવી બુદ્ધિ ન થઈ અને તેણે પોતાનો કુમત–મિથ્યામત ચાલુ રાખ્યો. વળી જીવનો પુરુષાર્થ પણ ક્રમબદ્ધ અનુસાર થતી બુદ્ધિનું અનુસરણ કરે છે, તેથી તેણે પુરુષાર્થ પણ વીતરાગીમાર્ગથી દૂર થવાનો આદર્યો અને પાખંડવેશધારી મિથ્યામતનો વિપરીત પુરુષાર્થ કરવા લાગ્યો. આ ઉપરાંત નિમિત્ત પણ ભવિતવ્યતા–ક્રમબદ્ધતાને અનુસરતું હોવાથી તેણે વીતરાગી ઉપદેશને નિમિત્ત ન બનાવ્યો, પણ તારા પ્રશ્નના ઉત્તરમાં જે ચોવીસમાં તીર્થંકર થવાની વાત આવી તે સાંભળી તેને નિમિત્ત બનાવીને મિથ્યામાર્ગ પર ચાલીને અત્યારે જ તીર્થંકર બનવાના ભાવ કરીને પોતાની નિગોદ જવાની ક્રમબદ્ધતાને સફળ કરવા તરફ આગળ વધ્યો છે.

હે ભરત! તું તો એ જાણે જ છે કે નિમિત્ત અકિંચિત્કર છે. વળી કોઈ પણ દ્રવ્ય 'નિમિત્ત' નામ ત્યારે જ પામે છે કે જ્યારે એ પરદ્રવ્યને અનુરૂપ ઉપાદાનમાં કોઈ કાર્ય આવે. હવે જો મારો વીતરાગી ઉપદેશ નિમિત્ત બને તો મરીચિની પર્યાયમાં તેને અનુરૂપ કાર્ય થવું જોઈએ, પણ એમ થવું અસંભવ છે. કારણ કે તેનું ક્રમબદ્ધ-ભવિતવ્યતા એવી નથી. તેથી મરીચિએ તારા પ્રશ્નના ઉત્તરને નિમિત્ત બનાવ્યું અને તે નિમિત્તને અનુરૂપ પોતે માન-કષાયને વશ થઈને વિચાર્યું કે મારા દાદા પોતના માર્ગે ચાલીને તીર્થંકર થયા તો હું પણ મારા માર્ગે ચાલીને તીર્થંકર કેમ ન થઈ શકું? આથી હું પણ મારા માર્ગ ઉપર ચાલીને તીર્થંકર થઈને બતાવીશ.

***આ પ્રમાણે મરીચિની કથાથી એમ ફલિત થાય છે કે ક્રમબદ્ધતા અનુસાર બુદ્ધિ અને બુદ્ધિ અનુસાર પુરુષાર્થ થતો હોય છે તેમજ સહાયક-નિમિત્ત પણ તેવા જ મળી જતાં હોય છે. યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે. માટે ક્રમબદ્ધતાનો સ્વીકાર કરી અકર્તા સ્વભાવી જ્ઞાયકનો આશ્રય ગ્રહણ કરવો !)***

મિથ્યામાર્ગના અગ્રણી તે ભરતપુત્ર મરીચિ આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુને પ્રાપ્ત થયો તથા અજ્ઞાનતપના પ્રભાવથી બ્રહ્મ નામના પાંચમા સ્વર્ગમાં દેવ થયો. તેને દસ સાગરનું આયુષ્ય મળ્યું તથા ભોગ્યસંપદાઓ પણ પ્રાપ્ત થઈ. જુઓ, જ્યારે મિથ્યાતપના પ્રભાવથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તો પછી સત્ય તપના ફળનું શું કહેવું? અર્થાત્ તેને તો અપૂર્વ ફળ મળશે જ.

એ જ અયોધ્યા નગરીમાં કપિલ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ કાળી હતું. મરીચિનો જીવ સ્વર્ગથી ચ્યવી તે બંનેનો જટીલ નામનો પુત્ર થયો. પૂર્વના સંસ્કારવશ તેને તે જ મિથ્યામાર્ગ સૂઝ્યો. તે સંન્યાસી તે જ કલ્પિત મિથ્યામાર્ગનો પ્રચાર કરવા લાગ્યો. મૂર્ખજન તેની વંદના કરતાં હતા. ફરીથી આયુ ક્ષય થતાં મૃત્યુ પ્રાપ્ત કરી કાયક્લેશ–તપના પ્રભાવથી તે સૌધર્મ નામના પહેલાં સ્વર્ગનો દેવ થયો. તેને ત્યાં બે સાગરનું આયુ પ્રાપ્ત થયું તથા થોડી વિભૂતિ પણ મળી. અત્યંત આશ્ચર્યની વાત છે કે જ્યારે મિથ્યાદૃષ્ટિ પુરુષોનું નિકૃષ્ટ તપ પણ નિષ્ફળ નથી જતું તો સુ-તપની તો મહિમા જ શું કરવી?

અયોધ્યા રાજ્યમાં જ સ્થૂણાગાર નગરમાં ભારદ્વાજ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પુષ્પદંતા નામની અત્યંત રૂપવતી પત્ની હતી. ઉક્તદેવ સૌધર્મ સ્વર્ગથી ચ્યવીને તે બંનેનો પુષ્પમિત્ર નામનો પુત્ર ઉત્પન્ન થયો. ત્યાં પણ તેણે પૂર્વ–સંસ્કારને વશ કુશાસ્ત્રોનું જ અધ્યયન કર્યું અને મિથ્યાત્વકર્મના ઉદયથી મિથ્યામતમાં જ લીન થયો. તેથી તે પૂર્વવેશને ગ્રહણ કરી સાંખ્યમત અનુસાર પ્રકૃતિ આદિ પચ્ચીસ તત્ત્વોનો ઉપદેશ કરવા લાગ્યો. તે મિથ્યામતી મંદકષાયથી દેવાયુનો બંધ કરી મૃત્યુ પ્રાપ્ત કરી તે જ સૌધર્મ સ્વર્ગમાં ફરીથી દેવ થયો. તેનું આયુષ્ય એક સાગર વર્ષનું હતું તથા તે ભોગ્ય સંપદાથી સંપન્ન હતો.

ભરતક્ષેત્રમાં જ શ્વેતિક નામના નગરમાં એક બ્રાહ્મણ રહેતો હતો કે જેનું નામ અગ્નિભૂત હતું. તેની પત્નીનું નામ ગૌતમી હતું. સૌધર્મ સ્વર્ગનો તે દેવ સ્વર્ગથી ચ્યવીને અગ્નિભૂત બ્રાહ્મણને ત્યાં અગ્રિસહ નામનો પુત્ર થયો. તે એકાંત મતના શાસ્ત્રોનો પૂર્ણ જ્ઞાતા થયો અને પૂર્વકૃત કર્મોદયના પ્રભાવથી તેણે ફરી પરિવ્રાજક દીક્ષા ધારણ કરી. ત્યારબાદ આયુ ક્ષય થતા તેનું મૃત્યુ થયું. પૂર્વના અજ્ઞાનતપના પ્રભાવથી તે સનતકુમાર નામના ત્રીજા સ્વર્ગમાં દેવ થયો અને સુખ-સંપદાથી સંપન્ન તેને સાત સાગરનું આયુષ્ય પ્રાપ્ત થયું.

ઉક્ત ક્ષેત્રમાં મંદિર નામમું એક શ્રેષ્ઠ નગર હતું. ત્યાં ગૌતમ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. સનતકુમાર સ્વર્ગનો તે દેવ ત્યાંથી ચ્યવીને ગૌતમનો પુત્ર અગ્નિભૂત થયો. પૂર્વજન્મના સંસ્કારવશ તેણે મિથ્યા શાસ્ત્રોનું જ અધ્યયન કર્યું. અંતમાં તેણે ત્રિદંડી દીક્ષા ધારણ કરી તથા આયુ સમાપ્ત કરી અજ્ઞાનતપના પ્રભાવથી મહેન્દ્ર નામના પાંચમાં સ્વર્ગમાં દેવ થયો તથા યોગ્ય આયુ–સંપદાનો ઉપભોગ કરવા લાગ્યો. ઉક્ત મંદિર નામના નગરમાં જ સાંકલાયન નામનો બ્રાહ્મણ નિવાસ કરતો હતો. તેની પત્નીનું નામ મંદિરા હતું. ઉપરોક્ત મહેન્દ્ર સ્વર્ગનો દેવ ત્યાથી ચ્યવીને સાંકલાયનને ત્યાં ભારદ્વાજ નામનો પુત્ર થયો. તે પૂર્વજન્મના સંસ્કારથી બંધાયેલ જ હતો તેથી આ વખતે પણ તેણે મિથ્યા શાસ્ત્રોનો જ અભ્યાસ કર્યો. થોડા સમય બાદ તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને પૂર્વની જેમ ત્રિદંડી દીક્ષા જ ગ્રહણ કરી દેવાયુનો બંધ કરી મૃત્યુ પામ્યો. તેથી કુતપના પ્રભાવથી તેને પાંચમાં સ્વર્ગમાં દેવયોનિની પ્રાપ્તિ થઈ, પરંતુ ત્યાથી ચ્યવીને તેને નિમ્ન યોનિમાં જવું પડ્યું. તે અસંખ્ય વર્ષો સુધી નિંદનીય ત્રસ, સ્થાવર યોનિમાં ભટકતો દુઃખ પામતો રહ્યો. **સત્ય છે કે મિથ્યાત્વના ફળથી પ્રાણીને મહાન દુઃખનો સામનો કરવો પડે છે.**

**વાસ્તવમાં અગ્નિમાં કૂદી જવું, હળાહળ વિષનું સેવન કરવું, સમુદ્રમાં ડૂબીને મરી જવું ઉત્તમ છે પરંતુ મિથ્યાત્વ સહિત જીવિત રહેવું ક્યારે પણ ઉચિત નથી. સિંહ આદિ હિંસક જીવોની સંગતિ પ્રાપ્ત કરી લેવી કંઈક અંશ સુધી ઠીક છે, પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવોની સાથે સંબંધ સ્થાપિત કરવો તો ઘણો જ કષ્ટદાયક છે. કારણ કે હિંસક જીવ તો એક જન્મમાં જ દુઃખ આપે છે, પરંતુ મિથ્યાત્વનો પ્રભાવ જન્મ-જન્માંતર સુધી**

**પીછો નથી છોડતો. બુદ્ધિમાન પુરુષોનું કહેવું છે કે મિથ્યાત્વ અને હિંસાદિક પાપની તુલના કરવામાં આવે તો મેરુ અને રાઈ સમાન અંતર માલૂમ થશે. તેથી, જો ક્યારેય પ્રાણ જવાનો ભય હોય તોપણ જીવોએ મિથ્યાત્વનું સેવન ન કરવું જોઈએ.** પ્રત્યક્ષ જ છે કે મરીચિના જીવને મિથ્યાત્વના પ્રભાવથી કેવળ ક્ષણિક સુખની આશાથી અત્યંત ઘોર દુઃખ ભોગવવા પડ્યા. માટે, જો તું શાશ્વત સુખની આકાંક્ષા રાખે છે, તો મિથ્યાત્વનો પરિત્યાગ કરી સમ્યક્ત્વ ગ્રહણ કર!

✿ જે સાધુસ્વભાવી પુરુષ એ વ્યક્તિઓને પણ ક્ષમા કરી દે છે જેમણે તેમના પ્રત્યે અક્ષમ્ય અપરાધ કર્યા હતા તે સજ્જન પ્રાણીઓને જ વિવેકી મહાનુભાવ ક્ષમાશીલ કહે છે. પરંતુ, ઘાતક અપરાધ કરવાવાળાની સાથે પણ જે વિશેષ વ્યવહાર એટલા માટે કરવામાં આવે છે કે તે અપરાધી અનેક ગુણો અને કલાઓનો ભંડાર છે, એવી ક્ષમાને તો દૈવકૃત ક્ષમા જ સમજવી જોઈએ.

✿ જે મનુષ્ય આ અનુપમ મનુષ્યપર્યાયને ઈન્દ્રિયોની તૃપ્તિ કરવામાં જ વ્યતીત કરી દે છે તે વ્યક્તિ અગાધ, અપાર સમુદ્રની વચ્ચે બે–ચાર ખીલ્લી માટે પોતાની નૌકા તોડી નાખે છે. એક સાધારણ દોરા માટે વૈડૂર્યમણિના હારને તોડે છે! થોડી રાખ માટે ચંદનના વૃક્ષને સળગાવે છે! હાથમાં આવેલા અમૃતને છોડીને વિષ પીવે છે!

✿ સાંસારિક વિષય–ભોગોમાં લીન મનુષ્યોનું આયુષ્ય લાંબુ નથી હોતું. તે વૈભવ, સંપત્તિ, સૌંદર્ય, સ્વાસ્થ્ય આદિ પણ સદાય નથી રહેતા. જેવી રીતે આકાશમાં વિજળી અને વાદળ લુપ્ત–નષ્ટ થઈ જાય છે તેમ મનુષ્ય પણ જે ઉત્પન્ન થયા છે એક દિવસ તેમનું મરણ અવશ્ય થાય છે.

**–બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય ત્રીજો

**જિનકે શુદ્ધ અસીમ ગુણ, તીન ભુવનમેં વ્યાપ્ત;**
**ઉન પ્રભુકા વંદન કરું, હો ગુણ મુજકો પ્રાપ્ત.**

જેમના અનંત ગુણ સર્વપ્રકારની બાધાઓથી રહિત થઈને સમસ્ત સંસારમાં વિચરણ કરી રહ્યા છે, ઈન્દ્રાદિ દેવો પણ જેની આરાધના કરે છે, તે વીતરાગ પ્રભુના ગુણોની પ્રાપ્તિ માટે હું તેમની વંદના કરું છું.

મગધ દેશમાં રાજગૃહ નામનું એક વિખ્યાત નગર છે, તે નગરમાં શાંડિલ્ય નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ પારાસિરી હતું. તેના ગર્ભથી તે જ મરીચિના જીવનો પુનર્જન્મ થયો. તેનું નામ 'સ્થાવર' હતું. તે વેદ-વેદાંગ ઈત્યાદિ મિથ્યા શાસ્ત્રોનો પંડિત થયો. તે જ રીતે પૂર્વના મિથ્યા સંસ્કારવશ તેણે પરિવ્રાજક અર્થાત્ ત્રિદંડી દીક્ષા ગ્રહણ કરી તેણે તપ પણ કર્યું. એ જ કુતપના ફળથી મૃત્યુ પામીને તે મહેન્દ્ર સ્વર્ગમાં દેવ થયો. તેનું આયુષ્ય સાત સાગરનું થયું અને થોડી સંપદાનો ઉપભોગી પણ થયો.

ઉક્ત નગરમાં વિશ્વભૂતિ નામનો એક રાજા હતો. તેની રાણીનું નામ ખોજનનૈની હતું. તે મહેન્દ્ર સ્વર્ગનો દેવ ખોજનરાણીના ગર્ભથી વિશ્વનંદી નામનો પુત્ર થયો. તે ઘણો જ પુરુષાર્થી તથા શુભ લક્ષણવાળો હતો. રાજાને વિશાખભૂતિ નામનો એક નાનો ભાઈ હતો. તેને લક્ષ્મણા નામની પત્ની હતી. તેને વિશાખનંદ નામનો પુત્ર ઉત્પન્ન થયો. એક સમયની ઘટના છે કે શરદઋતુના વાદળોને જોઈને રાજા વિશ્વભૂતિને એકાએક વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. તેમણે પોતાના મનમાં વિચાર કર્યો કે કેવા આશ્ચર્યની વાત છે કે જેવી રીતે આ વાદળા ક્ષણભરમાં જ વિલીન થઈ ગયા, એ જ પ્રકારે મારું આયુષ્ય અને યૌવન આદિ મારી સંપૂર્ણ સંપદા પણ નષ્ટ

થઈ જશે તેમાં સંદેહ નથી. તેથી શરીર ક્ષીણ થયા પહેલાં જ મોક્ષ પ્રાપ્તિ માટે અહર્નિશ તપ કરવું જોઈએ. આમ વિચારી તે રાજા સાંસારિક વિષયોથી અત્યંત વિરક્ત થઈ દીક્ષા લેવા તૈયાર થઈ ગયો.

વૈરાગ્ય ભાવના ઉગ્ર થતાં જ એક દિવસ તેણે પોતાનું રાજ્ય નાનાભાઈને સોંપી દીધું તથા પોતાના પુત્રને યુવરાજ પદ આપી દીધું. ત્યારબાદ, પોતાના ઘરનો ત્યાગ કરીને તે લોકવંદનીય શ્રીધર મુનિની પાસે ગયા અને તેમની પાસે દીક્ષા લઈ લીધી. તેમણે બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહોનો પરિત્યાગ કરી અન્ય ત્રણ સો રાજાઓની સાથે મન-વચન-કાયની શુદ્ધતાથી મુનીશ્વર પદ ધારણ કર્યું. તે સંયમીએ ધ્યાનરૂપી ખડ્ગથી નામ તથા મોહરૂપી કર્મને પરાસ્ત કરી શેષ કર્મનાશના ઉદ્દેશથી તપ શરૂ કર્યું.

કોઈ સુખદ ઋતુના સમયે યુવરાજ વિશ્વનંદી પોતાની રાણીઓ સાથે ક્રીડા કરી રહ્યો હતો. એટલામાં જ ત્યાં વિશાખનંદ આવી પહોંચ્યો. પાછા ફરીને તેણે પોતાના મનની વાત રાજા વિશાખભૂતિને કહી કે જો વિશ્વનંદીનું ક્રીડા-ઉદ્યાન તેને નહીં મળ્યું તો તે ઘર છોડી દેશે. પુત્રની આવી હઠ સાંભળીને રાજાએ કહ્યું કે ‘હે પુત્ર! ધૈર્ય રાખ, હું શીઘ્ર જ એ ઉદ્યાન તને અપાવવાનો પ્રયત્ન કરીશ.’ એક દિવસ રાજાએ વિશ્વનંદીને બોલાવીને કહ્યું કે ‘આ રાજ્ય-ભાર હું તને સોંપું છું. આજથી હું અન્ય અન્ય રાજાઓ દ્વારા કરવામાં આવેલા ઉપદ્રવોને શાંત કરવાના પ્રયત્નમાં લાગીશ. મારે તેમના પર આક્રમણ કરવું પડશે.’ પરંતુ વિશ્વનંદીએ ઉત્તર આપ્યો કે ‘હે પૂજ્ય! તમે શાંતિપૂર્વક અહીંયા નિવાસ કરો. હું સ્વયં તે ઉપદ્રવીઓને પરાસ્ત કરીશ.’ આ પ્રકારે રાજાની આજ્ઞા લઈ વિશ્વનંદી પોતાની પૂરી સેના સાથે લઈને ચાલી નીકળ્યો. આ બાજુ રાજા વિશાખભૂતિએ પોતાના પુત્રને વિશ્વનંદીનું ઉદ્યાન સોંપી દીધું. **આચાર્યનું કથન છે કે આવા મોહને ધિક્કાર છે કે જેના માટે મનુષ્યને અશુભથી અશુભ કાર્ય કરવું પડે છે.** જ્યારે ઉદ્યાનના રક્ષક દ્વારા મોકલાવેલા દૂતથી વિશ્વનંદીને એ સમાચાર મળ્યા ત્યારે તેને ખૂબ જ દુઃખ થયું. તેણે વિચાર્યું કે ‘આશ્ચર્ય છે! કાકાએ મને બીજી બાજુ મોકલીને મારા પ્રતિ વિશ્વાસઘાત કર્યો છે. કાકાનું આ કાર્ય પ્રેમ અને સદ્‌ભાવમાં બાધા પહોંચાડવાવાળું છે.’

**વાસ્તવમાં એવું ક્યું ખરાબ કાર્ય છે કે જે મોહી પુરુષ નથી કરતો?** આ પ્રકારે પોતાના કાકા પ્રત્યે

વિશ્વનંદીને દુર્ભાવના વધતી ગઈ. તે વિશાખનંદને મારવા માટે તત્પર થઈ ગયો અને ક્રોધથી તપાયમાન થયેલો પોતાના ઉદ્યાન તરફ ગયો. જ્યારે આ સમાચાર વિશાખનંદને મળ્યા ત્યારે તે ભયભીત થઈને વૃક્ષની પાછળ છુપાઈ ગયો; પરંતુ ત્યાં પણ તેના પ્રાણ સંકટમાં પડી ગયા. વિશ્વનંદીએ એક વૃક્ષને ઉખાડી લીધું તથા તે લઈને તેને મારવા માટે દોડ્યો. વિશાખનંદ ભાગતા ભાગતા એક સ્તંભની પાછળ છુપાઈ ગયો.

આચાર્યગણ કહે છે કે **'અન્યાય કરવાવાળા શું ક્યારેય વિજયી થઈ શકે છે?'** તે બળવાન વિશ્વનંદીએ તે સ્તંભને મુઠ્ઠીના ઘાતથી ચૂર્ણ કરી નાખ્યો અને વિશાખનંદને પરાસ્ત કરી દીધો. થોડી વાર પછી પરાજિત વિશાખનંદને દીનની જેમ જોયો ત્યારે વિશ્વનંદીના મનમાં દયાનો ભાવ ઉદિત થઈ ગયો. તેણે વિચાર્યું કે 'ધિક્કાર છે આ જીવનને!' કે જેમાં પોતાના ભોગ માટે ભાઈની પણ હત્યા કરવા માટે મનુષ્ય તૈયાર થઈ જાય છે. જો આ અગણિત ભોગોથી તૃપ્તિ નથી મળી તો પછી આ નગણ્ય ભોગ માટે પોતાના ભાઈનો વધ કરવાથી શું લાભ છે? આ ભોગ માનભંગ કરવાવાળા હોય છે. આથી સ્વાભિમાની પુરુષે તેની આકાંક્ષા ન કરવી જોઈએ.' આમ વિચાર કરી વિશ્વનંદીએ તે ઉદ્યાન વિશાખનંદને આપી દીધું. તેને તો એક પ્રકારથી વૈરાગ્ય થઈ ગયો હતો. તે રાજ્ય-સંપદાનો ત્યાગ કરી શ્રી સંભૂતગુરુની સમીપ ગયો. મુનિના ચરણકમળમાં પ્રણામ કરી સમસ્ત પરિગ્રહનો ત્યાગ કર્યો અને દીક્ષા ધારણ કરી લીધી. અહીં વિચારણીય છે કે **કોઈ વિશેષ સ્થળ પર નીચ પુરુષો દ્વારા કરવામાં આવેલો અપકાર પણ સજ્જનો ઉપર મહાન ઉપકાર કરી દે છે.**

સમય પામીને રાજા વિશાખભૂતિને પણ પોતાના દુષ્કૃત્ય પર મહાન પશ્ચાત્તાપ થયો. તે સાંસારિક ભોગોથી વિરક્ત થઈ ગયો. તેણે મન-વચન-કાયથી પરિગ્રહનો ત્યાગ કરી જિનદીક્ષા ધારણ કરી લીધી. તે નિષ્પાપ થઈને કઠોર તપ કરવામાં સંલગ્ન થઈ ગયો. પોતાની શક્તિ અનુસાર સુદીર્ઘકાલ સુધી શુદ્ધ આચરણ કરતાં મૃત્યુ સમયે તેમણે સંન્યાસ ધારણ કરી લીધો તથા તેના પરિણામસ્વરૂપે મહાશુક્ર નામના સ્વર્ગમાં વિશાખભૂતિ મહાન ઋદ્ધિધારી દેવ થયો.

આ બાજુ વિશ્વનંદી મુનિ થઈને અનેક ગામ-વન આદિમાં ભ્રમણ કરવા લાગ્યા. પક્ષ, મહિનો આદિના

અનશનથી તેમનું શરીર અત્યંત ક્ષીણ થઈ ગયું હતું, તેમના હોઠ-મુખ આદિ અંગ સુકાઈ ગયા હતા. એક દિવસ ગમન કરતાં મુનિ વિશ્વનંદીએ ઈર્યાપથદૃષ્ટિથી મથુરામાં પ્રવેશ કર્યો. પોતાના ખરાબ વ્યસનોથી રાજ્યભ્રષ્ટ થઈને વિશાખનંદ પણ કોઈનો દૂત બની આ જ સમયે આ નગરીમાં આવ્યો હતો. એક વેશ્યાથી તેનો સંપર્ક થઈ ગયો. એક દિવસ તે તે વેશ્યાની હવેલીમાં બેઠો હતો. નીચેથી જતાં વિશ્વનંદી મુનિ પર તેની નજર પડી. આ બાજુ એવું બન્યું કે એક વાછડાએ પોતાના શીંગડાથી મુનિને ધક્કો મારી દીધો જેથી તેઓ જમીન પર પડી ગયા. તેમને પડતા જોઈને વિશાખનંદ ઠહકો મારીને હસવા લાગ્યો અને ઘણા જ કઠોર શબ્દોમાં બોલ્યો કે 'હે મુનિ! તારું પૂર્વનું બળ-પરાક્રમ ક્યાં ચાલ્યું ગયું? આજે તો તું શક્તિહીન, દુર્બળ શરીરવાળો અને મડદા જેવો દેખાય છે.'

વિશાખનંદના આવા દુર્વચન સાંભળી મુનિને ક્રોધ ઉત્પન્ન થઈ ગયો. તેણે નેત્ર લાલ કરી અંતરંગમાં જ કહ્યું કે 'રે દુષ્ટ! મારા તપના પ્રભાવથી તને અવશ્ય જ આ ઉપહાસનું ફળ મળશે. આટલું જ નહીં, તારા મૂળનો જ નિશ્ચિત નાશ થશે.' આ પ્રકાર તેના વિનાશ કરવાની ભાવનાથી પ્રેરિત થઈ મુનિએ તેની નિંદા કરી. આવું નિદાનબંધ કરીને મુનિએ સમાધિમરણપૂર્વક પ્રાણ ત્યાગી દીધા. પોતાના તપના પ્રભાવથી દસમા સ્વર્ગમાં એ જ સ્થાન પર તે મુનિ દેવ થયા કે જ્યાં વિશાખભૂતિ દેવ થયા હતા. ત્યાં તેને સોળ સાગરનું આયુષ્ય મળ્યું. તે બંને દેવોએ ઉત્તમ સપ્તધાતુ રહિત શરીર ધારણ કર્યું હતું. તેઓ વિમાનોમાં બેસીને સુમેરુ પર્વત તથા નંદીશ્વર આદિ દ્વીપમાં શ્રી જિનેન્દ્રદેવની ભક્તિભાવથી પૂજા કરતાં હતા તથા જિનેન્દ્ર ભગવાનના ગર્ભ કલ્યાણકમાં પણ જતા હતા. પોતાના પૂર્વોપાર્જિત તપના પ્રભાવથી તે પોતપોતાની દેવીઓ સાથે સુખપૂર્વક રહેવા લાગ્યા.

આ જંબૂદ્વીપના સુરમ્ય દેશમાં પોદનપુર નામનું એક વિશાળ નગર છે. ત્યાંના પ્રજાપાલક રાજાનું નામ પ્રજાપતિ હતું. તેની રાણીનું નામ જયાવતી હતું. રાણીના ગર્ભથી વિશાખભૂતિનો જીવ સ્વર્ગથી ચ્યવીને 'વિજય' નામનો બળભદ્ર થયો અને તે જ રાજાની બીજી રાણી મૃગાવતીના ગર્ભથી વિશ્વનંદીનો જીવ સ્વર્ગથી

ચ્યવીને 'ત્રિપૃષ્ટ' નામનો મહા બળવાન નારાયણ થયો. તે બંને ભાઈઓ ચંદ્રમાના વર્ણની જેમ શુભ કાંતિવાળા હતા. તેઓ શાસ્ત્રજ્ઞ અનેક કળાઓમાં નિપુણ ન્યાયમાર્ગમાં લીન હતા તથા ભૂમિગોચરી, વિદ્યાધર તથા દેવો દ્વારા પૂજનીય હતા. તેમની અવસ્થા ચંદ્રકલાની જેમ ક્રમથી વધવા લાગી. તે બંને ભાઈઓ સૂર્યની જેમ પ્રભાવશાળી હતા.

ભરતક્ષેત્રની અંતર્ગત વિજયાર્ધ પર્વતની ઉત્તર શ્રેણીમાં અલકા નામની એક નગરી છે. ત્યાંના રાજાનું નામ મયૂરગ્રીવ તથા રાણી નિલંજના હતી. દુષ્ટ વિશાખનંદનો જીવ સંસાર સમુદ્રમાં ભટકતો પૂર્વોપાર્જિત પુણ્યના કારણે નિલંજનાના ગર્ભથી અશ્વગ્રીવ નામનો પુત્ર થયો. તે ત્રણ ખંડ પૃથ્વીનો અધિપતિ (અર્ધચક્રી), દેવો દ્વારા પૂજિત તથા પ્રતાપી શાસક થઈને સાંસારિક ભોગોમાં લીન થઈ ગયો. વિજયાર્ધના ઉત્તરમાં જ રથનુપુર દેશમાં ચક્રવાક નામનું એક અત્યંત રમણીય નગર હતું. તે નગરીનો સ્વામી રાજા જ્વલનજટી હતો. તે પુણ્યોદયના ફળ સ્વરૂપ અતિ તેજસ્વી અને અનેક વિદ્યાઓનો જ્ઞાતા હતો.

તે પર્વતના દ્યુતિલક નામના એક અત્યંત મનોહર નગરમાં વિદ્યાધરોનો સ્વામી ચંદ્રાભ હતો. તેની પત્નીનું નામ સુભદ્રા હતું. તે બંનેના સંયોગથી વાયુવેગા નામની અત્યંત રૂપવતી એક કન્યા ઉત્પન્ન થઈ. યુવાવસ્થા પ્રાપ્ત થતા વાયુવેગાના વિવાહ જ્વલનજટી સાથે સંપન્ન થયા. તે બંનેના સંયોગથી સૂર્ય સમાન તેજસ્વી અર્કકીર્તિ નામનો પુત્ર તથા અત્યંત શુભ પરિણામોવાળી સ્વયંપ્રભા નામની કન્યા ઉત્પન્ન થઈ. એક દિવસની ઘટના છે કે વિદ્યાધરોના સ્વામી જ્વલનજટીને પોતાની પુત્રી યૌવન-સંપન્ના તથા ધાર્મિક પ્રવૃત્તિવાળી જોઈને તેના વિવાહ સંબંધી જાણકારી પ્રાપ્ત કરવાની અભિલાષા થઈ. તેણે સંભિન્નશ્રોતૃ નામના એક નિમિત્તજ્ઞાનીને બોલાવીને પૂછ્યું કે કૃપા કરીને આપ કહો કે આ વિદૂષી કન્યાનો કોણ પુણ્યવાન પતિ થશે? રાજાનો પ્રશ્ન સાંભળીને નિમિત્તજ્ઞાનીએ કહ્યું કે 'હે મહારાજ! તમારી કન્યા ઘણી જ ભાગ્યશાળી છે. તે ચક્રી નારાયણ (ત્રિપૃષ્ટ) ની પટ્ટરાણી થશે. આમાં કોઈ પણ પ્રકારનો સંદેહ નથી. વિજયાર્ધનું રાજ્ય પ્રાપ્ત થઈ જવાથી તમે વિદ્યાધરોના સ્વામી થશો.' નિમિત્તજ્ઞાનીના કર્ણપ્રિય વચનો પર વિશ્વાસ કરી રાજાએ પોતાના ઈન્દ્ર નામના

મંત્રીને બોલાવીને તેને પત્ર લખવાનો આદેશ આપ્યો. પત્ર લખીને મંત્રીએ સ્વયં પોદનપુર માટે પ્રસ્થાન કર્યું. તે મંત્રી (દૂત) આકાશમાર્ગથી થઈને તરત જ પુષ્પક નામના રમણિક વનમાં પહોંચ્યો.

બીજી બાજુની ઘટના એ છે કે ત્રિપૃષ્ટે પણ કોઈ નિમિત્તજ્ઞાની દ્વારા બધી જ ઘટના જાણી લીધી હતી. દૂતના આગમનની વાત પણ તેને ખબર હતી. તે ઘણા જ હર્ષથી દૂતની અગવાની કરવા સામે આવ્યો. મંત્રીને (દૂતને) તે જ સમયે રાજા પ્રજાપતિની સામે લાવવામાં આવ્યો. દૂતે મસ્તક ઝુકાવીને પોદનપુરેશ્વર સમક્ષ પત્ર રાખી દીધો અને પોતાના યોગ્યસ્થાન પર બેસી ગયો. પત્રની અંદર રાજમુદ્રા લાગેલી હતી જેથી તેને 'આવશ્યક કાર્યસૂચક' પત્ર સમજવામાં આવ્યો. રાજાએ તત્કાલ તે પત્રને વાંચવાની આજ્ઞા કરી. પત્ર ખોલીને વાંચવામાં આવ્યો. તેમાં લખ્યું હતું કે—

'પવિત્રબુદ્ધિ, ન્યાયી, મહાચતુર નમિ રાજાના વંશમાં ઉત્પન્ન, સૂર્ય સમાન પ્રતાપી, વિદ્યાધરોના સ્વામી જ્વલનજટીના રથનુપુર નગરથી ભગવાન શ્રી ઋષભદેવથી ઉત્પન્ન બાહુબલીવંશીય પોદનપુરના સ્વામી મહારાજ પ્રજાપતિને સ્નેહપૂર્વક પ્રણામ. બાદ સવિનય નિવેદન છે કે પ્રજાનાથ! અમારો અને તમારો સંબંધ પૂર્વ પેઢીઓથી ચાલતો આવ્યો છે, તેથી આને કેવળ આજનો જ પ્રસ્તાવિક વૈવાહિક સંબંધ ન સમજતા. આથી આ સંબંધને અતિ પ્રગાઢ કરવા માટે પ્રતાપી ત્રિપૃષ્ટ (નારાયણ) ની સાથે મારી કન્યા સ્વયંપ્રભા લક્ષ્મીની જેમ પ્રેમ વિસ્તારીત કરે અર્થાત્ મારી કન્યા સાથે આપના પુત્રના વિવાહ થાય તો અતિ ઉત્તમ છે.'

રાજા પ્રજાપતિ પત્ર સાંભળીને મુગ્ધ થઈ ગયા. તેમને ઉપરોક્ત ભાવી સંબંધથી ઘણી જ પ્રસન્નતા થઈ. તેમણે ઉત્તરમાં કહ્યું કે 'તમારા રાજાની ઈચ્છા મને શિરોધાર્ય છે.' મંત્રી-દૂત યોગ્ય આદર તથા પુરસ્કાર પામીને ત્યાંથી શીઘ્ર પાછો ફર્યો. તે ઘણો જ શીઘ્ર રત્નપુર આવી પહોંચ્યો અને આવીને તરત જ રાજા જ્વલનજટીને બધો સંદેશ કહી સંભળાવ્યો. જ્વલનજટીએ ઘણા ઉત્સાહથી પોતાની કન્યાના વિવાહ શાસ્ત્ર-સંમત વિધિ અનુસાર ત્રિપૃષ્ટ કુમાર સાથે કરી દીધા. તે રાજકન્યાનું રૂપ અવર્ણનીય હતું અર્થાત્ તે સાક્ષાત્ લક્ષ્મી જ હતી. **વાસ્તવમાં પુણ્યોદયથી દુર્લભ વસ્તુ પણ અનાયાસ જ પ્રાપ્ત થઈ જાય છે.**

વિદ્યાધર જ્વલનજટીએ પોતાના જમાઈને સિંહવાહિની તથા ગરુડવાહિની નામની બે વિદ્યા ભેટ કરી. આ વિવાહની વાત રાજા અશ્વગ્રીવે સાંભળી તો તેના ક્રોધનો પાર ન રહ્યો. તે અન્ય વિદ્યાધર રાજાઓને સાથે લઈને યુદ્ધ માટે રથનુપૂરના પર્વત પર જઈ પહોંચ્યો. આ બાજુ ત્રિપુષ્ટ પણ પોતાની સેના સજાવીને ત્યાં પહોંચી ગયો હતો. બંને બાજુ ધમાસાન યુદ્ધ થયું. ચક્રી ત્રિપૃષ્ટે પોતાના બાહુબળના પ્રતાપથી અશ્વગ્રીવની સેના પર વિજય પ્રાપ્ત કરી લીધો. અશ્વગ્રીવ પણ ક્યાં હાર માનવાવાળો હતો? તેણે ત્રિપૃષ્ટને મારવાના ઉદ્દેશ્યથી અમોઘ 'ચક્રરત્ન' ચલાવ્યું, પરંતુ ત્રિપૃષ્ટના મહાન પુણ્યોદયના કારણે તે ચક્ર તેની પ્રદક્ષિણા દઈને તેના જમણા હાથમાં આવીને વિરાજમાન થઈ ગયું. ત્યારબાદ, ત્રિપૃષ્ટે ત્રણ ખંડની લક્ષ્મીને પોતાને આધીન કરવાવાળા એ ચક્રને અશ્વગ્રીવ પર ચલાવ્યું. એ ચક્રથી અશ્વગ્રીવનું મૃત્યુ થઈ ગયું. તે રૌદ્ર પરિણામ તથા આરંભ પરિગ્રહના ફળ સ્વરૂપ નરકાયુ બાંધીને મર્યો, તેથી તે દુર્બુદ્ધિ મહાપાપના ઉદયથી સાતમી નરકમાં ગયો, જે સમગ્ર દુઃખોની ખાણ છે, ત્યાં સર્વથા દુઃખ જ દુઃખ છે તથા તે સ્થાન અત્યંત ઘૃણિત છે.

આ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી લેવાના કારણે ત્રિપૃષ્ટની આખા સંસારમાં ખ્યાતિ ફેલાઈ ગઈ. તેણે ચક્રરત્નથી ત્રણ ખંડ પૃથ્વીના રાજાઓને પોતાને આધીન કરી લીધા. વિદ્યાધરોના સ્વામી માગધ આદિ રાજાઓએ ભયભીત થઈને ત્રિપૃષ્ટને પોતાની કન્યા સમર્પિત કરી તથા વ્યંતર આદિ દેવોએ ભેટમાં બહુમૂલ્ય વસ્તુઓ પ્રદાન કરી. ત્રિપૃષ્ટે વિજયાર્ધની બંને બાજુના રાજ્ય તથા તેની ઋદ્ધિઓ રથનૂપુરના રાજા જ્વલનજટીને સોંપી દીધી તથા સ્વયં ઘણી વિભૂતિ સાથે પોતાના નગર તરફ પ્રસ્થાન કર્યું. પુણ્યોદયના પ્રતાપે ચક્ર આદિ સાત રત્નોથી શોભાયમાન તથા સોળ હજાર વિદ્યાઓથી નમસ્કૃત તે પ્રથમ નારાયણ ત્રિપૃષ્ટ સોળ હજાર રાજકન્યાનોની સાથે વિભિન્ન પ્રકારના ભોગોનો ઉપભોગ કરવા લાગ્યો. તેની ભોગ-લિપ્સા એટલી વધી ગઈ કે તેમા ધાર્મિક પ્રવૃત્તિ નામમાત્ર પણ રહી નહીં. તે ધર્મ-પૂજા-દાન આદિનું નામ પણ લેતો ન હતો. તેથી તેણે આરંભ-મોહ-પરિગ્રહ આદિ વિષયોમાં લીન રહેવાના કારણે ખોટી લેશ્યા ધારણ કરી તથા રૌદ્રધ્યાનથી નરકાયુનો બંધ કર્યો. આથી મૃત્યુ થતા તે સાતમી નરકમાં ગયો.

નરક તો ઘૃણિત હોય જ છે. ત્યાં તેનો જન્મ અધોમુખ થયો અને બે ઘડીમાં પૂર્ણ શરીરધારી થઈ ગયો. ત્યારબાદ, ત્રિપૃષ્ટનો જીવ તે સ્થાનથી નરકની ભૂમિ પર પડ્યો. ભૂમિનો સ્પર્શ થતાં જ તેણે જોર જોરથી બૂમો પાડવાનું શરૂ કર્યું. જે ભૂમિના સ્પર્શથી હજારો વિંછીઓના ડંખ જેવી પીડાનો અનુભવ થાય છે એવી પૃથ્વીના સ્પર્શથી તે ખૂબ જ દુ:ખી થયો. ઘોર વેદનાથી તે જીવ એકસો વીસ કોસ ઉપર ઉછળતો, ફરી પત્થર તથા કાંટાઓથી ભરપૂર પૃથ્વી પર પડતો રહ્યો. ત્યારબાદ, તે દીન જીવ અન્ય નારકીઓની દુર્દશા અને પીડા જોઈ તથા ભાવી મહાન કષ્ટોની કલ્પના કરી વિચાર કરવા લાગ્યો કે—

'ઘણા જ આશ્ચર્યની વાત છે કે આવી આ ઘૃણિત ભૂમિ કઈ છે કે જેમાં દુ:ખ જ દુ:ખ દૃષ્ટિગોચર થઈ રહ્યું છે? આ નારકી કોણ છે કે જે કષ્ટ આપવામાં પ્રવીણ છે? હું કોણ છું કે જે અહીં એકલો આવી ગયો છું? એ ક્યું ખરાબ કર્મ છે કે જેના કુફળસ્વરૂપે મારે અહીં સુધી આવવું પડ્યું?' આ પ્રકારે વિચાર કરતાં ત્રિપૃષ્ટનો નારકી જીવ કરુણ વિલાપ કરવા લાગ્યો. તેને વિભંગાવધિ જ્ઞાન ઉત્પન્ન થયું. તેણે પશ્ચાત્તાપ કર્યો. 'અહા! મેં પૂર્વ જન્મમાં અનેક જીવોની હત્યા કરી, કઠોર તથા ખોટા વચનો દ્વારા બીજાઓનો નિરાદર કર્યો, પોતાના સ્વાર્થ માટે બીજાનું ધન તથા પારકી સ્ત્રીઓનું અપહરણ કર્યું. આ રીતે ન જાણે મેં કેટલું ધન એકત્રિત કર્યું. તે જ બધા કુકર્મ આજે મને દુ:ખ આપી રહ્યા છે. દુ:ખ એ વાતનું છે કે મેં સ્વર્ગ-મોક્ષને પ્રદાન કરવાવાળા પરમ ધર્મને ધારણ ન કર્યો તથા કલ્યાણકારી અહિંસા આદિ વ્રતોનું પાલન પણ ન કર્યું; સાથે-સાથે ન કોઈ તપ કર્યું, ન પાત્રદાન કર્યું તથા ન શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરી અર્થાત્ એક પણ શુભ કાર્ય કરવા માટે હું તત્પર ન થયો. આ જ કારણ છે કે પૂર્વકૃત મહાન પાપોના ઉદયથી આજે મારી સમક્ષ બધી જ વિપત્તિઓ આવીને ઊભી છે. હું અત્યંત દુ:ખી છું. હવે હું કોની શરણમાં જાઉં કે જે આ સ્થળ પર મારી રક્ષા કરી શકે?'

આ પ્રકારની ચિંતાઓથી યુક્ત હજુ કરુણ વિલાપ કરી જ રહ્યો હતો કે એટલામાં તેની સામે જૂના નારકીઓનું એક મોટું ટોળું આવી પહોંચ્યું. તેઓ પોતાની વચ્ચે એક નવીન નારકીને જોઈને તેને મુદ્ગર આદિ

તીક્ષ્ણ શસ્ત્રોથી મારવા લાગ્યા, કોઈ દુષ્ટ તેના નેત્ર કાઢવા લાગ્યા, કોઈ અંગ ચિરવા લાગ્યા તો કોઈ આંતરડા કાઢવા લાગ્યા. આ રીતે તે નિર્દય તેના શરીરના ટુકડા ટુકડા કરી તપાયમાન કડાઈમાં નાખવા લાગ્યા. ગરમ કડાઈમાં નાખ્યા બાદ તેનું શરીર બળવા લાગ્યું કે જેથી તેને ખૂબ જ પીડા થઈ. તે દાહની શાંતિ માટે તેણે વૈતરણી નદીમાં ડુબકી લગાવી. ત્યાં જળની ખારાશ અને દુર્ગંધથી તે વધારે વ્યાકુળ થઈ ગયો. ત્યારબાદ તે વિશ્રામ કરવા માટે અસિ-પત્ર વનમાં ગયો, પરંતુ ત્યાં પણ ક્યાં શાંતિમય સ્થાન હતું? ત્યાં વૃક્ષોના ખડગ્ જેવા તીક્ષ્ણ પાંદડાથી તેનુ શરીર છિન્ન-ભિન્ન થઈ ગયું. આ સ્થાનની ભયાનક જ્વાળાથી દુઃખી થઈને તે ખંડિત શરીરવાળો નારકી શાંતિ પ્રાપ્ત કરવા માટે પહાડની ગુફામાં જઈ પહોંચ્યો. ત્યાં પણ ક્રૂર નારકીઓએ વિક્રિયાના જોરથી હિંસક શરીર ધારણ કરી તેને ખાવાનું શરૂ કરી દીધું.

આ પ્રકારના દુઃખ કે જે કવિઓની કલ્પનાથી પણ પાર છે અને ઉપમારહિત છે, તેને ભોગવવા પડ્યા. જોકે તેને એવી તરસ લાગી હતી કે જે સમુદ્રના સંપૂર્ણ જળથી પણ તેની તરસ બુઝાવાની ન હતી, પરંતુ તેને એક બૂંદ પણ જળ પીવા મળતું ન હતું. સંસારભરનું અનાજ ખાઈને તૃપ્ત ન થવાવાળી ભૂખથી પીડિત હોવા છતાં પણ તેને એક દાણો પણ ખાવા મળતો ન હતો. એ સ્થાન પર એટલી ઠંડી હતી કે જો લાખ યોજન પ્રમાણનો એક લોખંડનો ગોળો ત્યાં નાખવામાં આવે તો ઠંડીથી તેના સેંકડો ટુકડા થઈ જાય. આ રીતે, ઘોર દુઃખને ભોગવતો તે નારકી તે ક્ષેત્રમાં ઉત્પન્ન થયો કે જે પાંચ પ્રકારના છે. તેને કૃષ્ણ લેશ્યા પરિણામ સહિત દુઃખ દેવાવાળું તેત્રીસ સાગરનું આયુષ્ય મળ્યું.

આ બાજુ ત્રિપૃષ્ટ નારાયણના વિયોગથી દુઃખી થઈને અત્યંત પુણ્યવાન બળભદ્રએ સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી દીધો તથા સાંસારિક સુખોથી વિરક્ત થઈને જિનદીક્ષા ધારણ કરી લીધી. તે મુનિરાજ ભગવાન શ્રી જિનેન્દ્રના મુખથી ઉચ્ચરિત પવિત્ર જિનવાણીનું અધ્યયન કરવા લાગ્યા. તેમની ધર્મનિષ્ઠા ખૂબ જ પ્રબળ થઈ. તેમણે અનેક ભવ્યજીવોને ભગવાન શ્રી જિનેન્દ્રનો ધાર્મિક સંદેશ કહ્યો તથા મોક્ષસુખ પ્રદાન કરવાવાળો ઉપદેશ આપ્યો. તે મુનિ સંઘની સાથે વનમાં, પર્વતમાં તથા સુરમ્ય પ્રદેશમાં વિહાર કરવા લાગ્યા.

# અધ્યાય ચોથો

**ઐહિક ઔર અનંત સુખ કરતે સદા પ્રદાન,**
**કરે સિદ્ધ શુભ કામના વીરનાથ ભગવાન.**

જેઓ આલોક અને પરલોકમાં સુખ પ્રદાન કરવાવાળા છે, જેમના ચરણકમળની સેવા ઈન્દ્ર આદિ દેવગણ કરે છે એવા શ્રી જિનેન્દ્ર ભગવાનની ભક્તિભાવથી હું વંદના કરું છું.

ત્યારબાદ ત્રિપૃષ્ટનો જીવ નરકની યાતના ભોગવી ફરી આ ભરતભૂમિમાં પશુયોનિમાં ઉત્પન્ન થયો. ગંગા કિનારે એક વિકરાળ વન હતું. વનની ચારે બાજુ સિંહગિરિ નામની વિશાળ પર્વતમાળા હતી. તે નારકી જીવ આ પર્વત પર સિંહના રૂપમાં ઉત્પન્ન થયો. અહીં તેનું આયુષ્ય ઘણું લાંબુ હતું. તે ઘોર હિંસાદિ કાર્યોમાં રત થયો. પાપ-ઉપાર્જનના પરિણામથી મરીને તે પહેલી નરકમાં ગયો અને ત્યાં ખૂબ દુઃખ ભોગવતો રહ્યો. ત્યાંથી નીકળીને તેણે ફરી પશુ યોનિ ધારણ કરી. આ વખતે પણ સિંહકૂટના પૂર્વ હિમકૂટ પર્વત પર તે સિંહરૂપે ઉત્પન્ન થયો તથા પૂર્વ સંસ્કારના કારણે તે ખૂબ જ ક્રૂર સ્વભાવનો થયો. તેના નખ તથા દાંત ખૂબ જ તીક્ષ્ણ હતા.

એક દિવસની ઘટના છે—તે સિંહ વનમાં એક મૃગને મારીને લઈ જઈ રહ્યો હતો. તે વારંવાર મૃગના માંસને નોચતો તથા તેનું ભક્ષણ કરતો હતો તે સમયે અજિતંજય અને અમિતતેજ નામના બે ચારણમુનિ આકાશમાર્ગથી જઈ રહ્યા હતા. તેમણે તે ક્રૂર સ્વભાવીને જોયો. તેમને શ્રી તીર્થંકર ભગવાનના કહેલા વચનોનું સ્મરણ થઈ આવ્યું. તે બંને મહામુનિ પૃથ્વી પર ઉતર્યા અને એક સુરમ્ય શિલા ઉપર બેસી ગયા. એ સમયે એ સિંહ પણ થોડે દૂર ઊભો હતો. થોડા સમય બાદ અમિતતેજ નામના મુનિરાજે કહ્યું કે 'અરે મૃગરાજ!

તું મારા વચનો ધ્યાન દઈને સાંભળ! તેં શ્રેષ્ઠ માર્ગને દોષ લગાવી મિથ્યામાર્ગને વધારવામાં સહાયતા કરી, ભગવાન શ્રી ઋષભદેવના વચનોનો ભરપૂર અનાદર કર્યો હતો. એ જ મિથ્યાત્વથી ઉત્પન્ન પાપોદયથી પીડિત થઈ તારે અનેક દુ:ખ ભોગવવા પડ્યા. કેવળ આટલું જ નહીં, ઈષ્ટ-વિયોગ તથા અનિષ્ટ–સંયોગથી અનેક વેદનાઓ સહન કરવી પડી છે. ફરી એ જ મિથ્યારૂપી મહાન પાપથી જુદી જુદી સ્થાવર અને ત્રસ યોનિમાં ભટકતો રહ્યો છે. કોઈ કારણવશ તું ફરી કોઈ રાજાને ત્યાં ઉત્પન્ન થયો, ત્યાં તારું નામ વિશ્વનંદી પડ્યું. તેં ફરી સંયમ ધારણ કર્યું અને ત્રિપૃષ્ટ નામનો નારાયણ થયો. જે સમયે તું ત્રિપૃષ્ટ નારાયણના રૂપમાં હતો તે સમયે સમસ્ત રાજા તારા આશ્રયમાં હતા. તે સમયે તેં રાજ્યલાભની આકાંક્ષાથી હિંસાદિ કાર્યો કર્યા હતા અને ધર્મ-દાન આદિ કાર્યોની ઉપેક્ષા કરી હતી. ભવિષ્યમાં તું આ ભરતક્ષેત્રમાં જન્મ ધારણ કરી સંસારનું હિત કરવાવાળા ચોવીસમાં તીર્થંકર થઈશ, એ સર્વથા સત્ય છે. કારણ કે જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં એકવાર કોઈએ શ્રીધર નામના તીર્થંકરને પૂછ્યું હતું કે 'હે ભગવન્! જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં જે ચોવીસમાં તીર્થંકર થશે તેનો જીવ આજકાલ ક્યા સ્થાન પર છે?' આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને જે કાંઈ કહ્યું હતું એ મેં તને કહી દીધું. આથી હવે તું સંસાર-બંધના કારણ એવા મિથ્યાત્વને હળાહળ સમજીને ત્યાગી દે તથા સમ્યક્ત્વને ગ્રહણ કર. સમ્યક્ત્વ ધર્મરૂપી વૃક્ષનું બીજ છે, તે મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે. આવા શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરવાથી તને ત્રણેય જગતની વિભૂતિ, ત્રણેય જગતમાં હોવાવાળા ચક્રવર્તી આદિના સુખ તથા 'અર્હંત' જેવું સર્વોચ્ચ પદ ઉપલબ્ધ થઈને અનંત સુખની પ્રાપ્તિ થશે.

વાસ્તવમાં સમ્યગ્દર્શન સમાન ન કોઈ ધર્મ છે, ન થશે. આ સમ્યક્ત્વ જ કલ્યાણ-સાધક છે. મિથ્યાત્વ સમાન ત્રણેય લોકમાં બીજું કોઈ પાપ નથી. તેથી આ મિથ્યાત્વ જ બધા અનર્થોની જડ છે. એ સમ્યક્ત્વની પ્રાપ્તિ જીવ આદિ સાત તત્ત્વોની શ્રદ્ધા તથા સર્વજ્ઞદેવ, સદ્ગ્રંથ તથા નિર્ગ્રંથ ગુરુઓના શ્રદ્ધાનથી થાય છે, તેની પ્રાપ્તિથી જ જ્ઞાન-ચારિત્રને સમ્યક્ કહેવામાં આવે છે–આ કથન ભગવાન શ્રી જિનેન્દ્રદેવનું છે. આથી તારે સમ્યક્ત્વની સાથે જ ઉત્કૃષ્ટ શ્રાવકના બાર વ્રત ધારણ કરીને તથા સંન્યાસ ધારણ કરી પ્રાણત્યાગ કરવો

જોઈએ. તું અન્ય બધા જ પ્રકારના હિંસાદિ પાપોનો પરિત્યાગ કરી દે. હવે તારે સંસારમાં ભટકતા રહેવાનો કોઈ ડર ન રહયો. આથી ખરાબ માર્ગનો સર્વથા પરિત્યાગ કરી શુભ માર્ગને ગ્રહણ કર.'

સિદ્ધયોગીના મુખારવિંદથી પ્રગટ થયેલ ધર્મરૂપી અમૃતનું પાન કરીને સિંહે (ત્રિપૃષ્ટના જીવે) મિથ્યાત્વરૂપી વિષને વમી નાખ્યું. આ કારણે તે હવે શુદ્ધચિત્ત થઈ ગયો. ત્યારબાદ, તેણે બંને મુનિઓને પરિક્રમા આપી તથા તેમના ચરણમાં મસ્તક ઝુકાવીને દેવ-શાસ્ત્ર-ગુરુમાં શ્રદ્ધારૂપી સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. તેણે સંન્યાસ વ્રતની સાથે સાથે સમસ્ત વ્રતો ગ્રહણ કર્યા. પૂર્વમાં આ સિંહનું ભોજન માંસ સિવાય અન્ય કાંઈ વસ્તુ ન હતી, તેથી તેને વ્રત ધારણ કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરો પડ્યો, છતાં પણ તેણે ઘણા ધૈર્યની સાથે વ્રતોનું પાલન કર્યું. **આચાર્યનું કથન છે કે એવું ક્યું કાર્ય છે કે જે હોનહાર થવાથી ન થાય? અર્થાત્ બધા જ કાર્ય સ્વયમેવ જ થઈ જાય છે.**

બંને મુનિઓના ઉપદેશથી પ્રભાવિત થઈને તે સિંહનું ચિત્ત શાંત થઈ ગયું તથા તે અત્યંત સંયમી થઈ ગયો. તેને જોઈને એવું પ્રતીત થવા લાગ્યું કે તે વાસ્તવિક સિંહ નથી, પરંતુ ચિત્રામનો સિંહ છે. તે ભૂખ-તરસ આદિ બધી વેદનાઓને સહન કરતો થકો સંસારની દુઃખમય સ્થિતિ પર સર્વદા વિચાર કર્યા કરતો હતો. ધૈર્યપૂર્વક બધા જીવો પર દયાભાવ રાખતો તે આર્ત-રૌદ્રધ્યાનને ધીરે ધીરે ત્યાગવા લાગ્યો. તે પાપોને નષ્ટ કરવાવાળા ધર્મધ્યાન તથા સમ્યક્ત્વ આદિનું વારંવાર ચિંતવન કરવા લાગ્યો.

આ રીતે, તે સિંહે જીવનપર્યંત વ્રતોનું પૂર્ણરૂપથી પાલન કર્યું. અંતમાં સમાધિમરણ દ્વારા તેનું મૃત્યુ થયું. વ્રત આદિના ફળસ્વરૂપે તે સૌધર્મ નામના પ્રથમ સ્વર્ગમાં મહાન ઋદ્ધિધારી સિંહકેતુ નામનો દેવ થયો. તેને બે ઘડીમાં જ યૌવન અવસ્થા પ્રાપ્ત થઈ ગઈ. તેણે પોતાના પૂર્વકૃત પુણ્યોથી શ્રેષ્ઠ દેવીઓ પ્રાપ્ત કરી તથા વિમાન આદિ સંપદાઓ પ્રાપ્ત કરી. ત્યાં તેણે અવધિજ્ઞાન દ્વારા વ્રતોનું શુભ ફળ જાણી લીધું. આથી ધર્મના માહાત્મ્યની પ્રશંસા કરી તે ધર્મ ધારણ કરવામાં સંલગ્ન થઈ ગયો.

ત્યારબાદ, તે દેવ અકૃત્રિમ ચૈત્યાલયમાં જઈને અષ્ટદ્રવ્યસહિત અર્હંતદેવની પૂજા કરવા લાગ્યો. મનુષ્યલોકમાં પોતાના મનોરથોની સિદ્ધિ કરવા માટે નંદીશ્વર આદિ દ્વીપમાં તેણે જિનપ્રતિમાઓની પૂજા કરી. ગણધર આદિ મુનિરાજોને હર્ષસહિત પ્રણામ કરી તેમનાથી તત્ત્વોનું સ્વરૂપ સાંભળ્યું અને ધર્મનું ઉપાર્જન કરી પોતાના સ્થાને પાછો ફર્યો.

આ રીતે, તે દેવ વિભિન્ન રૂપથી પુણ્યનું ઉપાર્જન કરતો સાત હાથ–પ્રમાણ દિવ્ય શરીરનો ધારક થયો. તેના નેત્રોના પલક સદાય ખુલ્લા રહેતા હતા. તેને પૂર્વની નરકભૂમિ સુધીનું અવધિજ્ઞાન હતું, તેને વિક્રિયાઋદ્ધિ હતી, બે હજાર વર્ષ વ્યતીત થતાં કંઠમાંથી ઝરવાવાળા અમૃતનું પાન કરતો હતો તથા ત્રીસ દિવસ પશ્ચાત્ શ્વાસ લેતો હતો, દેવાંગનાઓનું નૃત્ય દેખતો હતો અને વન-પર્વતો પર પોતાની દેવીઓ સાથે ક્રીડામાં રત રહેતો હતો તથા પોતાની ઈચ્છા અનુસાર દ્વીપ સમૂહમાં વિહાર કરતો હતો. ઈન્દ્રિય સુખરૂપી સમુદ્રમાં મગ્ન એ દેવને બે સાગરનું આયુષ્ય પ્રાપ્ત થયું હતું. તેનું શરીર ધાતુ-મળ અને પરસેવાથી સર્વથા રહિત હતું. આ પ્રકારે શ્રેષ્ઠ ચારિત્ર પાલન દ્વારા ઉપાર્જન કરેલા પુણ્યના પ્રતાપથી તેને ભોગ-ઉપભોગની બધી જ સામગ્રીઓ પ્રાપ્ત થઈ. આ રીતે ભોગ-ઉપભોગમાં તેણે કેટલો સમય વીતાવ્યો તે તેને પણ જાણ ન થઈ.

ધાતકીખંડ દ્વીપના પૂર્વ મેરુથી પૂર્વવિદેહક્ષેત્રમાં મંગલાવતી દેશ છે. તેના મધ્યભાગમાં વિજયાર્ધ પર્વત છે. આ પર્વત બસો કોસ ઊંચો છે. તેની ઉત્તરશ્રેણીમાં કનકપ્રભ નામનું એક ઘણું રમણીય નગર છે. ત્યાં વિદ્યાધરોના રાજા કનકપુંગ રાજ્ય કરતાં હતા. તેની રાણીનું નામ કનકમાલા હતું. સિંહકેતુ નામનો તે દેવ સ્વર્ગથી ચ્યવીને કનકમાલા રાણીના ગર્ભથી સુવર્ણની કાંતિ સમાન કનકોજ્વલ નામનો પુત્ર થયો. રાજા કનકપુંગે પુત્ર ઉત્પન્ન થવાની ખુશીમાં જિનમંદિરમાં જઈને પંચ-કલ્યાણકની પૂજા ઘણી જ ભક્તિથી કરી. ત્યારબાદ દાન આદિથી બંધુ-સજ્જનો તથા દીન-દુઃખી આદિને સંતુષ્ટ કરીને નૃત્ય-ગીતથી જન્મોત્સવ મનાવ્યો. તે રૂપવાન બાળક બીજના ચંદ્રની જેમ ક્રમ ક્રમથી વધવા લાગ્યો. તે બાળક ભોજનપાન, વસ્ત્ર-અલંકાર પરિધાન આદિ બાળ-સુલભ કાર્યોથી બધાને પ્રસન્ન રાખતો હતો. તે થોડાક સમયમાં અનેક શાસ્ત્રોમાં પારંગત

થઈ ગયો અને શ્રેષ્ઠ ગુણોથી સંપન્ન થયો.

ત્યારબાદ જ્યારે તે યુવાવસ્થાને પ્રાપ્ત થયો તો તેના વિવાહ તેના મામાની કન્યા કનકવતીની સાથે સંપન્ન થયા. એક દિવસ તે કુમાર પોતાની પત્નીની સાથે મહામેરુ પર્વત ઉપર આત્મકલ્યાણ માટે ચૈત્યાલયોમાં પૂજા-અર્ચના કરવા ગયો હતો. તે સ્થાન પર આકાશગામિની આદિ ઋદ્ધિધારી અવધિજ્ઞાની મુનીશ્વરને જોઈને ભક્તિપૂર્વક તેની ત્રણ પ્રદક્ષિણા દઈને પ્રણામ કર્યા. ત્યારબાદ ધર્મમાં અભિરુચિ રાખવાવાળો તે કુમાર ધર્મના સંબંધમાં એ પ્રિયમિત્ર મુનિરાજને પ્રશ્ન કરવા લાગ્યો.

તેણે પૂછ્યું કે 'હે ભગવાન્! મને નિર્દોષ ધર્મનું સ્વરૂપ બતાવો કે જેથી મોક્ષમાર્ગમાં સહાયતા મળી શકે.' કુમારના વચનો સાંભળી મુનિરાજે કહ્યું કે 'હે બુદ્ધિમાન! તું એકાગ્ર મનથી સાંભળ, હું તને ધર્મનું સ્વરૂપ કહું છું. જે સંસાર-સમુદ્રમાં ડૂબતાં જીવોનો ઉદ્ધાર કરી મોક્ષસ્થાન પર લઈ જાય, જેને ત્રણે જગતનો સ્વામી બનાવે તેને ધર્મ કહે છે. વાસ્તવમાં ધર્મ એ છે કે જેનાથી આ ભવમાં સંપદાઓની પ્રાપ્તિ અને મનોકામનાઓની પૂર્તિ થાય છે તથા દુઃખ આદિ ભયાનક આપત્તિનો સર્વથા નાશ થાય છે. કેવળ આટલું જ નહીં, ધર્મથી ત્રણેય લોકમાં પ્રશંસા થાય છે અને પરભવમાં રાજ્ય આદિની વિભૂતિ, સર્વાર્થસિદ્ધિનું પદ, તીર્થંકર પદ, બલભદ્ર, ચક્રવર્તી આદિ ઉત્તમોત્તમ પદની પ્રાપ્તિ સુલભ થઈ જાય છે. જેનો ઉપદેશ કેવળીએ આપ્યો છે, જે અહિંસાસ્વરૂપ અને નિષ્પાપ છે તે જ ધર્મ છે, બીજો કોઈ પણ ધર્મ નથી.

તે ધર્મ—અહિંસા, સત્ય, અચૌર્ય, પરિગ્રહત્યાગ, ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ, ઉત્સર્ગ, મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ—આ ભેદોથી તેર પ્રકારનો છે. તેને વીતરાગી મુનિ ધારણ કરે છે અથવા ક્ષમા આદિ સ્વરૂપ દશ પરમધર્મને તે મોહેન્દ્રિયરૂપી ચોરને પરાસ્ત કરવા માટે યોગ ધારણ કરે છે. તેથી હે બુદ્ધિમાન! તું મુનિધર્મને ધારણ કર અને કુમાર અવસ્થામાં જ શીઘ્ર જ કામ આદિ શત્રુઓને તપરૂપી ખડગથી માર, સદાય ચિત્તમાં ધર્મનું ધ્યાન કર, ધર્મથી પોતાને શોભાયમાન કર, ધર્મ માટે તું ગૃહનો ત્યાગ કર, ધર્મથી અતિરિક્ત અન્ય કોઈ આચરણ ન કર, સદાય ધર્મનું શરણ ગ્રહણ કરી તેમાં જ સ્થિર થા. ધર્મ સદાય તારી

રક્ષા કરશે. વિશેષ કહેવાની આવશ્યકતા નથી. હવે તું શીઘ્રાતિશીઘ્ર મોહરૂપી મહાન શત્રુને પરાસ્ત કરી મુક્તિ માટે ધર્મ અંગીકાર કર.'

આ પ્રકારે ધર્મોપદેશ કરવાવાળા તે મુનિના વચનો સાંભળી તેને સંસાર-શરીર-સ્ત્રી આદિ ભોગોથી વિરક્તિ ઉત્પન્ન થઈ ગઈ. તેણે મનમાં વિચાર કર્યો કે પરોપકારી મુનિ મહારાજે મારા હિત માટે જ ધર્મોપદેશ કર્યો છે. તેથી, મારે મોક્ષપ્રાપ્તિ માટે શીઘ્ર જ શ્રેષ્ઠ તપ ગ્રહણ કરવું જોઈએ. કારણ કે ન જાણે ક્યા સમયે મારું મૃત્યું થઈ જાય. જે 'કાળ' ગર્ભના બાળકને પણ મારી નાખે છે તેનું શું ઠેકાણું? જ્યારે યમરાજ અહમિન્દ્ર–દેવેન્દ્ર આદિ મહાન પુણ્યવાનોને નથી છોડતો ત્યારે મારી જેવા પુણ્યહીન વ્યક્તિઓના જીવિત રહેવાની શું આશા? **જે ધર્મ ધારણ નથી કરતાં તે પાપનો બોજ લઈને યમરાજના મુખનો કોળિયો બનીને નરક આદિ યોનિમાં પરિભ્રમણ કર્યા કરે છે.** તેથી, ભવ્ય જીવોએ સદાય ધર્મનો આશ્રય ગ્રહણ કરવો જોઈએ. ક્યારેય પણ પોતાનું મૃત્યુ થઈ શકે છે એમ વિચારીને વ્યર્થમાં સમય નષ્ટ ન કરવો જોઈએ.

આવો વિચાર કરી તે બુદ્ધિમાને બાહ્ય તથા અભ્યંતર બંને પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કરી દીધો અને પોતાની પત્નીને માયાવી સમજીને તેનો પણ ત્યાગ કરી મન-વચન-કાય ત્રણેય દ્વારા નમસ્કૃત જિનદીક્ષા ગ્રહણ કરી લીધી કે જેથી સ્વર્ગ અને મોક્ષનો માર્ગ સરળ થઈ જાય છે. કનકોજ્વલ કુમારે આર્ત-રૌદ્રરૂપ ખોટા ધ્યાન તથા કૃષ્ણ આદિ ખોટી લેશ્યાઓનો ત્યાગ કરી ધર્મધ્યાનમાં લીન થઈને શુદ્ધ લેશ્યા ધારણ કરી. તે ચારે વિકથારૂપ વચનોનો ત્યાગ કરી ધર્મકથામાં લીન થયા. ધ્યાનની સિદ્ધિ માટે તેમણે વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળા સ્થાન જેમ કે ગુફા, વન, પર્વત, સ્મશાન અને નિર્જનસ્થાન આદિનું શરણ લીધું. ધર્મોપદેશ અને શાસ્ત્રોના તે મહાન જ્ઞાતા થઈ ગયા.

મુનિરાજે અનેક વન, ગામ, દેશ આદિ સ્થાનોમાં વિહાર કરીને કર્મોનો નાશ કરવાવાળા બાર પ્રકારના તપનું આચરણ કર્યું. આ રીતે, તે મુનિરાજે મૂળગુણોનું તથા શાસ્ત્રમાં વર્ણિત સંયમનું પાલન મૃત્યુપર્યંત કર્યું. અંત સમયે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી તથા શરીરના મમત્વનો ત્યાગ કરી સંલેખના ધારણ કરી લીધી.

આ રીતે, તેમણે સંયમપૂર્વક ભૂખ, તરસ આદિ પરિષહોને જીતીને સમાધિના સમયે ધર્મધ્યાનપૂર્વક પ્રાણોનો પરિત્યાગ કર્યો. ઉપરોક્ત તપના પ્રભાવથી તેને લાંતવ નામના સાતમા કલ્પ સ્વર્ગમાં મહાન ઋદ્ધિધારી દેવપદ પ્રાપ્ત થયું અને અતિશય સુખ પ્રદાન કરવાવાળી બધી જ સંપદાઓ ઉપલબ્ધ થઈ.

તેમણે સ્વર્ગમાં પણ પૂર્વકૃત તપના પ્રભાવ અને તેના ફળને અવધિજ્ઞાન દ્વારા જાણીને દઢચિત્ત થઈને ધર્મની સિદ્ધિ માટે ત્રૈલોક્યસ્થિત જિનાલયોની વંદના અને મુનિગણ આદિની પૂજા કરીને મહાન પુણ્યનું ઉપાર્જન કર્યું. પૂર્વોક્ત પુણ્યફળથી તેને તેર સાગરનું આયુષ્ય તથા પાંચ હાથ ઊંચું શરીર પ્રાપ્ત થયું. તે તેર હજાર વર્ષથી કંઠથી ઝરતાં અમૃતનું સેવન કરતા હતા અને છ મહિના બાદ સુગંધિત શ્વાસ લેતા હતા. તેમનું અવધિજ્ઞાન તથા વિક્રિયા ઋદ્ધિ ત્રીજી નરક સુધી હતી. તે દેવ સપ્તધાતુ, મળ, પરસેવા–રહિત દિવ્ય શરીરવાળા હતા. તે સમ્યગ્દૃષ્ટિ સદાય શુભ ધ્યાનમાં તથા જિનપૂજામાં લીન રહેતા હતા. જોકે તેને દેવીઓના નૃત્ય-ગીત આદિ સમસ્ત સુખ સામગ્રીઓ ઉપલબ્ધ હતી તથાપિ તે શુભભાવનાઓનું ચિંતવન કરવાવાળા તથા દેવ દ્વારા પૂજ્ય થયા.

ત્યારબાદ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કૌશલ નામના દેશમાં અયોધ્યા નામની એક નગરી હતી. તે નગરી અત્યંત રમણીક તથા ભવ્યજનોથી ભરેલી હતી. ત્યાંના રાજાનું નામ વજ્રસેન હતું અને તેમની રાણીનું નામ શીલવતી હતું. તે દેવ સ્વર્ગથી ચ્યવીને આ દંપત્તિને ત્યાં હરિષેણ નામનો પુત્ર થયો. રાજાએ ઘણા જ આનંદપૂર્વક પુત્રનો જન્મોત્સવ મનાવ્યો. હરિષેણ કુમાર અવસ્થામાં જ રાજનીતિની સાથે સાથે જૈનધર્મના સિદ્ધાંતોનો પણ મહાન જ્ઞાતા થયો. તે રૂપ, ગુણ, કાંતિ આદિ બધા શુભલક્ષણોથી વિભૂષિત હતો. ઉત્તમ વસ્ત્ર આભૂષણોથી સુશોભિત હરિષેણ કુમાર દેવ સમાન મનોજ્ઞ પ્રતીત થતો હતો. યૌવન અવસ્થામાં કુમારના વિવાહ અનેક સુંદરી કન્યાઓ સાથે થયા. રાજાએ પુત્રને યોગ્ય સમજીને તેને રાજ્યપદ સમર્પિત કરી દીધું. તે ઘણા જ આનંદપૂર્વક પોતાના બાહુબળથી વિશાળ રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરવા લાગ્યો. તે ગૃહસ્થધર્મની સિદ્ધિના ઉદ્દેશ્યથી ઘણી જ શુદ્ધતાપૂર્વક સમ્યક્ત્વનું પાલન કરવા લાગ્યો. અષ્ટમી અને ચતુર્દશીના દિવસે તે

પાપકર્મનો ત્યાગ કરી પૌષધ વ્રતનું આચરણ કરતો હતો. સવારે શય્યા ત્યાગ કરતાંની સાથે જ તેના સામાયિક તથા સ્તવનપાઠ શરૂ થઈ જતાં હતા. ત્યારબાદ તે સ્વચ્છ વસ્ત્રથી યુક્ત થઈને ધર્મની સિદ્ધિને માટે જિનાલયમાં જઈને દેવ-પૂજા કરતા હતા. માન-કષાય આદિ દુર્ગુણોથી મુક્ત થઈને સુપાત્રોને વિધિવત્ દાન આપ્યા કરતો હતા. તેનું આહારદાન પ્રાસુક હતું.

તે જિતેન્દ્રિય સંધ્યા સમયે કલ્યાણકારક સામાયિક આદિ ઉત્તમ કાર્ય સંપન્ન કર્યા કરતા હતા, કેવળ આટલું જ નહીં ધર્મતીર્થની પ્રવૃત્તિ માટે તે અર્હંત કેવળી, યોગીન્દ્ર અને મુનીશ્વરોની સંઘયાત્રામાં સંમિલિત થતા હતા. તે રાજા સુખસમુદ્રરૂપી તત્ત્વચર્ચા તથા શ્રેષ્ઠ ધર્મોનો શ્રવણ કરતા હતા. તેને સાધર્મી ભાઈઓથી ઘણો પ્રેમ હતો. તેમના ગુણોથી મુગ્ધ થઈને તે તેમનું ઘણું સન્માન કરતા હતા. અનેક પ્રકારના શુભ આચરણનું પાલન કરતા તે રાજા ધર્મપાલનના ફળમાં પ્રાપ્ત થયેલ ભોગ્ય સામગ્રીઓનો ઉપભોગ કરવા લાગ્યા. તેથી હે ભવ્ય પુરુષો! જો તમે શ્રેષ્ઠ સુખની ઉપલબ્ધિ કરવા ચાહો છો તો કઠોર પ્રયત્ન કરીને પણ ધર્મને ધારણ કરો.

✿ પોતાના પૂર્વકૃત કર્મોના ફળસ્વરૂપે જીવોને આ વિસ્તૃત ભુવનમાં સમસ્ત સુખ–દુ:ખ પ્રાપ્ત થાય છે. જે ઈષ્ટ છે તેની પ્રાપ્તિ નથી થતી, જે અનિષ્ટ છે તે સાથ છોડતું નથી. સંયોગવશ જે ઈષ્ટ–સમાગમ થાય છે તેનો પણ વિયોગ થઈ જાય છે તથા અનિષ્ટથી થોડો સમય છૂટકારો મળે છે તો પછી તુરત જ તેનાથી પણ દૃઢ તેનો જ સંયોગ થઈ જાય છે. માનનો અભાવ અને પદ–પદ ઉપર અપમાન સામે ઊભું જ હોય છે. **—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય પાંચમો

**સહન કિયે ઉપસર્ગ બહુ, કરિ વિનષ્ટ નિજ કર્મ;**
**બન્દોં જિનવર કો સદા, જો હૈ સાધન ધર્મ.**

કર્મોને પરાસ્ત કરવાવાળા તથા રુદ્ર દ્વારા કરાયેલ ઉપસર્ગોને સહન કરવાવાળા, વીરોમાં અગ્રગણ્ય ભગવાન શ્રી જિનેન્દ્રદેવને હું પ્રણામ કરું છું.

એક દિવસની વાત છે–હરિષેણ મહારાજ વિવેકપૂર્વક નિર્મળ ચિત્તથી આ પ્રકારે વિચાર કરવા લાગ્યા કે હું કોણ છું? મારું શરીર શું છે? તથા સંબંધ અનુસાર આ કુટુંબની શું સ્થિતિ છે? મને અવિનશ્વર સુખની પ્રાપ્તિ ક્યા પ્રકારે થઈ શકે એમ છે? મારી તૃષ્ણા ક્યા પ્રકારે શાંત થશે? અને સંસારમાં હિત-અહિતની વસ્તુઓ શું છે? આ વિષયો પર સાંગોપાંગ વિચાર કર્યા બાદ હરિષેણ મહારાજને ભાન થયું કે **આ આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે તથા આ શરીર આદિ અવયવ દુર્ગંધયુક્ત અચેતન પુદ્‌ગલદ્રવ્ય માત્ર છે. જે રીતે આ લોકમાં પક્ષીઓનો સમૂહ રાત્રે એક સાથે નિવાસ કરે છે અને સવાર થતા જ બધા જ અલગ અલગ ઊડી જાય છે, તેવી જ રીતે આ સ્ત્રી-કુટુંબ આદિ પરિવારવર્ગ પણ મારાથી અલગ અલગ છે. વાસ્તવમાં મોક્ષથી અન્ય કાંઈ પણ બીજું અવિનશ્વર સુખનું સ્થાન દેખાતું નથી, પરંતુ એ સુખની પ્રાપ્તિ આ ક્ષણભંગુર શરીરનું મમત્વ ત્યાગવાથી જ થઈ શકે છે. તપની પ્રાપ્તિ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ થઈ શકશે. આ મોહ અને ઈન્દ્રિય-વિષય તો મારું અત્યંત અહિત કરવાવાળા છે. તેથી, આત્મહિત ઈચ્છવાવાળાએ કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વિના આ વિષયસુખને તિલાંજલિ આપી દેવી જોઈએ અને રત્નત્રય તપને ગ્રહણ કરી મોક્ષનો માર્ગ પ્રશસ્ત કરી લેવો જોઈએ.**

બુદ્ધિમાન લોકો એ કાર્ય પર દૃઢ રહે છે કે જેથી લૌકિક અને પારલૌકિક બંને સુખોની પ્રાપ્તિ થાય છે. મનુષ્યે એ કાર્ય ક્યારેય પણ ન કરવું જોઈએ કે જેનાથી બીજાઓને કષ્ટ પહોંચે અને તેમની બુરાઈ થાય. આ પ્રકારે મનમાં વિચાર કરતાં હરિષેણ મહારાજને વિનાશની અગ્નિ તરફ પ્રેરિત કરવાવાળા આ ભોગોથી વિરક્તિ ઉત્પન્ન થઈ ગઈ. તે ધર્મબુદ્ધિ થઈને પોતાના હિત સાધનમાં સંલગ્ન થયા.

એક દિવસ તેમણે પોતાના સમસ્ત રાજ્યને મૃતિકાવત્ નગણ્ય સમજીને તેનો પરિત્યાગ કરી દીધો અને તપ ગ્રહણ કરવાના ઉદ્દેશ્યથી ઘરેથી નીકળી પડ્યા. તેઓ સર્વપ્રથમ એ વનમાં જઈ પહોંચ્યા કે જ્યાં અંગ-પૂર્વના જાણકાર શ્રુતસાગર નામના મુનિરાજ બિરાજમાન હતા. તેમણે ત્યાં જઈને તેમને પ્રણામ કર્યા. મોક્ષના ઈચ્છુક એ રાજાએ મન-વચન-કાયની શુદ્ધતાપૂર્વક બાહ્ય તથા અંતરંગ પરિગ્રહનો પરિત્યાગ કરી ઘણી જ પ્રસન્નતાથી જિનદીક્ષા ધારણ કરી લીધી. તેમણે ફરી કર્મરૂપી પર્વતોનો નાશ કરવાના ઉદ્દેશ્યથી તપરૂપી વજ્રનો આશ્રય ગ્રહણ કર્યો અને ઈન્દ્રિય-મનરૂપી વૈરીઓને પરાસ્ત કરવા માટે પ્રશંસનીય શુભધર્મને ધારણ કર્યો. તે સિંહ સમાન મુનિરૂપમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનની સિદ્ધિ પ્રાપ્ત કરવાની આશંકાથી પર્વતો, વનો અને સ્મશાન આદિ સ્થાનમાં નિવાસ કરવા લાગ્યા. દિવસના સમયે તો વન આદિ સ્થાનોમાં વિહાર કરવો અને સૂર્યાસ્ત થઈ જવા પર રાત્રિના સમયે ધ્યાન આદિ ધારણ કરવો એ જ તેમની દિનચર્યા થઈ ગઈ હતી. તે યોગીરાજ સર્પ આદિ હિંસક જંતુઓથી ભરેલા સ્થાનોમાં, તોફાન અને અતિ ભયંકર વર્ષામાં પણ વૃક્ષની નીચે ધ્યાન લગાવીને બેસતા હતા.

શિયાળાના સમયમાં ચોકમાં તથા નદીના કિનારે તેમની ધ્યાન-સમાધિ લાગતી હતી. તેઓ ઠંડી-ગરમીની બાધાને સહન કરવામા સર્વથા સમર્થ હતા. ગ્રીષ્મ ઋતુમાં સૂર્યના કિરણોથી તપ્ત પર્વતની શિલા ઉપર પોતાના જ્ઞાનરૂપી શીતળજળથી ભીષણ આતાપને શાંત કરી તેઓ આસન લગાવતા હતા. ફક્ત આટલું જ નહીં, તેઓ ધ્યાનની સિદ્ધિ માટે કઠોર કાયક્લેશ–તપનું પાલન કરવા લાગ્યા. તેમણે અંતરંગ તપરૂપ ઉત્તર મૂળગુણોનું પાલન કરતાં કરતાં મૃત્યુ સમયે આહાર અને શરીરની મમતાનો પરિત્યાગ કરી અનશન તપ ગ્રહણ કરી લીધું

હતું. ત્યારબાદ તેઓ દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપરૂપ ચારેય આરાધનાઓનું સેવન કરી સમાધિમરણથી પ્રાણોનો પરિત્યાગ કરી તેના ફળ સ્વરૂપે મહાશુક્ર નામના દસમા સ્વર્ગમાં મહાન ઋદ્ધિધારી દેવ થયા. ત્યાં અંતર્મુહૂર્તમાં જ તેમને યૌવનાવસ્થાની પ્રાપ્તિ થઈ ગઈ. તેઓ ધાતુ-મળરહિત દિવ્ય શરીરધારી થયા.

દેવરૂપમાં તેમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. તેમણે પૂર્વકૃત ધર્મના ફળથી પ્રાપ્ત વિભૂતિઓનું જ્ઞાન પોતાના અવધિજ્ઞાનથી થઈ ગયું હતું. ધર્મની સિદ્ધિ માટે તેઓ જૈન મંદિરમાં જઈને સર્વ જગતનું કલ્યાણ કરવાવાળા શ્રી જિનેન્દ્ર ભગવાનની અષ્ટદ્રવ્યોથી પૂજા કર્યા કરતા હતા. ફરી, મધ્યલોકમાં સ્થિત જિનચૈત્યાલયોની પૂજા કરી અને જિનવાણીનું સ્તવન કરી શ્રેષ્ઠ પુણ્યનું ઉપાર્જન કર્યું. એ ધર્મપ્રેમી દેવે સોળ સાગરનું આયુષ્ય પ્રાપ્ત કર્યું હતું અને તેનું શરીર ચાર હાથ ઊંચું હતું. પોતાના શુભ પરિણામથી તેમને ચોથી નરકની ભૂમિ સુધીનું અવધિજ્ઞાન હતું અને ત્રીજી નરક સુધીની વિક્રિયા ઋદ્ધિ પ્રાપ્ત થઈ હતી, સોળ હજાર વર્ષ વ્યતીત થતા અમૃતનો આહાર કરતાં તથા સોળ પક્ષ વ્યતીત થતા સુગંધમયી શ્વાસ લેતા હતા. પૂર્વના તપશ્ચરણના પ્રભાવથી આ પ્રકારે તેમને દિવ્ય ભોગોની ઉત્પત્તિ થઈ. દેવીઓની સાથે વિભિન્ન ભોગોનો ઉપભોગ કરતા તે સુખસમુદ્રમાં નિમગ્ન રહેવા લાગ્યા.

ધાતકીખંડના પૂર્વ મેરુથી પૂર્વ તરફ વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી નામનો એક દેશ છે. ત્યાં પુંડરિકિણી નામની નગરી છે કે જ્યાં સદાય ચક્રવર્તીઓનો નિવાસ રહે છે. ત્યાંના રાજાનું નામ સુમિત્ર હતું અને તેમની શીલવ્રતધારિણી રાણીનું નામ સુવ્રતા હતું. તે દેવ સ્વર્ગથી ચ્યવીને તેમને ત્યાં પ્રિયમિત્ર નામનો પુત્ર થયો. તે બધાનો જ પ્રિય હતો. પિતાએ પુત્રોત્પન્નની ખુશીમાં મહાન કલ્યાણકારી શ્રી અરિહંત ભગવાનની પૂજાનું આયોજન કર્યું, ચાર પ્રકારનું દાન આપી વાજાઓ વગડાવ્યા. પ્રિયમિત્રકુમાર ક્રમશઃ મોટા થવા લાગ્યા. તે શ્રેષ્ઠગુણો અને મૂલ્યવાન આભૂષણોથી સુશોભિત દેવો સમાન શોભાયમાન થતા હતા. કાળાંતરમાં એ કુમારે ધર્મ તથા પુરુષાર્થની સિદ્ધિના ઉદ્દેશ્યથી જૈન ગુરુની પાસે જઈને વિદ્યા શિખવી આરંભ કરી. શાસ્ત્ર અધ્યયનની સાથે તેમણે રાજ્યકાર્યનું પણ અધ્યયન કર્યું. યોગ્ય અવસ્થા થતાં તેમણે રાજ્યલક્ષ્મીની સાથે પુત્ર-કલત્ર આદિ

મેળવ્યા. તેમનું જીવન સુખપૂર્વક વ્યતીત થવા લાગ્યું. એ સમયે પોતાના પુણ્યોદયથી તેને અપૂર્વ નિધિઓ–ચક્રરત્ન આદિ પ્રાપ્ત થયા કે જેથી તેણે છ ખંડની સેના પ્રાપ્ત કરી. થોડા જ સમયમાં તેમણે ચક્રરત્ન દ્વારા વિદ્યાધરો અને મગધ આદિ તથા વ્યંતર દેવોના સ્વામીને પોતાના વશમાં કરી લીધા અને ભેટ સ્વરૂપ તેમની કન્યાઓ આદિ લઈને ઈન્દ્ર સમાન શોભાયમાન થયા.

યુદ્ધયાત્રા સમાપ્ત કરી ચક્રવર્તી થઈને તે પ્રિયમિત્ર પોતાની નગરીમાં પાછા ફર્યા. મનુષ્ય, વિદ્યાધર તથા વ્યંતરદેવોના સ્વામી સાથે તેણે ઈન્દ્રપુરી સમાન પોતાની રાજધાનીમાં ઘણા જ ઉત્સાહપૂર્વક પ્રવેશ કર્યો. પુણ્યોદયના ફળ સ્વરૂપે ભૂમિગોચરી અને વિદ્યાધરોની ૯૬૦૦૦ કન્યાઓ સાથે આ ચક્રવર્તીના વિવાહ થયા. ૩૨૦૦૦ મુકુટબદ્ધ રાજા આ ચક્રવર્તીના આદેશનું પાલન કરતા હતા. આ ચક્રવર્તીને ત્યાં ૮૪૦૦૦ પાયદળ હતા, ૧૮૦૦૦ મ્લેચ્છ રાજાઓનો સમૂહ તેમના ચરણોની સેવામાં લીન રહેતો હતો. સેનાપતિ, રથપતિ, સ્ત્રી, ગૃહપતિ, પુરોહિત, ગજરાજ, અશ્વ, દંડ, ચક્ર, ચર્મ, કાંકિણી, મણિ અને અરિ—આ ૧૪ રત્ન તેમને પ્રાપ્ત હતા જેની રક્ષા સ્વયમેવ દેવો કરતા હતા. પદ્મ, કાળ, મહાકાળ, સર્વરત્ન, પાંડુક, નૈસર્ય, માણવ, શંખ અને પિંગલ—આ ૯ નિધિઓ પણ તેને પ્રાપ્ત હતી કે જેઓ સદાય ભોગોપભોગની સામગ્રીઓ પ્રસ્તુત કરતી હતી.

ચક્રવર્તીનું પુણ્ય એટલું પ્રબળ હતું કે ૯૬૦૦૦૦૦૦ ગામ તથા યોગ્ય સંપદાઓ તેમને પ્રાપ્ત હતી. મનુષ્ય અને દેવો દ્વારા તેમની પૂજા થતી હતી અને દશાંગ ભોગની સામગ્રીઓનો તેઓ ઘણા જ આનંદપૂર્વક ઉપભોગ કરવા લાગ્યા. **આચાર્યનું કથન છે કે આ જીવના સમસ્ત મનોરથોની સિદ્ધિ ધર્મ-સાધનથી જ થાય છે. ધર્મ-અર્થ-કામની સંપદા અને મોક્ષની પ્રાપ્તિ આ ધર્મથી જ થાય છે.** આ સમજીને આ બુદ્ધિમાને મન-વચન-કાયાથી ધર્મનું શરણ લીધું. શંકા આદિ દોષોથી સર્વથા રહિત થઈને એ સમ્યગ્દષ્ટિ રાજાએ શ્રાવકોના બાર વ્રત ધારણ કર્યાં, ચારેય પર્વના દિવસોમાં આરંભરહિત પાપવિનાશક પ્રૌષધ ઉપવાસોનું પાલન કર્યું. ઊંચા જૈન મંદિરોનું નિર્માણ કરી તેમાં કેટલીયે સ્વર્ણમયી અને રત્નમયી જિનેન્દ્ર મૂર્તિઓની સ્થાપના તેમણે કરાવી. પોતાના ઘરના ચૈત્યાલયોમાં તથા બહારના જિનમંદિરોમાં પણ પૂજા કરવાના ઉદ્દેશ્યથી ભક્તિભાવથી તે આવ્યા

કરતાં હતા. સાથે સાથે તે મુનિઓને પ્રાસુક આહારદાન પણ આપતા હતા. ક્યારેક ક્યારેક તીર્થંકર, ગણધર અને યોગીઓની વંદના–પૂજા માટે દૂર યાત્રા પણ કરતા હતા. તે ચક્રવર્તી સર્વદા અંગ-પૂર્વના ગ્રંથનું શ્રવણ કરતા અને બંને પ્રકારે ધર્મનું સ્વરૂપ વિચાર્યા કરતા હતા. દિવસ-રાત કરેલા અશુભ કર્મોનો, તેઓ સામાયિક આદિ શુભકાર્ય દ્વારા નાશ કરતા હતા અને સાથે સાથે પોતાના કરેલા પાપોની નિંદા કરતાં હતા. આ પ્રકારે શુભક્રિયાઓ દ્વારા તે ધર્મનું પાલન કરતા હતા અને બીજાઓને પણ તેનો ઉપદેશ દેતા હતા.

એક દિવસની વાત છે—એક દિવસ તે ચક્રવર્તી રાજા પોતાના પરિવાર સાથે ક્ષેમંકર જિનેશ્વરની વંદના કરવા માટે ગયા હતા. ત્યાં પહોંચીને તેમણે કેવળી ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દીધી અને મસ્તક ઝુકાવીને જળ આદિ અષ્ટ દ્રવ્યોથી તેમની પૂજા કરી મનુષ્યોના કોઠામાં જઈને બેસી ગયા. ચક્રવર્તીના હિત માટે ભગવાન પોતાની દિવ્યધ્વનિ દ્વારા ધર્મોપદેશ કરવા લાગ્યા. તેમણે કહ્યું કે **''આયુષ્ય, લક્ષ્મી, ભોગ આદિ ઈન્દ્રિયજન્ય સંસારના સુખ વિજળી સમાન ક્ષણભંગુર અને વિનશ્વર છે, તેથી ભવ્યજીવોએ સદાય અવિનાશી મોક્ષનું જ સાધન કરવું જોઈએ. સંસારમાં જીવને રોગ, મૃત્યુ, ક્લેશ આદિ સુખ-દુઃખોથી રક્ષા કરવાવાળો બીજો કોઈ માર્ગ નથી, ધર્મ જ એક માત્ર શરણ છે. દુઃખ આદિના નિવારણ માટે સદાય તેનું પાલન કરતાં રહેવું જોઈએ. સંસાર સાગર દુઃખોનો આગાર છે, તેનાથી પાર થવા માટે રત્નત્રયનું સેવન કરવું ખૂબ જ આવશ્યક છે.** જીવને આ સ્પષ્ટ સમજી લેવું જોઈએ કે હું એકલો છું અને જો કોઈ મારું સહાયક થઈ શકે તેમ છે તો તે ભગવાન શ્રી જિનેન્દ્રદેવ છે. આ પ્રકારે શરીરથી પોતાને ભિન્ન સમજીને શરીરની મમતાથી મુક્ત થઈને આત્મધ્યાનમાં સંલગ્ન થઈ જવું જોઈએ. આ શરીર, સપ્તધાતુમય અતિનિંદિત છે, દુર્ગંધનું ઘર છે. આમ સમજીને બુદ્ધિમાન લોકોએ ધર્મનું જ આચરણ કરવું જોઈએ. **અત્યંત દુઃખની વાત છે કે આ પ્રકારનું સમ્યક્ જ્ઞાન હોવા છતાં પણ ઘણા લોકો સંસારસાગરમાં ડૂબેલા રહે છે.** કર્મોનો નાશ કરવા માટે ભવ્યજીવોએ જિનદીક્ષા અવશ્ય ધારણ કરવી જોઈએ.

આ ધ્રુવ સત્ય છે કે કર્મોના સંવરથી મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. તેથી ગૃહવાસનો ત્યાગ કરી

મુક્તિના ઉદ્દેશ્યથી સંવરનો પ્રયત્ન કરવો જોઈએ. સંસારમાં સમસ્ત કર્મોની નિર્જરા સત્પુરુષોના તપથી જ થાય છે. આમ સમજીને સદાય નિષ્પાપ તપમાં સંલગ્ન રહેવું જોઈએ. વાસ્તવમાં આ જીવે દીન જગતને દુઃખનું સ્થાન સમજીને અનંત સુખ પ્રદાન કરવાવાળા મોક્ષની પ્રાપ્તિ માટે સંયમ ધારણ કરવો જોઈએ. માનવશરીર, ઉત્તમકુળ, આરોગ્યતા, પૂર્ણ આયુષ્ય, સુધર્મ આદિને પ્રાપ્ત કરવું ઘણું જ મુશ્કેલ છે; આથી બુદ્ધિમાન લોકોએ પોતાના હિતસાધનમાં સર્વદા સંલગ્ન રહેવું જોઈએ.'' કેવળી ભગવાને આ પ્રકારે ત્રૈલોક્યને સુખ પ્રદાતા તથા દુઃખોનો નષ્ટ કરવાવાળો અમૃતતુલ્ય ધર્મોપદેશ કર્યો. કેવળી ભગવાને જે ધર્મનો ઉપદેશ કર્યો તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ તપના યોગથી અને ક્ષમા આદિ લક્ષણોથી યુક્ત હતો, તેનાથી મોહ અને સંતાપનો સર્વથા નાશ થઈ જાય છે. મોક્ષની ઈચ્છા રાખવાવાળા ભવ્યજીવોએ મોક્ષપ્રાપ્તિ માટે એ ધર્મનું સદાય પાલન કરતાં રહેવું જોઈએ. સુખી પુરુષે સુખની વૃદ્ધિ માટે તથા દુઃખી જીવે દુઃખના નાશ માટે ધર્મનો આશ્રય ગ્રહણ કરવો જોઈએ.

કેવળી ભગવાન ફરી કહેવા લાગ્યા કે **''સંસારમાં તે જ પંડિત અને બુદ્ધિમાન છે, તેનું જ સ્થાન સર્વશ્રેષ્ઠ છે, તે જ જગત્પૂજ્ય છે કે જે અન્યાયના કાર્યોને જુદા કરી નિર્મળ આચરણથી ધર્મનું સેવન કરે છે. આ સંસારને તથા પોતાના આયુષ્યને વિનશ્વર જાણી બુદ્ધિમાન લોકો સંસાર તથા ગૃહનો પરિત્યાગ કરી દે છે.''** ભગવાનની દિવ્યવાણીનો ચક્રવર્તી પર એવો હૃદયગ્રાહી પ્રભાવ પડ્યો કે તેઓ લૌકિક ભોગ અને રાજ્યથી એકદમ વિરક્ત થઈ ગયા. તેમણે પોતાના મનમાં વિચાર કર્યો કે ''અત્યંત ખેદની વાત છે કે મેં અજ્ઞાનને વશીભૂત થઈ સંસારના વિષયભોગોનું સેવન કર્યું છતાં પણ ઈન્દ્રિયો તૃપ્ત ન થઈ. આથી **જે લોકો ભોગોમાં લિપ્ત રહેવા ઈચ્છે છે તેઓ મૂર્ખ તેલ દ્વારા અગ્નિને શાંત કરવા ઈચ્છે છે. જીવને જેમ જેમ ભોગની ઉપલબ્ધિ થાય છે તેમ તેમ તેમની તૃષ્ણા અતિ બળવાન થતી જ જાય છે. જે શરીર દ્વારા આ જીવ સાંસારિક ભોગોનો ઉપભોગ કરે છે તે શરીર અત્યંત દુર્ગંધમય તથા મળમૂત્રોનો આગાર છે, તે રાજ્ય પણ પાપોનું કારણ છે, સ્ત્રીઓ પાપોની ખાણ છે અને બાંધવ વગેરે કુટુંબીજન બંધન સમાન છે તથા આ સંપદા વૈશ્યા સમાન નિંદનીય છે, વિષયસુખ હળાહળ સમાન છે અને સંસારની જેટલી પણ વસ્તુઓ છે તે બધી**

**જ ક્ષણભંગુર છે.** અધિક શું કહેવું, રત્નત્રય સિવાય ન તો કોઈ બીજું તપ છે અને ન કોઈ બીજું જીવનું હિત કરવાવાળું છે. તેથી, હવે મારે જ્ઞાનરૂપી ખડગથી અશુભ મોહરૂપી જાળ કાપીને મોક્ષપ્રાપ્તિ માટે જિનદીક્ષા ધારણ કરવી જોઈએ. અત્યાર સુધીનું મારું આ જીવન સંયમ વિના વ્યર્થ જ ગયું. પરંતુ હવે તેને વ્યર્થ જવા દેવું કોઈ પણ દશામાં કલ્યાણકારી ન થઈ શકે.'' મનમાં આવો વિચાર કરી પ્રિયમિત્ર ચક્રવર્તીએ પોતાના પુત્ર સર્વમિત્રને રાજ્યભાર સમર્પિત કરી રત્ન-નિધિ આદિ બધી સંપદાનો તૃણવત્ ત્યાગ કરી દીધો.

તે ચક્રીએ મિથ્યાત્વાદિ સર્વ પરિગ્રહોનો સર્વથા પરિત્યાગ કરી મુક્તિરૂપી લક્ષ્મી પ્રદાન કરવાવાળી અર્હંતદેવે કહેલી જિનદીક્ષા ધારણ કરી. તે દીક્ષા ત્રણ લોકમાં દેવ, તિર્યંચ અને મિથ્યાત્વી મનુષ્યોને દુર્લભ છે. એ ચક્રવર્તીની સાથે સંવેગ આદિ ગુણવાળા હજારો રાજાઓ પણ દીક્ષિત થયા. તે મહામુનિએ પ્રમાદરહિત થઈને બે પ્રકારનું કઠિન તપ આરંભ કર્યું. તેમણે ઉત્તરગુણ અને મૂળગુણોનું ઉત્તમ રીતે પાલન કર્યું. તેઓ મન-વચન-કાયની ગુપ્તિથી કર્મનો આસ્રવ રોકવા લાગ્યા. નિર્જન વન, પર્વત અને ગુફાઓમાં તેઓ ધ્યાન લગાવતા હતા. તેમણે અનેક દેશ, નગર અને ગ્રામોમાં વિહાર કર્યો.

તે મહામુનિ ભવ્યજીવોના હિત માટે પરમ પાવન જૈનધર્મના તત્ત્વોનો ઉપદેશ કરવા લાગ્યા. તેમના પ્રભાવથી જૈનમતની પ્રભાવના સર્વત્ર ફેલાઈ ગઈ. અંતમાં ચારેય પ્રકારના આહારનો પરિત્યાગ કરી મન-વચન-કાયના યોગોને રોકીને સંન્યાસ ધારણ કરી લીધું. તેઓ પોતાના સામર્થ્યથી ક્ષુધા, તૃષા આદિ બાવીસ પરિષહોને પ્રસન્નચિત્ત થઈને સહન કરવા લાગ્યા. તે મુનીશ્વરે ચારેય આરાધનાઓનું પાલન કરી પ્રસન્નચિત્ત થઈને પોતાના પ્રાણોનું વિસર્જન કર્યું.

ત્યારબાદ તે મુનિરાજ પોતાના તપથી ઉપાર્જન કરેલા પુણ્યના ઉદયથી સહસ્રાર નામના બારમાં સ્વર્ગમાં સૂર્યપ્રભ નામના દેવ થયા. ઉત્પન્ન થવાના થોડા જ સમયમાં તેઓ યૌવનાવસ્થાને પ્રાપ્ત થયા. તેમણે અવધિજ્ઞાનથી પૂર્વજન્મના તપના પ્રભાવનું સંપૂર્ણ રૂપ જાણી લીધું. તે દેવ અત્યંત ધર્માનુરાગી થયા. તેઓ ધર્મની પ્રાપ્તિ માટે શ્રી જિનેન્દ્રદેવની પ્રતિમાઓના દર્શન માટે ગયા. ત્યાં તેમણે પોતાના પરિવારની સાથે

સમસ્ત પાપોને વિનષ્ટ કરવાના હેતુથી જિનબિંબોની પૂજા કરી. તે સદાય પોતાની ઈચ્છાથી ચૈત્યવૃક્ષોની નીચે પ્રતિષ્ઠિત અરિહંત પ્રતિમાની પૂજા કર્યા કરતા હતા. આટલું જ નહીં, તે બંને લોકમાં જઈ જઈને અકૃત્રિમ ચૈત્યાલયોની પૂજા કરવા લાગ્યા. એક દિવસ તેણે તીર્થંકર તથા મુનીશ્વરોની વંદના કરી. પછી તે ખૂબ જ પ્રસન્નતા સાથે પોતાના સ્થાને પાછા ફર્યા. એ દેવે પુણ્યોદયથી પ્રાપ્ત લક્ષ્મી, અપ્સરા તથા વિમાન આદિ વિભૂતિઓને ગ્રહણ કરી ઈન્દ્રિયતૃપ્તિની અભિલાષાથી સ્વર્ગીય ભોગોનો ઉપભોગ કરવાનું શરૂ કર્યું.

તેમને સપ્તધાતુ વર્જિત સાડાત્રણ હાથનું દિવ્ય શરીર તથા અઢાર સાગરનું આયુષ્ય પ્રાપ્ત થયું હતું. અઢાર હજાર વર્ષ વ્યતીત થતા તે દેવ કંઠથી ઝરવાવાળા અમૃતનું પાન કરતા અને નવ મહિના બાદ શ્વાસોચ્છ્વાસ લેતા. તેમને અવધિજ્ઞાનથી ચોથા નરક સુધીની જાણકારી અને ત્રીજી નરક સુધી વિક્રિયા કરવાની શક્તિ પ્રાપ્ત હતી. તે પોતાની દેવીઓની સાથે વન તથા પર્વતોમાં ક્રિડા કરવામાં રત થયો. કયાંક વાદ્યના સુમધુરધ્વનિથી તો કયાંક મનોહર ગીતોથી, ક્યાંક દેવાંગનાઓના શૃંગાર-દર્શનથી, ક્યારેક ધર્મચર્ચાથી, ક્યારેક કેવળી ભગવાનની પૂજાથી, ક્યારેક તીર્થંકરોના પંચકલ્યાણક આદિ ઉત્સવોથી પ્રસન્નચિત્ત થઈને તે સમય વ્યતીત કરવા લાગ્યો.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં એક અત્યંત રમણીય નગર છે. ધર્મની ખાણરૂપી આ નગરનું નામ છત્રાકાર છે. એ સમયે તે નગરના રાજા નંદવર્ધન હતા. વીરમતી નામની તેમની સુશીલા રાણી હતી. તે દેવ સ્વર્ગથી ચ્યવીને એ બંનેને નંદ નામનો પુત્ર થયો. તેના સૌંદર્ય તથા ગુણોથી આખા નગરમાં પ્રસન્નતા થઈ ગઈ. તેનો જન્મોત્સવ ઘણા જ આનંદથી ઉજવવામાં આવ્યો. તે બાળક ચંદ્રકલાની જેમ વધવા લાગ્યો. ક્રમથી તેણે શાસ્ત્રવિદ્યા અને શસ્ત્રવિદ્યાઓનું અધ્યયન કર્યું. તેની પ્રતિભા ત્યાં સુધી વધી કે તે દેવ સમાન ગુણવાન લાગવા લાગ્યો. ત્યારબાદ યૌવન અવસ્થામાં પોતાના પિતા દ્વારા રાજ્યપદ પામી વિભિન્ન પ્રકારે ભોગોનો ઉપભોગ કરવા લાગ્યો. તેણે નિ:શંક આદિ ગુણોની સાથે નિર્મળ સમ્યક્ત્વ ધારણ કર્યું. શ્રાવકોના બાર વ્રતોનું સારી રીતે પાલન કરવા લાગ્યા. તે રાજા નંદ પર્વના દિવસોમાં આરંભરહિત ઉપવાસ કરતાં થકા મુનિવર્ગને ઘણી

જ ભક્તિથી પ્રતિદિન આહારદાન આપ્યા કરતા હતા. ધર્મની વૃદ્ધિ માટે તે જિનાલયોમાં શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરતાં અને ગણધર આદિ યોગીઓના વિહારમાં ગયા કરતા હતા. વાસ્તવમાં ધર્મથી મનોવાંછિત ફળોની પ્રાપ્તિ થાય છે. તેનાથી સંસારના ઐહિક સુખ તો ઉપલબ્ધ થાય જ છે અને સંસારસુખની ઈચ્છા ત્યાગી દેવાથી અવિનશ્વર સુખની પણ પ્રાપ્તિ થાય છે. આમ વિચારી તેણે આલોક-પરલોકમાં સુખની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી સમસ્ત સુખના મૂળ 'ધર્મ' નું સેવન કરવું શરૂ કર્યું. તે સ્વયં શુભ આચરણ કરતા હતા તથા બીજાને પણ પ્રેરિત કરતા હતા. ધર્મના ફળથી પ્રાપ્ત થયેલ સમગ્ર સુખોનો ઉપભોગ કરતા થકા તે પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા. નિર્મળ ચારિત્રના કારણે રાજા નંદને ઉત્તમ ભોગોની ઉપલબ્ધિ થઈ.

✿ પોતાના પુરુષાર્થથી કમાયેલી સંપત્તિ પણ શું કામની છે? તે વ્યર્થમાં જ આશાના કઠોર બંધનમાં બાંધી દે છે, બધા જ અનર્થો તરફ પ્રેરિત કરે છે, ફળસ્વરૂપે સંસારરૂપી વનમાં ઘસેડવાવાળા અશુભ કર્મોના બંધનું કારણ બને છે. વિપુલ પુરુષાર્થ અને પરાક્રમથી ઊભું કરેલું રાજ્ય પણ પરમાર્થ સિદ્ધ નથી કરતું, તેના કારણે દિવસ–રાત ચિંતા કરવી પડે છે તથા અનેક પાપ કરવાને કારણે સંસાર–પરિભ્રમણ પણ વધે છે. વિષય–ભોગોની પણ શું ઉપયોગિતા છે? તેનો સ્વાદ લેવા માટે પર્યાપ્ત પરિશ્રમ કરવો પડે છે, તોપણ ક્યારેય તૃપ્તિ થતી નથી. પરિણામ આવે છે ચારો ગતિઓમાં ભ્રમણ કે જે શોક–દુ:ખથી પરિપૂર્ણ છે. **—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય છઠ્ઠો

**ક્રિયે વિનષ્ટ વિવેક સે, મોહ-શત્રુ અપકર્મ,**
**કરેં સિદ્ધ શુભ કાર્ય વે, વીર પ્રવર્તક ધર્મ.**

જેમણે વિવેક અર્થાત્ જ્ઞાનથી મોહરૂપી શત્રુઓનો અને કર્મોના સમૂહનો નાશ કર્યો એ ધર્મપ્રવર્તક ભગવાન શ્રી મહાવીર મારા સમસ્ત કાર્યોને સિદ્ધ કરે.

એક દિવસની ઘટના છે કે તે રાજા નંદ ભવ્ય જીવોને સાથે લઈને ધર્મોપદેશ શ્રવણ કરવાના ઉદ્દેશ્યથી પ્રૌષ્ઠિલ મુનિની વંદના માટે ગયા. ત્યાં જઈને તેણે ભક્તિપૂર્વક અષ્ટદ્રવ્યોથી તેમની પૂજા-વંદના કરીને તેમના ચરણોની નિકટ બેસી ગયા. મુનિરાજે પણ શ્રેષ્ઠ શ્રોતા સમજીને તેને ધર્મોપદેશ દીધો. તેમણે કહ્યું કે 'હે બુદ્ધિમાન! ઉત્તમ ક્ષમા દ્વારા તું શ્રેષ્ઠધર્મનું પાલન કર. ઉત્તમક્ષમા તેને કહે છે કે જેનાથી દુષ્ટજીવોનો ઉપદ્રવ હોવા છતાં પણ ધર્મનો વિનાશ કરવાવાળા ક્રોધની ઉત્પત્તિ ન થાય. ધર્મવૃદ્ધિ માટે બુદ્ધિમાનોએ માર્દવનું પાલન કરવું જોઈએ. માર્દવનો અર્થ છે કે મન-વચન-કાયને કોમળ કરીને માનનો પરિત્યાગ કરવો. સત્પુરુષોએ આર્જવ ધર્મનું પાલન કરવું જોઈએ. આર્જવધર્મ મનની કુટિલતાને ત્યાગી દેવાથી પ્રાપ્ત થાય છે. સર્વદા સત્ય બોલવું જોઈએ. એવા વચન ક્યારે પણ ન બોલવા જોઈએ કે જેથી કોઈને કષ્ટ પહોંચે. અસત્ય ભાષણનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ. ઈન્દ્રિય, અર્થ આદિ વસ્તુઓ તરફથી લોભી મનને રોકીને શૌચનું પાલન કરવું ઉત્તમ કહેવામાં આવ્યું છે. જળ દ્વારા કરવામાં આવેલું શૌચ ધર્મનું અંગ ક્યારે પણ ન સમજવું. ત્રસ-સ્થાવરના છ પ્રકારના જીવોની રક્ષા કરીને ઈન્દ્રિય અને મન ઉપર નિયંત્રણ કરી ધર્મસિદ્ધિના ઉદ્દેશ્યથી સંયમ ધારણ કરવો જોઈએ. ધર્મના કારણ શાસ્ત્રદાન-અભયદાન આદિરૂપ ત્યાગધર્મનું પાલન કરવું જોઈએ. સુખ પ્રાપ્તિ માટે આકિંચન ધર્મનું

પાલન શ્રેયસ્કર છે. આની પ્રાપ્તિ પરિગ્રહના ત્યાગથી થાય છે. ધર્મપ્રાપ્તિની આકાંક્ષા રાખવાવાળા જીવે બ્રહ્મચર્યનું પાલન કરવું નિતાંત આવશ્યક છે. ગૃહસ્થી માટે પોતાની સ્ત્રીને છોડીને અન્ય બધી સ્ત્રીઓનો ત્યાગ ઉત્તમ કહેવામાં આવ્યો છે અને મુનિ માટે બધી જ સ્ત્રીઓનો ત્યાગ કહેવામાં આવ્યો છે.

જે ભવ્ય જીવ આ સારભૂત લક્ષણોથી યુક્ત મુનિ-ગોચર પરમ ધર્મનું પાલન કરે છે તે સંસારના બધા જ સુખોનો ઉપભોગ કરી અંતમાં મુક્તિના અધિકારી થાય છે. જો કોઈથી ધર્મનું સમ્યક્ રીતે પાલન ન થઈ શકે તો નામમાત્ર પણ સ્મરણ કરી લેવું જોઈએ, તેનાથી સુખની પ્રાપ્તિ થશે. આવા ધર્મનું માહાત્મ્ય સમજીને વિવેકી પુરુષોએ આ ક્ષણભંગુર શારીરિક ભોગોથી વિરક્તિ ઉત્પન્ન કરવી જોઈએ. તેમણે બાહ્ય ઈન્દ્રિયોને જીતીને પોતાની બધી જ શક્તિ લગાવીને ધર્મસાધનમાં લીન થઈ જવું જોઈએ.'

મુનિરાજની અમૃતસદૃશવાણી સાંભળીને રાજા નંદના મનમાં વિવેક ઉત્પન્ન થયો. તેણે વિચાર કર્યો કે આ સંસાર અનંત દુઃખોનો આગાર છે, આદિ-અંતથી રહિત છે, તેથી આનાથી ભવ્યજીવોને પ્રીતિ કેમ થઈ શકે? જો આ સંસાર દુઃખની ખાણ ન હોય તો સાંસારિક સુખોથી પરિપૂર્ણ તીર્થંકરદેવ મોક્ષ માટે તેનો પરિત્યાગ શું કામ કરેત? ભૂખ-તરસ, રોગ, ક્રોધાદિરૂપ અગ્નિથી બળવાવાળા શરીરરૂપી ઝુંપડાથી ધર્માત્માજીવ કેવી રીતે પ્રીતિ કરી શકે છે? અર્થાત્ નથી કરી શકતા.

કેવળ આટલું જ નહીં, જે સ્થળ ઉપર ધર્મરૂપી ધનને ઈન્દ્રિયરૂપી ચોર ચોરવાવાળા હોય એ શરીરમાં ક્યો બુદ્ધિમાન નિવાસ કરવા ઈચ્છે? જ્યાં જન્મથી શરૂ કરી મૃત્યુની પછી પણ દુઃખ જ દુઃખ છે, ત્યાંના ભોગ દાહને તીવ્ર કરવાવાળા છે તેને ક્યો બુદ્ધિમાન ઈચ્છે? ભોગ સર્વથા દુઃખ ઉત્પન્ન કરવાવાળા હોય છે તેથી મહાપુરુષ તેનો સર્વથા પરિત્યાગ કરી દે છે. જો વાસ્તવમાં ભોગ–સાધક ઈન્દ્રિયસુખના વસ્તુસ્વરૂપનો વિચાર કરવામાં આવે તો તેનાથી અત્યંત ઘૃણા ઉત્પન્ન થાય છે. તેથી આ નિશ્ચિત છે કે ભોગ કોઈ શુભ વસ્તુ નથી.

આ પ્રકારે વિચાર કરવાથી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે તે મુનિરાજને દીક્ષાગુરુ બનાવીને બંને

પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કરી પરમશુદ્ધિથી જન્મ-જમાન્માંતરોના દુઃખોથી મુક્ત થવા માટે મુનિવ્રત ગ્રહણ કર્યું. તે રાજાએ ગુરુની કૃપાથી અતિ અલ્પકાળમાં સમસ્ત શાસ્ત્રોનું અધ્યયન કરી લીધું. તે પોતાની શક્તિને પ્રગટ કરી કર્મ નષ્ટ કરવાવાળા બાર પ્રકારના તપનું આચરણ કરવા લાગ્યા.

તે મુનિએ છ મહિના સુધી કઠોર અનશન વ્રત કર્યું. આ વ્રત કર્મરૂપી પર્વતને વિનષ્ટ કરવા માટે વજ્ર સમાન છે. નિદ્રા ઓછી કરવા માટે તે મુનિએ અવમોદર્ય તપ ધારણ કર્યું. જીતેન્દ્રિય મુનિરાજે તૃષ્ણા નાશ કરવાવાળા વૃત્તિપરિસંખ્યાન તપનું પાલન શરૂ કર્યું. અતીન્દ્રિય સુખ માટે તેણે રસપરિત્યાગ તપ ધારણ કર્યું. તે ધ્યાન અધ્યયન કરવાવાળા મુનિરાજ સ્ત્રી આદિથી રહિત વન અને ગુફાઓમાં વિવિક્ત શૈયાસન તપનું પૂર્ણરૂપથી પાલન કરવા લાગ્યા. તેઓ વર્ષાઋતુમાં અને ગરમ હવાના ઝાપટામાં પણ વૃક્ષની નીચે બેસીને ધૈર્યરૂપી ચાદર ઓઢીને તપ કરતા હતા. ઠંડીના દિવસોમાં ખુલ્લામાં, નદી કિનારે અને બરફથી ઢંકાયેલા સ્થાનોમાં તેઓ બળેલા વૃક્ષ સમાન કાયોત્સર્ગ તપ કરતા હતા. સૂર્યના કિરણોથી તપ્ત પર્વતની ગરમ શિલા ઉપર તે મુનિરાજ સ્તંભ સમાન નિશ્ચલ રહેતા હતા.

આ પ્રકારે તે ધીર વીર મુનિ ઈન્દ્રિયજન્ય સુખની હાનિ માટે કાયક્લેશરૂપ તપ સદાય કર્યા કરતા હતા. તેમણે બાહ્ય તથા અંતરંગ બંને પ્રકારના તપનું ઉચિતરૂપથી પાલન કર્યું અને દશ પ્રકારની આલોચના દ્વારા પ્રમાદરહિત ચારિત્ર્યને શુદ્ધ કરવાવાળા પ્રાયશ્ચિત્ત તપને ધારણ કર્યું. તેઓ મન-વચન-કાયની શુદ્ધતાપૂર્વક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ધારણ કરી તેમના ધારણ કરવાવાળા પરમ મુનીશ્વરોની પ્રાર્થના કરતા હતા. સાથે સાથે તેઓ ઈન્દ્રિય-મનને વશમાં રાખવા માટે અંગ-પૂર્વ શાસ્ત્રોનો અભ્યાસ કર્યા કરતા હતા.

તેમણે નિર્મમત્વ થઈને શરીર આદિથી મમતા ત્યાગીને સુખની પ્રાપ્તિ માટે કર્મરૂપી વનને ભસ્મ કરવાના ઉદ્દેશ્યથી વ્યુત્સર્ગ તપ કરવાનું શરૂ કર્યું. તે બુદ્ધિમાન મુનિરાજ શુદ્ધ ધર્મધ્યાનમાં એવા લીન થઈ ગયા કે સ્વપ્નમાં પણ આર્તધ્યાનને વિચારતા ન હતા. તે આર્તધ્યાન અનિષ્ટ–સંયોગ, ઈષ્ટ–વિયોગ, મહાન રોગ અને નિદાન–આ પ્રકારે ચાર પ્રકારનો છે. મુનિરાજના ચિત્તમાં ચાર પ્રકારના રૌદ્રધ્યાનની જગ્યા પણ ન હતી. તે

રૌદ્રધ્યાન જીવહિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ-રક્ષામાં આનંદ માનવાથી થાય છે અને નરકગતિમાં લઈ જવાવાળું છે. તે શુદ્ધ ચિત્તવાળા મુનિ આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાન-વિનયરૂપ ચાર પ્રકારના ધર્મધ્યાનનું ચિંતવન કરવા લાગ્યા. આ ધર્મધ્યાન સ્વર્ગ આદિ સુખને પ્રદાન કરવાવાળું છે.

એ બુદ્ધિમાન મુનિરાજ વન આદિમાં પૃથક્ત્વવિતર્ક, એકત્વવિતર્ક, સૂક્ષ્મક્રિયાપ્રતિપત્તિ, વ્યુપરતક્રિયા નિવૃત્તિ—આ રીતે ચાર પ્રકારના શુક્લધ્યાનનું ચિંતવન કરવા લાગ્યા. આ શુક્લધ્યાન સર્વશ્રેષ્ઠ છે, વિકલ્પરહિત છે અને સાક્ષાત્ મોક્ષ પ્રદાન કરવાવાળું છે. મુનિરાજે બાર ભેદરૂપ મહાન તપનું આચરણ કર્યું કે જે કર્મરૂપી શત્રુઓનો સંહારક છે, તે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવાવાળો છે અને વાંછિત અર્થની સિદ્ધ કરવાવાળો છે. કઠિન તપના પ્રભાવથી તેમને દિવ્યજ્ઞાન આદિ અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ કે જે અવિનશ્વર સુખ પ્રદાન કરવાવાળા હોય છે.

મુનિરાજનો સ્વભાવ અત્યંત સરળ થઈ ગયો. તેઓ બધા પ્રાણીઓ પર દયાભાવ રાખતા હતા. ધર્માત્મા પુરુષોને જોઈને તેમને ઘણી પ્રસન્નતા થતી હતી, તેમજ વયોવૃદ્ધ મુનિજનોનો આદર કરતા હતા; મિથ્યાદૃષ્ટિ જીવોથી સદાય ઉદાસીન રહેતા હતા. મૈત્રી આદિ ચારેય પ્રકારની ભાવનામાં લીન એ મુનિરાજને સ્વપ્નમાં પણ રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં ન હતા. તેઓ દર્શનવિશુદ્ધિ આદિ ગુણોમાં લીન હતા. એક દિવસ તેમણે તીર્થંકર-સંપદા પ્રદાન કરવાવાળી સોલહકારણ ભાવનાઓનું ચિંતવન કર્યું. તે ભાવનાઓ આ પ્રકારે હતી—

પહેલી ભાવનામાં તેમણે દર્શનવિશુદ્ધિ માટે શંકા આદિ પચ્ચીસ દોષોનો ત્યાગ કરી નિઃશંકાદિ આઠ ગુણોનો સ્વીકાર કર્યો. ભગવાન શ્રી જિનેન્દ્રના કથન અનુસાર સૂક્ષ્મ તત્ત્વોના વિચારમાં પ્રામાણિક પુરુષોથી શંકાની નિવૃત્તિ કરી નિઃશંકિત અંગનું પાલન કરવાનું શરૂ કર્યું. તેમણે તપથી આલોક અને પરલોકના લૌકિક સુખોને નરકનું કારણ સમજીને તેમનો પરિત્યાગ કરી 'નિઃકાંક્ષિત' અંગને ધારણ કર્યું. રત્નત્રય આદિ ગુણોને ધારણ કરવાવાળા યોગીઓના શરીર પર મેલ તથા રોગ જોઈને તેમનાથી ગ્લાનિ ઉત્પન્ન ન થાય એવી 'નિર્વિચિકિત્સા' અંગનું પણ પાલન કરવા લાગ્યા. એ મુનિએ દેવ-શાસ્ત્ર-ગુરુની પરીક્ષા ધર્મરૂપી ભેદજ્ઞાનથી

કરીને મૂઢતાનો ત્યાગ કરતાં થકા 'અમૂઢત્વ' અંગ સ્વીકાર કર્યો. જિનશાસનમાં અજ્ઞાની, અસમર્થ પુરુષોના સંબંધથી પ્રાપ્ત થયેલા દોષોને પ્રગટ ન કરીને 'ઉપગૂહન' ગુણને પાળવા લાગ્યા. તે જીવોને સમ્યગ્દર્શન-તપ-ચારિત્રથી યુક્ત ઉપદેશ આદિ દ્વારા દર્શન આદિ ગુણોમાં સ્થિર કરવાવાળા 'સ્થિતિકરણ' અંગનું આચરણ કરવા લાગ્યા. તેઓ સાધર્મીભાઈઓથી ગૌ-વત્સની જેમ 'વાત્સલ્ય' અંગનું પાલન કરવા લાગ્યા. તેમણે મિથ્યાત્વથી દૂર રહીને જૈનધર્મના માહાત્મ્યને પ્રકાશિત કરવાવાળા 'પ્રભાવના' અંગનું પાલન કર્યું.

તેમણે સંયમી રાજાની જેમ આઠ ગુણોથી સમ્યગ્દર્શનને પુષ્ટ કર્યું. સમ્યગ્દર્શનના પ્રભાવથી તેમણે કર્મરૂપી શત્રુઓને નષ્ટ કરી દીધા. દેવ, લોક અને ગુરુ—આ ત્રણ મૂઢતાનો ત્યાગ કર્યો. એ મુનિરાજે જગતને અનિત્ય સમજીને આઠ મદને છોડ્યા, મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર અને તેમના ધારક છ પ્રકારના અનાયતનોનો પણ સર્વથા ત્યાગ કરી દીધો. મુનિરાજે નિઃશંકાદિ ગુણોના વિપરીત શંકા આદિ આઠ દોષોનો ત્યાગ કર્યો. તેઓ પોતાના જ્ઞાનરૂપી જળથી સમ્યક્ત્વના ૨૫ દોષને ધોઈને તેને નિર્મળ કરી દર્શનવિશુદ્ધિ ભાવનાનું પાલન કરવા લાગ્યા. એ મુનિરાજે સંવેગ, વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ-વાત્સલ્ય, અનુકંપા આદિ ગુણોથી સહિત થઈને 'તીર્થંકર' પદવીના પ્રથમ સોપાન 'દર્શનવિશુદ્ધિ' પર આરોહણ કર્યું.

તેઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર, વ્યવહાર, વિનય અને જ્ઞાન આદિ ગુણોને ધારણ કરવાવાળાઓનો વિનય મન-વચન-કાયની શુદ્ધતાપૂર્વક કરવા લાગ્યા. તેઓ સદાય શાસ્ત્રોના અધ્યયનમાં લીન રહેવા લાગ્યા. સાથે સાથે તેમની પાસે અનેક શિષ્ય ભણવા આવ્યા કરતાં હતા; તેમને દેહ, ભોગ અને સંસાર પ્રતિ ઘણી અનાસ્થા થઈ. તેઓ તેમનાથી ઘણા ભયભીત હતા. તે નંદ નામના યોગીરાજે મુનિઓને જ્ઞાનદાન, અન્ય જીવોને અભયદાન અને સમગ્ર જીવોને સુખ દેવાવાળો ધર્મોપદેશ કરવાનું શરૂ કર્યું.

તે મુનિ દુષ્ટ કર્મરૂપી શત્રુઓને વિનષ્ટ કરવાના ઉદ્દેશ્યથી નિર્દોષ તપ કરવા લાગ્યા. તેઓ સદાય રોગથી પિડિત અને સમાધિમરણ કરવાવાળા અસમર્થ સાધુઓની સેવામાં સંલગ્ન રહેવા લાગ્યા. તેમને તેઓ ધર્મોપદેશ પણ આપતા હતા. તેઓ મોક્ષમાટે મુનિઓની વૈયાવૃત્તિ કરવા લાગ્યા. મુનિરાજે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

પ્રદાન કરવાવાળી અરિહંત ભગવાનની વિશેષ પૂજા શરૂ કરી. તે છત્રીસ ગુણોના ધારક આચાર્યની રત્નત્રયની પ્રાપ્તિ માટે ભક્તિ કરવા લાગ્યા. સંસારને પ્રકાશિત કરવાવાળા અને અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરવાવાળા ઉપાધ્યાય મુનીશ્વરોની તેમણે ભક્તિ કરી, સાથે સાથે તેઓ જિનવાણીનું અધ્યયન કરવા લાગ્યા.

તે યોગીએ સમતા, સ્તુતિ, ત્રિકાળવંદના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને વ્યુત્સર્ગ— સિદ્ધાંતમાં પ્રગટ કરેલ છ આવશ્યક, પાપોને વિનષ્ટ કરવા માટે યોગ્ય સમયમાં નિયમથી ધારણ કર્યા. ભેદવિજ્ઞાનથી, તપસ્યાથી અને ઉત્કૃષ્ટ આચરણોથી સદાય જીવોની રક્ષા કરવાવાળા જૈનધર્મની પ્રભાવના કર્યા કરતા હતા. તેઓ સમ્યગ્જ્ઞાની પુરુષોનો આદર કરતાં અને ધર્માત્માઓથી વાત્સલ્યભાવ રાખતા હતા.

આ પ્રકારે તીર્થંકરની વિભૂતિ પ્રદાન કરવાવાળા સોલહકારણ ભાવનાઓનું તેઓ શુદ્ધ મન-વચન-કાયથી ચિંતવન કરવા લાગ્યા. આ ભાવનાઓના ચિંતવનના ફળ સ્વરૂપે તેમને અનંત મહિમાયુક્ત 'તીર્થંકર' નામકર્મનો બંધ થયો. જે 'તીર્થંકર' નામના પ્રભાવથી ઈન્દ્રનું આસન પણ ચલાયમાન થઈ જાય છે, મોક્ષરૂપી લક્ષ્મી સ્વયં આવીને જેનું આલિંગન કરે છે, તે પદનો બંધ થવો શું સરળ છે? ત્યારબાદ, તે મુનિરાજે નિર્દોષ ચારિત્ર્યનું પાલન કરતાં કરતાં સમાધિમરણ ધારણ કર્યું. ફરી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપરૂપી ચાર આરાધનાઓનું પાલન કરતાં થકા તેઓએ પ્રાણોનો ત્યાગ કર્યો.

સમાધિમરણના પરિણામસ્વરૂપે નંદ નામના મુનિરાજ સોળમાં સ્વર્ગમાં જઈ દેવોથી પૂજ્ય અચ્યુતેન્દ્ર થયા. અંતઃમુર્હૂર્તમાં તેમણે યૌવનાવસ્થા પ્રાપ્ત કરી અને તેઓ વસ્ત્ર-માળા આદિ આભૂષણોથી સુશોભિત થયા. પોતાની કોમળ શૈયાથી ઊઠીને તેઓ સુંદર સુંદર વસ્તુઓ જોવામાં સંલગ્ન થઈ ગયા. સ્વર્ગના વિમાન આદિ વસ્તુઓને જોઈને તેમને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ વિચારવા લાગ્યા કે હું કોણ છું? આ સ્થળ ક્યું છે કે જ્યાં સુખ જ સુખ દૃષ્ટિગોચર થઈ રહ્યું છે? દુઃખ તો લેશ પણ નથી. આ અત્યંત ચતુર પ્રિયદર્શી દેવગણ કોણ છે? આ સુંદરી દેવાંગનાઓ કોણ છે?

આ ખૂબ ઊંચા સભામંડપ અને દેવરક્ષિત મનોજ્ઞ સેના કોની છે? આ દિવ્ય ઊંચા સિંહાસન કોના છે અને સંપદાઓ કોની છે? આ સુંદર વિનયવાન લોકો મને જોઈને હર્ષ કેમ મનાવી રહ્યા છે? ક્યા કર્મોની પ્રેરણાથી હું અહીં આવ્યો છું? આ બધા વિષયો ઉપર ઈન્દ્ર વિચાર કરી રહ્યા હતા અને તેમનો સંદેહ દૂર પણ ન થઈ શક્યો હતો કે એટલામાં એમના ચતુર મંત્રીએ અવધિજ્ઞાનથી તેમના મનના અભિપ્રાયને સમજીને તેમની સમીપ આવીને તેમના ચરણોમાં ભક્તિપૂર્વક પ્રણામ કર્યા. તેમણે બંને હાથ જોડીને તેમના સંશયની નિવૃત્તિમ માટે પ્રિય વચન કહેવાનું શરૂ કર્યું. તેણે કહ્યું—

હે દેવ! અમારા ઉપર દયાદૃષ્ટિ રાખીને આપના સંદેહ-નિવારણ માટે મારા વચનોને સાંભળો. હે નાથ! આજે અમે અમારા જીવનને સફળ અનુભવ કરી રહ્યા છીએ. અમે ધન્ય છીએ કે તમે અહીં આવીને આ સ્થાનને પવિત્ર કર્યું. સમસ્ત સંપદાઓનો આગાર આ ‘અચ્યુત’ નામનું સ્વર્ગ છે. આ સમસ્ત સ્વર્ગોની મુકુટમણિ સમાન શોભાયમાન છે. અહીં મનોવાંછિત વસ્તુઓ સર્વદા પ્રાપ્ત થતી રહે છે. ત્રણેય લોકમાં પણ દુર્લભ, અગોચર ઈન્દ્રિયસુખ અહીં પુણ્યાત્માઓને સુલભ છે. અહીં પર કામધેનુ ગાય, સમસ્ત કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્ન સ્વતઃ જ પ્રાપ્ત થાય છે. અહીં બધી જ સંપદાઓની પ્રાપ્તિ થવામાં જરાય પણ પરિશ્રમ નથી થતો. અહીં કોઈ પણ પ્રકારના ઋતુ-કષ્ટનું કોઈ કારણ નથી.

અહીં ક્યારેય પણ દિવસ-રાતનો ભેદ નથી હોતો, સદાય રત્નોનો પ્રકાશ રહે છે. દીન-દુઃખીયાઓનું અહીં નામોનિશાન પણ નથી. પાપી અને નિર્ગુણ મનુષ્ય અહીં સ્વપ્નમાં પણ જોવામાં આવતા નથી. આ એવી પુણ્યભૂમિ છે કે જ્યાં જિનાલયોમાં સર્વદા જિનેશ્વર ભગવાનની પૂજા-અર્ચના થતી રહે છે, નૃત્ય-ગીત આદિથી પ્રતિદિવસ મહાન ઉત્સવ થયા કરે છે. અહીં અસંખ્ય દેવ-વિમાન હોય છે, દસહજાર સામાનિક દેવ હોય છે કે જે આપ સમાન ઋદ્ધિધારી હોય છે, પરંતુ તે આદેશ નથી કરી શકતા. આ તેત્રીસ દેવ-સમૂહ પ્રેમથી પરિપૂર્ણ આપના પુત્ર સમાન છે. આત્મરક્ષક દેવોની સંખ્યા ચાલીસ હજાર છે, તે સૈનિકો સમાન અંગરક્ષક છે. મધ્યસભાના દેવ અઢીસો છે અને પાંચસો બહારની સભાના દેવ છે, ચાર લોકપાલ કોટવાળની જેમ છે.

આ લોકપાળોની બત્રીસ-બત્રીસ દેવીઓ છે કે જે સુખની ખાણ છે. આ આપની આજ્ઞાનું પાલન કરવાવાળી આઠ મહાદેવીઓ છે. આ મહાદેવીઓના પરિવારની દેવીઓની સંખ્યા અઢીસો છે. આ ત્રેસઠ વલ્લભિકા દેવીઓ મહાન સંપદાયુક્ત આપના ચિત્તને હરણ કરવાવાળી છે. આ બે હજાર એકોતેર દેવીઓ વિદૂષીઓ છે, તે મહાદેવીઓ એક લાખ ચોવીસ હજાર દિવ્યરૂપોની વિક્રિયા કરી શકે છે અર્થાત્ પ્રત્યેક દેવી એક લાખ ચોવીસ હજાર સ્ત્રીઓના રૂપ બનાવી શકે છે. ગજરાજ, અશ્વ, રથ, પાયદળ, બળદ, ગંધર્વ અને નર્તકી–આ દેવસેનાના સાત અંગ છે. તેમાંથી પ્રત્યેક સેનાની સાત–સાત સેનાઓ હોય છે અને પ્રત્યેક સેનાના સેનાપતિ દેવ છે. હાથીની પહેલી સેનામાં વીસ હજાર ગજરાજ છે તથા શેષ અન્ય પ્રત્યેક સેનામાં આનાથી બમણી સંખ્યા છે. આ રીતે અન્ય સેનાઓમાં પણ સમજવું જોઈએ. આ બધા આપની સેવા માટે પ્રસ્તુત છે.

એક એક દેવી-અપ્સરાની ત્રણ ત્રણ સભાઓ છે. ત્યાં નૃત્ય-ગીત, વાદ્ય વગાડવાવાળા ઈત્યાદિ કળાઓની શિક્ષા આપવામાં આવે છે. પ્રથમ પરિષદમાં પચ્ચીસ અપ્સરાઓ છે, બીજીમાં પસાસ અને ત્રીજામાં સો છે. આપના પુણ્યોદયથી આ સમગ્ર દિવ્ય સંપદાઓ આપની સમક્ષ ઉપસ્થિત છે. હવે, આપ સ્વર્ગ-રાજ્યના અધિપતિ બનો અને અનુપમ સંપદાઓને પ્રસન્નચિત્ત થઈને ગ્રહણ કરો.

પોતાના ચતુર મંત્રીના વચન સાંભળીને અવધિજ્ઞાનથી અચ્યુતેન્દ્રને પોતાના પૂર્વભવનો બધો જ વૃત્તાંત જ્ઞાત થઈ ગયો. ધર્મનું સાક્ષાત્ ફળ જોઈને ધર્મસાધનામાં તત્પર થયા. તેઓ પૂર્વભવના દ્યોતક વચન કહેવા લાગ્યા—

મેં પૂર્વજન્મમાં નિષ્પાપ અને ઘોર તપ કર્યું હતું, શુભધ્યાન અને અધ્યયન યોગ પણ કર્યો હતો. જગત્પૂજ્ય પંચપરમેષ્ઠીની સેવાથી અને રત્નત્રયની પ્રાપ્તિ માટે ઉત્તમ ભાવનાઓનું ચિંતવન કર્યું હતું. મેં વિષયરૂપી વનને જલાવી દીધું હતું, કામદેવ જેવા પ્રબળ શત્રુને પરાસ્ત કર્યો હતો, કષાય અને પરિષહો ઉપર વિજય મેળવ્યો હતો. પૂર્વભવમાં મેં પોતાની બધી જ શક્તિ લગાવીને ઉત્તમ ક્ષમા આદિ દસલાક્ષણિક ધર્મનું પાલન કર્યું હતું, તેનું જ આ શુભ ફળ છે કે આજે હું ઈન્દ્રના પદ પર બિરાજિત છું અર્થાત્ આ સમસ્ત

ઋદ્ધિઓ ધર્મના પાલનથી જ પ્રાપ્ત થઈ છે. વાસ્તવમાં ધર્મ સમાન બીજો કોઈ મિત્ર નથી, ધર્મ જ સંસાર-સાગરથી પાર ઉતારવાવાળો છે, વાંછિત અર્થોનો પ્રદાતા ધર્મ જ છે, એ માનવજીવનને ઉન્નત બનાવવાવાળો તથા પાપરૂપ શત્રુઓનો સંહારક છે. સમસ્ત જીવોને સુખ પ્રદાન કરવાવાળા તથા સ્વર્ગ-મોક્ષ પ્રદાન કરવાવાળા ધર્મની સમાન બીજું કોઈ સાધન નથી. આવું જાણીને સુખની આકાંક્ષા રાખવાવાળા ભવ્ય પુરુષોએ કોઈ પણ અવસ્થામાં નિર્મળ આચરણયુક્ત થઈને ધર્મસાધના કરવી જોઈએ.

આ પ્રકારે વિચાર કરતાં અચ્યુતેન્દ્રે પોતાના મનમાં વિચાર્યું કે આ તો ઠીક છે, પણ ચારિત્રનું અહીં પાલન નથી કરી શકાતું, તો હવે મારે શું કરવું જોઈએ? અહીં તો એક દર્શનવિશુદ્ધિનું જ પાલન કરી શકાય છે. તેથી, શ્રી જિનેન્દ્રદેવની ભક્તિ અને તેમની મૂર્તિની ભાવપૂજા કરવી શ્રેયસ્કર છે. આમ નિશ્ચય કરી તે અચ્યુતેન્દ્ર પોતાની દેવીઓને સાથે લઈને ચૈત્યાલયોમાં ગયા. ત્યાં અત્યંત ભક્તિભાવથી પ્રણામ કરીને તેઓ જિનબિંબોની પૂજા-આરાધનામાં લીન થઈ ગયા.

તેમને પૂજા માટે આઠ દ્રવ્ય ઈચ્છામાત્રથી પ્રાપ્ત થઈ જતા હતા. તેઓ એ દ્રવ્યોથી ભગવાનની પૂજા કરવા લાગ્યા. તેમણે ચૈત્યવૃક્ષોની નીચે બિરાજમાન જિન પ્રતિમાઓની પૂજા કરી તથા મનુષ્યલોક અને મધ્યલોકની જિન પ્રતિમાઓની પૂજા કરી અપાર પુણ્યનું ઉપાર્જન કર્યું. તેઓ મુનીશ્વરોથી ધર્મ-તત્ત્વોનું વ્યાખ્યાન સાંભળીને ધર્મ ઉપાર્જન કરવા લાગ્યા.

આ રીતે, ધર્મના ફળથી તેમણે અનેક સંપદાઓ પ્રાપ્ત કરી. તેમણે ત્રણ હાથ ઊંચું શ્વેદ-ધાતુ-મળથી રહિત, નેત્રોની પલક રહિત, શુક્લ લેશ્યાયુક્ત દિવ્ય શરીર પ્રાપ્ત કર્યું. તેમને નરકની છઠ્ઠી ભૂમિ સુધીનું અવધિજ્ઞાન હતું સાથે સાથે વિક્રિયાઋદ્ધિ પણ હતી. જ્ઞાન સમાન બધા સિદ્ધક્ષેત્રોના ગમન-આગમનમાં સમર્થ વિભિન્ન ભૂષણોથી શોભાયમાન બાવીસ સાગરનું આયુષ્ય તે ઈન્દ્રને પ્રાપ્ત થયું. બાવીસ હજાર વર્ષ વ્યતીત થતા તે માનસિક દિવ્ય અમૃતનો આહાર કરતા હતા, અગિયાર મહિના વ્યતીત થતા સુગંધિત શ્વાસ લેતા હતા. તે સુરેન્દ્ર તીર્થંકરોના પાંચેય કલ્યાણકોમાં અને કેવળીઓના બંને કલ્યાણકોમાં જતા હતા. દેવો દ્વારા

પૂજ્ય તે સુરેન્દ્ર સદાય પૂજા આદિ મહોત્સવોમાં જઈ જઈને ધર્મની અભિવૃદ્ધિ કર્યા કરતા હતા. તેમને સુખની બધી જ સામગ્રીઓ ઉપલબ્ધ હતી.

આ પ્રકારે, તે અચ્યુતેન્દ્ર સુખસાગરમાં નિમગ્ન થયા. ધર્મના ફળસ્વરૂપે તેમને જે સંપદાઓ પ્રાપ્ત થઈ તેનું વર્ણન કરવું અસંભવ છે. તેમણે દિવ્યભોગોનો ઈચ્છાનુસાર ઉપભોગ કર્યો. ધર્મનું આવું જ ઉત્તમ ફળ સમજીને બુદ્ધિમાન જીવોએ સામ, દામ અને સંયમથી સદાય ધર્મનું સેવન કરવું જોઈએ.

✿ જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર પુરુષ બહાર ભાગી જવાનો પ્રયત્ન કરે છે પરંતુ જે શત્રુ હોય છે તે તેને પકડીને પાછો આગમાં નાખી દે છે. હું પણ અત્યારે સાંસારિક દુ:ખરૂપી જ્વાળામાંથી નીકળવા ચાહું છું, તો હે પિતાજી! તમે મને શત્રુ સમાન ફરી એ જ્વાળામાં ન નાખો.

✿ સમુદ્રના વમળમાંથી નીકળીને મહામુશ્કેલીથી કિનારા પર આવેલાને કોઈ શત્રુ જ ફરી ધક્કો મારીને પાછો દરિયામાં નાખે છે. દુર્ગતિરૂપી ઘાતક લહેરોથી વ્યાપ્ત સમુદ્રમાં હે પિતાજી! તમે મને ફેંકો નહીં. હું વૈરાગ્યરૂપી અમૃત ગ્રહણ કરવા જાવ છું ત્યાં તમે મને રાજ્યલક્ષ્મીરૂપી વિષ ગ્રહણ કરવા માટે મજબૂર ન કરો.

✿ કોઈ શત્રુ આક્રમણ કરી સંપત્તિ છીનવી લે છે, કોઈ પોતાના અંગને કાપી નાખે છે તથા કોઈ મારી પણ નાખે છે, પરંતુ જે પુરુષ ધર્માચરણમાં બાધક થાય છે તે મહા નિર્દય છે કારણ કે તે એક–બે ભવ નહીં પણ સેંકડો જન્મોના સુખને માટીમાં મેળવી દે છે.

**—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય સાતમો

**લોકપાલ જિનકા સદા, કરતે સદ્‌ગુણ ગાન;**
**કરે વિઘ્ન સબ નષ્ટ વે, પાર્શ્વનાથ ભગવાન.**

જે મહાપ્રભુના સદ્‌ગુણોનું ગાન લોકપાલો દ્વારા હમેશા થઈ રહ્યું છે, તે શ્રી પાર્શ્વનાથ ભગવાન સમગ્ર વિઘ્નોને નષ્ટ કરે અર્થાત્ આ ગ્રંથના નિર્માણમાં કોઈ પ્રકારની બાધા ઉપસ્થિત ન થવા દે.

ભરતક્ષેત્રમાં વિદેહ નામનો એક વિશાળ દેશ છે. ધાર્મિક પુરુષોનું નિવાસ્થાન હોવાના કારણે તે વિદેહક્ષેત્ર સમાન જ શોભાયમાન છે. આ સ્થળેથી કેટલાય મુનિરાજોએ મોક્ષ પ્રાપ્ત કર્યો છે. નામ અનુસાર આ સ્થાનના ગુણ પણ સાર્થક છે. અહીંના નિવાસી કોઈ સોલહકારણ ભાવનાઓનું ચિંતવન કરી તીર્થંકર નામકર્મનો બંધ કરે છે તો કોઈ પાંચ અનુત્તર વિમાનમાં અહમિન્દ્ર પદ પામે છે. ભક્તિપૂર્વક ઉત્તમ પાત્રને દાન દેવાથી ભોગભૂમિમાં જન્મ ગ્રહણ કરવો તો અહીંના નિવાસીઓ માટે સામાન્ય વાત છે. ઘણા ભવ્યજીવો ભગવાનની પૂજાના ફળસ્વરૂપે ઈન્દ્રપદ પ્રાપ્ત કરી લે છે.

આ સ્થાન અર્હંત ભગવાનની મોક્ષભૂમિ છે કારણ કે અહીં સ્થળે સ્થળે મોક્ષસ્થાનક છે. આ ભૂમિને મનુષ્ય, દેવ અને વિદ્યાધર બધાય પ્રણામ કરે છે. અહીંના વન, પર્વત પણ ધ્યાનસ્થ યોગીઓથી વિશેષરૂપથી શોભાયમાન છે અને વિશાળ ઊંચા ભવ્ય જિનાલયોને જોઈને કોઈ મહાન ધાર્મિક સ્થાન જેવું પ્રતીત થાય છે. વિદેહપ્રદેશના ગામ, મહોલ્લા બધા જ જિનાલયોથી સુશોભિત છે. અહીંનો મુનિસમૂહ ચારેય પ્રકારના સંઘની સાથે ધર્મની પ્રવૃત્તિ માટે વિહાર કર્યા કરે છે.

આ વિદેહના બરાબર મધ્યમાં કુંડલપુર નામનું એક અત્યંત રમણીય નગર છે. અહીં પર ધર્માત્માઓનો વિશેષરૂપથી નિવાસ છે. અહીના કોટ, દરવાજા અને અલંઘ્ય ખાઈઓને જોઈને અપરાજિતા અયોધ્યા નગરી પ્રતીત થાય છે. આ નગરમાં સર્વદા તીર્થંકરોના જન્મકલ્યાણકના મહાન ઉત્સવ સંપન્ન થયા કરે છે. દેવગણોના આવાગમનથી આ નગરમાં સદાય કોલાહલ રહ્યા કરે છે. અહીંના ઊંચા ઊંચા અને સ્વર્ણ-રત્નોથી નિર્મિત જૈન મંદિરોને જોઈને લોકોને કુંડલપુર પ્રતિ અપાર શ્રદ્ધા જાગ્રત થતી હતી. તે નગર ધર્મના સમુદ્ર જેવું પ્રતીત થતું હતું. ત્યાંના જિનાલય 'જય-જય' શબ્દ, સ્તુતિ, નૃત્ય, ગીત આદિથી સર્વદા ઉત્સવિત રહેતા હતા. સ્વર્ગના દિવ્ય ઉપકરણો સહિત રત્નમયી પ્રતિમાઓના દર્શન કરી ત્યાંના લોકો કૃતાર્થ થઈ જતા હતા.

ત્યાંના જિનમંદિરોની પૂજા-આરાધના માટે સદાય વિશાળ જનસમૂહની ભીડ લાગી રહેતી હતી. દર્શનાર્થે આવવાવાળા ભવ્ય જીવો દેવો સમાન પ્રતીત થતા હતા. ત્યાંના દાની સ્ત્રી-પુરુષ પોતાને ત્યાં અતિથિ તથા મુનિના આગમનની પ્રતિક્ષા કર્યા કરતા હતા. તેઓ પાત્રદાન દેવામાં ઘણા જ ઉદાર હતા. તે નગરના ઊંચા પરકોટા જોઈને એમ પ્રતીત થતું હતું કે તે ઉચ્ચસ્થાન દાન દેવા માટે સ્વર્ગના દેવોને બોલાવી રહ્યા છે. તે નગરના નિવાસી દાતા, ધર્માત્મા, શૂરવીર, વ્રત, શીલ આદિથી યુક્ત અને સંયમી હતા. તેઓ જિનદેવ તથા નિર્ગ્રંથ ગુરુઓની ભક્તિ, સેવા અને પૂજામાં સદાય તત્પર રહેતા હતા. તેમના ધાર્મિક કાર્ય અવિરામ ચાલ્યા કરતા હતા. આ પ્રકારે તે પ્રજાજન ખૂબ જ ધનવાન, સુખી અને બુદ્ધિમાન હતા.

એ નગરના રાજાનું નામ સિદ્ધાર્થ હતું. તે નાથવંશરૂપી ગગનને સુશોભિત કરવાવાળા સાક્ષાત્ સૂર્ય હતા. તે મહારાજ મતિ-શ્રુત-અવધિ—ત્રણજ્ઞાનના ધારક હતા. તેમણે સદાય નીતિમાર્ગને આશ્રય આપ્યો હતો. તેઓ જિનદેવના ભક્ત, મહાદાની અને દિવ્યજ્ઞાનના ધારક હતા. તેમની સમ્યગ્દષ્ટિ ખૂબ જ પ્રબળ હતી. તેમના ચરણોની સેવા મોટા મોટા વિદ્યાધર, ભૂમિગોચરી અને દેવ કરતા હતા. તેમનું પુણ્ય ખૂબ જ પ્રબળ હતું. તેઓ બધા જ રાજાઓમાં ઈન્દ્ર સમાન શોભાયમાન હતા. તેમને ત્રિશલા નામની અત્યંત રૂપવતી મહારાણી હતી. તેમની પ્રવૃત્તિ પણ મહારાજ સમાન જ હતી. તે પતિ-પરાયણા હતા. તેમની કાંતિ અને અલૌકિક સુંદરતા

સરસ્વતી જેવી હતી. તેમના ચરણ કમળ જેવા પ્રતીત થતા હતા. તેમના નખરૂપી કિરણોથી રાજમહેલ શોભાયમાન થઈ રહ્યું હતું. xxxxx તે દેવી ગુણ-રત્નોની ખાણ, અનેક શાસ્ત્રોમાં નિપુણ સરસ્વતીદેવી સમાન પ્રતીત થતા હતા. તે ઈન્દ્રની શચી જેવી પ્રિયતમની વલ્લભા થઈ. તેમને મહારાજનો અતિ અધિક સ્નેહ પ્રાપ્ત થયો. મહારાજ અને મહારાણી બંને દેવતુલ્ય સુખોનો ઉપભોગ કરતાં જીવન વ્યતીત કરી રહ્યા હતા.

વાચક વર્ગને સ્મરણમાં હશે કે અચ્યુત સ્વર્ગનો ઈન્દ્ર ઘણી વિભૂતિ સાથે પોતાનો સમય વ્યતીત કરી રહ્યો હતો. સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રએ એક દિવસ કુબેરને કહ્યું કે હવે અચ્યુત ઈન્દ્રનું આયુષ્ય ફક્ત છ મહિના બાકી રહી ગયું છે. પછી તે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મહારાજ સિદ્ધાર્થની રાણી ત્રિશલાના ગર્ભથી અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાનના રૂપમાં જન્મ ગ્રહણ કરશે. તેથી, આ નગરમાં જઈને તમારે પહેલેથી જ રત્નોની વર્ષા શરૂ કરી દેવી જોઈએ, સાથે સાથે અન્ય આશ્ચર્યને પણ લોકહિત માટે કરવા જોઈએ. ઈન્દ્રની આવી આજ્ઞા પ્રાપ્ત કરી યક્ષાધિપતિ કુબેર તત્કાલ જ મધ્યલોકમાં આવી ગયા. તેણે ખૂબ જ પ્રસન્નતાની સાથે મહારાજ સિદ્ધાર્થના મહેલમાં રત્નોની વર્ષા શરૂ કરી દીધી. મહેલમાં પડતી રત્નોની ધારા એવી લાગતી હતી કે માનો ઐરાવત હાથીની સૂંઢમાંથી ધારા પડી રહી હોય. આ સમયે આ રત્ન-સુવર્ણમયી વર્ષા આકાશમાંથી પડતી એવી લાગતી હતી કે માનો પ્રકાશરૂપી માળા શ્રી જિનેન્દ્રના માતા-પિતાની સેવા કરવા આવી રહી હોય.

ગર્ભાધાનના છ મહિના પૂર્વથી જ કલ્પવૃક્ષના પુષ્પ, સુગંધિત જળ, સુવર્ણ અને રત્નોના ઢગલાથી રાજમહેલ જગમગી ઊઠ્યો. રત્નકિરણોની ઝગમગાહટથી તે મહેલ સૂર્ય આદિ ગ્રહચક્ર સમાન પ્રકાશિત થવા લાગ્યો. તે સમયે આખા નગરમાં આ ઘટનાની જ ચર્ચા થવા લાગી. કેટલાય ભવ્ય લોકોએ કહ્યું કે 'જુઓ, આ ત્રણ જગતના ગુરુની જ અપૂર્વ મહિમા છે કે આજે રત્નોની વર્ષાથી કુબેર રાજમહેલને પરિપૂર્ણ કરી રહ્યા છે.' તેમની આવી વાતો સાંભળીને અન્ય લોકો પણ કહેવા લાગ્યા કે 'આમાં જરાય પણ આશ્ચર્ય નથી કે રાજાના ઉત્પન્ન થવાવાળા અર્હંત પુત્રની સેવા માટે જ દેવેન્દ્રએ ભક્તિવશ આવું કર્યું છે.' આ બધી વાતો સાંભળીને અન્ય લોકોએ પણ કહ્યું કે 'આ બધો ધર્મનો જ પ્રભાવ છે. તેના જ ફળસ્વરૂપે અર્હંત પુત્રના જન્મની

પ્રસન્નતામાં રત્નોની અવિરામ વર્ષા થઈ રહી છે. કારણ એ છે કે ધર્મના પ્રભાવથી જ ત્રણેય લોકમાં તીર્થંકર જેવા પૂજ્યપદ પ્રાપ્ત પુત્રનો જન્મ થાય છે. વાસ્તમાં સંસારની દુર્લભથી દુર્લભ વસ્તુ ધર્મથી સુલભ થઈ જાય છે. કોઈએ સત્ય જ કહ્યું છે કે આ સર્વથા સત્ય છે કે ધર્મના અભાવમાં પુત્ર આદિ ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ ક્યારે પણ થઈ શકતી નથી. તેથી, સુખની પ્રાપ્તિ કરવાવાળા લોકોએ પ્રયત્નપૂર્વક અહિંસાસ્વરૂપ દયા-લક્ષણરૂપ ધર્મનું સર્વદા પાલન કરતાં રહેવું જોઈએ. આ ધર્મ સર્વથા નિર્દોષ અણુવ્રત અને મહાવ્રતના ભેદોથી બે પ્રકારનો છે.'

એક દિવસની ઘટના છે કે મહારાણી ત્રિશલા રાત્રિમાં કોમળ શય્યા પર નિદ્રાધીન હતા. પુણ્યોદયના પ્રભાવથી રાત્રિના અંતિમ પ્રહરમાં તેમણે સોળ સ્વપ્ન જોયા કે જે સર્વથા કલ્યાણકારી અને સૌભાગ્યસૂચક હતા. સોળ સ્વપ્નમાં સર્વપ્રથમ તેમણે મદોન્મત્ત ગજરાજ જોયો. બીજા સ્વપ્નમાં ચંદ્રમા સમાન શુભકાંતિયુક્ત ઊંચા બળદ ગંભીર શબ્દ કરતાં આવતા દેખાયા. ત્રીજા સ્વપ્નમાં અપૂર્વ કાંતિવાન વિશાળકાય લાલ કેશવાળો સિંહ જોયો. ચોથા સ્વપ્નમાં કમળરૂપી સિંહાસન પર બિરાજમાન લક્ષ્મીદેવીને તેમણે દેવોના હાથી દ્વારા અભિષેક કરતાં જોયો. પાંચમા સ્વપ્નમાં બે સુગંધિત માળાઓ હતી. છઠ્ઠા સ્વપ્નમાં તારાઓથી ઘેરાયેલો ચંદ્રમા જોયો કે જેથી સમસ્ત સંસારમાં પ્રકાશ થઈ રહ્યો હતો. સાતમા સ્વપ્નમાં દેવીએ અંધકારનો વિનાશ કરવાવાળા સૂર્યને ઉદયાચળ પર્વતથી નિકળતા જોયો. આઠમા સ્વપ્નમાં કમળના પાનથી આચ્છાદિત મુખવાળા સુવર્ણના બે કળશ જોયા. નવમા સ્વપ્નમાં તળાવમાં ક્રીડા કરતી માછલીઓ જોઈ. તે તળાવ ખીલેલી કમલીનીથી શોભાયમાન થઈ રહ્યું હતું. દસમા સ્વપ્નમાં તેમણે એક ભરપૂર તળાવ જોયું કે જેમાં કમળ પુષ્પોના પીત રજ તરી રહ્યા હતા. અગિયારમાં સ્વપ્નમાં ગંભીર ગર્જના કરતો ચંચળ તરંગોથી યુક્ત સમુદ્ર દેખાયો. બારમા સ્વપ્નમાં તેમણે દૈદીપ્યમાન મણિથી યુક્ત ઊંચું સિંહાસન જોયું. તેરમાં સ્વપ્નમાં બહુમૂલ્ય રત્નોથી પ્રકાશિત સ્વર્ગનું વિમાન જોયું. ચૌદમા સ્વપ્નમાં પૃથ્વીનો ભેદ કરી ઉપર તરફ જતા ભવનવાસી દેવનું ઉંચું ભવન જોયું. પંદરમા સ્વપ્નમાં રત્નોનો વિશાળ પુંજ જોયો કે જેના કિરણો આકાશ સુધી દૈદીપ્યમાન થઈ રહ્યા હતા. સોળમા સ્વપ્નમાં માતાએ નિર્ધૂમ અગ્નિ જોયો.

ઉપરોક્ત સોળ સ્વપ્ન જોયા પછી મહારાણી ત્રિશલાએ પુત્રના આગમનસૂચક ઊંચા શરીરવાળા ઉત્તમ ગજરાજને મુખકમળમાં પ્રવેશ કરતા જોયો. માતાએ સ્વપ્ન જોયા પછી થોડીવારમાં પ્રાતઃકાળ થઈ ગયો. મહારાણી ત્રિશલાને જગાડવા માટે રાજમહેલમાં સુમધુર વાજિંત્રો વાગવા લાગ્યા. દાસીઓ કહેવા લાગી કે 'હે મહાદેવી! હવે જાગવાનો સમય થઈ ગયો છે તેથી આપે પોતાની શય્યાનો ત્યાગ કરી પોતાને યોગ્ય શુભકાર્યો આરંભ કરી દેવા જોઈએ કે જેથી કલ્યાણકારી વસ્તુઓ આપને ખૂબ સરળતાથી પ્રાપ્ત થઈ જાય.'

પ્રાતઃકાળના સમયમાં સમભાવ રાખવાવાળા કોઈ શ્રાવક તો સામાયિક કરે છે કે જેથી કર્મરૂપી બંધ બળીને ભસ્મ થઈ જાય છે, કેટલાક ભવ્ય જીવો શૈયાથી ઊઠતાં જ લક્ષ્મીના સુખને પ્રદાન કરવાવાળા અર્હતાદિ પંચપરમેષ્ઠિના નમસ્કાર મંત્રનો જાપ શરૂ કરી દે છે, અન્ય મહાબુદ્ધિમાન લોકો તત્ત્વનું સ્વરૂપ જાણીને મનને રોકીને કર્મનો નાશ કરવા માટે સુખના સમુદ્ર ધર્મનું ધ્યાન કરે છે, કેટલાક લોકો મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશ્યથી શરીરની મમતાનો ત્યાગ કરી વ્યુત્સર્ગ તપ ધારણ કરે છે. આ તપ સમગ્ર કર્મબંધના નાશ અને મોક્ષનું સર્વશ્રેષ્ઠ સાધન છે. આ પ્રકારે શુભભાવોથી યુક્ત સજ્જનગણ પ્રભાતકાળમાં ધર્મધ્યાનમાં સંલગ્ન થઈ જાય છે.

જેવી રીતે જિનદેવરૂપી સૂર્યના ઉદિત થતા મિથ્યા અંધકાર પ્રભારહિત થઈ જાય છે, તેવી જ રીતે સૂર્ય ઉદય થતા તારાસમૂહની સાથે ચંદ્રમા પણ પ્રભાહીન થઈ ગયા. જેવી રીતે અર્હતરૂપી સૂર્યોદયથી વેષધારી ચોર ભાગી જાય છે, તેવી જ રીતે આજના સૂર્યોદયથી મોહરૂપી ચોર અહીં તહી ભાગી ગયા. જેવી રીતે જિનવાણીના પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશ થાય છે, તેવી જ રીતે સૂર્યએ પોતાના કિરણોથી વિશ્વના અંધકારનો નાશ કરી દીધો.

સેવકોના મંગળ ગીતો ચાલુ હતા. તેઓ કહેતા હતા કે 'હે મહાદેવી! જેવી રીતે શુદ્ધ જ્ઞાનરૂપી કિરણોથી તીર્થંકર ભગવાન શ્રેષ્ઠમાર્ગ અને પદાર્થોનું સ્વરૂપ કહે છે, તેવી રીતે આ સૂર્ય પોતાના કિરણોથી બધા પદાર્થોને પ્રકાશમાન કરી રહ્યો છે. જેવી રીતે અર્હતના વચનરૂપી કિરણોથી ભવ્યજીવોના મનરૂપી કમળ વિકસિત થઈ જાય છે, તેવી રીતે સૂર્યના કિરણો કમળને પ્રફુલ્લિત કરી રહ્યા છે. તેથી, હે મહાદેવી! હવે

પ્રાતઃકાળ થઈ ગયો છે કે જે બધા પ્રકારના સુખને પ્રદાન કરવાવાળો છે. ધર્મધ્યાન માટે આનાથી ઉત્તમ બીજો સમય નથી. તેથી, આપ શીઘ્ર જ શૈયાનો પરિત્યાગ કરી નિત્યકર્મ કરો. આપે સામાયિક, સ્તવન આદિથી કલ્યાણકારિણી સિદ્ધિઓ પ્રાપ્ત કરવી જોઈએ.'

થોડા સમય સુધી આ પ્રકારના વાર્જિંત્રોના શબ્દો અને સેવકો દ્વારા મંગળગાન થતું રહ્યું. મહારાણી ત્રિશલા જાગી ઊઠ્યા. તેમને અંતિમ પ્રહરમાં જોયેલા સ્વપ્નોથી ખૂબ જ પ્રસન્નતા થઈ. શૈયા ત્યાગ કરી તેમણે મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશ્યથી સ્તવન, સામાયિક આદિ ઉત્તમ નિત્યકર્મ કરવાનું શરૂ કર્યું. આ પ્રકારની નિત્યક્રિયા સર્વથા કલ્યાણકારી છે અને બધી રીતે મંગળ કરવાવાળી છે.

ત્યારબાદ મહારાણીએ સ્નાન સમાપ્ત કરી પોતાનો શૃંગાર કર્યો. તેઓ આભૂષણોથી સુસજ્જિત થઈ સેવકોને સાથે લઈ સભામાં ગયા. મહારાજ પોતાની પ્રાણપ્રિયાને પોતાના તરફ આવતા જોઈને ખૂબ પ્રસન્ન થયા. બેસવા માટે તેમણે રાણીને પોતાનું અડધું આસન સમર્પિત કરી દીધું. મહારાણી પ્રસન્નચિત્ત થઈને તે આસન ઉપર બિરાજમાન થયા. તેમણે ખૂબ મધુર શબ્દોમાં મહારાજને નિવેદન કર્યું કે હે દેવ આજે રાત્રિના ત્રીજા પહોરમાં મેં અત્યંત આશ્ચર્યજન્ય સ્વપ્ન જોયા છે, મારી અભિલાષા છે કે ગજરાજ આદિ આ સોળ સ્વપ્નાઓનું ફળ આપ મને અલગ અલગ કહો.'

મહારાણીના મુખથી સ્વપ્નાઓની વાત સાંભળી મતિ-શ્રુત-અવધિ—ત્રણેય જ્ઞાનના ધારક મહારાજ સિદ્ધાર્થે કહ્યું કે 'હે સુંદરી! હું આ સ્વપ્નાઓના શુભફળનું વર્ણન શીઘ્ર જ કરું છું. તમે સાવધાન થઈને શ્રવણ કરો. હે કાંતે! ગજરાજ જોવાનું ફળ એ છે કે આપનો પુત્ર તીર્થંકર થશે અને બળદ જોવાનું ફળ એ છે કે તે ધર્મચક્રનો સંચાલક થશે, સિંહ જોવાથી તે પુત્ર કર્મરૂપી ગજરાજોનો વિનાશ કરવાવાળો અત્યંત બળવાન થશે અને લક્ષ્મીનો અભિષેક જોવાનું ફળ એ છે કે સુમેરુ પર્વત પર ઈન્દ્ર આદિ દેવો દ્વારા આ બાળકને સ્નાન કરાવવામાં આવશે. સ્વપ્નમાં માળાઓના જોવાથી તે સુગંધિત શરીરવાળો અને શ્રેષ્ઠ જ્ઞાની થશે તથા પૂર્ણ ચંદ્રમાના દર્શનથી તે પુત્ર પોતાના ધર્મરૂપી અમૃતવર્ષાથી ભવ્યજીવોને પ્રસન્ન કરવાવાળો થશે, સૂર્યને જોવાથી

તે અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશક તથા તેના સમાન જ કાંતિવાળો થશે, જળથી પરિપૂર્ણ ઘડાને જોવાનું ફળ એ છે કે તે અનેક નિધિઓનો સ્વામી તથા જ્ઞાન-ધ્યાનરૂપી અમૃતનો ઘટ થશે, મત્સ્ય-યુગલને જોવાથી બધા માટે કલ્યાણકારી તથા સ્વયં મહાન સુખી થશે, સરોવર જોવાથી શુભ લક્ષણ તથા વ્યંજનોથી સુશોભિત શરીરધારી થશે, સમુદ્ર જોવાથી નવ કેવળ-લબ્ધિઓવાળો કેવળજ્ઞાની થશે તથા સિંહાસન જોવાથી મહારાજપદવાચ્ય જગતનો સ્વામી થશે, સ્વર્ગનું વિમાન જોવાનું ફળ એ થશે કે તે પુત્ર સ્વર્ગથી આવીને અવતાર ધારણ કરશે અને નાગેન્દ્ર ભવન જોવાથી તે અવધિજ્ઞાનરૂપી નેત્રનો ધારણ કરવાવાળો થશે, રત્નોનો પુંજ જોવાથી તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ રત્નોની ખાણ થશે અને નિર્ધૂમ અગ્નિના જોવાથી તે કર્મરૂપી ઈંધનને ભસ્મ કરવાવાળો થશે. અંતમાં ગજેન્દ્રના દર્શનનું ફળ એ થયું કે અંતિમ તીર્થંકર સ્વર્ગમાંથી આવીને તારા નિર્મળ પવિત્ર ગર્ભમાં પ્રવેશ કરશે.'

મહારાજના મુખારવિંદથી સોળ સ્વપ્નોનું ફળ સાંભળીને પતિવ્રતા મહારાણીનું મન પ્રફુલ્લિત થઈ ગયું. તેમને એવું લાગ્યું કે જાણે તેમને પુત્રની પ્રાપ્તિ થઈ ગઈ હોય! તે ખૂબ જ પ્રસન્ન થયા. તે જ સમયે સૌધર્મ ઈન્દ્રનો આદેશ મેળવીને પદ્મ આદિ સરોવરમાં નિવાસ કરવાવાળી શ્રી, હ્રી આદિ છ દેવીઓ રાજમહેલમાં આવી ગઈ. તેમણે તીર્થંકરના ગર્ભાવધાન માટે સ્વર્ગથી લાવેલી પવિત્ર વસ્તુઓ દ્વારા માતાના ગર્ભનું સંશોધન કર્યું કે જેથી તેમને પુણ્યની પ્રાપ્તિ થાય. ફરી તે પોતાના શુભ ગુણો માતામાં સ્થાપિત કરી તેમની સેવા કરવામાં સંલગ્ન થઈ ગઈ.

શ્રી દેવીએ શોભા આપી, હ્રી દેવીએ લજ્જા આપી, ધૃતિ દેવીએ ધૈર્ય આપ્યું, કૃતિ દેવીએ સ્તુતિ આપી, બુદ્ધિ તથા લક્ષ્મી દેવીએ ભાગ્ય પ્રદાન કર્યું. તે જિનમાતા ખૂબ ગુણવતી હતા. આમ તો મહારાણી પૂર્વમાં જ સ્વભાવથી પવિત્ર હતા, પણ જ્યારે દેવીઓએ શુદ્ધ વસ્તુઓ દ્વારા તેમને શુદ્ધ કર્યા ત્યારે તો તે માનો સ્ફટિકમણિ સમાન જ શોભાયમાન પ્રતીત થવા લાગ્યા. ત્યારબાદ અષાઢ માસના શુક્લપક્ષની તિથિ સુદ છઠ્ઠના અષાઢ નક્ષત્રમાં અને શુભ લગ્નમાં તે અચ્યુતેન્દ્ર સ્વર્ગથી ચ્યવીને માતાના શુદ્ધ ગર્ભમાં આવ્યા. મહાવીર પ્રભુનો

જીવ ગર્ભમાં આવતા જ સ્વર્ગના કલ્પવાસી દેવોના વિમાનમાં ઘંટનાદ અવાજ થવા લાગ્યો અને ઈન્દ્રનું આસન કંપાયમાન થઈ ઊઠ્યું. જ્યોતિષી દેવોને ત્યાં સ્વયં સિંહનાદ થવા લાગ્યો, ભવનવાસી દેવોને ત્યાં શંખનો પ્રચંડ અવાજ થયો, સાથે જ વ્યંતર દેવોને મહેલોમાં ભેરી વાગવા લાગી. કેવળ આટલું જ નહીં, અન્ય પણ અનેક આશ્ચર્યજનક ઘટનાઓ થઈ. ઉપરોક્ત આશ્ચર્યાન્વિત ઘટનાઓ જોઈને ચારેય જાતિના દેવોને એ જ્ઞાત થઈ ગયું કે મહાવીરપ્રભુના જીવનું ગર્ભાવતરણ થઈ ગયું છે. ત્યારબાદ તે દેવગણ ભગવાનનો ગર્ભકલ્યાણક ઉત્સવ ઉજવવાના ઉદ્દેશ્યથી નગરમાં પધાર્યા. તેઓ સર્વોત્તમ સંપદાઓથી સુશોભિત હતા, પોત પોતાની સવારીઓ ઉપર આરૂઢ હતા, ઉત્તમ ધર્મનું પાલન કરવાવાળા ઉદ્યમી હતા. તેઓ પોતાના અંગના આભૂષણ અને તેજથી દશે દિશાઓને પ્રકાશિત કરવાવાળા હતા. તે દેવો પોતાની દેવીઓની સાથે 'જય જય' શબ્દ કરી રહ્યા હતા.

એ સમયે વિમાનો, અપ્સરાઓ અને દેવોની સેનાઓથી ઘેરાયેલું તે નગર સ્વર્ગ જેવું સર્વોત્તમ પ્રતીત થવા લાગ્યું. દેવોની સાથે ઈન્દ્રએ ભગવાનના માતા-પિતાને સિંહાસન ઉપર બેસાડીને સ્વર્ણના કળશો દ્વારા સ્નાન કરાવ્યું તથા તેમને દિવ્ય આભૂષણ તથા વસ્ત્ર પહેરાવ્યા. માતાના ગર્ભસ્થ શિશુની બધાએ ત્રણ પ્રદક્ષિણા દઈને તેમને પ્રણામ કર્યા. આ પ્રકારે સૌધર્મ ઈન્દ્ર ભગવાનનો ગર્ભકલ્યાણક સંપન્ન કરી જિનમાતાની સેવામાં ઉપર્યુક્ત દેવીઓને નિયુક્ત કરી દેવોની સાથે પુણ્ય ઉપાર્જન કરી ફરી સ્વર્ગમાં પાછા ફર્યા.

યાદ રહે કે શ્રેષ્ઠ ધર્મનું પાલન કરવાવાળા દેવે સુખના સમસ્ત સાધનનો ઉપભોગ કરી તીર્થંકરપદને પ્રાપ્ત કર્યું. આમ જાણીને હે ભવ્ય પુરુષો! જો તમે સુખ પ્રાપ્ત કરવા ઈચ્છો છો તો વીતરાગ ભગવાનના આદેશ અનુસાર શ્રેષ્ઠ ધર્મનું વિધિવત પાલન કરો.

# અધ્યાય આઠમો

**ભોક્તા કલ્યાણક પ્રભુ, દાતા વૈભવ સર્વ;**
**ત્રાતા ગતિ-સંસાર કે, કરેં કર્મ સબ ખર્ચ.**

જે ગર્ભાદિક પંચકલ્યાણકોના ભોક્તા છે, જે સમસ્ત વિશ્વને વૈભવ પ્રદાન કરવાવાળા છે, જે સાંસારિક ચારે ગતિના પ્રાણીઓની રક્ષા કરવાવાળા છે તે ભગવાન મહાવીર મારા સમસ્ત કર્મોને નષ્ટ કરે.

સ્વર્ગથી આવેલી દેવીઓમાં કોઈ તો જિનમાતા સમક્ષ મંગલ દ્રવ્ય રાખતી હતી, કોઈ દેવીઓએ મહાદેવીની શય્યાને સજાવવાનું કામ સંભાળી લીધું, કોઈ દેવીએ દિવ્ય આભૂષણોને પહેરાવવાનું સંભાળ્યું તથા કોઈએ માળા તથા રત્નોના આભૂષણો આપ્યા, કેટલીક દેવીઓએ માતાની અંગરક્ષા માટે ખુલી તલવારથી સુસજ્જિત થઈને રક્ષા કરતી હતી અને કોઈ તેમના માટે ભોગ્ય સામગ્રીઓ એકત્રિત કરવામાં સંલગ્ન હતી, કેટલીક દેવીઓ પુષ્પરજથી આચ્છાદિત રાજ્ય પ્રાંગણની સફાઈ કરવામાં લાગી હતી તો કોઈ જલ-ચંદનનો છંટકાવ કરતી હતી.

ઉપરોક્ત દેવીઓએ રત્નોના ચૂર્ણથી સ્વસ્તિક આદિની રચના કરી અને મહેલને કલ્પવૃક્ષના ફૂલોથી સજાવ્યું. કોઈ દેવીઓએ મહેલના ઊંચા શિખરો ઉપર રત્નોના દીપક કર્યા કે જે અંધકારનો વિનાશ કરવાવાળા હતા. વસ્ત્ર પહેરાવવા, આસન લગાવવું આદિ સમસ્ત કાર્ય દેવીઓ જ કરતી હતી. મહાદેવીની વનક્રિડા સમયે મધુરગીત, લુબ્ધક નૃત્ય અને ધાર્મિક કથાઓ સંભળાવીને તેઓ માતાને સુખી કરતી હતી. આ પ્રકારે જિનદેવની માતાની સેવા દેવીઓ દ્વારા થતી રહી અને તેની શોભા અનુપમ હતી.

જ્યારે નવ માસ થવા આવ્યા ત્યારે ગર્ભવતી મહાદેવીની બુદ્ધિ અતિ પ્રખર થતી ગઈ. તેમને પ્રસન્ન રાખવાના ઉદ્દેશ્યથી દેવીઓ મનોહર પ્રશ્નો પૂછ્યા કરતી અને અલગ અલગ પ્રકારની ભક્તિઓ સંભળાવ્યા કરતી હતી. દેવીઓ કેટલાક ગૂઢ અર્થથી ભરેલી પહેલીઓ મહાદેવીને પૂછ્યા કરતી હતી અને મહાદેવી તેમના સમુચિત ઉત્તર આપ્યા કરતી હતી. ઉદાહરણના રૂપમાં નીચેના પ્રશ્નો અને તેના ઉત્તર મનન કરવાયોગ્ય છે :

**‘‘विरक्ता नित्य कामिन्या कामुकोऽकामुको महान्। सस्पृहो निःस्पृहो लोके परात्मान्यश्च यः स कः॥१॥’’**

અર્થાત્ જે વૈરાગી હોવા છતાં પણ સર્વદા કામિનીની ઈચ્છા રાખે છે અને નિસ્પૃહી હોવા છતાં પણ ઈચ્છા કર્યા કરે છે તે વિલક્ષણ પુરુષ આ સંસારમાં કોણ છે? આ તો થયો પ્રશ્ન. મહાદેવીએ પ્રશ્નનો જ શ્લોકમાં જ જવાબ આપ્યો. મહાદેવીનો ઉત્તર હતો ‘પરમાત્મા’. કારણ કે ‘પરમાત્મા’નો એક અર્થ તો વિલક્ષણ પુરુષ થાય છે અને બીજો અર્થ પરમાત્મા પણ થાય છે. પરમાત્મા નિત્ય કામિની અર્થાત્ અવિનાશી મોક્ષરૂપી સ્ત્રીમાં અનુરાગી છે અને તેની જ ઈચ્છા રાખવાવાળા હોય છે. બીજો એક પ્રશ્ન પણ પૂછ્યો—

**‘‘दृश्योऽदृश्यऽस्त्रितचिद्भूषः प्रकृत्या निर्मलोऽव्ययः। हन्ता देह विधेर्देवो नाऽयं क्क वर्ततेऽद्य सः॥२॥’’**

અર્થાત્ જે અદશ્ય છે છતાં પણ જોવાયોગ્ય છે, સ્વભાવથી નિર્મળ હોવા છતાં પણ દેહની રચનાનો નાશક છે પણ મહાદેવ નથી એવું કોણ છે? આ શ્લોકનો મહાદેવીએ ‘દેવોના’ શબ્દોથી ઉત્તર આપ્યો. ‘દેવોના’નો અર્થ છે કે—દેવરૂપી મનુષ્ય શ્રી અરિહંતદેવ.

આ પ્રકારે એ દેવીઓએ પ્રશ્નોત્તરના રૂપમાં મહાદેવીથી અનેક પ્રશ્નો પૂછ્યા તે ભિન્ન પ્રકારના છે—‘હે સુંદરી! અસંખ્યાત મનુષ્ય અને દેવ દ્વારા પૂજ્ય ત્રણ જગતના ગુરુ, આપના પુત્ર અનેક ઉત્તમ ગુણોથી યુક્ત વિજયી થાય.’ જેમણે બીજી સ્ત્રીઓથી પ્રેમ કરવાનું છોડી દીધું છે છતાં પણ અવિનાશી મોક્ષસુખમાં અનુરાગી છે એવા ગુણોનો સમુદ્ર આપનો પુત્ર અમારી રક્ષા કરે. હે જગતનું કલ્યાણ કરવાવાળી! ત્રણ લોકના સ્વામીને ગર્ભમાં ધારણ કરવાવાળી! હરિહરાદિકના મનની રક્ષા કરો!

જગતના કલ્યાણ માટે પોતાના ગર્ભમાં તીર્થંકરને ધારણ કરવાવાળી હે મહાદેવી! ધર્મતીર્થ સ્થાપિત કરવાવાળાની ઉત્પત્તિમાં દેવ-વિદ્યાધર-ભૂમિગોચરી જીવોનું તીર્થસ્થાન બનો !

**પ્રશ્ન :**—હે મહારાણી! આલોક અને પરલોકમાં કલ્યાણ કરવાવાળું કોણ છે ?

**ઉત્તર :**—જે ધર્મતીર્થના પ્રવર્તક છે, તે જ શ્રી અરિહંતદેવ ત્રણેય જગતનું કલ્યાણ કરવાવાળા છે.

**પ્રશ્ન :**—ગુરુઓમાં સૌથી મહાન કોણ છે?

**ઉત્તર :**—જે ત્રણ જગતના ગુરુ અને બધા જ અતિશયોથી તથા દિવ્ય અનંત ગુણોથી સુશોભિત છે એવા શ્રી જિનેન્દ્રદેવ જ મહાન ગુરુ છે.

**પ્રશ્ન :**— આ જગતમાં કોના વચન શ્રેષ્ઠ અને પ્રમાણિક છે?

**ઉત્તર :**—જે બધાને જાણવાવાળા, દુનિયાનું હિત કરવાવાળા, અઢાર દોષરહિત અને વીતરાગી છે એવા શ્રી અરિહંત ભગવાનના વચન જ શ્રેષ્ઠ અને માનવાયોગ્ય છે, એ સિવાય બીજા મિથ્યામતીઓના નહીં.

**પ્રશ્ન :**—જન્મ-મરણરૂપી વિષને દૂર કરવાવાળા અમૃત સમાન કોનું પાન કરવું જોઈએ?

**ઉત્તર :**—શ્રી જિનેન્દ્રના મુખારવિંદથી નિકળેલા જ્ઞાનામૃતનું પાન કરવું જોઈએ, બીજા મિથ્યાજ્ઞાનીઓના વિષરૂપી વચન માનવા જોઈએ નહીં.

**પ્રશ્ન :**—આ લોકમાં બુદ્ધિમાનોએ કોનું ધ્યાન કરવું જોઈએ?

**ઉત્તર :**—પંચપરમેષ્ઠિનું, જૈનાસ્ત્રોનું અને આત્મધર્મનું શુક્લરૂપી ધ્યાન કરવું જોઈએ; બીજું કોઈ આર્ત-રૌદ્રરૂપી ખોટું ધ્યાન ક્યારેય પણ ન કરવું જોઈએ.

**પ્રશ્ન :**—તરત જ શું કામ કરવું જોઈએ?

**ઉત્તર :**—જેનાથી સંસારના ભોગોનો નાશ થાય એવા અનંત જ્ઞાન-ચારિત્રનું પાલન કરવું જોઈએ, મિથ્યાત્વ આદિનું નહીં.

**પ્રશ્ન :**—આ સંસારમાં સજ્જનોની સાથે જવાવાળું કોણ છે?

**ઉત્તર :**—દયામય ધર્મ જ સહાયતા કરવાવાળો બંધુ છે કે જે બધા જ દુઃખોથી રક્ષા કરવાવાળો છે. તેનાથી અન્ય બીજું કોઈ સાથે જવાવાળું નથી.

**પ્રશ્ન :**—ધર્મના ક્યા ક્યા લક્ષણ છે અને શું કાર્ય છે?

**ઉત્તર :**—બાર તપ, રત્નત્રય, મહાવ્રત, અણુવ્રત, શીલવ્રત અને ઉત્તમ ક્ષમા આદિ દસ લક્ષણ—એ બધા ધર્મના લક્ષણ અને કાર્ય છે.

**પ્રશ્ન :**—આ લોકમાં ધર્મનું ફળ શું છે?

**ઉત્તર :**—ત્રણ લોકના સ્વામીઓની ઈન્દ્ર-ધરણેન્દ્ર-ચક્રવર્તીપદરૂપી સંપદાઓ, શ્રી જિનેન્દ્રનું અનંત સુખ–આ બધું ધર્મનું જ ઉત્તમ ફળ છે.

**પ્રશ્ન :**—ધર્માત્માઓના ચિહ્ન શું છે?

**ઉત્તર :**—શાંત સ્વભાવ, નિરાભિમાન અને રાત-દિવસ શુદ્ધ આચરણોનું પાલન–એ ધર્માત્માઓની ઓળખાણ છે.

**પ્રશ્ન :**—પાપના ચિહ્ન શું શું છે?

**ઉત્તર :**—મિથ્યાત્વ, ક્રોધ આદિ કષાય, ખોટી સંગતિ અને છ પ્રકારના અનાયતન–એ પાપોના ચિહ્નો છે.

**પ્રશ્ન :**—પાપનું ફળ શું છે?

**ઉત્તર :**—જે પોતાને અપ્રિય છે, દુઃખનું કારણ અને દુર્ગતિમાં લઈ જનાર છે, અન્ય રોગ-ક્લેશ આદિ કરવાવાળા છે—આવા બધા નિંદનીય કાર્ય પાપનું ફળ છે.

**પ્રશ્ન :**—પાપી જીવોની ઓળખાણ શું છે?

**ઉત્તર :**—ક્રોધ આદિ કષાયોની તીવ્રતા હોવી, બીજાઓની નિંદા, પોતાની પ્રશંસા અને રૌદ્ર આદિ ખોટા ધ્યાનોનું હોવું એ બધા પાપીઓના ચિહ્નો છે.

**પ્રશ્ન :**—અસલી લોભી કોણ છે?

**ઉત્તર :**—બુદ્ધિમાન, મોક્ષનો ઈચ્છુક ભવ્ય જીવ નિર્મળ આચરણથી તથા ઘોર તપથી કેવળ ધર્મનું સેવન કરવાવાળો જ અસલી લોભી છે.

**પ્રશ્ન :**—આ લોકમાં વિચારશીલ કોણ છે?

**ઉત્તર :**—જે મનમાં નિર્દોષ દેવ-શાસ્ત્ર-ગુરુનો અને ઉત્તમ ધર્મનો વિચાર કરે છે તે, બીજાનો નહીં.

**પ્રશ્ન :**—ધર્માત્મા કોણ છે?

**ઉત્તર :**—જે શ્રેષ્ઠ ઉત્તમ ક્ષમા આદિ દસલક્ષણયુક્ત ધર્મનું પાલન કરે છે, શ્રી જિનેન્દ્રદેવની આજ્ઞાનું પાલન કરવાવાળા બુદ્ધિમાન જ્ઞાની અને વ્રતી છે તે જ ધર્માત્મા છે, બીજું કોઈ નહીં.

**પ્રશ્ન :**—પરલોક જતા સમયે માર્ગનું ભોજન શું છે?

**ઉત્તર :**—દાન, પૂજા, ઉપવાસ, વ્રત, શીલ અને સંયમથી ઉપાર્જન કરવામાં આવેલું નિર્મળ પુણ્ય જ છે તે પરલોકના માર્ગનું ઉત્તમ ભોજન છે.

**પ્રશ્ન :**—આ લોકમાં કોનો જન્મ સફળ છે?

**ઉત્તર :**—જેણે મોક્ષલક્ષ્મીના સુખના પ્રદાતા ઉત્તમ ભેદવિજ્ઞાનને પ્રાપ્ત કરી લીધું તેનો જ જન્મ સફળ છે, બીજાનો નહીં.

**પ્રશ્ન :**—સંસારમાં સુખી કોણ છે?

**ઉત્તર :**—જે બધા જ પરિગ્રહની ઉપાધિઓથી રહિત અને ધ્યાનરૂપી અમૃતનું પાન કરવાવાળા વનમાં રહે છે અર્થાત્ યોગી છે તે જ સુખી છે, અન્ય કોઈ નહીં.

**પ્રશ્ન :**—આ સંસારમાં ચિંતા કઈ વસ્તુની કરવી જોઈએ?

**ઉત્તર :**—કર્મરૂપી શત્રુઓના નાશ કરવાની અને મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાની ચિંતા કરવી જોઈએ, બીજા ઈન્દ્રિય આદિક વિષયસુખોની નહીં.

**પ્રશ્ન :**—મહાન ઉદ્યોગ ક્યા કાર્યમાં કરવો જોઈએ ?

**ઉત્તર :**—મોક્ષ દેવાવાળા રત્નત્રય, તપ, શુભયોગ, સમ્યક્ જ્ઞાન આદિના પાલનમાં મહાન ઉદ્યમ કરવો જોઈએ, ધન એકત્રિત કરવામાં નહીં, કારણ કે ધન તો ધર્મથી પ્રાપ્ત થશે જ.

**પ્રશ્ન :**—મનુષ્યનો પરમ મિત્ર કોણ છે?

**ઉત્તર :**—જે તપ, દાન, વ્રતાદિરૂપ ધર્મને આગ્રહપૂર્વક સમજાવીને પાલન કરાવે અને પાપકર્મને છોડાવે તે ઉત્તમ મિત્ર છે.

**પ્રશ્ન :**—આ સંસારમાં જીવનો શત્રુ કોણ છે?

**ઉત્તર :**—જે હિત કરવાવાળા તપ-દીક્ષા-વ્રત આદિનું પાલન ન કરવા દે તે દુર્બુદ્ધિ પોતાનો અને બીજાનો–બંનેનો શત્રુ છે.

**પ્રશ્ન :**—પ્રશંસા કરવાયોગ્ય શું છે?

**ઉત્તર :**—થોડું ધન હોવા છતાં પણ સુપાત્રને દાન દે, નિર્બળ શરીર હોવા છતાં પણ નિષ્પાપ તપ કરે તે પ્રશંસનીય છે.

**પ્રશ્ન :**—હે મહાદેવી! આપના સમાન મહારાણી કોણ છે?

**ઉત્તર :**—જે ધર્મના પ્રવર્તક, જગતના ગુરુ એવા તીર્થંકર દેવાધિદેવની જનેતા છે તે જ મારા સમાન મહારાણી છે, બીજી કોઈ નહીં.

**પ્રશ્ન :**—પંડિતાઈ શું છે?

**ઉત્તર :**—શાસ્ત્રોને જાણીને ખોટું આચરણ, ખોટું અભિમાન જરાપણ ન કરે અને અન્ય પાપની ક્રિયા પણ ન કરે તે જ પંડિતાઈ છે.

**પ્રશ્ન :**—મૂર્ખતા કોને કહે છે?

**ઉત્તર :**—જ્ઞાનના હિતનું કારણ નિર્દોષ તપધર્મની ક્રિયાને જાણીને આચરણ ન કરવું તે જ મૂર્ખતા છે.

**પ્રશ્ન :**—મોટો ચોર કોણ છે?

**ઉત્તર :**—મનુષ્યના ધર્મરત્નને ચોરવાવાળી, પાપની કર્તા અને અનર્થ કરવાવાળી એવી પાંચ ઈન્દ્રિયો જ ચોર છે.

**પ્રશ્ન :**—આ સંસારમાં શૂરવીર કોણ છે?

**ઉત્તર :**—જે ધૈર્યરૂપી ખડ્ગથી પરિષહરૂપી મહાયોદ્ધાઓનો, કષાયરૂપી શત્રુઓનો તથા કામ-મોહ આદિ શત્રુઓને જીતવાવાળો છે.

**પ્રશ્ન :**—દેવ કોણ છે?

**ઉત્તર :**—જે બધાને જાણવાવાળા, ક્ષુધા આદિ અઢાર દોષોથી રહિત અનંતગુણોના સમુદ્ર, ધર્મના પ્રવર્તક હોય એવા અરિહંતપ્રભુ જ દેવ છે.

**પ્રશ્ન :—**મહાનગુરુ કોણ છે?

**ઉત્તર :—**જે આ સંસારમાં બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારના પરિગ્રહથી રહિત હોય, જગતના ભવ્યજીવોના હિત-સાધનમાં ઉદ્યત હોય અને સ્વયં પણ મોક્ષના ઈચ્છુક હોય તે જ મહાનગુરુ છે, બીજા મિથ્યામતિ ધર્મગુરુ ન હોઈ શકે.

આ પ્રકારે દેવીઓ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર માતાએ ગર્ભસ્થ તીર્થંકર શીશુના પ્રભાવથી આપ્યા. પહેલાં તો મહારાણીની બુદ્ધિ સ્વભાવથી જ નિર્મળ હતી, ઉપરાંત પોતાના ગર્ભમાં ત્રણ જ્ઞાનના ધારક પ્રકાશમાન તીર્થંકરદેવને ધારણ કરવાથી તે અત્યધિક પવિત્ર થઈ ગઈ. મહારાણીના ગર્ભમાં સ્થિત તીર્થંકર બાળકને કોઈ પણ પ્રકારનું કષ્ટ ન થયું, કારણ કે સીપમાં રહેવાવાળા જળબિંદુમાં ક્યારે પણ વિકાર ઉત્પન્ન થતો નથી. એ મહાદેવીના ઉદરની ત્રિવલી પણ ભંગ ન થઈ, પૂર્વમાં જેવું ઉદર હતું તેવું જ રહ્યું, પરંતુ ગર્ભની ક્રમશઃ વૃદ્ધિ થતી ગઈ—આ બધો પ્રભુનો જ પ્રભાવ હતો.

ગર્ભમાં સ્થિત પ્રભુના પ્રભાવથી મહારાણીની મુખાકૃતિ ખૂબ જ શોભાયમાન થઈ ગઈ. તેમને જોઈને એવું પ્રતીત થતું હતું કે માનો તે અસંખ્ય રત્નને ધારણ કરવાવાળી પૃથ્વી જ હોય. અપ્સરાઓની સાથે ઈન્દ્ર દ્વારા મોકલાવેલી ઈન્દ્રાણી જ જેની સેવા કરી રહી હોય તેની કાંતિ અને તેના મુખનું વર્ણન ન કરી શકાય. આ પ્રકારે લગાતાર નવ મહિના સુધી મહાન ઉત્સવ સંપન્ન થતા રહ્યા. જોતજોતામાં નવ મહિના પૂર્ણ થઈ ગયા. શુભ ચૈત્ર મહિનાની સુદ ૧૩ના દિવસે યમણિ નામ યોગમાં અને શુભ લગ્નમાં ત્રિશલા મહારાણીએ અલૌકિક પુત્રને જન્મ આપ્યો. તે પુત્ર પોતાના ઉજ્જ્વળ શરીરની કાંતિથી અંધકારનો વિનાશ કરવાવાળા, જગતનું હિત કરવાવાળા મતિ, શ્રુત, અવધિ—ત્રણેય જ્ઞાનને ધારણ કરવાવાળા, મહાન દૈદીપ્યમાન અને તીર્થના પ્રવર્તક તીર્થંકર થયા.

તેમના જન્મની સાથે સાથે બધી જ દિશાઓ નિર્મળ થઈ ગઈ, આકાશમાં નિર્મળ વાયુ વહેવા લાગ્યો,

સ્વર્ગથી કલ્પવૃક્ષોના પુષ્પોની વર્ષા થઈ અને ચારેય જાતિના દેવોના આસન કંપાયમાન થઈ ગયા. સ્વર્ગમાં વગાડ્યા વિના જ વાજિંત્રોનો અવાજ થવા લાગ્યો, જાણે કે ભગવાનનો જન્મોત્સવ જ ઉજવી રહ્યા હોય. આ ઉપરાંત અન્ય ત્રણેય જાતિના દેવોના મહેલોમાં શંખ, ભેરી આદિના શબ્દો થવા લાગ્યા.

સૌધર્મ સ્વર્ગનો ઈન્દ્ર ભગવાનના જન્મના સમાચાર મેળવી તેમના જન્મકલ્યાણક ઉજવવાનો વિચાર કરવા લાગ્યો. તે સમયે ઈન્દ્રની આજ્ઞાથી દેવોની સેના 'જય જયકાર' કરતી સ્વર્ગથી ઉતરી. તેમની વિશાળ સેના સમુદ્રથી ઊઠતી પ્રચંડ લહેરો સમાન પ્રતીત થતી હતી. ગજરાજ, રથ, ગંધર્વ, નર્તકી, પાયદળ અને બળદ આદિથી યુક્ત સાત પ્રકારની સેના નીકળી. ત્યારબાદ, સ્વર્ગના સ્વામી ઈન્દ્ર પોતાની ઈન્દ્રાણી સહિત ઐરાવત પર આરૂઢ થઈને ચાલ્યા. તેમની ચારે બાજુ દેવોની સેના ફેલાયેલી હતી.

ઈન્દ્રની પાછળ પાછળ વિશાળ વિભૂતિ સાથે સામાનિક દેવ આદિ ચાલી રહ્યા હતા. એ સમયે દુંદુભિ આદિ વાજિંત્રોની ધ્વનિ અને દેવોની જય જયકારથી આખું આકાશ ગુંજવા લાગ્યું. માર્ગમાં કેટલાય દેવો ગીત ગાતા ચાલી રહ્યા હતા, કેટલાય નૃત્ય કરતા હતા અને કેટલાક પ્રસન્નતાથી દોડતા હતા. તેમના છત્ર-ચમર અને ધ્વજાઓથી સમસ્ત આકાશમંડળ આચ્છાદિત થઈ ગયું હતું. તે ચારેય જાતિના દેવો ખૂબ જ વિભૂતિની સાથે ક્રમક્રમથી કુંડલપુર જઈ પહોંચ્યા. તે સમયે આકાશનો ઉપર અને વચ્ચેનો ભાગ દેવ-દેવીઓથી ઘેરાઈ ગયો હતો. રાજમહેલનું પ્રાંગણ ઈન્દ્ર આદિ દેવોથી ભરાઈ ગયું હતું.

ઈન્દ્રાણીએ તત્કાળ પ્રસૂતિગૃહમાં જઈને દિવ્યશરીરધારી કુમાર અને જિનમાતાના દર્શન કર્યા. તે વારંવાર તેમને પ્રણામ કરી જિનમાતાની સામે ઊભી રહીને તેમના ગુણોની પ્રશંસા કરવા લાગી. ઈન્દ્રાણીએ કહ્યું કે 'હે મહાદેવી! આપ ત્રણેય જગતના સ્વામીને જન્મ આપવાના કારણે સમસ્ત વિશ્વની માતા છો અને આપ જ મહાદેવી છો. મહાન દેવને જન્મ આપીને આપે આપનું નામ સાર્થક કરી લીધું છે. સંસારમાં આપની સમાન અન્ય કોઈ સ્ત્રી નથી.'

આ પ્રકારે મહાદેવીની સ્તુતિ કરી ઈન્દ્રાણીએ તેમને નિદ્રિત કરી દીધા. જ્યારે જિનમાતા સૂઈ ગયા ત્યારે ઈન્દ્રાણીએ તેમની પાસે એક માયામયી બાળકને રાખી દીધું અને સ્વયં પોતાના હાથમાં શિશુ ભગવાનને લઈને તેમના શરીરનો સ્પર્શ કર્યો. તે વારંવાર તેમના મુખનું ચુંબન કરવા લાગી. ભગવાનના શરીરથી નીકળતી ઉજ્જ્વળ જ્યોતિને જોઈને તેના હર્ષનો પાર ન રહ્યો. ત્યારબાદ તે બાળક ભગવાનને લઈને આકાશમાર્ગ તરફ ચાલી. તે ભગવાન આકાશમાં ઠીક સૂર્યની જેમ જણાતા હતા. સમસ્ત દિક્કુમારીઓ છત્ર, ધ્વજા, કળશ, ચમર અને સ્વસ્તિક આદિ આઠ માંગલિક દ્રવ્ય લઈને ઈન્દ્રાણીની આગળ આગળ ચાલી રહી હતી.

એ સમયે ઈન્દ્રાણીએ જગતને આનંદ પ્રદાન કરવાવાળા જિનદેવને લાવીને ખૂબ જ પ્રસન્નતાથી ઈન્દ્રને સોંપી દીધા. ભગવાનની અપૂર્વ સુંદરતા અને તેજોમય દીપ્તિ જોઈને દેવોના સ્વામી ઈન્દ્ર તેમની સ્તુતિ કરવા લાગ્યા, 'હે દેવ! આપ અમને પરમ આનંદ પ્રદાન કરવાવાળા બાળ–ચંદ્રમાની જેમ લોકને પ્રકાશ કરવા માટે પ્રગટ થયા છો. હે જ્ઞાની! આપ વિશ્વના સ્વામી ઈન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તીના પણ સ્વામી છો. ધર્મતીર્થના પ્રવર્તક હોવાના કારણે તમે જ બ્રહ્મા છો.

હે દેવ! યોગીરાજ આપને જ્ઞાનરૂપી સૂર્યનો ઉદયાચળ માને છે. આપ ભવ્ય પુરુષોના રક્ષક અને મોક્ષરૂપી સ્ત્રીના પતિ છો, આપ મિથ્યાજ્ઞાનરૂપી અંધકૂપમાં પડેલા અનેક ભવ્ય જીવોને ધર્મરૂપી હાથનો સહારો આપીને ઉદ્ધાર કરવાવાળા છો. સંસારના બધા જ વિચારશીલ વ્યક્તિ આપની અલૌકિક વાણી સાંભળીને પોતાના કર્મોને નષ્ટ કરી પરમ પવિત્ર મોક્ષ પ્રાપ્ત કરશે અને અનેક ભવ્યજીવોને સ્વર્ગની પ્રાપ્તિ થશે. આજે આપના અભ્યુદયથી સંત પુરુષોને ખૂબ જ પ્રસન્નતા થઈ. વાસ્તવમાં આપ જ ધર્મની પ્રવૃત્તિના કારણ છો. તેથી હે દેવ! અમે આપને પ્રણામ કરીએ છીએ, આપની સેવા કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ અને પ્રસન્નતાપૂર્વક કેવળ આપની આજ્ઞાનું પાલન કરીએ છીએ, અન્ય મિથ્યાત્વી દેવોનું નહીં.' આ રીતે દેવોના સ્વામી સૌધર્મ સ્વર્ગના ઈન્દ્ર ભગવાનની સ્તુતિ કરી તેમને ખોળામાં લઈને સુમેરુ પર્વત પર ચાલવા ઉદ્યત થયા. તેમણે અન્ય દેવોને પણ સુમેરુ પર્વત પર ચાલવા આજ્ઞા આપી. તે સમયે બધા દેવોએ 'પ્રભુની જય હો, આનંદની વૃદ્ધિ

હો’ આદિ શબ્દોથી જયજયકાર કર્યો. તેમની ધ્વની સમસ્ત દિશાઓમાં ફેલાઈ ગઈ.

ઈન્દ્રની સાથે સાથે આવેલા દેવ પણ જય જય શબ્દ કરતાં આનંદ મનાવવા લાગ્યા, પ્રસન્નતાથી તેમનું શરીર રોમાંચિત થઈ ગયું. આકાશમાં પ્રભુની સમક્ષ અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, ગંધર્વદેવ પણ વીણા આદિ વાર્જિંત્રોની સાથે ગીતો ગાવા લાગ્યા, દેવોની દુંદુંભીનો આવાજ આખા આકાશમંડળમાં ગુંજી ઊઠ્યો, કિન્નરીઓ હર્ષિત થઈને પોતાના કિન્નરો સાથે જિનદેવનું ગુણગાન કરવા લાગી. તે સમયે બધા દેવો ભગવાનના દર્શન કરી પોતાના જીવનને સાર્થક સમજવા લાગ્યા. તેઓ ઘણા સમય સુધી ભગવાનનું દિવ્યરૂપ જોતાં રહ્યા. ઈન્દ્રના ખોળામાં બિરાજમાન ભગવાનને ઈશાન સ્વર્ગના ઈન્દ્રએ દિવ્ય છત્ર લગાવ્યું, સનતકુમાર અને મહેન્દ્ર સ્વર્ગના ઈન્દ્ર ચમર ઢાળતા ભગવાનની સેવા કરવા લાગ્યા. શ્રી જિનેન્દ્ર ભગવાનની આવી વિભૂતિ જોઈને અનેક દેવોએ એ જ સમયે સમ્યક્ત્વ ધારણ કર્યું. તેમણે ઈન્દ્રના વચનોને પ્રમાણ કર્યા. તે ઈન્દ્ર આદિ દેવો જ્યોતિચક્રને પાર કરી પોતાના શરીરના આભૂષણોના કિરણોથી આકાશને પ્રકાશિત કરતાં જઈ રહ્યા હતા.

પરસ્પર સેંકડો ઉત્સવ મનાવતા તે દેવો ઘણી વિભૂતિ સાથે સુમેરુ પર્વત ઉપર જઈ પહોંચ્યા. એ સુમેરુ પર્વતની ઊંચાઈ નવાણુ હજાર યોજનની છે. પર્વતની શરૂમાં જ ભદ્રશાલ વન છે. તે વનમાં પરકોટા અને ધ્વજાઓથી સુશોભિત કલ્યાણકારક ચાર જિનમંદિર સુશોભિત છે. તે વનની સાડા બાસઠ હજાર યોજનની ઊંચાઈ પર રમણિય સૌમનસ વન છે કે જ્યાં બધી ઋતુઓના ફળ દેવાવાળા એકસો આઠ વૃક્ષ છે અને જિન ચૈત્યાલયોની સંખ્યા ચાર છે.

એ સૌમનસ વનથી છત્રીસ હજાર યોજનની ઊંચાઈ પર ચોથો અને અંતિમ પાંડુક વન છે. ત્યાં જિનચૈત્યાલયોના ઊંચા ઊંચા સમૂહો છે, તે વનની સુંદરતા અપૂર્વ છે. વનની વચ્ચે એક ચૂલિકા છે, તે ચાલીસ યોજન ઊંચી છે. તે ચૂલિકા ઉપર સ્વર્ગ છે. મેરુની ઈશાન દિશામાં સો યોજન લાંબી, પચાસ યોજન પહોળી આઠ યોજન ઊંચી એક પાંડુક નામની શિલા છે. તે શિલા ચંદ્રમા સમાન સુશોભિત છે. છત્ર, ચમર, સ્વસ્તિક, દર્પણ, કલશ, ધ્વજા, ઠૌના, પંખા—આ આઠ મંગલ દ્રવ્ય એ શિલા ઉપર રાખેલા હતા. શિલાના મધ્યભાગમાં

વૈડૂર્યમણિ સમાન એક રંગીન સિંહાસન છે; તેની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ અડધા યોજન પ્રમાણ છે. જિનેન્દ્રભગવાનના સ્નાનજળથી પવિત્ર થયેલ રત્નોના તેજથી તે સિંહાસન એવું પ્રતીતિ થતું હતું કે માનો સુમેરુનું બીજું શિખર જ હોય! તેની ઠીક દક્ષિણ બાજુ બીજું સિંહાસન સૌધર્મ ઈન્દ્રનું છે અને ઉત્તર દિશા તરફ ઈન્દ્રને બેસવાનું આસન છે. સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રએ અન્ય દેવોની સાથે મહોત્સવ સંપન્ન કરતા સ્નાન કરાવવાના ઉદ્દેશ્યથી ભગવાનને એ જ શિલા ઉપર બિરાજમાન કર્યા. દેવરાજે સર્વપ્રથમ એ પર્વતરાજની પરિક્રમા કરી. આ પ્રકારે દેવેન્દ્રોએ પુણ્યોદયથી ઘણી વિભૂતિ સાથે વર્તમાનકાળના અંતિમ તીર્થંકર શિશુને શિલા ઉપર બિરાજમાન કર્યા.

ભવ્યજીવો જો એવી અતુલનીય સંપદા અને અપરંપાર સુખની આકાંક્ષા રાખતા હોય તો તેમણે સોલહકારણ ભાવનાઓના ચિંતવનથી નિર્મળ પુણ્યનું ઉપાર્જન કરવું જોઈએ. તીર્થંકર સમાન અક્ષુણ્ણ સંપદા પ્રાપ્ત કરવામાં પુણ્ય જ સહાયક થાય છે. પુણ્યથી આ જગતમાં પવિત્રતાની વૃદ્ધિ થાય છે. પુણ્યથી અતિરિક્ત આ જગતમાં બીજી કોઈ વસ્તુ સુખ પ્રદાન કરવાવાળી નથી. આ પુણ્યનું મૂળ કારણ વ્રત છે. જીવોને પુણ્યના બળથી જ અનેક ગુણોની પ્રાપ્તિ થયા કરે છે.

✿ જગતમાં બે જ પદાર્થ છે, હોનહાર અને પુરુષાર્થ! તેમાં હોનહાર જ પ્રબળ છે; જે પુરુષાર્થનો ગર્વ કરે છે તેને ધિક્કાર છે!! **—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય નવમો

**દશ્ય દેખ અભિષેક કા, હર્ષિત દેવ સમાજ,**
**વિવિધ ભાંતિ ઉત્સવ કરેં, સજ્જિ-સજ્જિ અનુષમ સાજ.**

શ્રી જિનેન્દ્ર ભગવાનના મહાન અભિષેકને જોવાની ઈચ્છા રાખવાવાળા દેવો એ પર્વતને ઘેરીને બેસી ગયા. દિક્પાલ દેવ પોતાની મંડળીને સાથે લઈને પોતાની દિશામાં બેસી ગયા. એ સ્થાન પર દેવશિલ્પીઓએ એક એવા મંડપનું નિર્માણ કર્યું હતું કે જેમાં બધા જ દેવ સુખપૂર્વક બેસી શકતા હતા. મંડપમાં અહીં તહીં કલ્પવૃક્ષની માળા લટકી રહી હતી. એ માળાઓ ઉપર બેઠેલા ભમરા એ પ્રકારે ગુંજી રહ્યા હતા કે માનો પ્રભુનું ગુણગાન જ કરી રહ્યા હોય.

ગંધર્વદેવ અને કિન્નરીઓએ ઘણા જ સુમધુર સ્વરમાં જિનદેવના કલ્યાણકારી ગુણોનું ગાન શરૂ કર્યું, અનેક દેવીઓ હાવભાવપૂર્વક નૃત્ય કરવા લાગી, દેવોના વિવિધ પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા, કેટલાક દેવો પુણ્યની અભિલાષાથી પુષ્પોની વર્ષા કરવા લાગ્યા. ત્યારબાદ ઈન્દ્રએ અભિષેક કરવા માટે પ્રસ્તાવ રાખી કળશોની રચના કરી. કળશનિર્માણ-મંત્ર જાણવાવાળા સૌધર્મ ઈન્દ્રે મોતીઓની માળા અને ચંદનથી યુક્ત કળશને હાથમાં લીધો અને બધા કલ્પવાસી દેવો જય જય શબ્દ કરતાં કલ્યાણકસંબંધી કાર્ય કરવા લાગ્યા. ઈન્દ્રાણી અને દેવીઓ પણ કલ્યાણકસંબંધી કાર્ય કરવામાં સંલગ્ન થઈ ગઈ. તેમના હર્ષનો પાર ન હતો. 'સ્વયંભૂ' ભગવાનનું શરીર સ્વભાવથી જ પવિત્ર છે, તેમના રક્તનો રંગ દૂધ સમાન શ્વેત છે, તેથી તેમના માટે ક્ષીર સમુદ્રના જળથી અતિરિક્ત અન્ય કોઈ જળ સ્પર્શ કરાવવું ઉચિત નથી એમ વિચારી તે દેવો પર્વતથી લઈને ક્ષીરસમુદ્ર સુધી લાઈન લગાવીને ઊભા રહી ગયા. એ સમયે ઈન્દ્રએ શ્રી જિનેન્દ્રને સ્નાન કરાવવા માટે

મોતીઓના હારથી સુશોભિત આઠ યોજન ઊંડા અને એક યોજન મોઢાવાળા સુવર્ણમય કળશને પકડવાના ઉદ્દેશ્યથી દિવ્ય આભૂષણોથી યુક્ત એક હજાર હાથ બનાવ્યા, તે સમયે ઈન્દ્રની શોભા જોવા જેવી હતી. એક હજાર હાથથી એક હજાર કળશ પકડેલા ઈન્દ્ર એવા લાગતા હતા કે માનો તે 'ભાજનાંગ' જાતિનું કલ્પવૃક્ષ જ હોય. સૌધર્મ ઈન્દ્રે જય જય શબ્દનો ગંભીર ઉચ્ચારણ કરતાં ભગવાનના મસ્તક ઉપર પહેલી ધારા કરી. એ સમયે અન્ય દેવો પણ જય હો, જય હો આદિ જયઘોષ કરવા લાગ્યા. તેમના ગંભીર અવાજથી પર્વતરાજ ઉપર ખૂબ કોલાહલ મચી ગયો. બીજા દેવેન્દ્રો પણ સૌધર્મ ઈન્દ્રની સાથે ભગવાનના મસ્તક ઉપર ગંગાની તીવ્ર ધારા સમાન જલધારા કરવા લાગ્યા.

એ જલધારા ખૂબ જ તીવ્ર ગતિથી ભગવાનના મસ્તક પર પડવા લાગી. તે ધારા જો કોઈ બીજા પહાડ પર પડતી તો તેના ખંડ ખંડ થઈ જાત, પરંતુ અતુલ બળશાળી હોવાથી ભગવાનના શરીર પર પુષ્પસમાન સુકોમળ અનુભૂત થઈ. જળના છાંટા આકાશમાં ખૂબ ઊંચા ઉછળતા એવા પ્રતીત થતા હતા કે માનો તે ભગવાનના શરીરનો સ્પર્શ કરવાથી પાપોથી મુક્ત થઈને ઊર્ધ્વગતિમાં જઈ રહ્યા છે. સ્નાનના જળથી કેટલાય છાંટાઓ મોતી સમાન જણાતા હતા. સ્નાનજળનો એ ઊંચો પ્રવાહ એ પર્વતરાજમાં એવા વેગથી વહ્યો કે એ જોતા એવું લાગતું હતું કે પર્વતરાજને ખંડ ખંડ કરી દેશે. ભગવાનના સ્નાનના જળથી ડૂબેલી વનસ્થળી એવી દેખાવા લાગી કે માનો તે બીજો ક્ષીર સમુદ્ર જ હોય. મહાન ઉત્સવથી સંપન્ન, નૃત્યગીત આદિથી યુક્ત એ સમયનું દૃશ્ય જોઈને દેવોના આનંદની સીમા ન રહી. ઈન્દ્રએ આત્મશુદ્ધિ માટે ભગવાનને શુદ્ધ સ્નાન કરાવ્યું. સ્નાનની જલધારા ભગવાનના શરીરનો સ્પર્શ કરીને અત્યંત પવિત્ર થઈ ગઈ. અપાર પુણ્ય પ્રાપ્ત કરવાવાળી અને સંસારની સમસ્ત ઈચ્છાઓની પૂર્તિ કરવાવાળી એ જલધારા મને અને ભવ્યજીવોને મોક્ષલક્ષ્મી પ્રદાન કરે. જે જલધારા પુણ્યાસ્રવ–જળધારા સમાન મનવાંછિત પદાર્થો પ્રદાન કરવાવાળી છે તે સમસ્ત ભવ્યજીવોને ઈચ્છિત વસ્તુ પ્રદાન કરે. તે જલધારા તીક્ષ્ણ ખડ્ગ સમાન સત્પુરુષના વિઘ્નનો નાશ કરી નાખે છે, તે દુઃખ અને અસહ્ય વેદનાની નાશ કરવાવાળી છે. જે જલધારા ભગવાનના શરીરને સ્પર્શીને પવિત્ર થઈ ગઈ છે તે અમારા દુઃખ-

કર્મરૂપી મેલને દૂર કરી અમને પવિત્ર કરે'. એ પ્રકારે દેવોના અધિપતિએ ભગવાનનો અભિષેક કરી 'ભવ્યોને શાંતિ હો' એવું કહ્યું. એ સુગંધિત જળ–ગંધોદકને દેવોએ પોતાની શુદ્ધિ માટે મસ્તક ઉપર લગાડ્યું.

અભિષેકનો ઉત્સવ સંપન્ન થયા બાદ, ઈન્દ્રએ દેવતાઓ દ્વારા પૂજવામાં આવેલા એ ભગવાન મહાવીરની દિવ્ય ગંધ, મોતીઓના અક્ષત, કલ્પવૃક્ષના પુષ્પ, અમૃતના પિંડરૂપી નૈવેદ્ય, રત્નોના દીપ, અષ્ટાંગ ધૂપ, કલ્પવૃક્ષના ફળ, અર્ઘ, પૂજાંજલિ આદિથી પૂજા કરી. આ પ્રકારે ઈન્દ્રએ ઘણી ભક્તિપૂર્વક ભગવાનની પ્રાર્થના કરતાં અભિષેક ઉત્સવ સંપન્ન કર્યો. ફરી ઈન્દ્રએ ઈન્દ્રાણી અને અન્ય દેવોની સાથે ભગવાનને પ્રણામ કર્યા. તે સમયનું પ્રાકૃતિક દશ્ય ખૂબ જ મનોરમ હતું. આકાશથી સુગંધિત જળની સાથે પુષ્પોની વર્ષા થવા લાગી. દેવોએ મંદ સુગંધિત અને શીતળ વાયુ પ્રવાહિત કર્યો. વાસ્તવમાં જિનપ્રભુના જન્માભિષેકનું સિંહાસન સુમેરુ પર્વત છે અને સ્નાન કરાવવાવાળા ઈન્દ્ર છે, મેઘ સમાન જળથી ભરેલા કળશ છે, સ્વયં દેવીઓ નૃત્ય પ્રસ્તુત કરવાવાળી છે, સ્નાન માટે ક્ષીરસમુદ્રનું જળ છે અને દેવો સેવક છે એવા જન્માભિષેકની મહિમાનું કોણ કેવી રીતે વર્ણન કરી શકે? અર્થાત્ કોઈ ન કરી શકે.

અભિષેક કરાયેલા ભગવાન શિશુના સર્વાંગને ઈન્દ્રાણીએ ઉજ્જ્વળ વસ્ત્રથી સાફ કર્યા બાદ, તેણે ભક્તિપૂર્વક સુગંધિત દ્રવ્યોનું લેપન કર્યું. જોકે પ્રભુ ત્રણ જગતના તિલક હતા, છતાં પણ ભક્તિવશ તેણે તેમના મસ્તક પર તિલક કર્યું. જગતના ચૂડામણિ ભગવાનના મસ્તક પર ચૂડામણિ રત્ન બાંધવામાં આવ્યું. જોકે ભગવાનના નેત્ર સ્વભાવથી જ કાળા હતા છતાં પણ લોકવ્યવહાર દેખાડવા માટે તેમના નેત્રોમાં ઈન્દ્રાણીએ અંજન લગાવ્યું. ભગવાનના કાનમાં ઈન્દ્રાણીએ રત્નોના કુંડલ પહેરાવ્યા. પ્રભુના કંઠમાં રત્નોનો હાર, ભૂજામાં બાજુબંધ, હાથના પહોંચામાં કડા અને આંગળીઓમાં અંગૂઠી પહેરાવી. કમરમાં નાની ઘંટડીઓવાળી મણિઓની કરધની પહેરાવી કે જેના તેજથી બધી દિશાઓ વ્યાપ્ત થઈ ગઈ. પ્રભુના પગમાં ગોમુખી કપડા પહેરાવવામાં આવ્યા. આ પ્રકારે અસાધારણ દિવ્ય વસ્ત્રાભૂષણોથી અને સ્વાભાવિક ગુણોથી પ્રદીપ્ત તે પ્રભુ એવા પ્રતીત થવા લાગ્યા જાણે કે લક્ષ્મીના પૂંજ જ હોય.

ભગવાનનું દિવ્ય શરીર આભૂષણોથી દ્વિગુણીત શોભાયમાન થઈ ગયું. આભૂષણોથી સજેલા ઈન્દ્રની ગોદમાં બિરાજમાન શ્રી મહાવીર પ્રભુને જોઈને ઈન્દ્રાણીને ખૂબ જ આશ્ચર્ય થયું. ઈન્દ્રને પણ ખૂબ જ આશ્ચર્ય થયું. બે નેત્રોથી તેમને જોવામાં જ્યારે ઈન્દ્રને તૃપ્તિ ન થઈ ત્યારે તેણે પોતાના હજાર નેત્ર કરી લીધા. અન્ય દેવ-દેવીઓ પણ ભગવાનની રૂપસુધાનું પાન કરી અત્યંત હર્ષિત થયા.

ત્યારબાદ, સૌધર્મ સ્વર્ગના ઈન્દ્ર પ્રભુની સ્તુતિ કરવા પ્રસ્તુત થયો. તે તીર્થંકરના પુણ્યથી ઉત્પન્ન તેમના ગુણોની પ્રશંસા કરવા લાગ્યો. તેણે કહ્યું કે 'હે દેવ! વિના સ્નાન કર્યે જ આપનું સર્વાંગ પવિત્ર છે, પરંતુ મેં પોતાના પાપોની શાંતિ માટે આજે ભક્તિપૂર્વક આપને સ્નાન કરાવ્યું છે. આપ ત્રણેય જગતના આભૂષણ છો, પરંતુ મેં મારા સુખની પ્રાપ્તિ માટે આપને આભૂષણોથી વિભૂષિત કર્યા છે. હે પ્રભો! આપની મહાન સત્તા આજ આખા સંસારમાં આપના પ્રભાવનો વિસ્તાર કરી રહી છે. હે દેવ! કલ્યાણની કામના રાખવાવાળા લોકોનું કલ્યાણ આપના દ્વારા જ થશે. આપ મોહમાં ફસાયેલી વ્યક્તિઓ માટે સહારા છો, આપની અમૃતમયી વાણી મોહશત્રુનો વિનાશ કરશે. આપ ધર્મતીર્થરૂપી નૌકા દ્વારા ભવ્યજીવોને સંસારસમુદ્રથી પાર ઉતારશો. હે નાથ! આપના વચનરૂપી કિરણો જીવોના મિથ્યાજ્ઞાનરૂપી અંધકારનો સર્વથા વિનાશ કરશે તેમાં સંદેહ નથી. હે સ્વામિન! આપ કેવળ મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશ્યથી ઉત્પન્ન નથી થયા, પરંતુ આપનો ઉદ્દેશ્ય મોક્ષની આકાંક્ષા રાખવાવાળા જીવોને મોક્ષમાર્ગ દેખાડવાનો છે. આપ સમ્યગ્દર્શન આદિ રત્નત્રયની વર્ષા કરતાં થકા સત્પુરુષોને નિર્મળ બનાવશો. આપે જન્મ ધારણ કરવો સર્વથા સ્તુત્ય છે.

હે મહાભાગ! મોક્ષરૂપી સ્ત્રી આપમાં આસક્ત થઈ રહી છે, ભવ્યજીવ તો આપની પ્રતિક્ષા કરતાં જ રહે છે, તેઓ ઘણા પ્રેમ અને ભક્તિપૂર્વક આપની ચરણસેવમાં સંલગ્ન છે; તેઓ આપને મોહરૂપી મહાયુદ્ધના વિજેતા, શરણમાં આવેલાના રક્ષક, કર્મરૂપી શત્રુઓના વિનાશક અને મોક્ષમાર્ગ પ્રશસ્ત કરવાવાળા માને છે. હે પ્રભો! વાસ્તવમાં આજે અમે આપનો જન્માભિષેક કરી અત્યંત કૃતાર્થ થઈ ગયા છીએ અને આપનો ગુણાનુવાદ કરવાથી અમારુ મન અત્યંત નિર્મળ થઈ ગયું છે.

હે ગુણોના અગાધ સાગર! આપની સ્તુતિ કરવાથી અમારો જન્મ સફળ થઈ ગયો અને આપની દેહસેવાથી અમારું શરીર પણ સફળ થઈ ગયું. જેવી રીતે ખાણથી નીકળેલા રત્નનું સંશોધન કરવાથી તેમાં વધારે ચમક આવી જાય છે, તેવી રીતે આપ સ્નાન આદિથી ખૂબ જ સુશોભિત થઈ રહ્યા છો. હે નાથ! આપ સમસ્ત સંસારના નાથ છો અને આપ કોઈ કારણ વિના જ લોકહિતચિંતક છો. પરમાનંદ પ્રદાન કરવાવાળા હે વિભો! આપને શત્ શત્ પ્રણામ છે. ત્રણ જ્ઞાનરૂપી નેત્રોના ધારક આપને વારંવાર પ્રણામ છે.

ધર્મતીર્થના પ્રવર્તક હે ભગવાન્! ઉત્તમ ગુણોના સાગર અને મળ-સ્વેદ આદિથી રહિત શરીર ધારણ કરવાવાળા આપને પ્રણામ છે. હે દેવ! નિર્વાણનો માર્ગ દેખાડવાવાળા, કર્મરૂપી શત્રુઓના સંહારક, પંચેન્દ્રિયોના મોહને પરાસ્ત કરવાવાળા, પંચકલ્યાણકોના ભાગી, સ્વભાવથી નિર્મળ, સ્વર્ગ-મોક્ષ પ્રદાન કરવાવાળા, અનંત મહિમાથી મંડિત, વિના સ્વાર્થે સમસ્ત સંસારી જીવોનું હિત કરવાવાળા, મોક્ષરૂપી ભાર્યાના સ્વામી, સંસારનો અંધકાર નષ્ટ કરવાવાળા, ત્રણ જગતના સ્વામી અને સત્પુરુષોના ગુરુ આપને હાથ જોડીને પ્રણામ છે.

હે દેવ! હું આપની સ્તુતિ એટલા માટે નથી કરતો કે મને ત્રણે જગતની સંપદા પ્રાપ્ત થાય, પરંતુ મને એવી સંપદા પ્રદાન કરો કે જેથી મને મોક્ષનો માર્ગ સુલભ થાય. વાસ્તવમાં આ સંસારમાં આપના સમાન અન્ય કોઈ દાતા નથી.' આ પ્રકારે શ્રી મહાવીર ભગવાનની સ્તુતિ કરી સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રએ વ્યવહારની પ્રસિદ્ધિ માટે તેમના બે નામ રાખી દીધા—કર્મશત્રુ પર વિજય પ્રાપ્ત કરવાના કારણે 'શ્રી મહાવીર' અને સદ્ગુણોની વૃદ્ધિ થવાથી 'વર્દ્ધમાન'. આ પ્રકારે ભગવાનનું નામકરણ કરી ઈન્દ્રએ દેવોની સાથે તેમને ઐરાવત હાથી ઉપર બેસાડીને કુંડલપુર તરફ પ્રસ્થાન કર્યું. દેવોની મંડળી ખૂબ ઉત્સવ સાથે કુંડલપુરમાં આવી પહોંચી. એ સમયે આખું નગર દેવ-દેવીઓથી ભરાઈ ગયું હતું. ત્યારબાદ ઈન્દ્રએ થોડા દેવોને સાથે લઈને રાજભવનમાં પ્રવેશ કર્યો. ત્યાં અત્યંત રમણીય મહેલના પ્રાંગણમાં રત્નોના સિંહાસન પર શિશુ ભગવાનને બિરાજમાન કર્યા. પોતાના બંધુ-બાંધવોની સાથે મહારાજ સિદ્ધાર્થ અનુપમ ગુણ-કાંતિયુક્ત પુત્રને જોવા લાગ્યા.

ઈન્દ્રાણીએ જઈને માયામયી નિદ્રામાં લીન મહારાણીને જગાડ્યા, તેમણે ઘણા જ પ્રેમથી આભૂષણોથી

યુક્ત અપૂર્વ કાંતિવાન પુત્રને જોયો. ઈન્દ્રાણી સહિત ઈન્દ્રને જોઈને જગતપિતાની માતાને ખૂબ જ પ્રસન્નતા થઈ. તેઓ સમજી ગયા હતા કે આજે અમારો મનોરથ સિદ્ધ થઈ ગયો. ત્યારબાદ બધા દેવોએ મળીને માતા-પિતાને વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરી તેમની વિધિવત્ પૂજા કરી. ઈન્દ્રએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક માતા-પિતાની સ્તુતિ કરી. તેમણે કહ્યું કે 'આપ બંને સંસારમાં ધન્ય છો, આપ શ્રેષ્ઠ પુણ્યવાન અને ચરાચરમાં પ્રધાન છો, આપ વિશ્વના સન્માનનીય અને વિશ્વના માતા-પિતા છો, ત્રણ લોકના નાથને ઉત્પન્ન કરવાના કારણે આજે આપની માન્યતા આખા સંસારમાં છે. આપની કીર્તિ અક્ષુણ્ણ છે, કારણ કે ભવિષ્યમાં બધાનો ઉપકાર અને કલ્યાણ થવામાં આપ બંને સહભાગી છો. આજથી આપનું આ ઘર ચૈત્યાલય સમાન થઈ ગયું છે અને ગુરુ–તીર્થંકરના સંબંધથી આપ અમારા પૂજ્ય અને માનનીય છો.' આ પ્રકારે માતા-પિતાની સ્તુતિ કરી અને ભગવાનને તેમને સોંપીને સુમેરુ પર્વત પરના અભિષેક મહોત્સવનું બધુ જ વર્ણન કર્યું. તે બંને તથા સમસ્ત સભાજનો જન્માભિષેકનું વિવરણ સાંભળી અત્યંત પ્રસન્ન થયા તથા તેમના આનંદની સીમા ન રહી. ઈન્દ્રની સંમતિથી માતા-પિતાએ બંધુવર્ગની સાથે ભગવાનનો જન્મોત્સવ સંપન્ન કર્યો. સર્વપ્રથમ શ્રી જિનમંદિરમાં ભગવાનની અષ્ટદ્રવ્યોથી પૂજા કરવામાં આવ્યા બાદ, બંધુઓ અને દાસ-દાસીઓને અનેક પ્રકારનું દાન દેવામાં આવ્યું, કેદી અને ગરીબ અનાથોને તેમની યોગ્યતા અનુસાર તેમને દાન દઈને તેમને સંતુષ્ટ કરવામાં આવ્યા, નગરને તોરણ અને માળાઓથી ખૂબ સજાવવામાં આવ્યું, વાજિંત્રો અને શંખના ગંભીર અવાજ થવા લાગ્યા. આવા જ નૃત્ય-ગીત આદિ સેંકડો ઉત્સવોથી તે નગર સ્વર્ગ સમાન પ્રતીત થવા લાગ્યું.

આ ઉત્સવથી નગરની પ્રજા અને કુટુંબીજનોને ખૂબ જ પ્રસન્નતા થઈ. નગરજનોને પ્રસન્નતા પ્રગટ કરતાં જોઈને દેવેન્દ્રે પણ પ્રસન્નતા પ્રગટ કરી. તે સમયે ઈન્દ્રએ પ્રભુની સેવામાં દેવીઓની સાથે ત્રિવર્ગસાધક ફળનું પ્રદાન કરવાવાળું દિવ્ય નૃત્ય-નાટક શરૂ કર્યું. ઈન્દ્રનું નૃત્ય શરૂ થતાં ગંધર્વદેવોએ વાજિંત્રો અને ગાન શરૂ કર્યું. રાજા સિદ્ધાર્થ નવજાત પુત્રને ગોદમાં લઈને બેઠા અને અન્ય રાણીઓ તેમની આસપાસ બેઠી. શરૂમાં ઈન્દ્રએ જન્માભિષેક સંબંધી દૃશ્ય દેખાડ્યું. ફરી જિનેન્દ્રના પૂર્વજન્મના અવતારોને નાટકની જેમ દેખાડતા અને

નૃત્ય કરતાં ઈન્દ્ર કલ્પવૃક્ષ સમાન પ્રતીત થઈ રહ્યો હતો. રંગભૂમિની ચારે તરફ નૃત્ય કરતો તે ઈન્દ્ર વિમાનની જેમ શોભાયમાન થયો.

આ તરફ ઈન્દ્રનું તાંડવ નૃત્ય ચાલી રહ્યું હતું અને આ બાજુ દેવગણ ભક્તિવશ ઈન્દ્ર પર પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા. ઈન્દ્ર અનેક રસોથી મંડિત તાંડવ નૃત્ય કરી રહ્યા હતા. હજારો હાથવાળા ઈન્દ્રના નૃત્યથી પૃથ્વી ચંચળ થઈ ગઈ. ઈન્દ્ર ક્યારેક એકરૂપ અને ક્યારેક અનેકરૂપ, ક્યારેક સ્થૂળ અને ક્યારેક સૂક્ષ્મરૂપ ધારણ કરી લેતો હતો. ક્ષણમાં નજીક અને ક્ષણમાં દૂર અને ક્ષણમાં આકાશમાં પહોંચી જતો હતો. આ પ્રકારે તે નૃત્ય-નાટ્ય ખૂબ જ મનોરંજક અને પ્રભાવ ઉત્પાદક થયું, સાથે સાથે દેવાંગનાઓના નૃત્ય પણ ખૂબ જ આકર્ષક થયા. તે લયની સાથે ગાતી અને હાવભાવપૂર્વક નૃત્ય કરતી હતી. તેમાંથી કેટલીક તો ઐરાવત ગજરાજ ઉપર બિરાજમાન ઈન્દ્રના હાથમાંથી નીકળતી અને કેટલીક ફરી પ્રવેશ કરતી કલ્પવેલ સમાન પ્રતીત થતી હતી. અનેક અપ્સરાઓ ઈન્દ્રની હસ્તાંગુલી ઉપર પોતાની નાભિ રાખીને નૃત્ય કરવા લાગી. ઈન્દ્રની પ્રત્યેક ભૂજા પર નૃત્ય કરતી અનેક અપ્સરાઓ બધાને પ્રસન્ન કરવા લાગી.

અપ્સરાઓ પ્રત્યક્ષ અને પરોક્ષ બંને પ્રકારે નૃત્ય કરતી હતી. આ પ્રકારે નૃત્યમાં સંમિલિત ઈન્દ્ર ચતુર જાદુગર લાગતો હતો. ઈન્દ્રની બધી જ કળા એ નર્તકી દેવીઓમાં વહેંચાઈ ગઈ. વિક્રિયાઋદ્ધિથી નૃત્ય કરતો ઈન્દ્ર ભગવાનના માતા-પિતા આદિ સમસ્ત દર્શકોને મંત્રમુગ્ધ કરવા લાગ્યો.

ત્યારબાદ શ્રી જિનેન્દ્રદેવની સેવા માટે અનેક દેવીઓ તથા અસુરકુમાર દેવોને ત્યાં રાખીને ઈન્દ્ર શેષ દેવો સાથે ખૂબ જ પ્રસન્નતાપૂર્વક સ્વર્ગમાં ચાલ્યો ગયો. આ રીતે, પુણ્યના ફળસ્વરૂપ તીર્થંકરસ્વામી સંપૂર્ણ સંપદાઓથી પૂર્ણ થયા. તેથી, ભવ્યજીવોએ સદાય ધર્મનું પાલન કરતાં રહેવું જોઈએ.

# અધ્યાય દસમો

**ધર્મ પ્રવર્તક વીર પ્રભુ! કરતા તુમ્હેં પ્રણામ;**
**કરો નષ્ટ મેરે સભી, ક્રોધ-મોહ-મદ-કામ.**

જેમના દ્વારા કામક્રોધાદિ અંતરંગ શત્રુ જીતી લેવામાં આવ્યા છે, જે ત્રણ જગતના હિતચિંતક અને અનંતગુણોના સમુદ્ર છે એ શ્રી મહાવીરસ્વામીના ચરણકમળમાં શતશઃ પ્રણામ છે.

પૂર્વના અધ્યાયમાં કહેવામાં આવ્યું કે ભગવાનની સેવામાં સૌધર્મ ઈન્દ્ર અનેક દેવીઓને રાજમહેલમાં નિયુક્ત કરી ગયા હતા એમાંથી કેટલીક ધાયનું કામ કરતી હતી, કેટલીક વસ્ત્ર આભૂષણ આદિથી તેમના અંગોને સજાવતી, કેટલીક અનેક પ્રકારના રમકડાઓથી તેમનું વિશેષ મનોરંજન કરતી હતી. જ્યારે તે દેવીઓ તેમને સંબોધન કરીને બોલાવતી ત્યારે ભગવાન હસતાં તેમની પાસે ચાલ્યા જતા હતા. તીર્થંકર ભગવાન ચંદ્રકળાની જેમ વધવા લાગ્યા. તેમની બાળસુલભ ચપળતાથી માતા-પિતાને ખૂબ જ આનંદ થતો હતો.

જ્યારે તેમની અવસ્થા થોડી વધી તો તેમના મુખથી સરસ્વતીની જેમ વાણી નીકળવા લાગી. રત્નજડિત ભૂમિ પર ચાલતા તેમના આભૂષણો સૂર્યના કિરણોની જેમ ચમકતા હતા અને તે સ્વયં કિરણોથી પરિવેષ્ટિત સૂર્ય સમાન લાગતા હતા. તેમની ક્રિડા માટે દેવ સ્વયં ગજરાજ, ઘોડા આદિનું કૃત્રિમરૂપ લેતા હતા. તેઓ એમની સાથે ક્રીડા કર્યા કરતા હતા. આ પ્રકારે વિભિન્ન ક્રિડાઓથી સ્વયં પ્રસન્ન થઈને બીજાઓને પ્રસન્ન કરતા તે ભગવાન કુમાર અવસ્થાને પ્રાપ્ત થયા. પૂર્વમાં તેમનું જે ક્ષાયિક સમ્યક્ત્વ હતું તેમનાથી તેમને સમસ્ત પદાર્થોનું જ્ઞાન સ્વતઃ થઈ ગયું.

આ સમયે પ્રભુના દિવ્ય શરીરમાં મતિ-શ્રુત-અવધિ આદિ જ્ઞાન વૃદ્ધિને પ્રાપ્ત થયું. તેમને સમસ્ત કળાઓ અને વિદ્યાઓ સ્વતઃ પ્રાપ્ત થઈ ગઈ. તેથી તે પ્રભુ મનુષ્યો તથા દેવો માટે ગુરુ સમાન થઈ ગયા, પરંતુ તેમના કોઈ ગુરુ ન હતા. આઠ વર્ષમાં ભગવાને બાર વ્રત ગ્રહણ કર્યા. પ્રભુનું શરીર સ્વેદરહિત, કાંતિવાન અને મળમૂત્ર આદિથી રહિત સ્વર્ણ સમાન હતું. શ્વેત રુધિરયુક્ત અને મહાન સુગંધિત આઠ લક્ષણોથી તે શોભાયમાન હતા. આગળ ચાલીને ભગવાન વજ્રવૃષભનારાચ સંહનન અને સમચતુરસ્ર સંસ્થાનવાળા ઉત્તમ રૂપયુક્ત અને વિશાળકાય બળવાન પુરુષ થયા.

તેઓ બધાના હિતકારક અને કર્ણમધુર શબ્દોનું ઉચ્ચારણ કરતા હતા. આ પ્રકારે જન્મથી જ દિવ્ય દશ અતિશયોથી યુક્ત, ધીરજ આદિ અપરીમિત ગુણ-કીર્તિ-કળા-વિજ્ઞાન આદિ બધાથી તેઓ સુશોભિત હતા. તેમના શરીરનો વર્ણ તપાવેલા સ્વર્ણ જેવો હતો. તેઓ દિવ્યદેહના ધારક ધર્મની પ્રતિમૂર્તિ સમાન જગતના ધર્મગુરુ હતા.

એક દિવસની ઘટના છે કે ઈન્દ્રએ પોતાની સભામાં ભગવાનની દિવ્યકથા પર ચર્ચા કરી. તેઓ કહેવા લાગ્યા કે ‘જુઓ, વીર જિનેશ્વર તો કુમાર અવસ્થામાં જ ધીર-વીરોમાં અગ્રણી, અતુલ પરાક્રમી, દિવ્ય રૂપધારી અને અનેક ગુણોના ધારી સાંસારિક ક્ષેત્રોમાં ક્રીડા કરતા કેટલા મનોજ્ઞ પ્રતીત થાય છે.’ એ સ્થાન પર સંગમ નામનો એક દેવ બેઠો હતો. દેવોની વાત સાંભળીને ભગવાની પરીક્ષા લેવા માટે તે સ્વર્ગથી નીકળ્યો. તે દેવ તે વનમાં આવ્યો કે જ્યાં પ્રભુ અન્ય રાજપુત્રોની સાથે ક્રીડા કરી રહ્યા હતા. તે દેવે પ્રભુને ડરાવવાના ઉદ્દેશ્યથી કાળા સર્પનું વિકરાળ રૂપ બનાવ્યું. તે વૃક્ષના થડથી લઈ ટોચ સુધી વીંટળાઈ ગયો. તે સર્પના ભયથી અન્ય રાજકુમાર વૃક્ષથી કૂદીને દૂર ભાગી ગયા. કુમાર મહાવીર જરાપણ ભયભીત ન થયા. તે એ વિકરાળ સર્પના ઉપર સવાર થઈને ક્રીડા કરવા લાગ્યા. એવું લાગતું હતું કે જાણે તે માતાની ગોદમાં જ ક્રીડા કરી રહ્યા હોય! કુમારનું ધૈર્ય જોઈ સર્પરૂપી દેવ ખૂબ જ આશ્ચર્ય પામ્યો. તે પ્રગટ થઈને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. તેણે ખૂબ જ નમ્ર શબ્દોમાં કહ્યું કે ‘હે દેવ! આપ સંસારના સ્વામી છો, આપ મહાન ધીર-વીર છો,

આપ કર્મરૂપી શત્રુના વિનાશક તથા સમગ્ર જીવોના રક્ષક છો. હે દેવ! આપના અતુલ પરાક્રમથી પ્રગટ થયેલી કીર્તિ સ્વચ્છ ચાંદની સમાન લોકના કણકણમાં વિસ્તૃત થઈ રહી છે. આપનું નામ સ્મરણ કરવામાત્રથી જ પ્રયોજનોની સિદ્ધિ કરાવાવાળું ધૈર્ય પ્રાપ્ત થાય છે. અત્યંત દિવ્ય મૂર્તિવાળા સિદ્ધવધૂના સ્વામી શ્રી મહાવીર, હું આપને વારંવાર પ્રણામ કરું છું.' આ પ્રકારે તે દેવ ભગવાનની સ્તુતિ કરી તેમનું 'મહાવીર' નામ સાર્થક કરતો સ્વર્ગમાં ચાલ્યો ગયો. કુમારે પણ પોતાનું યશગાન ખૂબ ધ્યાનથી સાંભળ્યું. દેવની સ્તુતિ ખૂબ જ કર્ણપ્રિય તથા ભગવાનના યશને સંસારમાં વિસ્તૃત કરવાવાળી હતી.

આ રીતે ભગવાન શ્રી મહાવીરસ્વામીનો ગુણાનુવાદ વારંવાર થયા કરતો હતો. તે ભગવાન કિન્નરી દેવીઓ દ્વારા ગાવામાં આવેલા અનેક ગુણાનુવાદને ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળ્યા કરતા હતા. ક્યારેક નેત્રોને તૃપ્ત કરવાવાળા સ્વર્ગની અપ્સરાઓના નૃત્ય તથા વિભિન્ન પ્રકારના નાટક જોતા હતા તો ક્યારેક સ્વર્ગથી પ્રાપ્ત આભૂષણ, વસ્ત્ર, માળા આદિ અન્ય જોઈને પ્રસન્ન થતા હતા. અન્ય દેવકુમારોની સાથે ક્યારેક જલક્રીડા તથા ક્યારેક પોતાની ઈચ્છાથી વનક્રીડા કરતા હતા. આ પ્રકારે ક્રીડામાં સંલગ્ન ધર્માત્મા કુમારનો સમય ખૂબ જ સુખથી વ્યતીત થવા લાગ્યો.

સૌધર્મ સ્વર્ગનો ઈન્દ્ર પણ પોતાની કલ્યાણકામના માટે દેવીઓથી અનેક પ્રકારના નૃત્ય-ગીત કરાવવા લાગ્યો. કાવ્ય આદિની ગોષ્ઠી તથા ધર્મચર્ચામાં સમય વ્યતીત કરતા કુમારે સંસારને સુખી કરવાવાળી યૌવન અવસ્થાને પ્રાપ્ત કરી. કુમારના મસ્તકનું મુકુટ ધર્મરૂપી પર્વતના શિખરની જેમ શોભાયમાન થઈ રહ્યું હતું, તેમના કપાળ અને મસ્તકની કાંતિ એવી જણાતી હતી કે જાણે પૂર્ણિમાના ચંદ્રની જ્યોત્સના જ હોય. પ્રભુની સુંદર નેણથી શોભિત આંખોનું વર્ણન આ તુચ્છ લેખની શું કરી શકે કે જેના ખુલવા માત્રથી જ સંસારના પ્રાણી તૃપ્ત થઈ જતાં હતાં! પ્રભુના કાનના કુંડળ ખૂબ જ ભવ્ય દેખાતા હતા. તે એવા શોભાયમાન થતા હતા કે માનો જ્યોતિષ્કચક્રથી ઘેરાયેલા હોય. પ્રભુના મુખરૂપી ચંદ્રમાનું શું વર્ણન કરવામાં આવે કે જેના દ્વારા સંસારનું હિત કરવાવાળી ધ્વનિ નીકળતી હોય! પ્રભુની નાસિકા, હોઠ, દાંત અને કંઠની સ્વાભાવિક સુંદરતા

એવી હતી કે તે કહેવાની શક્તિ કોઈમાં નથી. તેમનું વિસ્તૃત વક્ષસ્થળ રત્નોના હારથી એવું સુસજ્જિત થતું હતું કે જાણે લક્ષ્મીનું નિવાસ જ હોય.

અનેક પ્રકારના આભૂષણોથી સુસજ્જિત બાહુ ઠીક કલ્પવૃક્ષ સમાન પ્રતીત થતા હતા. આંગળીઓના દસેય નખ પોતાના કિરણોથી એવા પ્રતિભાસિત થઈ રહ્યા હતા કે જાણે ધર્મના દશ અંગ જ હોય. તેમની નાભિ સરસ્વતી અને લક્ષ્મીના ક્રીડાસ્થળ જેવી પ્રતીત થતી હતી. પ્રભુના વસ્ત્ર-પટની કરધની એવી જણાતી હતી કે જાણે તે કામદેવને બાંધવા માટે નાગપાશ જ હોય. પ્રભુના બંને જાંઘ વિસ્તીર્ણ, વિશાળ અને પુષ્ટ હતા, જોકે તે કોમળ હતા, છતાં પણ વ્યુત્સર્ગ આદિ તપ કરવામાં એમની સમાનતા ન કરી શકાતી હતી. પ્રભુના ચરણોની તુલના કોની સાથે કરી શકાય કે જેની સેવા ઈન્દ્ર, ધરણેન્દ્ર આદિ બધા દેવ કર્યા કરતા હતા. આ પ્રકારે માથાથી લઈને નખ સુધી પ્રભુના અંગ-પ્રત્યાંગની શોભા અપૂર્વ હતી. તેનું વર્ણન કરવું અસાધ્ય છે. જાણે બ્રહ્મા અથવા કર્મે ત્રણ જગતમાં રહેવાવાળા દિવ્ય, પ્રકાશમાન, પવિત્ર અને સુગંધિત પરમાણુઓથી પ્રભુનું અદ્વિતીય શરીર બનાવ્યું હતું. તે શરીરનો પહેલો ગુણ વજ્રવૃષભનારાચ સંહનન હતો.

પ્રભુના શરીરમાં મદ, સ્વેદ, દોષ આદિ તથા વાત આદિ ત્રણ દોષથી ઉત્પન્ન રોગ ક્યારે પણ થતા ન હતા. તેમની વાણી સમસ્ત સંસારને પ્રિય હતી, તે બધાને સત્ય અને શુભમાર્ગ દેખાડવાવાળી ધર્મમાતા સમાન હતી, બીજા ખોટા માર્ગને વ્યક્ત કરવાવાળી ન હતી. દિવ્ય શરીરને પ્રાપ્ત કરીને તે પ્રભુ એવા સુશોભિત થઈ રહ્યા હતા કે જેવી રીતે ધર્માત્માને પ્રાપ્ત કરીને ધર્મ આદિ ગુણ સુશોભિત થાય છે. ભગવાનના લક્ષણ આ પ્રકારે છે—

શ્રીવૃક્ષ, શંખ, પદ્મ, સ્વસ્તિક, અંકુશ, તોરણ, ચમર, શ્વેત છત્ર, ધ્વજા, સિંહાસન, બે માછલી, બે ઘડા, સમુદ્ર, કાચબો, ચક્ર, તળાવ, વિમાન, નાગભવન, સ્ત્રી-પુરુષનું જોડું, મોટો વિશાળ સિંહ, તોમર, ગંગા, ઈન્દ્ર, સુમેરુ, ગોપુર, ચંદ્રમા, સૂર્ય, ઘોડા, વિંજણું, મૃદંગ, સર્પ, માળા, વીણા, વાંસળી, રેશમી વસ્ત્ર, દૈદીપ્યમાન કુંડળ, વિચિત્ર આભૂષણ, ફળ સહિત બગીચો, પાકેલા અનાજવાળું ખેતર, હીરા-રત્ન, મોટો દીવો, પૃથ્વી,

લક્ષ્મી, સરસ્વતી, સુવર્ણ-કમળવેલ, ચુડામણિરત્ન, મહાનિધિ, ગાય, બળદ, જાંબુનું વૃક્ષ, પક્ષીરાજ, સિદ્ધાર્થવૃક્ષ, મહેલ, નક્ષત્ર, ગૃહ, પ્રાતિહાર્ય આદિ દિવ્ય એકસો આઠ લક્ષણોથી તથા નવસો સર્વશ્રેષ્ઠ વ્યંજનોથી, વિચિત્ર આભૂષણોથી અને માળાઓથી પ્રભુનો સ્વભાવ—સુંદર દિવ્ય ઔદારિક શરીર અત્યંત સુશોભિત હતું.

વિશેષ વર્ણન શું કરવામાં આવે? સંસારમાં જેટલી પણ શુભલક્ષણરૂપ સંપદા અને પ્રિયવચન તથા વિવેક આદિ ગુણ છે તે બધા જ પુણ્યકર્મના ઉદયથી તીર્થંકર ભગવાનમાં સ્વતઃ જ સમાવિષ્ટ હતા. અધિષ્ઠિત દેવોએ સદાય તેમની સેવામાં રત રહેતા હતા. તે મહાવીરકુમાર ધર્મની સિદ્ધિ માટે મન-વચન-કાયની શુદ્ધિના અતિચાર સહતિ ભક્તિપૂર્વક ગૃહસ્થોના બાર વ્રતનું પાલન કરતા હતા. તે સર્વદા શુભધ્યાન તરફ વિચાર કર્યા કરતા હતા. પુણ્યના શુભોદયથી પ્રાપ્ત થયેલા સુખોનો ઉપભોગ કરતા તે કુમાર આનંદપૂર્વક જીવન વ્યતીત કરવા લાગ્યા.

વિશ્વપતિ, મંદરાગી એ મહાપ્રભુએ ૩૦ વર્ષનો સમય જાણે ક્ષણભરમાં જ વ્યતીત કરી દીધો. એકવાર સારી હોનહારના કારણે ચારિત્રમોહકર્મના ક્ષયોપશમથી તેમને સ્વતઃ પોતાના પૂર્વના કરોડો જન્મના સંસારભ્રમણનું જ્ઞાન થઈ ગયું. તે આ પ્રકારની પૂર્વઘટિત ઘટનાઓ ઉપર વિચાર કરી ઘણા જ ક્ષુબ્ધ થયા. તેમને તત્કાળ જ વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. તેઓ વિચાર કરવા લાગ્યા કે મોહરૂપી મહાન શત્રુનો સર્વનાશ કરવા માટે રત્નત્રયરૂપ તપનું પાલન જ શ્રેયસ્કર છે. તેમણે વિચાર્યું કે ચારિત્રના અભાવમાં મારા આટલા દિવસોનો સમય વ્યર્થમાં જ વ્યતીત થઈ ગયો, જે હવે પાછો આવી ન શકે. પૂર્વકાળમાં ઋષભાદિ જેટલા પણ તીર્થંકર થઈ ગયા છે તેમનું આયુષ્ય પર્યાપ્ત લાંબું હતું, તેથી તેઓ બધુ જ કરવામાં સમર્થ થયા હતા; પરંતુ મારા જેવા થોડા આયુષ્યવાળા મનુષ્ય સાંસારિક કાર્ય કાંઈ પણ નથી કરી શકતા. તે શ્રી નેમિનાથ આદિ તીર્થંકર ધન્ય છે કે જેમણે પોતાના જીવનનો સમય થોડો સમજીને અલ્પઆયુમાં જ મોક્ષના ઉદ્દેશ્યથી તપોવન તરફ પ્રસ્થાન કર્યું હતું. આથી સંસારહિત ઈચ્છવાવાળા થોડા આયુષ્યવાળા વ્યક્તિઓએ એક ક્ષણ પણ સંયમવિના વ્યર્થ જવા દેવો જોઈએ નહીં.

વાસ્તવમાં તે ઘણા અજ્ઞાની છે કે જેઓ થોડું આયુષ્ય પ્રાપ્ત કરીને તપસ્યા વિના પોતાના અમૂલ્ય સમયને નષ્ટ કરી દે છે. તેઓ અહીં તો દુઃખ ભોગવે જ છે અને નરકાદિમાં પણ યાતના પામે છે. હું જ્ઞાની હોતો થકો પણ સંયમના અભાવમાં એક અજ્ઞાનીની જેમ ભટકી રહ્યો છું. હવે ગૃહસ્થાશ્રમમાં રહીને સમય વ્યતીત કરવો ઉચિત ન કહી શકાય. તે ત્રણેય જ્ઞાન શું કામના કે જેના દ્વારા આત્માને અને કર્મોને અલગ અલગ ન કરી શકાય તથા મોક્ષરૂપી લક્ષ્મીની ઉપાસના ન કરવામાં આવે? જ્ઞાન પ્રાપ્ત કરવાનું ઉત્તમ ફળ એ જ મહાપુરુષોને પ્રાપ્ત છે કે જે નિષ્પાપ તપનું આચરણ કરતા રહે છે. બીજાઓનું જ્ઞાન તપ વિના નિતાંત નિષ્ફળ છે. એ વ્યક્તિના નેત્ર નિષ્ફળ છે કે જે નેત્ર હોવા છતાં પણ કૂવામાં પડે છે. તેવી દશા જ્ઞાની પુરુષોની છે કે જો જ્ઞાન હોવા છતાં પણ મોહરૂપી કૂવામાં પડતા રહે. વાસ્તવમાં અજ્ઞાનમાં કરવામાં આવેલા પાપથી છુટકારો તો જ્ઞાન પ્રાપ્ત થતા મળી જાય છે, પરંતુ જ્ઞાનદશામાં કરવામાં આવેલા પાપથી મુક્ત થવું ઘણું જ દુષ્કર થઈ જાય છે. તેથી, જ્ઞાની પુરુષોએ મોહ આદિ નિંદ્ય કર્મો દ્વારા કોઈ પણ પ્રકારે પાપનો બંધ ન કરવો જોઈએ. તેનું કારણ એ છે કે મોહથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે ને રાગ-દ્વેષથી ઘોર પાપ થાય છે, તે પાપના ફળસ્વરૂપે જીવને ઘણા સમય સુધી દુર્ગતિઓમાં ભટકવું પડે છે. તે ભટકવું પણ સાધારણ નથી, અનંત કાળ સુધીનું હોય છે કે જેનું વર્ણન કરી શકાતું નથી.

આમ સમજીને જ્ઞાનીઓએ મોહરૂપી શત્રુને વૈરાગ્યરૂપી ખડ્ગથી મારી દેવો જોઈએ. કારણ કે આ મોહ જ બધા અનર્થોની જડ છે. પરંતુ એ યાદ રહે કે આ મોહ ગૃહસ્થો દ્વારા નથી છોડી શકાતો, તેથી પાપના બંધનરૂપ ગૃહને ત્યાગવો જ પડશે. ગૃહબંધન બાલ્ય અવસ્થામાં અને યૌવનાવસ્થામાં બધા જ અનર્થ ઉત્પન્ન કરતો રહે છે. તેથી, ધીર-વીર પુરુષ મોક્ષની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી ગૃહબંધનનો સર્વથા પરિત્યાગ કરી દે છે. તેઓ સંસારમાં પૂજ્ય અને મહાપુરુષ છે કે જેઓ યૌવનાવસ્થામાં દુર્જેય કામદેવને પરાસ્ત કરવામાં સમર્થ થાય છે. યૌવનાવસ્થીરૂપી રાજાએ કામદેવને પંચેન્દ્રિય આદિ ચારેય કાયના જીવોના જીવનને વિકૃત કરવા માટે મોકલ્યા છે, પરંતુ જ્યારે યૌવનની અવસ્થા મંદ થતી જાય છે ત્યારે તેની સાથે વૃદ્ધાવસ્થારૂપી ફંદામાં

**બંધાયેલા તે કામદેવ આદિ પણ ઢીલા પડી જાય છે. તેથી, તે ઉચિત થશે કે હું યૌવનાવસ્થામાં જ ઉગ્ર તપ આરંભ કરી દઉં કે જેથી કામદેવ અને પંચેન્દ્રિય વિષયરૂપી શત્રુનો સર્વનાશ થાય.** આ પ્રકારના વિચાર કરી તે મહાબુદ્ધિમાન મહાવીરપ્રભુ પોતાના ચિત્તને નિર્મળ કરી રાજ્ય-ભોગ આદિથી વિરક્ત થયા અને મોક્ષસાધનમાં સંલગ્ન થઈ ગયા.

મહાવીર પ્રભુના ચિત્તમાં એવી ભાવના ઉત્પન્ન થઈ ગઈ કે ઘરને બંદીગૃહ સમજીને રાજ્યલક્ષ્મી સાથે તેનો પરિત્યાગ કરી દીધો. તેઓ તપોવનમાં જવા માટે ઉદ્યત થયા. સમય પામીને તેમણે સંસારસુખને તિલાંજલી આપીને અક્ષયસુખનો ભંડાર વૈરાગ્ય પ્રાપ્ત કર્યો. આવા બાળબ્રહ્મચારી મહાવીરપ્રભુ મને યોગ્ય ગુણ-સંપદા પ્રદાન કરે.

✿ સંસારની એવી જ વિચિત્ર લીલા છે કે જે આપણી પુત્રી હોય તે માતા બની જાય છે, પિતા હોય તે પુત્ર થઈ જાય છે, માલિક સેવક બની જાય અને સેવક માલિક બની જાય છે, પુત્રવધૂ પુત્રી બની જાય છે, માતા પુત્રી બની જાય છે, ધનવાન નિર્ધન અને નિર્ધન ધનવાન બની જાય છે, બહેન-પુત્રી-માતા હોય તે સ્ત્રી બની જાય છે અને સ્ત્રી હોય તે બહેન-પુત્રી-માતા બની જાય છે! આ બધી કર્મની વિચિત્રતા છે એમ જાણીને બુદ્ધિવાનોએ હર્ષ તથા શોક ન કરવા જોઈએ. તેથી હવે એ બધાએ સુખ આપવાવાળો અને સંસારના ભયને નષ્ટ કરવાવાળો એક ધર્મ જ કરવો જોઈએ કે જેથી અન્ય જન્મમાં કર્મના ફળથી ઉત્પન્ન થવાવાળું અને બંધુઓનો વિયોગ કરવાવાળું ભયંકર દુઃખ ફરી ન ભોગવવું પડે.

**—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય અગિયારમો

**હન્તા શત્રુ સ્વકર્મ કે, વીર આત્મરસ લીન;**
**જગદ્વંદ્ય પદ કંજ મેં, નમે ભક્તિવશ દીન.**

જેમણે કર્મરૂપી શત્રુઓનું હનન કર્યું, જે સદાય આત્મ–અનુભવ કરે છે અને જગત્-વંદ્ય છે એ વીર ભગવાનની આ દીન, ભક્તિવશ વંદના કરે છે.

છેલ્લા અધ્યાયમાં એમ કહી ગયા કે શ્રી મહાવીર પ્રભુને એકાએક વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો અને તેમને સાંસારિક ભોગોથી એકદમ વિરક્તિ થઈ ગઈ. તેઓ પોતાના વૈરાગ્યમાં વૃદ્ધિ લાવવાના ઉદ્દેશ્યથી બાર ભાવનાઓનું ચિંતવન કરવા લાગ્યા. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ—આ પ્રકારની બાર ભાવનાઓ છે કે જે વૈરાગ્યને પુષ્ટ કરે છે.

### ૧. અનિત્ય–ભાવના

ત્રણ લોકમાં આયુષ્ય યમરાજથી ઘેરાયેલું છે, યૌવન વૃદ્ધાવસ્થાના મુખમાં છે, આ શરીર રોગરૂપી સર્પનું બિલ છે અને ઈન્દ્રિયસુખ ક્ષણભંગુર છે અર્થાત્ જે કાંઈ પણ સુંદરથી સુંદર વસ્તુઓ દૃષ્ટિગોચર થઈ રહી છે તે બધી જ કર્મોદયથી ઉત્પન્ન થઈ છે અને સમય આવતા સ્વતઃ નષ્ટ થઈ જશે. જ્યારે કરોડો જન્મોથી દુર્લભ મનુષ્ય-આયુ મૃત્યુથી ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે તો પછી અન્ય વસ્તુઓના સ્થિર રહેવાની કલ્પના જ કેવી રીતે કરી શકાય? બધાનો જ સર્વનાશ કરવાવાળા યમરાજ જન્મથી લઈને સમય આદિના હિસાબથી જીવને પોતાની પાસે ખેંચી લે છે. યૌવન-ધર્મ સુખ આદિ હોવાથી સજ્જનોને મનનીય છે કારણ કે આ પણ વ્યાધિ,

રોગ, મૃત્યુથી ઘેરાઈને ક્ષણભરમાં વાદળા સમાન નષ્ટ થઈ જાય છે. કોઈ યુવાન પુરુષ રોગરૂપી અગ્નિથી બળે છે તો કોઈ જેલમાં બંધ રહીને અનેક પ્રકારના દુઃખ ભોગવે છે. નરક આદિનું કારણ નિંદનીય કાર્ય પણ ચંચળ અને સારહીન છે તથા ચક્રવર્તીની રાજ્યલક્ષ્મી આદિ પણ વાદળાના છાયા સમાન વિનાશવાન અને ચંચળ છે, ત્યારે બીજાની સ્થિતિ હોઈ જ શું શકે? આ પ્રકારે સંસારની બધી જ વસ્તુઓ ક્ષણભંગુર છે, તેથી બુદ્ધિમાનોને ઉચિત છે કે તેઓ સર્વદા મોક્ષનું સાધન કર્યા કરે.

### ૨. અશરણ-ભાવના

જેવી રીતે નિર્જનવનમાં સિંહના પંજામાં ફસાયેલા બાળકને કોઈ શરણ નથી, તેવી જ રીતે સંસારના પ્રાણીની રોગ અને મૃત્યુથી રક્ષા કરવાવાળું કોઈ જ નથી. જે પ્રાણીને યમરાજ લઈ જવા માટે પ્રસ્તુત થાય છે તેને ઈન્દ્ર-ચક્રવર્તી-દેવ-વિદ્યાધર આદિ પણ એક ક્ષણ માટે પણ બચાવી શકતા નથી. વાસ્તવમાં જ્યારે કાળ સમક્ષ આવી જાય છે ત્યારે મંત્ર આદિ તથા બધી જ ઔષધિઓ વ્યર્થ થઈ જાય છે. જગતમાં ભવ્યોની રક્ષા કરવાનો ઉપાય જૈન સાધુ અને કેવળી દ્વારા ઉપદેશિત ધર્મ જ છે. તેનાથી અતિરિક્ત તપ, દાન, જિનપૂજા, જાપ, રત્નત્રય આદિ પણ અનિષ્ટ આદિ પાપના વિધ્વસંક છે. જે બુદ્ધિમાન સંસારથી ભયભીત થઈને અરિહંત આદિના શરણમાં જાય છે, તે શીઘ્ર જ તેમના સમાન ગુણોની પ્રાપ્તિ કરી પરમાત્મપદને પ્રાપ્ત થઈ જાય છે; પરંતુ જે મૂર્ખ ચંડી, ક્ષેત્રપાલ આદિ મિથ્યાદેવોનું શરણ ગ્રહણ કરે છે, તે નરકરૂપી સમુદ્રમાં પડે છે. આવો વિચાર કરી બુદ્ધિમાનોએ પંચ પરમેષ્ઠીની તથા તપ-ધર્મ આદિનું શરણ ગ્રહણ કરવું જોઈએ કે જે સર્વથા દુઃખોનો વિનાશ કરવાવાળો છે. પછી રત્નત્રય આદિ દ્વારા મોક્ષનું અંતિમ શરણ ગ્રહણ કરવું જોઈએ કારણ કે તે અનંતગુણોથી યુક્ત અને અનંત સુખનો સમુદ્ર છે.

### ૩. સંસાર-ભાવના

આ સંસાર અનાદિ-અનંત છે, અભવ્યોને તેમાં જ તો સુખ જ સુખ દૃષ્ટિગોચર થાય છે, પરંતુ જ્ઞાની

જીવ સદાય તેને દુઃખરૂપ સમજે છે કારણ કે અજ્ઞાની જીવ વિષયોને જ સુખ માને છે, પરંતુ જ્ઞાની તેને નરકાદિનું કારણ સમજીને અધિક દુઃખરૂપ માને છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ઘેરાયેલા પ્રાણી રત્નત્રયરૂપી ધન વિના લાંબા સમય સુધી ભટકતા રહે છે અને ભવિષ્યમાં પણ ભટકતા રહેશે. સંસારમાં કોઈ એવું કર્મ અને કોઈ એવી ગતિ નથી કે જેમાં આ જીવે ભટકવું પડ્યું નહીં હોય, આ દ્રવ્ય-સંસારભ્રમણ છે. લોકાકાશનો એવો કોઈ પ્રદેશ બચ્યો નહીં હોય કે જ્યાં આ જીવે જન્મ ગ્રહણ કર્યો હોય અને ન મૃત્યુ કર્યું હોય, આ ક્ષેત્ર-સંસારભ્રમણ છે. નરક આદિ ચાર ગતિઓમાં એવી કોઈ ગતિ નહીં બચી હોય કે જેને આ જીવે ગ્રહણ કરીને છોડી ન હોય, આ ભવ-સંસારભ્રમણ છે. આ સંસારી જીવ મિથ્યાત્વાદિ સત્તાવન દુષ્ટ કારણોથી ભ્રમણ કરતો થકો પાપકાર્યનું સદાય ઉપાર્જન કરે છે, આ ભાવ-સંસારભ્રમણ છે.

ધર્મના અભાવમાં જ સંસારના પ્રાણીઓને ભવ-ભવમાં ભટકવું પડે છે. તેથી ભવ્યજીવોએ ખૂબ જ યત્નપૂર્વક ધર્મનું પાલન કરવું જોઈએ. આ ધર્મના પાલનથી અનંત સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

### ૪. એકત્વ–ભાવના

આ પ્રાણીને સંસારમાં એકલા જ જન્મ ધારણ કરવો પડે છે, એકલો જ ભટકે છે અને એકલો જ મહાન સુખનો ઉપભોગી થાય છે. વેદના આદિ દુઃખ પણ તેને એકલાએ જ સહન કરવા પડે છે. એ દુઃખના ભાગને કુટુંબીજન વહેંચી શકતા નથી. યમરાજના મારથી આ એકલો જ રડતો રહે છે. તેને એક ક્ષણ માટે પણ કોઈ બચાવી શકતો નથી. આ જીવ એકલો જ પોતાના કુટુંબના પાલન માટે હિંસા આદિ કરીને પાપનો બંધ કરે છે, તેના ફળસ્વરૂપે નરક આદિ ખોટી ગતિઓ પ્રાપ્ત કરી ભીષણ દુઃખ ભોગવે છે, દુઃખ તેના સાથી-કુટુંબી ભોગવતા નથી. તેણે સમ્યક્ત્વ આદિ શુભકર્મનો બંધ એકલાને જ હોવાથી સ્વર્ગ આદિ મહાન વિભૂતિ પ્રાપ્ત થાય છે. રત્નત્રય આદિના કારણે તેને એકલાને મોક્ષ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે બધા જ સ્થળો પર એકત્વની ભાવના કરી જ્ઞાનની પ્રાપ્તિ માટે આત્માનું ધ્યાન કરવું જોઈએ.

## ૫. અન્યત્વ-ભાવના

હે પ્રાણી! તું પોતાને બધા જીવોથી સર્વથા અલગ સમજ. જન્મ-મૃત્યુ-કર્મ-સુખ આદિ પણ અલગ માની લે. માતા-પિતા, પુત્ર, કુટુંબીજન કોઈ પોતાનું નથી. જ્યારે અંતરંગ આ શરીર પણ મૃત્યુ પછી સાથ છોડી દે છે તો બહિરંગ ઘર, સ્ત્રી આદિ મારા કેવી રીતે હોઈ શકે? નિશ્ચયથી તે પુદ્‌ગલકર્મથી ઉત્પન્ન થયેલું દ્રવ્યમન તથા અનેક સંકલ્પ-વિકલ્પોથી ભરેલું ભાવમન, બંને પ્રકારના વચન એ બધા જ આત્માથી પૃથક્ છે. કર્મ અને કર્મોના કારણે અનેક પ્રકારના સુખ-દુઃખ આ જીવથી બીજું સ્વરૂપ છે. ઈન્દ્રિયો પણ જ્ઞાનસ્વરૂપ આત્માથી પૃથક્ છે અને આ જડ-પુદ્‌ગલથી ઉત્પન્ન થયેલી છે કે જે રાગ-દ્વેષ આદિના પરિણામથી જીવમય જણાય છે, તે પણ કર્મો દ્વારા કરવામાં આવેલા કર્મોથી ઉત્પન્ન છે, જીવમય નથી. કર્મથી ઉત્પન્ન થયેલી અન્ય વસ્તુઓ આત્માથી સર્વથા ભિન્ન છે. આ સંબંધમાં વધારે કહેવાની આવશ્યકતા જ શું છે? સમ્યગ્દર્શન આદિ આત્મગુણોથી અતિરિક્ત મારું કોઈ જ નથી. તેથી, હે યોગીશ્વર! તમે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને શરીર આદિથી પૃથક્ સમજીને અને શરીરને નાશવાન સમજીને આત્માનું જ ધ્યાન કરો.

## ૬. અશુચિ–ભાવના

આ શરીર રુધિર, વીર્ય આદિથી ઉત્પન્ન થયું છે. સાત ધાતુઓ અને મળ-મૂત્રાદિથી ભરેલું છે. આવા શરીરમાં ક્યો બુદ્ધિમાન આસ્થા રાખે? જે સ્થળ પર ભૂખ, તરસ, વૃદ્ધાવસ્થા, રોગરૂપી અગ્નિ સળગ્યા કરે છે, તે શરીરરૂપી ઝૂંપડામાં શું સત્પુરુષ રહી શકે છે? જે શરીરમાં રાગ-દ્વેષ, કષાય, કામદેવરૂપી સર્પ હમેશા નિવાસ કરે છે એવા શરીરરૂપી બિલમાં કોણ શ્રેષ્ઠજ્ઞાની નિવાસ કરવો પસંદ કરશે? આ પાપી શરીર તો અશુદ્ધ છે જ સાથે સાથે પોતાને આશ્રિત સુગંધિત વસ્ત્ર આદિને પણ વિકૃત કરી નાખે છે. જેવી રીતે ભંગીની ટોકરી ક્યાંયથી પણ સારી લાગી શકતી નથી, તેવી જ રીતે ચર્મ-હાડકા આદિથી નિર્મિત આ શરીર પણ ક્યારેય સુંદર પ્રતીત થઈ શકતું નથી.

આ શરીરને પુષ્ટ કરો અથવા સુકાવા દો, પણ અંતમાં તો તેણે ભસ્મ જ થવાનું છે; તેથી તેને તપસ્યા દ્વારા કૃશ કરી દેવું જ અતિ ઉત્તમ છે. કારણ કે અન્ય આદિથી પુષ્ટ કરવામાં આવેલું શરીર રોગ આદિ દુઃખોને ઉત્પન્ન કરે છે, પણ જો તેનું શોષણ કરવામાં આવે તો તેને પરલોકમાં સ્વર્ગ-મોક્ષ પ્રાપ્ત થશે. જો આ શરીરથી કેવળજ્ઞાન સમાન પવિત્ર ગુણ સિદ્ધ થઈ શકતા હોય તો આ સંબંધમાં અધિક વિચાર કરવાની શું જરૂર છે? એમ સમજીને જ્ઞાનીઓએ શરીરસુખની કામના ત્યાગીને અવિનાશી મોક્ષની સિદ્ધિ કરવી જોઈએ. બુદ્ધિમાનોએ દર્શન-જ્ઞાન-તપરૂપી જળથી અપવિત્ર દેહના કર્મમળને ધોઈને પોતાના આત્માને પવિત્ર કરી લેવો જોઈએ.

### ૭. આસ્રવ—ભાવના

જે આત્મામાં રાગ આદિ ભાવોથી યુક્ત પુદ્‌ગલોનો સમૂહ કર્મરૂપ થઈને આવે છે તેને જ કર્મોનો આસ્રવ કહે છે. તે અનંત દુઃખોનો પ્રદાતા છે. જેવી રીતે છિદ્રયુક્ત નૌકામાં પાણી આવવાથી નૌકા સમુદ્રમાં ડૂબી જાય છે, ઠીક એવી જ રીતે આ જીવ પણ કર્મોના આવવાથી સંસારસાગરમાં ડૂબતો રહે છે. આસ્રવના કારણ આ છે—મિથ્યામતોથી ઉત્પન્ન પાંચ પ્રકારના મિથ્યાત્વ, બાર પ્રકારની અવિરતિ, પંદર પ્રમાદ, પચ્ચીસ કષાય અને પંદર યોગ—આ દુષ્ટ કારણ ઘણી જ મુશ્કેલીથી દૂર થાય છે. તેથી મોક્ષની આકાંક્ષા રાખવાવાળા જીવોએ સમ્યક્‌ચારિત્ર અને તપરૂપી ખડગથી કર્માસ્રવના કારણરૂપી શત્રુઓનો વિનાશ કરી દેવો જોઈએ. જે પ્રાણી કર્મોથી આવવાવાળા દ્વારને જ્ઞાન આદિથી નથી રોકી શકતા તેમને ઘોર તપ કરવાથી પણ મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી; પરંતુ જેમણે ધ્યાન, શાસ્ત્રાધ્યયન અને સંયમ આદિથી કર્મોનું આવવું બિલકુલ રોકી દીધું છે તેમનું મનોવાંછિત મોક્ષરૂપી કાર્ય સિદ્ધિ થઈ જાય છે. જ્યાં સુધી યોગોથી ચંચળ આત્મામાં કર્મોનું આગમન છે ત્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થવો દુષ્કર છે. આ સંબંધથી તો સંસારની પરિપાટી વધતી જાય છે એમ જાણીને શુભ આસ્રવોને રોકીને રત્નત્રય આદિના શુભધ્યાનથી પોતાના આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરીને નિર્વિકલ્પ શુદ્ધધ્યાનથી કર્માસ્રવને એકદમ રોકી દેવા જોઈએ.

## ૮. સંવર—ભાવના

જ્યાં મુનીશ્વર યોગ, વ્રત, ગુપ્તિ આદિથી કર્માસ્રવના દ્વારને રોકે છે, તે રોકાવું જ મોક્ષ પ્રદાન કરવાવાળો સંવર છે. કર્માસ્રવ રોકવાના આટલા કારણોનું મુનીશ્વર પ્રયત્નપૂર્વક સેવન કરે છે કે જે આ પ્રમાણે છે—તેર પ્રકારના ચારિત્ર, દશ પ્રકારના ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહ-વિજય, નિર્મળ સામાયિક, પાંચ પ્રકારના ચારિત્ર, ધર્મ, ધર્મધ્યાન-શુક્લધ્યાન અને ઉત્તમ જ્ઞાનાભ્યાસ. કર્માસ્રવોને રોકવા માટે આ જ ઉત્તમ કારણ છે. જે મુનીશ્વરને પ્રતિદિન કર્મોનો સંવર અને કર્મોની નિર્જરા થાય છે તેને ઉત્તમ ગુણ સ્વતઃ પ્રગટ થઈ જાય છે. તેઓ દેહનું કષ્ટ સહન કરતાં થકા પણ પાપકર્મોનો સંવર કરતા રહે છે. આ પ્રકારે સંવરના ગુણોને જાણીને મોક્ષાભિલાષી જીવોએ સદાય સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર તથા શ્રેષ્ઠ યોગો દ્વારા બધા પ્રકારના સંવર કરતા રહેવું જોઈએ.

## ૯. નિર્જરા—ભાવના

પૂર્વ કર્મોનો તપ દ્વારા ક્ષય કરવો તેને નિર્જરા કહે છે. આવી અવિપાક નિર્જરા યોગીઓને જ થાય છે. કર્મનો ઉદય થતા જીવોને સ્વભાવથી જ નિર્જરા થયા કરે છે, તે સવિપાક નિર્જરા છે. તેનો ત્યાગ કરી દેવો જોઈએ. કારણ કે તેનાથી નવીન કર્મનો બંધ થાય છે. તપ અને યોગ દ્વારા જેમ જેમ કર્મોની નિર્જરા થતી જાય છે તેમ તેમ મોક્ષલક્ષ્મી મુનીશ્વરોને સમીપ આવતી જાય છે. જ્યારે કર્મોની નિર્જરા પૂરી થઈ જાય છે ત્યારે યોગીઓને મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થઈ જાય છે. આ નિર્જરા બધા જ પ્રકારના સુખ પ્રદાન કરવાવાળી છે, અનંતગુણોથી યુક્ત છે, બધા જ તીર્થંકર અને ગણધર એની સેવા કરે છે, આ બધા જ દુઃખોથી અલગ અને બધાનું સમાન રીતે હિત કરવાવાળી છે, આનાથી સંસારભ્રમણ નષ્ટ થાય છે. આ રીતે નિર્જરાના ગુણોને જાણીને સંસારથી ભયભીત ભવ્ય પ્રાણીઓએ ઘોર તપ કરી અને પરિષહ સહન કરી ઘણા યત્નપૂર્વક મોક્ષની પ્રાપ્તિ માટે કર્મોની નિર્જરા કરવી જોઈએ.

## ૧૦. લોક-ભાવના

જ્યાં છ દ્રવ્ય જોવામાં આવે છે તે લોક છે. તે લોક અધો, મધ્ય અને ઊર્ધ્વરૂપથી ત્રણ પ્રકારનો છે કે જે અકૃત્રિમ તથા અવિનાશી છે. આ લોકના નિમ્ન ભાગમાં સાત રાજુ પ્રમાણ નરકની સાત ભૂમિઓ છે, તે બધી જ અશુભ તથા દુઃખ દેવાવાળી છે. તેમાં ઓગણપચાસ પટલ છે તથા ચૌર્યાસી લાખ રહેવાના બિલ છે. તેમાં પૂર્વકૃત પાપોના ફળસ્વરૂપ મિથ્યાત્વી જીવ નરક પ્રાપ્ત કરી જન્મ ગ્રહણ કરે છે કે જ્યાં તેમને ખૂબ જ કષ્ટ થાય છે. તેઓને અલગ અલગ રીતે પીટવામાં આવે છે, સતાવવામાં આવે છે તથા શૂળી પર ચઢાવવામાં આવે છે. આ અધોલોકનું કથન છે.

મધ્યલોકમાં જમ્બૂદ્વીપ આદિથી લઈને અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે, પાંચ સુમેરુ પર્વત છે, ત્રીસ કુલ પર્વત છે, વીસ ગજદંત છે, એકસો એંસી વક્ષ્યાર પર્વત છે, ચાર ઈક્ષ્વાકર પર્વત છે, દસ કુરુવૃક્ષ માનુષોત્તર પર્વત સમાન ઊંચા છે. આ સમસ્ત અઢીદ્વીપમાં છે અને જૈન મંદિરોથી સુશોભિત છે. એકસો સિત્તેર મોટા મોટા દેશ અને નગર છે, મોક્ષ દેવાવાળી પંદર કર્મભૂમિ છે. મહાનદીઓ, તળાવ અને કુંડ આદિની સંખ્યા અન્ય શાસ્ત્રોથી જાણવી. શ્રી આદિ છ દેવીઓ છ હદ પર રહે છે. આઠમા નંદીશ્વર દ્વીપમાં અંજનગિરિ ઉપર બાવન જિનમંદિર છે તેને હું સદાય પ્રણામ કરું છું. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, તારા અને નક્ષત્ર આ અસંખ્યાત જ્યોતિષી દેવો મધ્યલોકમાં છે. તેના બધા જ વિમાનોની મધ્યમાં સુવર્ણ અને રત્નમય અકૃત્રિમ જિનમંદિર છે કે જેને હું પ્રણામ કરું છું.

આ મધ્યલોકની ઉપર સાત રાજુ પ્રમાણ ઉર્ધ્વલોકમાં સોળ કલ્પ સ્વર્ગ છે, તેના ઉપર નવ ગ્રૈવેયક, નવ અનુદિશ, પાંચ અનુત્તર–કલ્પાતીત સ્વર્ગ છે. આ વિમાનોના ત્રેસઠ પટલ છે, તેના વિમાનોની સંખ્યા ચોર્યાસી લાખ સત્તાવન હજાર તેર છે. આ સ્વર્ગવિમાન બધા જ પ્રકારના ઈન્દ્રિયસુખો દેવાવાળા છે. જે જીવ પૂર્વ જન્મમાં વિદ્વાન, તપસ્વી, રત્નત્રયથી વિભૂષિત, ધાર્મિક, અર્હંત અને નિર્ગ્રંથગુરુના ભક્ત, જિતેન્દ્રિય, શ્રેષ્ઠ આચરણવાળા હોય છે તે જ જીવ દેવગતિને પ્રાપ્ત થઈ સ્વર્ગમાં જન્મ ધારણ કરે છે. ત્યાં તેમને ઈન્દ્રિયજન્ય

સુખ ઉપલબ્ધ થાય છે. સ્વર્ગના અગ્રભાગમાં રત્નમયી મોક્ષશીલા છે, તે મનુષ્યક્ષેત્ર સમાન પિસ્તાલીસ લાખ યોજનની છે અને બાર યોજન ઊંચી છે. એ શિલા ઉપર સિદ્ધ ભગવાન આસન્ન છે, તે અનંત સુખમાં લીન અનંત છે તેમને હું પ્રણામ કરું છું.

આ પ્રકારે ઈન્દ્રિય સુખ-દુઃખ દેવાવાળા ત્રણ લોકનું સ્વરૂપ જાણીને અગ્રભાગમાં જે મોક્ષસ્થાન છે તેને રત્નત્રય તપ દ્વારા પ્રાપ્ત કરવાનો જ કેવળ પ્રયત્ન કરો. મોક્ષ અનંત સુખથી પરિપૂર્ણ છે.

## ૧૧. બોધિદુર્લભ–ભાવના

ચારે ગતિઓમાં સદાય ભટકતા રહેવાથી અને કર્મબંધ કરતા જીવોને બોધિદુર્લભ ભાવનાનું થવું અત્યંત મુશ્કેલ છે. પહેલાં તો ચાર ગતિઓમાં મનષ્યગતિ જ દુર્લભ છે; બીજું આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, દીર્ઘાયુ, પંચેન્દ્રિયની પૂર્ણતા, નિર્મળ બુદ્ધિ, મંદકષાય, મિથ્યાત્વની મંદતા, વિનય આદિ શ્રેષ્ઠગુણ–આ બધાની ઉત્તરોત્તર પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે; પરંતુ તેનાથી પણ દુર્લભ દેવ-શાસ્ત્ર-ગુરુના સંયોગનું મળવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિ તથા નિર્દોષ તપ પણ તેનાથી પણ દુર્લભ છે.

જે બુદ્ધિમાન ઉક્ત સામગ્રીને પ્રાપ્ત કરી મોહની પરિસમાપ્તિ કર્યા બાદ મોક્ષની સિદ્ધિ કરે છે, તે મહાન પુરુષોએ જ બોધિ પ્રાપ્ત કરી છે; પરંતુ ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થતાં પણ જે મોક્ષની સિદ્ધિમાં પ્રમાદ કરે છે, તે જાણે કે નૌકાનું શરણ ન લઈને સંસારસમુદ્રમાં ડૂબતો રહેવા ઈચ્છે છે. આ પ્રકારનો વિચાર કરી શ્રેષ્ઠ પુરુષોએ સમાધિમરણમાં તથા મોક્ષસાધનમાં વિશેષ પ્રયત્ન કરતા રહેવો જોઈએ.

## ૧૨. ધર્મ–ભાવના

ઉત્તમ ધર્મ તેને કહે છે જે સંસારસાગરમાં ડૂબતા જીવોને સહારો આપીને અર્હંત આદિ પદ અથવા મોક્ષસ્થાનને યોગ્ય બનાવે. ધર્મના દસ લક્ષણ છે—ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય. ધર્મની ઈચ્છા રાખવાવાળા જીવોએ આ દસ ધર્મનું પાલન કરવું અનિવાર્ય છે,

કારણ કે આનાથી ખોટા કર્મોનો વિનાશ થાય છે અને મોક્ષનો માર્ગ પ્રશસ્ત થઈ જાય છે. આ જ રીતે રત્નત્રયના પાલનથી, મૂલગુણ તથા ઉત્તરગુણના ધારણ કરવાથી તથા તપથી મોક્ષસુખ પ્રાપ્ત કરાવવાવાળા યતિઓનો ધર્મ પાલન કરવામાં આવે છે. ધર્મના પ્રભાવથી ત્રણેય લોકની દુર્લભ વસ્તુઓ સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. ધર્મરૂપ મંત્ર દ્વારા આકૃષ્ટ થઈને મોક્ષ-સ્ત્રી સ્વતઃ આલિંગન કરે છે.

સંસારમાં જેટલી પણ દુષ્પ્રાપ્ય વસ્તુઓ છે તે બધી જ ધર્મના પ્રસાદથી અનાયાસ જ પ્રાપ્ત થઈ જાય છે. ધર્મ જ માતા-પિતા તથા સાથે સાથે ચાલવાવાળો અને હિત કરવાવાળો છે. તે કલ્પવૃક્ષ, ચિંતામણિ અને રત્નોનો ભંડાર છે. તે પુરુષ આ સંસારમાં ધન્ય છે કે જે સમસ્ત પ્રમાદનો ત્યાગ કરી ધર્મનું પાલન કરે છે અને આવા પુરુષોની જ સંસારમાં પૂજા થાય છે; પરંતુ જે પુરુષ ધર્મ ન કરી વ્યર્થ સમય વ્યતીત કરે છે તે પશુ સમાન છે. આમ સમજીને બુદ્ધિમાનોએ ધર્મ કર્યા વિના એક ક્ષણ પણ વ્યર્થ જવા ન દેવો જોઈએ કારણ કે મનુષ્ય-આયુની કોઈ પણ નિશ્ચિતતા નથી.

ભવ્ય પુરુષોએ ઉપરોક્ત ભાવનાઓને ચિત્તમાં ધારણ કરવી જોઈએ. આ ભાવનાઓ સર્વથા વિકારરહિત છે, તીવ્ર વૈરાગ્યનું કારણ છે, સમસ્ત ગુણોની રાશિ છે, પાપ-રાગાદિથી રહિત છે અને જૈન મુનિ જે ભાવનાઓની સેવા કર્યા કરે છે તે ભાવનાઓ નિર્મળ છે, મોક્ષલક્ષ્મીની દાતા છે, અનંતગુણોની ખાણ છે અને સંસારનો ત્યાગ કરાવવાવાળી છે. જે મુનીશ્વર આ ભાવનાઓનું પ્રતિદિન ચિંતવન કરે છે તેમને સ્વર્ગ-મોક્ષ આદિની સંપદા પ્રાપ્ત થવી શું મુશ્કેલ છે!

જે મહાવીરપ્રભુએ પુણ્યના ઉદયથી દેવસંપદાનો ઉપભોગ કરી જગદ્‌ગુરુ તીર્થંકર થઈને કુમાર અવસ્થામાં જ કર્મોનો નાશ કર્યો તથા જેમને મોક્ષપ્રાપ્ત કરાવવાવાળા દેહ ભોગોથી પરમ વૈરાગ્ય થયો, દીક્ષા પ્રાપ્તિ માટે હું તેમની સ્તુતિ અને તેમને શતશઃ પ્રણામ કરું છું.

# અધ્યાય બારમો

**परम तपस्वी वीरवर, मोक्षमार्ग में लीन;**
**नमस्कार अर्हन्त को, करता है यह दीन.**

બળવાનોમાં શ્રેષ્ઠ, મહાન તપસ્વી, મોક્ષસુખમાં લીન, કામરૂપી સુખથી વિરક્ત એવા શ્રી વીરપ્રભુને હું નતમસ્તક થઈને પ્રણામ કરું છું.

વીર ભગવાનને વૈરાગ્ય ઉત્પન્ન થયા બાદ લોકાન્તિક દેવોએ પોતાના અવધિજ્ઞાનથી એ નિર્ણય કર્યો કે ભગવાનના તપકલ્યાણકનો ઉત્સવ ઉજવવો જોઈએ. તેઓ ભગવાન શ્રી મહાવીર પાસે આવ્યા. એ દેવોએ પોતાના પૂર્વજન્મમાં દ્વાદશાંગ શ્રુતનો અભ્યાસ કર્યો હતો તથા વૈરાગ્યભાવનાનું ચિંતવન કર્યું હતું. ચૌદ અંગના જાણકાર, સ્વભાવથી બાળબ્રહ્મચારી, તપકલ્યાણકનો ઉત્સવ કરાવવાવાળા, એક ભવ પછી નિયમથી મોક્ષ જવાવાળા, દેવોમાં શ્રેષ્ઠ એવા વીર આત્માઓને અમે સાદર પ્રણામ કરીએ છીએ!

કર્મરૂપી વૈરીઓનો નાશ કરવામાં જે પ્રયત્નશીલ છે એવા વીર ભગવાનને પ્રણામ કરી તથા સ્વર્ગથી લાવેલા પવિત્ર દ્રવ્યોથી ભગવાનનું પૂજન કરી વૈરાગ્યમય પરિણામ થઈ જાય એવી વૈરાગ્યમય સ્તુતિ દ્વારા તે લોકાન્તિક દેવો ભગવાનનું ગુણગાન કરવા લાગ્યા. 'હે વીર પ્રભુ! આપ જગતના સ્વામી છો, ગુરુઓના શ્રેષ્ઠ મહાન ગુરુ છો, જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ જ્ઞાની છો, સમજદારોમાં આપ સર્વશ્રેષ્ઠ સમજદાર છો. આપને અમે વિશેષ શું સમજાવી શકીએ છીએ? તેથી સ્વયંબુદ્ધ તથા સર્વ પદાર્થોના જ્ઞાતા આપને અમે શું સમજાવીએ? કારણ કે આપ સ્વયં અમને સદ્‌બુદ્ધિ આપવાવાળા છો. જેવી રીતે પ્રકાશમાન દીપક સમસ્ત પદાર્થને પ્રકાશિત

કરે છે, તેવી જ રીતે આપ પણ સંસારના સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરશો. પરંતુ હે ભગવાન! અમને સંતોષ થાય છે કે અમે આપને અનુમોદન કરવાના બહાને આપના દર્શન અને ભક્તિ કરવા માટે અહીં આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી લઈએ છીએ. આપ તો ત્રણ જ્ઞાનના ધારી છો, આપને કોણ શિક્ષા આપી શકે છે? શું સૂર્યને જોવા માટે દીપકની આવશ્યકતા હોય છે?–ક્યારેય નહીં. હે દેવ! બળવાન મોહરૂપી શત્રુને જીતવા માટે આપે જે ઉદ્યમ કર્યો છે, તે જોઈને સંસારસમુદ્રને પાર કરવાની ઈચ્છા રાખવાવાળા અનેક ભવ્ય આત્માઓનું મહાન હિત થશે. આપ જેવી દુર્લભ નૌકાને પ્રાપ્ત કરીને અસંખ્યાત ભવ્ય જીવો વિકટ સંસાર-સાગરથી પાર થઈ શકશે. કેટલાય ભવ્ય જીવો આપના પવિત્ર ઉપદેશથી રત્નત્રયને અંગીકાર કરી તેના દ્વારા સર્વાર્થસિદ્ધિ જેવા સ્થાનમાં ગમન કરશે. કેટલાય પ્રાણી આપની વાણી સાંભળી મિથ્યાજ્ઞાનરૂપી અંધકારનું નિવારણ કરી બધા પદાર્થોની સાથે સાથે મોક્ષલક્ષ્મીને પણ જોશે. હે પ્રભુ! આપથી બુદ્ધિમાનોને મનવાંછિત ઈષ્ટપદાર્થોની સિદ્ધિ થશે. હે દેવ! આપના પ્રસાદથી જ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થઈ શકશે.

હે દીનાનાથ! મોહરૂપી ફંદામાં ફસાયેલા ભવ્ય પ્રાણીઓને આપ જ હમેશા સહારો આપશો, કારણ કે આપ જ તીર્થને ચલાવવાવાળા ધર્મ-પ્રવર્તક છે. આપના વચનરૂપી મેઘથી વૈરાગ્યરૂપી અપૂર્વ વજ્રને પામીને અસંખ્યાત બુદ્ધિમાન ખૂબ જ ઊંચા મોહરૂપી શિખરને વાતવાતમાં જ ખંડ ખંડ કરી દેશે. આપના ઉપદેશથી પાપી પ્રાણી પોતાના પાપોને અને કામી વ્યક્તિ કામશત્રુને શિઘ્ર જ પરાસ્ત કરી દેશે એમાં રંચમાત્ર પણ સંદેહ નથી. હે સ્વામી! આ પણ નિશ્ચય છે કે ઘણા પ્રાણી આપના ચરણકમળના સેવનથી દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનો સ્વીકાર કરી આપની સમાન જ મહાન થઈ જશે.

હે પ્રભો! સંસારથી વૈર કરવાવાળા, વૈરાગ્યરૂપી અસ્ત્રને રાખવાવાળા આપના અવલોકનમાત્રથી મોહ અને ઈન્દ્રિયરૂપી શત્રુ પોતાની જીવનલીલા સમાપ્ત થવાના ભયથી ધ્રુજી રહ્યા છે. કારણ કે હે દીનબન્ધુ! આપ બળવાન સુભટ છો. દુર્જય પરિષહરૂપી વીરોને ક્ષણમાત્રમાં જીતવાનું સામર્થ્ય રાખો છો. તેથી હે વીરપ્રભો! આપ મોહ-ઈન્દ્રિયરૂપી વૈરીઓને જીતવામાં તથા ભવ્યાત્મા ઉપર ઉપકાર કરવા માટે ચારેય ઘાતીયાકર્મરૂપી

શત્રુઓને નાશ કરવાનો શીઘ્ર ઉપાય કરો. કારણ કે હવે આ ઉત્તમ સમય તપસ્યા કરવા માટે અને ભવ્યોને મોક્ષ લઈ જવા માટે આપના હાથમાં આવ્યો છે.

હે વીર પ્રભુ! આપને પ્રણામ છે. આપ જગત્‌હિતૈષી છો, આપ જ મોક્ષરૂપી રમણીની પ્રાપ્તિ માટે ઉદ્યમી છો, તેથી આપને અમે ફરી ફરી પ્રણામ કરીએ છીએ. પોતાના જ શરીરના ભોગોના સુખમાં ઈચ્છારહિત છો, તેથી પણ આપને પ્રણામ છે. મોક્ષરૂપી સ્ત્રીની સાથે રમણ કરવાની ઈચ્છા રાખો છો, તેથી આપને પ્રણામ છે. મહાન પરાક્રમી, બાળ બ્રહ્મચારી, રાજ્યલક્ષ્મીના ત્યાગી, અવિનાશી લક્ષ્મીમાં લીન આપને પ્રણામ છે. યોગીઓના પણ આપ મહાન ગુરુ છો, તેથી આપને પ્રણામ છે. બધા જીવોના પરમ બંધુ છો, તેથી આપને ફરી ફરી પ્રણામ છે. હે મહાન પ્રભુ! આ સ્તુતિ દ્વારા અમે એ જ પ્રાર્થના કરીએ છીએ કે પરલોકમાં ચારિત્ર્યની સિદ્ધિ માટે પૂરી શક્તિ આપો. હે વીર પ્રભુ! તે શક્તિ મોહરૂપી શત્રુનો નાશ કરવાવાળી છે. આ પ્રકારે જગત્‌પૂજ્ય શ્રી વીર ભગવાનની સ્તુતિ અને અનેક પ્રાર્થના કરીને તે લોકાન્તિક દેવો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

તે જ સમયે સમસ્ત દેવો સહિત ચારે જાતિના ઈન્દ્રોએ ઘંટા આદિ સ્વતઃ વાગવાથી ભગવાનનો સંયમોત્સવ સમજીને ભક્તિભાવથી પોતાની ઈન્દ્રાણીઓ સહિત મહાન વિભૂતિથી વિભૂષિત થઈને પોતપોતાની સવારી ઉપર આરૂઢ થઈને નગરીમાં પ્રવેશ કર્યો. દેવની સેનાએ પોતાની પત્નીઓ સહિત સવારીઓ ઉપર ચઢેલા નગર અને વનને ચારે તરફ ઘેરી લીધું. ત્યારબાદ ઈન્દ્રએ ભગવાન મહાવીરસ્વામીને એક સિંહાસન ઉપર બેસાડી અત્યંત પ્રસન્નતા પ્રદર્શિત કરતા ગીત, નૃત્ય, જયજયકાર શબ્દોનું ઉચ્ચારણ કરતા ક્ષીરસાગરથી ભરેલા ૧૦૦૮ કળશોથી તેમનો અભિષેક કર્યો. ઈન્દ્રએ એ ત્રિલોકીનાથને દિવ્ય આભૂષણ અને વસ્ત્રોથી અલંકૃત કર્યા, સુગંધિત દિવ્ય માળાઓ પહેરાવી. આ રીતે ઈન્દ્રએ ભગવાનને ખૂબ સજાવ્યા. ત્યારબાદ ભગવાને જન્મદેવાવાળી પોતાની માતાને જ્ઞાનામૃતથી સિંચિત પ્રભાવશાળી, સરળ અને મીઠા શબ્દોમાં સાંત્વના પ્રદાન કરી, ભાઈઓને ધૈર્ય બંધાવ્યું, વૈરાગ્યને ઉત્પન્ન કરવાવાળા ઉપદેશના અનેક વાક્યોથી પોતાની દીક્ષાની વાત

સમજાવી દીધી. સંયમરૂપી લક્ષ્મીના સહવાસમાં ઉદ્યમી તે વીરપ્રભુ હર્ષપૂર્વક સમસ્ત રાજપાટ, માતા-પિતા, ભાઈઓનો ત્યાગ કરી ઈન્દ્ર દ્વારા લાવવામા આવેલી દૈદીપ્યમાન 'ચંદ્રપ્રભા' નામની પાલખી ઉપર આરૂઢ થઈને દીક્ષા માટે વન તરફ ચાલ્યા. તે સમયે એ જગતના સ્વામી સમસ્ત દેવોથી ઘેરાયેલા, દિવ્ય આભૂષણોથી યુક્ત અત્યંત મનોજ્ઞ પ્રતીત થતાં હતા.

સૌથી પહેલાં ભૂમિગોચરીઓએ પાલખી ઉપાડી અને સાત પગલા આગળ ચાલીને રાખી દીધી. ત્યારબાદ વિદ્યાધર આકાશમાર્ગથી સાત પગલા આગળ લઈ ગયા. ત્યારબાદ ધર્મમાં પ્રેમ રાખવાવાળા સમસ્ત દેવો પાલખી લઈને આકાશમાર્ગથી ચાલવા લાગ્યા. આ સમયની શોભાનું વર્ણન કરવું એટલા માટે અસંભવ છે કે જે પાલખીને લઈને જવાવાળા સ્વયં ઈન્દ્ર અને સ્વર્ગના દેવતાઓ છે તેની અનુપમ છટાનું વર્ણન શું સામાન્ય લેખની દ્વારા થઈ શકે છે? એ સમયે હર્ષથી પુલકિત સમસ્ત દેવો પુષ્પની વર્ષા કરી રહ્યા હતા, વાયુકુમાર દેવ ગંગાજળની બુંદોથી યુક્ત મધુર પવન ચલાવી રહ્યા હતા, કેટલાક દેવો ભેરી વગાડી રહ્યા હતા. ઈન્દ્રની આજ્ઞાથી એ દેવોએ એમ ઘોષણા કરી કે મોહ આદિ શત્રુઓને જીતવાનો ભગવાનનો આ સમય છે. આ સાંભળીને સમસ્ત દેવોએ હર્ષિત થઈને પ્રભુની સામે ખૂબ જ ઉત્સવ ઉજવ્યો—જયવંત હો, આનંદયુક્ત હો, વૃદ્ધિ પામો આદિ શબ્દો થવા લાગ્યા. દુંદુભિ વાજિંત્રોના શબ્દ થવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, કિન્નરી દેવીઓ મધુર શબ્દમા મોહરૂપી શત્રુને જીતવાનો યશગાન કરવા લાગી, પ્રભુની આગળ દિક્કુમારી દેવીઓ મંગળ અર્ઘ લઈને ચાલવા લાગી. આ પ્રકારે ભગવાન મહાવીર નગરથી વન તરફ ચાલ્યા. નગરવાસીઓએ પ્રભુની ખૂબ પ્રશંસા કરી. કેટલાય લોકો કહેતા હતા કે હજી તો જિનરાજ કુમાર જ છે, છતાં પણ નાની ઉંમરમાં જ તેમણે કામરૂપી શત્રુને પરાજિત કરી ખૂબ જ મોટું ઉચ્ચ કોટિનું કામ કર્યું છે અને આજે મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ માટે તપોવન તરફ જઈ રહ્યા છે.

આ પ્રકારના વાક્યો સાંભળીને અન્ય લોકો પણ એવું જ કહેવા લાગ્યા કે મોહને તથા કામદેવરૂપી શત્રુને પ્રભુ જ જીતી શક્યા છે, બીજાઓમાં આવું સામર્થ્ય નથી. ત્યારબાદ સૂક્ષ્મ વિચારવાળા આવું કહેવા લાગ્યા

કે આ બધું વૈરાગ્યનું જ માહાત્મ્ય છે કે જે અંતરંગ શત્રુઓનો નાશ કરવાવાળું છે. વૈરાગ્યના પ્રભાવથી પાંચ ઈન્દ્રિયરૂપી ચોરને મારવા માટે સ્વર્ગના ભોગ ને ત્રણ લોકની સંપદા ત્યાગી દેવામાં આવે છે કારણ કે જેના હૃદયમાં પૂર્ણ વૈરાગ્યનો સ્રોત વહે છે, તે ચક્રવર્તીની વિભૂતિને ક્ષણભરમાં ત્યાગી શકે છે. દરિદ્ર મનુષ્ય પોતાની ઝૂંપડીને પણ છોડવામાં સમર્થ નથી. કેટલાક મનુષ્યો એમ પણ કહેવા લાગ્યા કે આ વાત સત્ય છે કે વૈરાગ્ય વિના મન પવિત્ર થઈ શકતું નથી. આ પ્રકારની વાતચિત કરતાં નગરના ઘણા મનુષ્યો વનમાં જઈ પહોંચ્યા અને ભગવાનના દર્શન થતાં જ તેમના મસ્તક સ્વયં ઝુકી ગયા. આ પ્રકારે તે ત્રિલોકીનાથ નગરની બહાર જઈ પહોંચ્યા.

જ્યારે માતાએ ભગવાનના વન-ગમનના સમાચાર સાંભળ્યા ત્યારે પુત્ર-વિયોગમાં તે મૂર્છિત થઈને કોમળ વેલ સમાન મુરઝાઈ ગયા. ત્યારબાદ આ શોકને ક્રમશઃ સહન કરતી અનેક પુરજનો અને બંધુઓની સાથે તેમની પાછળ ચાલી ગઈ. માતા વિલાપ કરતી હતી કે હે પુત્ર! તું તો મુક્તિથી પ્રેમ કરી તપસ્યા કરવા ચાલ્યો ગયો પરંતુ મને તારા વિના ક્યાં ચૈન પડશે? કેવી રીતે જીવન વ્યતીત કરીશ? આટલી નાની ઉંમરમાં તું તપસ્યાના મહાન ઉપસર્ગોને કેવી રીતે સહન કરીશ? હે પુત્ર! શીતકાળના કંપાવતા પવનમાં જ્યારે તું દિગંબર વેષમાં વનમાં વિચરીશ ત્યારે કેવી રીતે એ ઠંડીને સહન કરીશ? ગ્રીષ્મકાળમાં જ્વાળાઓથી સમસ્ત વન બળી જાય છે એ જ્વાળાઓને કેવી રીતે સહન કરીશ? શ્રાવણ, ભાદરવાની કાળી ઘટાઓને જોઈને સારા સારા સાહસિકો પણ ભયભીત થઈ જાય છે. હે બેટા! આ બધા કષ્ટોને શું તું સહન કરી શકીશ? બસ, જેમ જેમ મારા હૃદયમાં આ બધી વાતોનો વિચાર ચાલે છે તેમ તેમ મને અધિક કષ્ટ થાય છે. હે પુત્ર! અતિ દુર્નિવાર ઈન્દ્રિયસમૂહને, ત્રૈલોક્યવિજયી કામદેવને અને કષાયરૂપી શત્રુને ધૈર્યપૂર્વક તું પોતાના વશમાં કેવી રીતે કરીશ? હે બેટા! તું બાળક છે અને એકલો છે પછી આ ભયંકર વનની ગુફામાં કેવી રીતે રહી શકીશ? કારણ કે એ ગુફાઓમાં અનેક પ્રકારના હિંસક જંગલી જીવ રહ્યા કરે છે.

આવી રીતે જિનમાતા અત્યંત કરુણ સ્વરમાં વિલાપ કરતી માર્ગમાં અતિકષ્ટથી આગળ વધતી જઈ રહી

હતી કે એટલામાં એમની પાસે મહત્તર દેવ આવ્યા. તેમને સાંત્વના આપતા કહ્યું કે હે મહાદેવી! શું તમે આમને નથી ઓળખતા? આ આપના પુત્ર સંસારના સ્વામી અને અનુપમ શક્તિશાળી જગદ્‌ગુરુ છે. આત્મવેષી સંસારરૂપી સમુદ્રમાં પોતાની જાતને વિલિન કરી લેતા પહેલાં જ પોતાનો ઉદ્ધાર તો કરી જ લેશે સાથે સાથે અન્ય કેટલાય ભવ્ય જીવોનો પણ ઉદ્ધાર કરી દેશે એ ધ્રુવ સત્ય છે. જેવી રીતે ભયાનક સિંહ પણ મજબૂત સાંકળથી બંધાઈ જતા સહજમાં જ વશવર્તી થઈ જાય છે, તેવી જ રીતે આપનો આ મહાન પુત્ર પણ પરાક્રમી શત્રુઓને તપરૂપી સાંકળથી બાંધીને તેને પોતાના વશમાં કરી લેશે. જેના માટે સંસારરૂપી સમુદ્રનો બીજો કિનારો પામી લેવો જરાપણ દુર્લભ નથી એવા સામર્થ્યશાળી આપના આ પુત્ર દીનતાપૂર્વક કલ્યાણહીન ઘરમાં કેવી રીતે રહી શકે? તેમને જ્ઞાનરૂપી ત્રણ નેત્ર છે. સંસારને તેમણે સમ્યક્ રીતે જાણી લીધો છે. પછી વૈરાગ્ય ઉત્પન્ન થઈ જવા પર અંધકૂપમાં કેવી રીતે પડે? તેથી હે મહાદેવી! આપ આ પાપરૂપ શોકનો ત્યાગ કરો. ત્રૈલોક્યને અનિત્ય સમજીને પોતાને ઘરે જાઓ અને ત્યાં જ ધર્મસાધનામાં પોતાના મનને લગાવો. પોતાની પ્રિય અને ઈચ્છિત વસ્તુના વિયોગકાળમાં જ્ઞાનહીન પુરુષ જ શોક કર્યા કરે છે. **જે જ્ઞાની અને બુદ્ધિમાન હોય છે તે સદાય સંસારથી ડર્યા કરે છે અને કલ્યાણકારી ધર્મની જ ઉપાસના કર્યા કરે છે.**

મહત્તરદેવની આ વાતો સાંભળીને જિનમાતા થોડા શાંત થઈ ગયા. તેમના હૃદયમાં વિવેકરૂપી પ્રકાશના કિરણોનો પ્રાદુર્ભાવ થયો અને હૃદયનો શોકાંધકાર દૂર થઈ ગયો. તે પોતાના વિશાળ હૃદયમાં પવિત્રધર્મને ધારણ કરી પોતાના કુટુંબીઓ અને ભાઈઓને સાથે લઈ રાજમહેલમાં પાછા ફર્યા.

ત્યારબાદ પાર્શ્વવર્તી દેવો સાથે માનવસમાજનું મંગળ ગાન શરૂ કર્યા પૂર્વ ‘ખંકા’ નામના વિશાળ વનમાં જિનેન્દ્ર મહાવીર પ્રભુ સંયમ ધારણ કરવા માટે જઈ પહોંચ્યા. તે વન અત્યંત રમણીક હતું. ત્યાં ફળ-પુષ્પોથી યુક્ત શીતળ છાંયાવાળા સુંદર સુંદર વૃક્ષ હતા કે જે અધ્યયન અને ધ્યાન કરવા માટે નિતાંત ઉપયુક્ત હતા. મહાવીરસ્વામી પોતાની પાલખીમાંથી ઉતરીને ‘ચંદ્રકાંતમયી’ એક સ્વચ્છ શીલા ઉપર બેસી ગયા. એ સુંદર શીલાની શોભા વિચિત્ર હતી. મહાવીરસ્વામીના આવવા પહેલાં જ દેવોએ આવીને એ શીલાને સુરમ્ય બનાવી

દીધી હતી. તે શીલા ગોળાકાર હતી. તે શીલા ઉપર વિશાળ વૃક્ષોની શીતળ અને ઘનઘોર છાયા પડી રહી હતી. ચંદ્રકિરણોથી ભિંજાયેલા સુરભી જલકણો એ શીલા ઉપર છંટકાયેલ હતા. બહુમૂલ્ય રત્નોના ચૂર્ણ દ્વારા ઈન્દ્રાણીએ એ શીલા ઉપર સ્વસ્તિક બનાવ્યા હતા. તેના ઉપર વસ્ત્રનો મંડપ બનાવેલો હતો. તેમાં ધ્વજા અને રંગબેરંગી સુંદર માળાઓ લટકતી હતી. ચારે તરફ ધૂપની સુગંધ ફેલાયેલી હતી અને બાજુમાં જ અનેક મંગલ દ્રવ્ય સજાવેલા હતા.

મહાવીરસ્વામી એ સુંદર સ્વચ્છ શીલા ઉપર ઉત્તરાભિમુખ થઈને બેસી ગયા અને મનુષ્યનો કોલાહલ શાંત થઈ જવા પર દેહત્યાગની ઈચ્છાથી વિરક્ત અને મુક્તિસાગરમાં તત્પર થઈને શત્રુ-મિત્રાદિ પ્રત્યે ઉત્તમ સામ્યભાવનું ચિંતવન કરવા લાગ્યા. તેમણે ક્ષેત્ર ઈત્યાદિ ચેતન-અચેતનરૂપ બાહ્ય દશ પરિગ્રહોનો, મિથ્યાત્વ આદિ ચૌદ પરિગ્રહોનો તથા વસ્ત્ર, અલંકાર અને માળા આદિ વસ્તુઓનો પરિત્યાગ કરી દીધો અને મન-વચન-કાયથી પવિત્ર થઈને શરીર આદિમાં નિસ્પૃહતાપૂર્વક આત્મસુખની પ્રાપ્તિમાં લાગી ગયા. સર્વપ્રથમ તેમણે પર્યંકાસન લગાવીને મોહબંધનમાં ફસાવવાવાળા કેશનો લોંચ કર્યો. ત્યારબાદ જિનેશ્વર મહાવીરસ્વામી સંપૂર્ણ પાપક્રિયાથી મુક્ત થઈને અઠ્યાવીસ મૂલગુણોનું પાલન કરવામાં તત્પર થઈ ગયા. આતાપન આદિ યોગથી ઉત્પન્ન ઉત્તમ ઉત્તરગુણો અને મહાવ્રત, સમિતિ તથા ગુપ્તિ આદિને તેમણે ધારણ કર્યાં. તેઓ બધાને સમતાથી જોવા લાગ્યા અને સંપૂર્ણદોષોથી હીન અને સર્વશ્રેષ્ઠ સામાયિક સંયમને તેમણે ધારણ કર્યું. અંતમાં તેમણે કારતક વદ દસમી(ગુજરાતી) ના સાંજના હસ્ત અને ઉત્તરા નક્ષત્રની મધ્યવાળા દુષ્પ્રાપ્ય સમયમાં જિનદીક્ષા ગ્રહણ કરી. આ જિનદીક્ષા મુક્તિરૂપી કામિનીની સખી સમાન હતી. મહાવીરસ્વામીના મસ્તકમાં ચિરકાળ રહેવાને કારણે પરમ પવિત્ર એવા તેમના કેશને સ્વયં ઈન્દ્રએ રત્નજડિત પટારામાં પોતાના હાથેથી રાખ્યા. પછી ઈન્દ્રએ કેશની પૂજા કરી તેને ઉત્તમ બહુમૂલ્ય વસ્ત્રોથી ઢાંકી સમારોહ પૂર્વક ક્ષીરસમુદ્રના નૈસર્ગિક શુદ્ધજળમાં પધરાવી દીધા. જ્યારે કેશ જેવી હીન વસ્તુનું પણ જિનેશ્વરના સંસર્ગમાં રહેવાના કારણે આટલું અધિક સન્માન કરવામાં આવે છે, તો પછી જે પુરુષ સાક્ષાત્ જિનેશ્વર ભગવાનની પૂજા-સેવામાં લાગ્યા કરે છે તેમને સંસારમાં

કઈ એવી અલભ્ય વસ્તુ છે કે જે ન મળી શકે? જિનભગવાનના કમળરૂપી ચરણોના આશ્રયમાં આવી જવાથી બધું જ પ્રાપ્ત થઈ શકે છે. ત્યારબાદ મહાવીરસ્વામીએ દિગંબર રૂપ ધારણ કર્યું. જ્યારે તેઓ દિગંબર થઈ ગયા ત્યારે તેમનું શરીર તપાવેલા સુવર્ણ જેવું પ્રકાશમાન અને તેજસ્વી દેખાવા લાગ્યું જાણે કે તે કાંતિ અને દીપ્તિનો સ્વાભાવિક તેજોમય સમૂહ જ હોય. ત્યારબાદ પરમ આહ્લાદિત ઈન્દ્ર સ્વયં પરમેષ્ઠી પ્રભુનું ગુણ-ગૌરવ-ગાન કરવા લાગ્યા—

હે દેવ! આ સંસારમાં સર્વશ્રેષ્ઠ પરમાત્મા આપ છો. આ ચરાચર જગતના સ્વામી આપ છો. આપ જગત્ગુરુ છો, ગુણસાગર છો, શત્રુવિજેતા છો અને સ્વયં અત્યંત નિર્મળ છો. હે પ્રભો! આપના અસંખ્ય અને અનંત ગુણોનું વર્ણન જ્યારે ગણધર આદિ દેવ નથી કરી શકતા ત્યારે હું મંદબુદ્ધિ ક્યાં સુધી આપના મહાન ગુણો અને ઐશ્વર્યોનું વર્ણન કરી શકું? આમ વિચારી જોકે મારી બુદ્ધિ જડ થઈ જાય છે છતાં પણ આપના પ્રત્યેની અમારી અચલ ભક્તિ જ આપની સ્તુતિ કરવા માટે મને નિરંતર પ્રોત્સાહિત કરી રહી છે. હે યોગીન્દ્ર! જેવી રીતે મેઘનું આવરણ દૂર થઈ જતા સૂર્યકિરણોની સ્વાભિક છટા ફેલાઈ જાય છે, તેવી જ રીતે આજે આપના બાહ્ય અને અભ્યંતર મેલ એકદમ નષ્ટ થઈ જવાના કારણે આપના નિર્મળ ગુણસમૂહ પ્રકાશમાન થઈ રહ્યા છે. હે સ્વામિન્! જોકે આપે ઈન્દ્રિયવિષયજન્ય ચંચળ સુખોને ક્ષણસ્થાયી જાણીને ત્યાગી દીધા છે, છતાં પણ આપની ઈચ્છા અત્યંત આત્મસુખની પ્રાપ્તિ માટે લાલાયિત છે, તેથી આપને નિસ્પૃહ કેવી રીતે કહી શકાય? જોકે આપે સ્ત્રીના શરીરને નિતાંત હેય, ઘૃણિત અને અસ્પૃશ્ય સમજીને તેના પરથી પોતાનો પ્રેમ હટાવી લીધો છે, તેમ છતાં મુક્તિરૂપી સ્ત્રીમાં આપને અનન્ય અનુરાગ બની રહ્યો છે તેથી આપને અમે વીતરાગ પણ કેવી રીતે કહી શકીએ? જેમને લોકો રત્ન કહ્યા કરે છે જોકે એ પત્થરોને આપે ત્યાગી દીધા છે, છતાં પણ સમ્યગ્દર્શન આદિ રત્નત્રયને આપે ધારણ કરી લીધા છે, તેથી આપને ત્યાગી પણ કેવી રીતે કહી શકાય? જોકે આપે ક્ષણભંગુર રાજ્યસત્તાને પાપનું આશ્રમ જાણીને છોડી દીધું છે, તેમ છતાં નિત્ય અવિનાશી અને અનુપમેય ત્રૈલોક્યના વિશાળ સામ્રાજ્ય પર એકાધિપત્ય તો આપ જ સ્થાપિત કરવા જઈ રહ્યા છો, પછી આપ

નિસ્પૃહ કેવી રીતે રહ્યા? હે જગતના સ્વામી! આપે આ સંસારની ચંચળ લક્ષ્મીનો પરિત્યાગ કરી લોકોત્તર સંપત્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરી છે, તો પછી આપને ઈચ્છારહિત કેમ સમજી શકાય? હે દેવ! જોકે આપે પોતાના બ્રહ્મચર્યરૂપી તીક્ષ્ણબાણથી પોતાના શત્રુ કામદેવને પરાસ્ત કરી દીધો છે, તેમ છતાં કામદેવની સ્ત્રી રતિને આપે વિધવા બનાવી દીધી છે, પછી આપ કૃપાળુ ક્યાંથી રહ્યા? હે નાથ! આપે પોતાના ધ્યાનરૂપી અસ્ત્રથી મોહરાજાની સાથે સાથે અન્ય બધા જ કર્મરૂપી શત્રુઓનો નાશ કરવાના છો તો પછી આપના હૃદયમાં દયાળુતા ક્યાં રહી? હે પ્રભો! જોકે આપે પોતાના ગણ્યા ગાઠ્યા અલ્પસંખ્યક બાંધવોનો પરિત્યાગ કરી દીધો છે, તેમ છતાં હવે તો સ્વયં પોતાના ગુણોના પ્રભાવથી સંપૂર્ણ જગતને જ પોતાના બાંધવ બનાવવા જઈ રહ્યા છો, પછી આપને કોઈ બાંધવહીન કેવી રીતે કહી શકે? હે ચતુર શિરોમણિ! આપે સાંસારિક ભોગોને સર્પની કાંચલી સમાન ત્યાગીને શુક્લધ્યાનરૂપી અમૃતને પી લીધું છે, પછી આપનું પ્રોષધ વ્રત કેવી રીતે પૂર્ણ થશે? હે સ્વામિન્! આપની આ દીક્ષાને બુદ્ધિમાન જીવોએ આદરની દૃષ્ટિથી જોયો છે અને તેણે સંસારના દાહને એકદમ શાંત કરી દીધું છે. આપની આ પરમપવિત્ર મહાદીક્ષા પુણ્યધારા સમાન સદાય અમ ભવ્યજીવોની રક્ષા કરે. હે દેવ! મન-વચન-કાયની વિશુદ્ધતાપૂર્વક સંપૂર્ણ જગતને પવિત્ર કરવાવાળી દીક્ષા આપે ગ્રહણ કરી છે. આ મહાદીક્ષાના બળ પર આપને પ્રણામ છે. આપ શરીર આદિના સુખથી મુખ ફેરવી ચૂક્યા છો, મોક્ષમાર્ગમાં નિરંતર અગ્રેસર થઈ રહ્યા છો, તપરૂપી લક્ષ્મીથી પ્રીતિ કરવાવાળા છો, અંતરંગ–બહિરંગ પરિગ્રહોને ત્યાગવાવાળા છો, તેથી આપને પ્રણામ છે.

હે ઈશ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ બહુમૂલ્ય આભૂષણોથી અલંકૃત, પરંતુ અન્ય પાર્થિવ આભૂષણોથી રહિત આપને પ્રણામ છે. આપે સંપૂર્ણ વસ્ત્રોનો પરિત્યાગ કરી દિશારૂપી શૂન્ય વસ્ત્રોને ધારણ કર્યા છે, ઈશ્વરત્ત્વ પ્રાપ્તિની સાધનામાં સ-ઉત્સાહ પ્રવૃત્ત છો, તેથી આપને પ્રણામ છે. હે જિનેનશ્વર! આપ સકળ પરિગ્રહોથી રહિત અને ગુણરૂપી સંપત્તિઓથી યુક્ત છો. આપને મુક્તિ અત્યંત પ્યારી છે, તેથી આપને પ્રણામ છે. હે નાથ! આપ ઈન્દ્રિયાતીત અક્ષયસુખમાં ચિત્તને લગાવવાવાળા વિરક્ત પુરુષ છો. ઉપવાસ કરીને

શુક્લધ્યાનરૂપી અમૃતના ભોક્તા છો, તેથી આપને પ્રણામ છે. હે દેવ! આપ દીક્ષિત થઈને જ્ઞાનરૂપી ચાર નેત્રોના ધારક છો, બાળબ્રહ્મચારી છો, તીર્થેશ છો અને સ્વયંબુદ્ધ છો, તેથી આપને પ્રણામ છે. આપ કર્મરૂપી શત્રુઓની સંતતિના નાશકર્તા છો, ગુણસાગર છો અને ઉત્તમ ક્ષમા આદિ શુભલક્ષણોથી યુક્ત છો, તેથી આપને પ્રણામ છે. હે દેવ! આપ આ સંસારની સંપૂર્ણ આશાઓને પૂર્ણ કરવાવાળા છો પરંતુ અમે જે આપની સ્તુતિ કરી રહ્યા છીએ તે સંસારની ઉત્તમ સંપદાઓને પ્રાપ્ત કરવા માટે નથી, પરંતુ જે શક્તિના પ્રભાવથી બાલ્યાવસ્થામાં જ આપે તપ-દીક્ષા ગ્રહણ કરી છે તે જ અતુલનીય શક્તિ અમને પણ પ્રાપ્ત થાઓ. આ રીતે, દેવોના ઈન્દ્રએ ભગવાન મહાવીરની સ્તુતિ કરી અને પછી કરબદ્ધ પ્રણામ કરી અપાર પુણ્યનું ઉપાર્જન કર્યું.

ત્યારબાદ મહાવીરસ્વામીએ નિષ્ચેષ્ટ થઈને પોતાના સંપૂર્ણ અંગ–પ્રત્યંગોનો અવરોધ કર્યો અને કર્મરૂપી શત્રુઓની નાશક યોગક્રિયાનું અવલંબન લીધું. તે સમયે તે ચેષ્ટાશૂન્ય સુંદર પત્થરની મૂર્તિ સમાન જણાતા હતા. એ પરમોત્તમ ધ્યાનના પ્રભાવથી તેમને ચતુર્થ મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થયું કે જે મહાવીરપ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્તિનું નિર્દેશક હતું. મનુષ્ય આદિ યોનિઓમાં પ્રાપ્ત થવાવાળી સુખ-સંપદાઓને મહાવીરપ્રભુએ નિર્વિકાર થઈને અને તેને તુચ્છ તૃણ સમાન જાણીને છોડી દીધી અને અવિલંબ દીક્ષા ગ્રહણ કરી લીધી, એ અનુપમેય મહાન ગુણશાળી વીરનાથની હું સ્તુતિ કરું છું અને તેમને કરબદ્ધ પ્રણામ કરું છું.

# અધ્યાય તેરમો

**ધ્યાન મગ્ન હો સોચતે, મુક્તિ કામિની સંગ;**
**નિજ્ગુણ દે અર્હંત પ્રભુ, બાધા રહિત નિસઙ્ગ.**

પરિગ્રહથી રહિત અને નિર્બાધ થઈને મુક્તિરૂપી સ્ત્રીથી સુખપ્રાપ્તિની અભિલાષાવાળા અને ધ્યાનમાં તલ્લીન મહાવીરપ્રભુને હું પ્રણામ કરું છું. તેઓ પોતાના વીરોચિત ગુણો અમને પ્રદાન કરે.

ત્યારબાદ મહાવીરસ્વામી જોકે છ મહિના સુધી અનશન તપ કરવામાં પૂર્ણ યોગ્ય હતા તેમ છતાં અન્ય મુનીશ્વરોને ચર્યામાર્ગની પ્રવૃત્તિ દેખાડવાની ઈચ્છાથી તેમણે પારણા કરી લેવાનો નિશ્ચય કર્યો. આ પારણા શરીરની સ્થિતિને શક્તિ પ્રદાન કરે છે. મહાવીરપ્રભુ ઈર્યાપથની શુદ્ધિને ધ્યાનમાં રાખીને વિચરણ કરવા લાગ્યા. આહારદાન કરવાવાળા નિર્ધન કે ધનવાન? તેનું આપેલું આહારદાન પવિત્ર છે કે અપવિત્ર? આ પ્રકારે તેઓ પોતાના મનમાં ત્રણ પ્રકારના વૈરાગ્યનું ચિંતવન કરતાં સ્વયમેવ વિશુદ્ધ આહારની ખોજમાં ફરવા લાગ્યા. તેઓ ન તો મંદગતિથી ચાલતા હતા કે ન તો એકદમ તીવ્ર ગતિથી જ, સાધારણ ચાલથી આગળ વધતા તેઓએ કૂલ નામના એક સુંદર નગરમાં પ્રવેશ કર્યો. તે નગરના રાજા કૂલ, અત્યંત પરિશ્રમ પછી પ્રાપ્ત થયેલ પ્રિય ધનકોષની જેમ, અનાયાસ જ આવેલા જિનદેવ જેવા ઉત્તમ પાત્રને જોઈને પરમ પ્રસન્ન થયા. રાજા કૂલે મહાવીરસ્વામીને ત્રણ પ્રદક્ષિણા આપી અને ભૂમિ પર પાંચેય અંગોને ફેલાવી પ્રણામ કર્યા. ત્યારબાદ આનંદોલ્લાસના કારણ તિષ્ઠ તિષ્ઠ કહ્યું. ધર્મબુદ્ધિ રાજાએ પ્રભુને એક પવિત્ર અને ઊંચા સ્થાન પર બેસાડી અને તેમના કમળ જેવા સુંદર અને કોમળ ચરણોને પવિત્રજળથી ધોયા. એ પ્રભુના પાદપ્રક્ષાલિત જળને રાજાએ પોતાના પવિત્ર અંગમાં લગાવ્યું. ત્યારબાદ રાજાએ જળ આદિ આઠ પ્રકારના પ્રાસુક દ્રવ્યોથી પ્રભુની

ભક્તિપૂર્વક પૂજા કરી. રાજાએ પોતાના મનમાં વિચાર્યું કે આજે ઘરમાં સુપાત્ર ઉત્તમ અતિથિના આવી જવાથી મારું ગૃહસ્થ જીવન સફળ થયું. હું પુણ્યકર્મી છું, આ પવિત્ર વિવેકથી રાજાનું મન વિશેષરૂપથી પવિત્ર થઈ ગયું. હે દેવ! હે પ્રભુ! આજે આપના આગમનથી હું ધન્ય થઈ ગયો, આપે મારા ઘરને પરમ પવિત્ર બનાવી દીધું–આમ કહેવાથી રાજાના વચન પવિત્ર થઈ ગયા. પાત્રદાન કરવાથી મારા હાથ અને શરીર પવિત્ર થઈ ગયા–આવું વિચારવાથી રાજાની કાયશુદ્ધિ થઈ ગઈ. તેણે કૃત આદિ દોષોથી રહિત પ્રાસુક અન્નથી થવાવાળા વિમળ આહારદાનથી એષણાશુદ્ધિ કરી. આ પ્રકારે તે રાજા કૂલે નવધાભક્તિપૂર્વક મહાન પુણ્યનું ઉપાર્જન કર્યું. આ પરમ દુર્લભ ઉત્તમ પાત્ર મારા ભાગ્યથી પ્રાપ્ત થયું છે, તેથી મારો આ આહારદાન સવિધિ અને પૂર્ણ રીતે સંપૂર્ણ છે એવો શ્રેષ્ઠ વિચાર કરીને તે રાજા અત્યંત શ્રદ્ધાવાન બનીને પોતાની શક્તિ અનુસાર પાત્રદાનના મહાન ઉદ્યોગમાં લાગી ગયા. એ મહાદાનના પ્રભાવથી ઉત્પન્ન રત્નવૃષ્ટિ અને કીર્તિની અભિલાષા એ રાજાએ કરી ન હતી. તે સેવા-પૂજા ઈત્યાદિ દ્વારા પ્રભુની ભક્તિમાં લાગી ગયા અને ધર્મસિદ્ધિના નિમિત્તે તે જે અન્ય કર્મ કર્યા કરતો હતો તે બધાને તિલાંજલી આપી દીધી. તે રાજાએ વિચાર્યું કે આ પ્રાસુક આહાર છે અને દાન દેવાનો આ શ્રેષ્ઠ સમય છે, આ સંયમશીલ પુરુષ ઉપવાસોના એ અસહ્ય ક્લેશને ધૈર્યપૂર્વક સહન કરી લે છે, તેથી તેમને ઉત્તમ વિધિથી આહાર આપવો જોઈએ. આ પ્રકારે મહાનફળને આપવાવાળા શ્રેષ્ઠ દાતાઓના ઉત્તમગુણોને પોતાનામાં ગ્રહણ કર્યા.

ત્યારબાદ રાજાએ હિતકારક ઉત્તમ પાત્રને મન-વચન-કાયથી પવિત્ર થઈને શ્રદ્ધા-ભક્તિ-વિધિપૂર્વક ક્ષીરનું આહારદાન આપ્યું. તે વિશુદ્ધ આહાર પ્રાસુક અને સ્વાદિષ્ટ હતો, નિર્મળ તપને વધારવાવાળો હતો અને ક્ષુધાને શાંત કરવાવાળો હતો. એ રાજાના દાનથી દેવતાગણ ખૂબ જ પ્રસન્ન થયા અને પુણ્યોદયના કારણ રાજપ્રસાદના પ્રાગંણમાં રત્નોની અવિરલ વર્ષા કરી એ રત્નવર્ષાની સાથે સાથે પુષ્પવૃષ્ટિ અને જલવૃષ્ટિ પણ કરી. તે જ સમયે આકાશમંડળમાં દુંદુભિ આદિ વાદ્યોની ગંભીર ધ્વનિ થઈ. તે વાદ્યોના મધુર સ્વરોને સાંભળતા એવું જણાતું હતું જાણે કે રાજાના પુણ્ય અને ઉત્તમ યશનું ગંભીર સ્વરમાં ગાન કરી રહ્યા હોય. તે જ સમયે દેવો પણ જય જય ઈત્યાદિ શુભ શબ્દોનું ઉચ્ચારણ કરતાં કહેવા લાગ્યા કે હે પ્રાણીઓ! આ પરમોત્તમપાત્ર

મહાવીરપ્રભુ દાતાને આ સંસારરૂપી મહાસમુદ્રથી અનાયાસ જ પાર ઉતારવાવાળા છે. તે દાતા નિશ્ચયથી અત્યંત ભાગ્યશાળી અને ધન્ય છે કે જેને ત્યાં જિનરાજ સ્વયં પહોંચી ગયા. એવા ઉત્તમ દાનના પ્રભાવથી દાતાને સ્વર્ગ અને મોક્ષ બંને કાળક્રમથી પ્રાપ્ત થાય છે. આ લોકમાં આપે જોયું કે ઉત્તમપાત્રને દાન દેવાથી બહુમૂલ્ય અપાર રત્નરાશીની પ્રાપ્તિ થાય છે અને વિમળ યશનો વિસ્તાર થાય છે; તેવી જ રીતે પરલોકમાં પણ સ્વર્ગ-સંપદા અને ભોગ-વિભૂતિઓ પ્રાપ્ત થાય છે કે જેના દ્વારા ચિરાકળ સુધી આનંદ ઉપભોગ કરવામાં આવે છે. રત્નવૃષ્ટિના કારણે રાજમહેલનું પ્રાંગણ ભરાઈ ગયું. પ્રાંગણમાં પડેલા એ રત્નોનો ઢગલો જોઈને ઘણા લોકો પરસ્પર એ કહેવા લાગ્યા કે જુઓ દાનનું ફળ કેવું ઉત્તમ હોય છે! નેત્રોથી જોતજોતામાં જ આ રાજપ્રાસાદ બહુમૂલ્યરત્નોની વર્ષાથી ભરાઈ ગયો. બીજાએ કહ્યું, આ શું જુઓ છો? આ તો અત્યંત સામાન્ય ફળને જ તમે તમારી આંખથી જોઈ રહ્યા છો. ઉત્તમ પાત્રદાનથી તો સ્વર્ગ અને મોક્ષના અક્ષયસુખ પણ અનાયાસ જ પ્રાપ્ત થઈ જાય છે. આ લોકોની વાતો સાંભળીને અને પોતાની આંખથી પ્રત્યક્ષ પાત્રદાનની મહિમા જોઈને ઘણા જીવો સ્વર્ગ અને મોક્ષની કલ્પના કરવા લાગ્યા અને પાત્રદાનની મહત્તામાં વિશ્વાસ રાખવા લાગ્યા.

આહારદાનના સમયે વીતરાગી તીર્થંકર મહાવીરે પોતાના શરીરની સ્થિતિનો વિચાર કરીને અંજલીરૂપી પાત્ર દ્વારા ખીરનો આહાર ગ્રહણ કર્યો તથા એ આહારગ્રહણના ઉત્તમ ફળથી રાજાને અનુગ્રહિત કરીને અને તેના ઘરને પવિત્ર કરી પાછા વનમાં ચાલ્યા ગયા. રાજાએ પણ પોતાના જન્મ, ઘર અને ધનને અપ્રત્યાશિત પુણ્યોદયથી પ્રાપ્ત થયું સમજીને અને તેને પોતાનું અહોભાગ્ય સમજવા લાગ્યો. આ શ્રેષ્ઠ દાનનું મન-વચન-કાય દ્વારા અનુમોદન કરવાના કારણે અર્થાત્ દાતા અને પાત્રની પ્રશંસા કરી ઘણા લોકોએ દાતા સમાન ઉત્તમ પુણ્યનું ઉપાર્જન કરી લીધું.

આ બાજુ જિનેશ્વર મહાવીર અનેક દેશોના અનેકાનેક નગર-ગામ અને વન-ઉપવનોમાં વાયુની જેમ સ્વચ્છગતિથી વિચરવા લાગ્યા. તેઓ મમતા-મોહથી રહિત હતા અને યોગ-ધ્યાન આદિની સિદ્ધિ માટે સિંહ

સમાન નિર્ભય થઈને રાત્રિના સમયમાં પણ પર્વતની અંધારી ગુફામાં, સ્મશાનમાં અને એકદમ ભયંકર નિર્જન વનમાં રહેતા હતા. ક્રમશઃ છઠ્ઠા અને આઠમા ઉપવાસથી પ્રારંભ કરીને તેઓ છ માસ સુધીના અનશન તપ કરતાં હતા. કોઈ પારણાના દિવસે તો તેઓ અવમોદર્ય તપ અને કોઈ પારણાના દિવસે લાભાંતરની ઈચ્છાથી પાપને દૂર કરવા 'ચતુષ્પક્ષાદિ'ની પ્રતિજ્ઞા કરીને વ્રત પરિસંખ્યાન તપ કરતા હતા. ક્યારેક નિર્વિકારતા માટે રસત્યાગ તપ કરતાં હતા અને ક્યારેક ઉત્તમ ધ્યાન માટે વન આદિના એકાંત સ્થળમાં શૈયાસન તપ કરતા હતા. વર્ષાકાળમાં કે જ્યારે સમસ્ત પ્રકૃતિ ઝંઝાવાતના ઉગ્ર કંપનથી ધ્રુજતી દૃષ્ટિગોચર થઈ રહી હતી ત્યારે મહાવીરપ્રભુ ધૈર્યરૂપી ચાદરને ઓઢીને કોઈ વૃક્ષની નીચે સમાધિમાં લીન રહેતા હતા. શીતકાળમાં તેઓ કોઈ ચોકમાં અથવા નદી કિનારા પર ધ્યાનમાં મગ્ન રહેતા હતા. આ રીતે કેટલાય વૃક્ષોને બાળી નાખવાવાળા ભયંકર હિમપ્રપાતને તેઓ પોતાના ધ્યાનરૂપી અગ્નિ–અંગારથી ભસ્મ કરી દેતા હતા. ગ્રીષ્મકાળમાં કે જ્યારે અગ્નિવર્ષા થયા કરતી હોય છે ત્યારે સૂર્યના કિરણોથી ભિષણ તપ્તાયમાન પર્વતની શીલાખંડ ઉપર પોતાના ધ્યાનરૂપી શીતળ અમૃતજળનું સિંચન કર્યા કરતા હતા.

આ પ્રકારે વર્ષા, શીત અને ગ્રીષ્મઋતુમાં શારીરિક સુખની હાનિ માટે કાયક્લેશ–તપની સાધનામાં તત્પર રહીને નિતાંત દુષ્કર છ પ્રકારના બાહ્યતપનું મહાવીરપ્રભુએ પાલન કર્યું. તેમને પ્રાયશ્ચિત્ત આદિ તપની કોઈ આવશ્યકતા ન હતી, તેથી મહાવીરપ્રભુ પોતાના પ્રમાદશૂન્ય અને વિજિતેન્દ્રિય મનને વિકલ્પરહિત કરીને કાયોત્સર્ગપૂર્વક કર્મરૂપી શત્રુઓના સમૂહનો સમૂળ નાશ કરવા માટે આત્મધ્યાનમાં લાગ્યા રહેતા હતા. તેઓ કર્મરૂપી વનને બાળીને ભસ્મ કરવા માટે પ્રચંડ અગ્નિ સમાન છે અને પરમાનંદ દાતા છે. આત્મધ્યાનમાં લીન થઈને સંપૂર્ણ આસ્રવોને રોકી દેવાથી મહાવીર ભગવાનના બધા જ અભ્યંતર તપ તો પહેલાં જ થઈ ચૂક્યા હતા.

આ રીતે મહાવીરપ્રભુ પોતાની શક્તિ પ્રગટ થઈ જતાં પણ દીર્ઘકાળસુધી દત્તચિત્ત થઈને બાર પ્રકારના શ્રેષ્ઠ તપની આરાધનામાં તત્પર રહ્યા. ત્યારબાદ મહાવીરપ્રભુ ક્ષમાગુણથી યુક્ત થઈને પૃથ્વી સમાન અચળ

અને પ્રસન્ન, વિમળ સ્વભાવના કારણે નિર્મળ, સ્વચ્છ જળ સમાન શોભિત થયા. તે દુષ્ટકર્મરૂપી જંગલને બાળવાવાળા અગ્નિ હતા અને કષાય તથા ઈન્દ્રિયરૂપી શત્રુઓને મારવાવાળા દુર્દ્ધર યોદ્ધા હતા. પોતાની ધાર્મિક પ્રવૃત્તિના કારણે તેઓ નિરંતર ધર્મસાધનમાં તત્પર રહેતા હતા અને આલોક તથા પરલોકમાં અપાર સુખને પ્રદાન કરવાવાળા ક્ષમા આદિ દસ લક્ષણોથી યુક્ત હતા.

અતુલનીય પરાક્રમશાળી મહાવીરપ્રભુએ ભૂખ-પ્યાસ આદિ સ્વાભાવિક રોગથી ઉત્પન્ન થવાવાળા સંપૂર્ણ પરિષહોને તથા વનના અતિ ઉગ્ર ઉપદ્રવોને પોતાની વિલક્ષણ શક્તિના પ્રભાવથી જીતી લીધા તથા ઉત્તમ જ્ઞાન પ્રાપ્તિ માટે અતિચારરહિત અને ભાવનાસહિત પાંચ મહાવ્રતોનું પાલન કર્યું. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું તેઓ નિત્ય પાલન કરતા હતા તથા તેમના દ્વારા કર્મરજને નષ્ટ કરવા માટે સદૈવ તત્પર રહેતા હતા. તે મહાવીરપ્રભુ નિવેદનશીલ હતા તેથી નિરલસ થઈને સંપૂર્ણ અન્ય અન્ય ગુણોની સાથે જ બધા જ મૂળગુણોના પાલનમાં સચૈષ્ટ થઈને કોઈ પણ દોષને સ્વપ્નમાં પોતાની પાસે આવવા દેતા ન હતા.

આ રીતના પરમોજ્જ્વલ ચારિત્ર્યયુક્ત મહાવીરપ્રભુ સંપૂર્ણ પૃથ્વી પર વિહાર કરતાં કરતાં ઉજ્જયિની નામની એક મહાનગરીના 'અતિમુક્તક' નામના સ્મશાનમાં જઈ પહોંચ્યા. તે મહાભયાનક સ્મશાનમાં પહોંચીને મહાવીરપ્રભુએ મોક્ષપ્રાપ્તિ માટે શરીરનું મમત્વ ત્યાગીને પ્રતિમાયોગ ધારણ કરી લીધો અને પર્વત સમાન અચળ ભાવથી સ્થિત થઈ ગયા. સુમેરુપર્વતના ઉન્નત શિખર સમાન અને પરમાત્માના ધ્યાનમાં લીન મહાવીરપ્રભુને જોઈને તેમના ધૈર્યની પરીક્ષા કરવા માટે ત્યાંના 'સ્થાણુ' નામના છેલ્લા રુદ્ર(મહાદેવ)ને ઉપસર્ગ કરવાની ઈચ્છા થઈ. એ જ સમયે પૂર્વકૃત કંઈક પાપોનો ઉદય શ્રી જિનેન્દ્ર મુનિરાજને આવવાનો હતો. તે સ્થાણુ રુદ્ર અનેક ભયંકર તથા નામકૃતિ સ્થૂળકાય પિશાચોને પોતાની સાથે લઈને મહાવીરસ્વામીના ધ્યાનને ભંગ કરવા માટે આવી પહોંચ્યો. રાત્રિના સમયે તે સ્થાણુ રુદ્ર પોતાના મોટા મોટા લાલ નેત્રોથી જોતો જિનેન્દ્ર પ્રભુ સન્મુખ આવ્યો. તે સમયે તે ચીસો પાડી રહ્યો હતો, ધારદાર દાંતોને દેખાડીને અટ્ટહાસ કરી રહ્યો હતો. ભગવાનનું ધ્યાન ભંગ કરવા પ્રચંડ તાલ, સ્વર અને લયમાં ગીતો અને વાજિંત્રો સાથે નાચી રહ્યો હતો, સાથે સાથે

વિશાળ મુખને ફાડીને તથા હાથમાં તીક્ષ્ણ આયુધને ધારણ કરેલો હતો. આ પ્રકારે મહાભયોત્પાદક સ્વરો બનાવીને તે મહાવીરપ્રભુ સન્મુખ આવ્યો અને તેમનું ધ્યાન ભંગ કરવા ખૂબ જ ઘોર ઉપસર્ગ કર્યો; પરંતુ આ ઉપદ્રવોનો મહાવીરપ્રભુ પર કોઈ પણ પ્રકારનો પ્રભાવ ન પડ્યો તથા તેમનું ધ્યાન યથાપૂર્વ અચળ અને અતૂટ બની રહ્યું. જ્યારે આટલું કરવાથી પણ જિનેન્દ્રના ધ્યાનને તે ભંગ ન કરી શક્યો ત્યારે તેણે બીજા ઉપાયનું અવલંબન લીધું. સ્થાણુ રુદ્ર સર્પ, સિંહ, ગજરાજ, પ્રબળ વાયુ તથા અગ્નિ આદિનું રૂપ બનાવીને તથા ઉત્પીડક વચનો દ્વારા ઉગ્ર ઉપસર્ગ કરવા લાગ્યો. આ ઉપસર્ગોથી નિર્બળ હૃદયમાં ભયનો સંચાર થઈ શકે છે પરંતુ ભગવાન મહાવીરના હૃદયમાં ડર ક્યાં છે? તેઓ તો લગાતાર અચળ જ બની રહ્યા. તેમનું ધ્યાન ભંગ થવું તો દૂર રહ્યું, ઉત્તરોત્તર ધ્યાનની ગંભીરતા વધતી ગઈ. જ્યારે આટલું કરવા છતાં પણ સ્થાણુ રુદ્રને સફળતા ન મળી ત્યારે તે અન્ય પ્રકારના ઘોર ઉપસર્ગ કરવા લાગ્યો. તે ભીલોનું રૂપ ધારણ કરીને ભયાનક હથિયારો સાથે પ્રભુના હૃદયમાં ભય ઉત્પન્ન કરાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો; પરંતુ આ અનેક ઉપદ્રવોથી પ્રપીડિત થતાં રહેવા છતાં પણ જગતસ્વામી મહાવીરપ્રભુ રંચમાત્ર પણ ચલાયમાન ન થયા અને પર્વત સમાન એકદમ અચળ બન્યા રહ્યા, કિંચિત્‌માત્ર પણ ખિન્નતાનો આભાસ એમની મુખાકૃતિ પર ન જોવા મળ્યો. આચાર્ય કહે છે કે સંભવ છે કે અચળ પર્વત પણ ચલાયમાન થઈ જાય પરંતુ શ્રેષ્ઠ યોગીઓનું ચિત્ત હજારો ઉગ્ર ઉપદ્રવો દ્વારા પણ ક્યારે પણ ચલાયમાન ન થઈ શકે. આ સંસારમાં તે લોકો જ ધન્ય છે કે જે ધ્યાનમગ્ન થઈ જવા પર અનેક ઉગ્ર ઉપદ્રવોના થતાં રહેવા છતાં પણ વિકારયુક્ત થઈને ધ્યાનભંગ ક્યારેય પણ કરતાં નથી.

ત્યારબાદ જિનેન્દ્રપ્રભુના ધ્યાનને ભંગ કરવામાં સ્થાણુ રુદ્રને કાંઈ પણ સફળતા પ્રાપ્ત કરવાની આશા ન રહી ત્યારે હતાશ અને લજ્જિત થઈને તે ત્યાંજ તેમની સ્તુતિ કરવા લાગ્યો, 'હે દેવ! આ સંસારમાં આપ જ બળવાન છો, આપ જ જગદ્‌ગુરુ છો અને વીર શિરોમણિ છો, તેથી આપનું નામ મહાવીર છે. આપ મહાધ્યાની છો, સંપૂર્ણ જગતના સ્વામી છો, બધા જ પરિષહોના વિજેતા છો, વાયુસમાન નિઃસંગ છો અને કુલાચલની જેમ અચળ છો. આપ ક્ષમામાં પૃથ્વી સમાન, ગંભીરતામાં સમુદ્ર સમાન અને પ્રસન્નચિત્ત હોવાના કારણે નિર્મળ જળ સમાન છો. કર્મરૂપી જંગલને નષ્ટ કરવા માટે આપ અગ્નિ-અંગાર સમાન છો. હે પ્રભો!

આપ ત્રિલોકમાં વર્દ્ધિષ્ણુ છો અને શ્રેષ્ઠ બુદ્ધિશાળી હોવાના કારણે સન્મતિ છો, આપ જ મહાબળી તથા પરમાત્મા છો. હે નાથ! આપ નિશ્ચળરૂપ ધારણ કરવાવાળા છો અને પ્રતિમાયોગના ધારણ કરવાવાળા છો, આપ પરમાત્માસ્વરૂપ છો, તેથી આપને સદૈવ નમસ્કાર હો.'

આ પ્રકારે સ્થાણુ રુદ્રે મહાવીરપ્રભુની સ્તુતિ કરીને પ્રણામ કર્યા તથા ભગવાન પ્રત્યેની ઈર્ષ્યા ત્યાગીને પોતાની પ્રિયપત્ની પાર્વતી સાથે આનંદિત થઈને પોતાના સ્થાને ચાલ્યો ગયો. જ્યારે મહાપુરુષોનું યોગજન્ય સાહસ અને શક્તિને જોઈને દુર્જન પણ પરમ આનંદિત થઈ જાય છે ત્યારે સત્પુરુષોનું તો કહેવું જ શું? **સજ્જનોનો તો બીજાઓના ગુણો ઉપર મુગ્ધ થઈ જવાનો સ્વભાવ જ હોય છે.**

ત્યારબાદ સુપ્રસિદ્ધ ચેટક નામની રાજાની કન્યા કે જેનું નામ ચંદના હતું કે જે મહાન શીલવતી હતી તેને, જ્યારે તે વનક્રીડામાં લીન હતી, એક દુષ્ટ વિદ્યાધર અચાનક ઉપાડી ગયો. પછી તેણે પોતાની પત્નીના ક્રોધના ભયથી સતી ચંદનાને એક ભયાનક વનમાં છોડી દીધી. ચંદનાએ નિશ્ચય કર્યો કે અત્યારે તેના પાપકર્મનો ઉદય થયો છે, તેથી તે ણમોકાર મંત્રનું સ્મરણ કરતી ધર્મસાધનામાં તત્પર થઈ. ત્યાં ભીલોનો એક રાજા આવ્યો અને તેણે ચંદનાને વનમાં જોઈને ધનપ્રાપ્તિની ઈચ્છાથી ઉઠાવી લીધી અને વૃષભસેન નામના એક શેઠને વેંચી દીધી તથા બદલામાં ખૂબ જ ધન પ્રાપ્ત કર્યું. તે શેઠની સુભદ્રા નામની એક સ્ત્રી પહેલાંથી હતી. જ્યારે તેણે જોયું કે એક અત્યંત રૂપવતી યુવતી અહીં આવી છે, ત્યારે તેણે વિચાર્યું કે આ અવશ્ય જ મારી સૌંક બનવા આવી છે, આમ વિચારીને શેઠાણીએ ચંદનાના આકર્ષકરૂપને ખરાબ કરી નાખવાની ઈચ્છાથી કોદોના ભાતા માટીના વાસણમાં પ્રતિદિન ભોજનમાં આપવાનું શરૂ કરી દીધું. ખવડાવ્યા બાદ તે ચંદનાને લોખંડની સાકળથી બાંધી દીધા કરતી હતી. પરંતુ આ દારૂણ યંત્રણામાં પણ ચંદનાના મનમાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન ન થયો તથા પોતાના ધર્મ–કર્મમાં તે સદાય દૃઢ રહી.

આ કૌશાંબી નગરની ઘટના છે. ઘટનાચક્રના એક દિવસે તે જ કૌશામ્બી નગરીમાં રાગશૂન્ય મહાવીર પ્રભુ કાયાની સ્થિરતા માટે આહાર ગ્રહણ કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. ઉત્તમ પાત્ર મહાવીરપ્રભુને જોતા

ચંદના સ્વયં જ બંધનમુક્ત થઈ ગઈ. પુણ્યોદયના પ્રભાવથી તથા પાત્રદાનની ઈચ્છાથી તે પ્રભુની પાસે જઈ પહોંચી. દેવપ્રદત્ત વસ્ત્રાભૂષણોથી અલંકૃત સતી ચંદનાએ વિધિપૂર્વક પ્રણામ કર્યા તથા ભક્તિપૂર્વક પડગાહન કર્યું. આહારદાન માટે તેની પાસે કેવળ કોદોના ભાત હતા, પરંતુ તે સતીના શીલની મહિમાથી કોદોના ભાત પણ સુગંધિત અને સુસ્વાદુ ભાત બની ગયા તથા તે માટીનું વાસણ પણ એક સુંદર સુવર્ણ પાત્ર બની ગયું. પુણ્યકર્મનો પ્રભાવ આવો જ આશ્ચર્યચકિત કરી દેવાવાળો હોય છે. **તે પુણ્યપ્રભાવ અસંભવ વાતને પણ અનાયાસ જ સંભવ કરી દે છે. નિઃસંદેહ તેના દ્વારા બધા જ પ્રકારની મનોકામનાઓ પૂર્ણ થઈ જાય છે.** ત્યારબાદ તે રાજકન્યાએ પ્રસન્નતાપૂર્વક પુણ્યરૂપ નવધાભક્તિ સાથે મહાવીરપ્રભુને આહારદાન આપ્યું. તત્ક્ષણ ઉપાર્જિત આહારદાનરૂપી મહાપુણ્યના પ્રતાપથી રત્નવર્ષા, પાંચ આશ્ચર્યપ્રદ વસ્તુઓ અને નિજ કુટુંબીજન પ્રાપ્ત થયા. જુઓ, શ્રેષ્ઠદાનથી શું નથી મળતું? બધી જ વસ્તુઓ દાનના પ્રભાવથી હાથમાં આવી શકે છે. ઉત્તમદાનના પ્રભાવથી ચંદનાનો નિર્મળ યશ સંપૂર્ણ સંસારમાં ફેલાઈ ગયો તથા સ્વજન-મિલન પણ થઈ ગયું.

ત્યારબાદ મહાવીરપ્રભુ છદ્મસ્થ અવસ્થામાં મૌન રહીને વિહાર કરવા લાગ્યા. બાર વર્ષ વીતી જવા પર જૃમ્ભિકા નામના ગામની બહાર ઋજુકુલા નામની નદીના કિનારે શાલવૃક્ષની નીચે બહુમૂલ્ય રત્નોની શીલા પર પ્રતિમાયોગ ધારણ કરી ષષ્ઠોપવાસી થઈ ગયા અને શ્રેષ્ઠ જ્ઞાનની સિદ્ધિ માટે તત્પર થયા. તેમણે શીલરૂપી અઢાર હજાર કવચ ધારણ કર્યા, ચોર્યાસી લાખ ગુણોને પોતાના આભૂષણ બનાવ્યા, મહાવ્રત-અનુપ્રેક્ષા-શુભભાવનારૂપી વસ્ત્રોથી તેઓ સુસજ્જિત થયા, સંવેગરૂપી શ્રેષ્ઠ ગજરાજ ઉપર આરૂઢ થયા અને રત્નત્રયરૂપી મહાબાણોને ધારણ કરી ચારિત્રરૂપી સમરભૂમિમાં ઉતર્યા. તપ જ તેમનું ધનુષ્ય હતું, જ્ઞાન-દર્શન જ પ્રત્યંચા હતી, ગુપ્તિ આદિ સેનાઓથી ઘેરાયેલા હતા. આ પ્રકારે મહાવીરપ્રભુ યથાર્થમાં જ 'મહાવીર' થઈને કર્મરૂપી દુષ્ટ શત્રુઓને મારવા માટે અનવરત પુરુષાર્થમાં ઉદ્યત થયા. સર્વપ્રથમ તેઓ મોક્ષપ્રાપ્તિની અભિલાષીથી સકળ કર્મનાશક અને શરીરહીન સિદ્ધ પરમાત્માઓનું સમ્યક્ત્વ આદિ આઠ ગુણોથી યુક્ત ધ્યાન કરવા લાગ્યા.

જે સિદ્ધ પરમાત્માઓના શ્રેષ્ઠગુણોના અભિલાષી છે તે ક્ષાયિક સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ—આ આઠ શ્રેષ્ઠ ગુણોનું સદાય ધ્યાન કર્યા કરે છે.

ત્યારબાદ વિવેકશીલ મહાવીરપ્રભુ પવિત્રમનથી આજ્ઞાવિચય આદિ ચાર પ્રકારના ધર્મધ્યાનના ચિંતવનમાં લીન થયા. પૂર્વના ચાર કષાય, મિથ્યાત્વની ત્રણ પ્રકૃતિઓ તથા દેવાયુ, નરકાયુ અને તિર્યંચાયુ—આ બધા કર્મરૂપી દસ શત્રુ પ્રભુના સપ્તમ ગુણસ્થાનમાં અવસ્થિત થતાં જ સ્વયં નષ્ટ થઈ ગયા. આ કર્મરૂપી મહાશત્રુઓને નષ્ટ કરીને વિજયી મહાયોદ્ધા સમાન મહાવીરપ્રભુ શુક્લધ્યાનરૂપી વિશાળ આયુધને પોતાના હાથમાં ગ્રહણ કરી મોક્ષરૂપી રાજ્યપ્રસાદને પ્રાપ્ત કરવા માટે ક્ષપકશ્રેણીરૂપી સીડીઓ ઉપર ચઢવા લાગ્યા અને માર્ગના અન્ય કર્મરૂપી શત્રુઓને નાશ કરવામાં પ્રવૃત્ત થયા.

પ્રથમ અંશ સ્ત્યાનગૃદ્ધિ નામના દુષ્ટકર્મ, નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા, નરકગતિ, તિર્યંચગતિ, એકેન્દ્રિય-દ્વિન્દ્રિય-ત્રિન્દ્રિય-ચતુરિન્દ્રિયરૂપી ચાર જાતિ, અશુભ નરકગતિ પ્રાયોગ્યાનુપૂર્વી, તિર્યંચગતિ પ્રાયોગ્યાનુપૂર્વી, આતાપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ ઈત્યાદિ કર્મરૂપી સોળ શત્રુઓને મહાવીરપ્રભુએ પરાક્રમી વીરની જેમ નષ્ટ કરી દીધા. તદ્ઉપરાંત તેમણે શુક્લધ્યાનરૂપી ખડ્ગને ગ્રહણ કરીને અને ક્રમશઃ ચારિત્રના ઘાતક આઠ કષાયોને બીજા અંશમાં, નપુંસકવેદને ત્રીજા અંશમાં, સ્ત્રીવેદને ચોથા અંશમાં, હાસ્ય આદિ છને પાંચમા અંશમાં, પુરુષવેદને છઠ્ઠા અંશમાં, સંજ્વલન ક્રોધને સાતમા અંશમાં, સંજ્વલન માનને આઠમા અંશમાં તથા સંજ્વનલ માયાનો નવમા અંશમાં પોતાના શુક્લધ્યાનરૂપી આયુધથી પૂર્ણતઃ વિનાશ કરી દીધો.

આ પ્રકારે કર્મરૂપી શત્રુઓની અનેક સંતતિઓને નષ્ટ કરીને મહાવીરપ્રભુ દસમા ગુણસ્થાન પર આરૂઢ થયા અને ત્યાં તે શુક્લધ્યાનના પ્રભાવથી સંજ્વલન લોભને પણ નષ્ટ કરી ક્ષીણકષાયી થઈ ગયા. તેઓ સેનાસહિત મોહકર્મરૂપી રાજાને નષ્ટ કરી સૂરશિરોમણિ સમાન શોભાયમાન થયા.

ત્યારબાદ અગિયારમા ગુણસ્થાનને પાર કરી બારમાં ગુણસ્થાનને પ્રાપ્ત થયા અને ત્યાં કેવળજ્ઞાનના ઉત્તમ રાજ્યનો અધિકાર પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ થયા. મહાવીરપ્રભુએ બારમા ગુણસ્થાનના અંતિમ બે

સમયથી પૂર્વ સમયમાં નિદ્રા અને પ્રચલા–આ બંને કર્મોનો નાશ કર્યો. આ કાર્યમાં તેમને શુક્લધ્યાનના બીજા ભાગથી સહાયતા મળી. ત્યારબાદ જગદ્ગુરુ મહાવીરસ્વામીએ શુક્લધ્યાનના બીજા હિસ્સાથી પાંચ જ્ઞાનાવરણ કર્મ, ચાર દર્શનાવરણ કર્મ અને પાંચ અંતરાયકર્મોનો નાશ કરી દીધો. જેવી રીતે તીક્ષ્ણ બાણથી વસ્ત્રના કેટલાય પટલને છેદી શકાય છે તેવી જ રીતે પ્રભુએ કર્મોનો નાશ કર્યો. તેઓ બારમા ગુણસ્થાનના અંતમાં ત્રેસઠ પ્રકૃતિનો નાશ કરી તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત થયા અને તે ગુણસ્થાનથી તેમને અતિ ઉત્તમ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું કે જે અનંત છે, લોકાલોક પ્રકાશક છે, અપરિમેય મહિમાશાળી છે અને અક્ષય મોક્ષરાજ્યસુખને આપવાવાળું છે.

જિનેન્દ્ર મહાવીરપ્રભુએ વૈશાખ સુદ દસમના દિવસે સાંજના સમયે હસ્ત અને ઉત્તરા નક્ષત્રના મધ્યમાં શુભચંદ્રયોગ થતાં મોક્ષપ્રદાતા ક્ષાયિક સમ્યક્ત્વ, યથાખ્યાત ચારિત્ર્ય, અનંત જ્ઞાન, અનંત દર્શન, ક્ષાયિક દાન-લાભ-ભોગ-ઉપભોગ અને ક્ષાયિક વીર્ય—આ શ્રેષ્ઠ નવ ક્ષાયિક લબ્ધિઓ ઉત્પન્ન કરી. આ પ્રકારે જ્યારે મહાવીરસ્વામીએ ઘાતિકર્મરૂપી મહાશત્રુઓને જીતી લીધા અને કેવળજ્ઞાનરૂપી અલભ્ય સંપદા પ્રાપ્ત કરી લીધી ત્યારે આકાશમાં દેવતાગણ 'જયજયકાર' કરવા લાગ્યા અને દુંદુભિ આદિ અનેક પ્રકારના વાજિંત્રો વગાડવા લાગ્યા. દેવોના અપાર વિમાનસમૂહથી આખું આકાશમંડળ ઢંકાઈ ગયું, પુષ્પવર્ષા થવા લાગી. ઈન્દ્રની સાથે બધા દેવોએ મહાવીરસ્વામીને શ્રદ્ધા-ભક્તિપૂર્વક પ્રણામ કર્યા. આઠે દિશાઓ અને આકાશ એકદમ નિર્મળ થઈ ગયું, શીતળ-મંદ-સુગંધિત વાયુ વહેવા લાગી, ઈન્દ્રાસન કંપિત થવા લાગ્યું. આ સમયે કુબેર મહાવીરપ્રભુના અનુપમેય ગુણોથી મુગ્ધ થઈને ભક્તિવશ તેમના સમવસરણના ઉપયુક્ત મહાસંપદાની રચનામાં પ્રવૃત્ત થયો. મહાવીરપ્રભુએ ઘાતિયાકર્મરૂપી શત્રુઓને નષ્ટ કરીને અનંત અને અનુપમ ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરી લીધા અને સંપૂર્ણ ભવ્યજીવોને પરમ આનંદ પ્રદાન કરાવતા કેવળજ્ઞાનરૂપી ઉત્તમ રાજ્યનો સ્વીકાર કર્યો છે તથા જે ભવ્યજીવોના મુકુટમણિ સમાન છે, એ ત્રૈલોક્ય-તારણ-સમર્થ મહાવીરપ્રભુને હું એમના ઉત્તમગુણોની પ્રાપ્તિ માટે પ્રણામ અને સ્તુતિ કરું છું.

# અધ્યાય ચૌદમો

**કેવલજ્ઞાન પ્રકાશ સે, દૂર કિયે અજ્ઞાન;**
**વિશ્વ-અર્થ-ઉપદેશ રત, પ્રભુ હૈં પરમ મહાન.**

શ્રી વીરનાથ ભગવાન ત્રણ જગતના સ્વામી છે, કેવળજ્ઞાનરૂપી સૂર્યસમાન અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાવાળા છે, તેમને હું પ્રણામ કરું છું.

જ્યારે ભગવાન મહાવીરના કેવળજ્ઞાન ઉત્પન્ન થવાના પ્રભાવથી મેઘસમાન ઘંટાઓના ગંભીર શબ્દ થવા લાગ્યા ત્યારે દેવગણ પણ આનંદથી નાચવા લાગ્યા. કલ્પવૃક્ષમાં પુષ્પાંજલિ સમાન પુષ્પોની વૃષ્ટિ થવાથી સમસ્ત દિશાઓ સ્વચ્છ થઈ ગઈ, આકાશ પણ વાદળોથી રહિત થઈ પૂર્ણ નિર્મળ થઈ ગયું. ઈન્દ્રનું આસન એકાએક ચલાયમાન થઈ ગયું જાણે કે કેવળજ્ઞાન પ્રાપ્તિના આનંદોત્સવમાં ઉત્તમ ઈન્દ્રોનું અભિમાન તે સહન ન કરી શક્યા, ઈન્દ્રોના મુકુટ સ્વયં નમ્રીભૂત થઈ ગયા. આ રીતે, સ્વર્ગમાં જ્યારે આ આશ્ચર્યકારી ઘટનાઓ થવા લાગી ત્યારે ઈન્દ્રને નિશ્ચય થઈ ગયો કે ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ છે. તેના પ્રભાવથી તે આનંદિત થઈ ગયો અને પોતાના આસનથી ઊઠીને પ્રભુની ભક્તિમાં પોતાના મનને લગાવ્યું.

તે સમયે જ્યોતિષી જાતિના દેવોને ત્યાં સિંહનાદ થયો, સિંહાસન પણ કંપાયમાન થઈ ગયું. તેવી જ રીતે ભવનવાસી દેવોને ત્યાં શંખની ધ્વનિ થવા લાગી. વ્યંતરદેવોના મહેલોમાં ભેરી સ્વયં જ વાગવા લાગી. પૂર્વકાળની જેમ અન્ય ઘણી આશ્ચર્યજનક ઘટનાઓ બની. આ રીતે, મહાન આશ્ચર્યકારી ઘટનાઓ જોઈને ઈન્દ્રોએ મસ્તક નમાવીને ભગવાનને પરોક્ષ નમસ્કાર કર્યા. જ્ઞાનકલ્યાણક ઉત્સવ ઉજવવા માટે સૌધર્મ ઈન્દ્રની સાથે

દેવોનો સમૂહ વાજિંત્રો સાથે સ્વર્ગથી ઉતરીને ભારત વસુંધરા પર આવ્યો.

'બલાહક' નામના દેવોએ જે વિમાન બનાવ્યું હતું તે મોતીઓની માળાથી અત્યંત શોભાયમાન થઈ રહ્યું હતું, રત્નોના દિવ્ય તેજથી ચારે તરફ ઝગમગી રહ્યું હતું. નાની નાની ઘંટડીઓના વાગવાથી જે અવાજ થઈ રહ્યો હતો તે કાનને ખૂબ જ પ્રિય લાગી રહ્યો હતો. નાગદત્ત નામના અભિયોગ્ય જાતિના દેવોએ ઐરાવત ગજરાજની રચના કરી કે જે ખૂબ ઊંચો હતો, તેની સૂંઢ ખૂબ જ સુંદર મનોહર લાગતી હતી. તેનું મસ્તક ઊંચું અને પહોળું હતું તથા તે ખૂબ જ બળવાન હતો. તેનું શરીર ખૂબ જ સ્થૂળ અને સૂંઢોથી શોભાયમાન હતું. તે ઈચ્છિત રૂપ બનાવવાવાળો હતો તથા તેના શ્વાસ-ઉચ્છવાસથી સુગંધ નિકળતી હતી. દુંદુભિવાજાની જેમ શબ્દ કરતો કર્ણરૂપી ચમરોથી સુશોભિત મોટા મોટા ઘંટ બાંધેલો તે ખૂબ જ મનોજ્ઞ લાગતો હતો. ગળાને ઘુંઘરુની માળા સુશોભિત કરી રહી હતી, વર્ણ શ્વેત હતો, પીઠ ઉપર સ્વર્ણનું સિંહાસન ખૂબ જ દિવ્ય લાગતું હતું. તે ગજરાજના ૩૨ દાંત હતા, પ્રત્યેક દાંત ઉપર બત્રીસ તળાવ જળથી ભરેલા હતા. પ્રત્યેક તળાવમાં એક એક કમલિની હતી તથા પ્રત્યેક કમલિનીની બાજુમાં બત્રીસ કમળ હતા, પ્રત્યેક કમળને બત્રીસ પાન હતા, તે પાન ઉપર નાચવાવાળી સુંદર અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી. તે અપ્સરાઓ પોતાના હાવભાવથી દર્શકોના મનને મુગ્ધ કરતી હતી, સુરીલા ગીતો ગાતી હતી અને એ ગીતોથી બધાને પ્રસન્ન કરતી હતી. આવા ઐરાવત ગજરાજ ઉપર પોતાની ઈન્દ્રાણી સહિત બિરાજમાન થઈને ઈન્દ્ર અત્યંત શોભાયમાન થઈ રહ્યો હતો.

ઈન્દ્ર મહાવીરસ્વામીના જ્ઞાનકલ્યાણકની પૂજાના નિમિત્તે આવ્યો ત્યારે તેના અંગ ઉપર આભૂષણોની શોભા ખૂબ જ રમણીય હતી. આભૂષણના રત્નના કિરણોથી તે પ્રકાશમાન સૂર્ય સમાન પ્રતીત થતો હતો. પ્રતીન્દ્ર પણ પોતાના પરિવાર સહિત અત્યંત વિભૂતિ સાથે પોતાની સવારી ઉપર આરૂઢ થઈને સાથે સાથે નિકળ્યો. આ ઉપરાંત અન્ય ઈન્દ્રસમાન વૈભવશાળી સામાનિક જાતિના ચૌર્યાસી હજાર દેવ પણ નિકળ્યા તથા પુરોહિત, મંત્રી, અમાત્ય સમાન તેત્રીસ હજાર દેવ પણ શુભપ્રાપ્તિ માટે ઈન્દ્ર સાથે ચાલવા લાગ્યા. આભ્યંતર પરિષદ બાર હજાર દેવોની હતી, મધ્યમ સભા ૧૪ હજાર દેવોની તથા બાહ્યસભા સોળહજાર દેવોની હતી.

આ પ્રકારે આ ત્રણેય દેવસભા ઈન્દ્રની ચારે તરફ બેસી ગઈ. ત્રણ લાખ છત્રીસ હજાર દેવ શરીરરક્ષકના રૂપમાં ઈન્દ્રની પાસે આવ્યા, કોટવાળ સમાન લોકને પાળવાવાળા 'લોકપાલદેવ' ઈન્દ્રની સામે આવ્યા, સાત વૃષભની સેનામાં ચૌર્યાસી લાખ ઉત્તમ વૃષભ (બળદધારી દેવ) ઈન્દ્રની આગળ આવ્યા. બીજીથી લઈ સાતમી સેના સુધી પ્રત્યેક સેનામાં બમણા બમણા દેવો હતા. આ રીતે, સાત વૃષભ સેનાઓ ઈન્દ્રની સામે ઉપસ્થિત થઈ ગઈ.

તેવી જ રીતે ઊંચા અશ્વોની સાત સેના, મણિમય રથ, ઊંચા પર્વતોની જેવા ગજરાજ, પાયદળ સેના, ભગવાનના ગુણોને દિવ્યકંઠથી ગાવવાળા ગંધર્વો જૈનધર્મ–સંબંધિત ગીત ગાતા તથા વાજિંત્રોના લયની સાથે નૃત્યકારિણી અપ્સરાઓ નિયમાનુસાર ક્રમથી ઈન્દ્રની આગળ આગળ ચાલવા લાગી. પૂરવાસીઓની જેમ પ્રકીર્ણજાતિના અસંખ્યાત દેવ, દાસ કર્મ કરવાવાળા અભિયોગ્ય જાતિના દેવ, અછૂત જેવું કામ કરવાવાળા કિલ્વિષિક જાતિના દેવ સૌધર્મ ઈન્દ્રની સાથે તે મહોત્સવમાં જોડાયા. અશ્વ ઉપર આરૂઢ થઈને પોતપોતાની વિભૂતિસહિત ઈશાન ઈન્દ્ર ભક્તિભાવથી ઈન્દ્રની સાથે ચાલવા લાગ્યા. સનતકુમાર ઈન્દ્ર સિંહની સવારી કરી રહ્યો હતો, માહેન્દ્ર ઈન્દ્ર બળદ પર આરૂઢ હતો, બ્રહ્મ ઈન્દ્ર સારસની સવારી ઉપર હતો, લાંતવ ઈન્દ્ર હંસ ઉપર તથા શુક્ર ઈન્દ્ર ગરુડ ઉપર હતો. સામાનિક આદિ દેવ પોતાની દેવીઓ સહિત ભગવાનના કેવળજ્ઞાનની પૂજા કરવા નીકળ્યા. અભિયોગ્ય દેવોમાંથી 'શતાર ઈન્દ્ર' પણ મોરની સવારી પર નીકળ્યો. શેષ આનત આદિ કલ્પના સ્વામી ચાર ઈન્દ્ર પુષ્પક વિમાન ઉપર આરૂઢ થઈને ત્યાં આવી પહોંચ્યા. કલ્પસ્વર્ગના બાર ઈન્દ્ર, બાર પ્રતિન્દ્ર સહિત પોતાની સવારી પર આરૂઢ થઈને ત્યાં પહોંચ્યા. હજારો ધ્વજા-પતાકાઓ, છત્ર, ચમર આદિ લઈને અને વાજિંત્ર વગાડતા તેઓ ત્યાં પહોંચ્યા. 'જય હો, જય હો' ના નારા લગાવતા જ્યોતિષી દેવો પણ આવી પહોંચ્યા. ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તથા તારારૂપી જ્યોતિષી દેવો પોતપોતાની સવારીઓ ઉપર આરૂઢ થઈને સહર્ષ જયજયકાર કરતાં સ્વર્ગથી પૃથ્વી પર ઉતરી આવ્યા. અસુર જાતિના વીસ દેવો તથા ભવનવાસીના દસ દેવોના ઈન્દ્ર પણ પોતાની દેવીઓ સહિત સવારી ઉપર આરૂઢ થઈને ત્યાં પહોંચી ગયા.

ત્યારબાદ સર્વપ્રથમ ઈન્દ્ર, કિન્નર, કિંપુરુષ, તત્પુરુષ, મહાપુરુષ, અતિકાય, મહાકાય, ગીતરતિ, રતિકીર્તિ, મણિભદ્ર, પૂર્ણભદ્ર, ભીમ, મહાભીમ, સુરૂપ, પ્રતિરૂપ, કાળ, મહાકાળ આદિ દેવ, આઠ પ્રકારના વ્યંતરદેવના સોળ ઈન્દ્ર, સોળ પ્રતિઈન્દ્ર પોતપોતાના દેવો સહિત ભગવાનના જ્ઞાનકલ્યાણકમાં સમ્મિલિત થવા પૃથ્વી પર ઉતર્યા. આ ચાર નિકાયના ઈન્દ્ર અને દેવો પોતાની ઈન્દ્રાણી અને દેવીઓ સહિત સુશોભિત હતા. જેઓ ભગવાન મહાવીરસ્વામીના દર્શનની ઉત્કંઠાથી તેમનો જય જયકાર કરતાં સભામંડપ પાસે જઈ પહોંચ્યા. તે મંડપ દૂરથી જ ચમકી રહ્યો હતો, સમસ્ત ઋદ્ધિઓથી પરિપૂર્ણ હતો, રત્નોના કિરણોથી ચારેય દિશાઓને પ્રકાશિત કરી રહ્યો હતો. આવા મંડપને બનાવવાનું સામર્થ્ય કૂબેર સિવાય અન્ય કોઈનું પણ ન હોઈ શકે. તે મંડપની રચનાનું વર્ણન ગણધરદેવ સિવાય અન્ય કોઈમાં પણ કરવાની શક્તિ નથી, છતાં પણ ભવ્યજીવોને સમજાવવા માટે અમે યથાસાધ્ય સમવસરણનું વર્ણન કરવું ઉચિત સમજીએ છીએ.

તે સમવસરણ એક યોજનના વિસ્તારમાં બનાવવામાં આવ્યું હતું, તે ગોળાકાર હતું, ઈન્દ્રનીલમણિઓના કિરણોથી ચમકી રહ્યું હતું, પૃથ્વીથી અઢી કોષ આકાશમાં ઊંચે હતું. સભામાં ચારેય તરફ ધૂળિશાળ નામના પરકોટા રત્નોની ધૂળથી બનાવવામાં આવ્યા હતા. ક્યાંક મોંગિયા રંગ, ક્યાંક સ્વર્ણરંગ, ક્યાંક કાળો રંગ, ક્યાંક લીલો રંગ, ક્યાંક ઈન્દ્રધનુષ જેવો મિશ્રિત રંગ સુશોભિત થઈ રહ્યો હતા. તેની ચારે દિશાઓમાં સ્વર્ણના સ્તંભ લાગેલા હતા. તે સ્તંભ લટકતી સુંદર રત્નોની માળાઓથી સુશોભિત હતી. તેની અંદર જતાં થોડે દૂર ચાર વેદી હતી, જેમાં પૂજાની સામગ્રી સુશોભિત હતી, તેના ચાર દ્વાર હતા તથા તે ત્રણ પરકોટાથી યુક્ત હતી અને તેમાં સ્વર્ણની સોળ સીડી લાગેલી હતી. તેની વચ્ચે સિંહાસન હતું, જેના ઉપર જિનેન્દ્રની પ્રતિમાઓ બિરાજમાન હતી. તે બધી રત્નોના તેજથી દૈદીપ્યમાન હતી. તેની વચ્ચે ચાર નાના નાના સિંહાસન હતા, તે વેદીઓની વચ્ચોવચ્ચ ચાર માનસ્તંભ હતા. તેમને જોવામાત્રથી મિથ્યાદષ્ટિઓનું માનભંગ થઈ જતું હતું. તે માનસ્તંભ સ્વર્ણથી બનેલા હતા અને ધ્વજા તથા ઘંટથી સુશોભિત હતા. તેના ઉપરના ભાગમાં જિનેન્દ્રની પ્રતિમાઓ હતી. તેની બાજુની ભૂમિ ઉપર ચાર વાવડીઓ કમળથી સુશોભિત હતી. વાવડીઓમાં રત્નોની સીડીઓ લાગેલી હતી. જેથી તેની સુંદરતા અત્યધિક વધી ગઈ હતી. તે વાવડીઓના નામ નંદોત્તરા આદિ

હતા. એ વાવડીઓના કિનારા ઉપર જળથી ભરેલા કુંડ હતા કે જે યાત્રા નિમિત્તે આવેલા જીવોનો થકાવટ દૂર કરવા માટે તેમના પગ ધોવાનું કામ કરતી હતી. ત્યાંથી આગળ જતા જળથી ભરેલી ખાઈ હતી. તેમાં કમળ ખીલી રહ્યા હતા તથા તે કમળો ઉપર ભમરાઓ સદાય ગુંજારવ કરતા હતા. હવાના સૂસવાટાથી તે ખાઈમાં તરંગ ઊઠતી હતી અને તે સમયે જે શબ્દ થતો હતો તેનાથી એમ લાગતું હતું કે એ તરંગો પણ ભગવાનના જ્ઞાનકલ્યાણકનું ગુણગાન કરી રહી છે. એ ખાઈનો પૃથ્વીભાગ છ ઋતુઓના ફળફૂલોથી સુશોભિત હતો. ત્યાં દેવ અને દેવીઓ માટે સુંદર ક્રીડાસ્થળ બનેલા હતા. ચંદ્રકાંતમણિની શીતળ શિલાઓ જ્યાં રાખેલી હતી ત્યાં ઈન્દ્ર વિશ્રામ કરતા હતા. ત્યાંના પર્વત પરના વૃક્ષો ફળ-પુષ્પોથી સુશોભિત હતા, અશોક આદિ મહાન વૃક્ષો સહિત ભમરાઓના ગુંજરાવથી અત્યંત શોભાયમાન થઈ રહ્યું હતું.

તેની થોડી આગળ સ્વર્ણનો એક પરકોટ હતો. તે ખૂબ જ ઊંચો હતો. તેની ચારે તરફ મોતીઓ જડેલા હતા, તેને જોઈને એવું પ્રતીત થતું હતું કે જાણે તારાઓ જ ચમકી રહ્યા હોય! તેને જોતા જ મૂંગા(રત્ન)ની જેમ રંગની કાંતિ, ક્યાંક વાદળની જેમ, ક્યાંક નીલરત્નની જેમ અને ક્યાંક ઈન્દ્રધનુષના અનેક રંગોની જેમ તે પરકોટ શોભાયમાન થઈ રહ્યો હતો. આ પરકોટ ગજરાજ, વાઘ, મોર, મનુષ્યના જોડા તથા બળદના ચિત્રથી ભરાયેલું હતું. આ ચિત્ર એવા લાગતા હતા કે જાણે હસી રહ્યા હોય! એ કોટની ચારેય દિશાઓમાં ચાર દરવાજા હતા. તે ત્રણ માળના હતા. તે દરવાજા સ્વયં પ્રકાશિત થઈને પોતાનો પ્રભાવ બતાવી રહ્યા હતા. મહામેરુ પર્વત સમાન અત્યંત ઊંચા પદ્મરાગ આદિ મણિઓ દ્વારા બનાવવામાં આવેલા દરવાજાઓના ગગનચુંબી શિખર અત્યંત શોભાયમાન થઈ રહ્યા હતા. એ વિશાળ દરવાજાઓ ઉપર ઘણા ગાયક દેવો-ગંધર્વો આદિ તીર્થંકર મહાવીર પ્રભુના ઉત્તમગુણોનું ગાન સુમધુર સ્વરમાં કરી રહ્યા હતા. આ ગુણગાનને કેટલાક લોકો તો સપ્રેમ સાંભળી રહ્યા હતા, કેટલાક લોકો ગુણોની શ્રેષ્ઠતાના સંબંધમાં વિચાર કરી રહ્યા હતા અને કેટલાક દેવો ઉમંગમાં આવીને નાચી રહ્યા હતા. પ્રત્યેક દ્વાર ઉપર ભૃંગાર-કળશ અને દર્પણ ઈત્યાદિ આઠ માંગલિક દ્રવ્ય યથારીતિ રાખેલા હતા. પ્રત્યેક દ્વાર પર નાનાવિધ રત્નોથી બનેલા સો સો તોરણ બાંધેલા હતા અને તેમાંથી નીકળતી વિવિધ વર્ણની જ્યોતિઓના મળવાથી આકાશ ચિત્રિત જણાતું હતું. એ તોરણોમાં લાગેલા

રત્ન આભૂષણોને જોઈને એમ લાગતું હતું કે રત્નોએ પ્રભુના સુંદર શરીરને સ્વભાવતઃ દૈદીપ્યમાન જોઈને ત્યાં પોતાના રહેવાની આવશ્યકતા ન સમજી અને તેમની શારીરિક કાંતિથી પરાજિત થઈને આ તોરણોમાં આવીને બંધાઈ ગયા. દ્વાર પર રાખેલા શંખ ઈત્યાદિ નવ નિધિઓને જોઈને એમ લાગતું હતું જાણે કે અરિહંત પ્રભુ દ્વારા તિરસ્કૃત થઈ જવાથી તે બહાર આવી ગયા છે અને અહીં પડ્યા રહીને ભગવાનની સેવા કરવા માટે અવસરની પ્રતિક્ષા કરી રહ્યા છે.

એ દ્વારની અંદર એક લાંબો પહોળો રાજપથ હતો અને તેની બંને બાજુ બે નાટ્યશાળાઓ બનેલી હતી. તેવી જ રીતે ચારેય દિશાઓના ચારેય મુખ્ય દ્વાર અંદર બે-બે નાટ્યશાળાઓ બનેલી હતી. તે ખૂબ જ ઊંચી નાટ્યશાળાઓ જાણે કે પોતાના મસ્તકને ઉઠાવીને પ્રાણીઓને કહી રહી હોય કે સમ્યગ્દર્શન ઈત્યાદિ ત્રણેય સ્વરૂપ જ મોક્ષનો માર્ગ છે. નાટ્યશાળાની દિવાલો સ્ફટિકમણિથી બનેલી હતી અને તેના સ્તંભ સ્વર્ણથી બનેલા હતા. તે વૈભવપૂર્ણ નાટ્યશાળાની રંગભૂમિમાં અપ્સરાઓનું નૃત્ય થઈ રહ્યું હતું. ત્યાં ઘણા જ ગંધર્વદેવો પોતાના કોમળ કંઠ દ્વારા પ્રભુના વિજયગીત અને કેવળજ્ઞાન સમયે થવાવાળા શ્રેષ્ઠ ગુણોના ગીત ગાઈ રહ્યા હતા. પૂર્વોક્ત રાજમાર્ગની બંને બાજુ સુગંધિત ધૂપથી ભરેલા બે કળશ રાખેલા હતા અને બળતા ધૂપની સુગંધથી વાયુમંડળ સુગંધિત થઈ રહ્યું હતું. આ માર્ગથી થોડે દૂર આગળ જતા ચાર ઉદ્યાનવાટિકા બનેલી હતી. એમાં સમસ્ત ઋતુઓના ફળ-પુષ્પ સદાય લાગેલા રહેતા હતા. તેથી તે ચાર ઉદ્યાન બીજા નંદનવન જ જણાતા હતા. તે ઉપવનોમાં ગલીઓ બનેલી હતી. તેમાં અશોક, સપ્તપર્ણ, ચંપક અને આમ્રવૃક્ષની ક્રમશઃ ચાર ચાર વનશ્રેણી હતી, તેના વૃક્ષ સમૂહ ખૂબ જ ઊંચા હતા, તે ઉપવનોની વચ્ચે વચ્ચે ત્રિકોણ અને ચતુષ્કોણ વાવડીઓ બનેલી હતી અને વાવડીઓમાં સુંદર સુંદર કમળ સુશોભિત હતા. આ ઉપરાંત કયાંક નયનાભિરામ રાજપ્રસાદ હતા તો ક્યાંક ક્રીડાગૃહ હતા, ક્યાંક કૌતુક મંડપ હતા, ક્યાંક આકર્ષક ચિત્રશાળાઓ હતી, ક્યાંક કૃત્રિમ પર્વત શ્રેણિઓ અને ક્યાંક બહારના વિચિત્ર દૃશ્યોને જોવા માટે ગગનચુંબી અટ્ટાલિકાઓ બનેલી હતી.

એક માળ અને બે માળના મકાનોની ક્રમબદ્ધ પંક્તિઓ બનેલી હતી. તે ઉપવનોની પ્રથમ અશોકવન પંક્તિમાં સુવર્ણની બનેલી ઊંચી અને મનોહર વેદિ બનેલી હતી અને એ સુંદર વેદિ ઉપર અશોક ચૈત્યવૃક્ષ હતું, તે ત્રણ પરકોટાથી ઘેરાયેલું હતું અને પ્રત્યેક પરકોટામાં ચાર-ચાર દ્વાર હતા. એ અશોક ચૈત્યવૃક્ષની ઉપર વાગવાવાળા ઘંટાઓથી યુક્ત ત્રણ સુંદર છત્ર લટકેલા હતા. તે વૃક્ષ દેવપૂજિત જિનપ્રતિમાઓથી તથા ધ્વજા, ચમર અને મંગલદ્રવ્ય આદિથી સુશોભિત અને ઊંચા હોવાના કારણે જંબુવૃક્ષ સમાન જણાતા હતા. ચૈત્યવૃક્ષની જડની પાસે ચારે તરફ જિનેન્દ્રની પવિત્ર પ્રતિમા હતી. સુરેન્દ્ર પુણ્યપ્રાપ્તિની ઈચ્છાથી મનોજ્ઞ દ્રવ્યથી એ પ્રતિમાઓની સદૈવ પૂજા કર્યા કરતો હતો. ત્યાં માળા, વસ્ત્ર, મોર, કમળ, હંસ, ગરુડ, સિંહ, બળદ, ગજરાજ અને ચક્ર ઈત્યાદિ દસ પ્રકારની અત્યંત ઊંચી ધ્વજાઓ સુશોભિત થઈ રહી હતી. ધ્વજાઓ એ સત્યની સૂચક હતી કે પ્રભુએ મોહનીય કર્મને જીતીને સંપૂર્ણ જગતના ઐશ્વર્યને એકત્રિત કરી લીધું છે. પ્રત્યેક દિશામાં પૃથક્ પૃથક્ ચિહ્નવાળી એકસો આઠ ધ્વજાઓ છે તે આકાશરૂપી તરંગો સમાન જણાય છે. જ્યારે વાયુના વેગથી આ ધ્વજાઓમાં કંપન અને ધ્વનિ થાય છે ત્યારે એવું જણાતું હતું કે ભવ્યજીવોને ભગવાનની પૂજા કરવા માટે બોલાવી રહી હોય. માળા–ચિહ્નિત ધ્વજાઓમાં સુંદર સુરભિત અને કોળ પુષ્પોની મનોહર માળાઓ લટકી રહી હતી. વસ્ત્ર–ચિહ્નયુક્ત ધ્વજાઓમાં સૂક્ષ્મ વસ્ત્ર લટકી રહ્યા હતા, મયૂર–ચિહ્નિત અને અન્ય ચિહ્નવાળી ધ્વજાઓમાં ચતુર દેવ શિલ્પીઓ દ્વારા બનાવેલી સુંદર મુર્તિઓ લાગેલી હતી. પૂર્વોક્ત સમસ્ત ચિહ્નવાળી ધ્વજાઓની સંમિલિત સંખ્યા એક દિશામાં ૧૦૮૦ અને ચારેય દિશાઓની સંમિલિત સંખ્યા ૪૩૨૦ હતી.

એ ચૈત્યવૃક્ષની આગળ વધતા અંદરના ભાગમાં એક બીજો ચાંદીનો પરકોટ બનેલો હતો. એ ચાંદીના પરકોટનું નિર્માણ આકાર, પ્રકાર અને સજાવટ બધું જ પ્રથમ પરકોટ સમાન જ હતું, દ્વાર પણ સરખા જ હતા અને તેવા જ રત્નતોરણ, નવનિધિ, સંપૂર્ણ મંગલ દ્રવ્ય અને માર્ગની બંને બાજુ ધૂપથી ભરેલા બે ઘડા રાખેલા હતા કે જે સ્વયં પોતાની સુરભીથી વાયુમંડળને પોતાના વશમાં કરી રહ્યા હતા. નાટ્યશાળાઓની વિભૂતિઓ પણ પૂર્વવત હતી. નૃત્ય-ગાન-વાદ્ય બધા એક જેવા હતા. ત્યારબાદ આગળ વધતાં તે જ માર્ગમાં

કલ્પવૃક્ષ દૃષ્ટિગોચર થઈ રહ્યા હતા. તે વિવિધ રત્નોની ઝગમગાહટથી અત્યંત શોભાયમાન દેખાઈ રહ્યા હતા. કલ્પવૃક્ષની અનેક ઉત્તમોત્તમ વિપુલ વિભૂતિઓ કોઈ મહાન રાજાની વિભૂતિઓથી ઓછી ન હતી. માળા, વસ્ત્ર, રત્ન, આભૂષણ, દિવ્યફળ, પુષ્પ અને શીતળ છાયા ઈત્યાદિ દિવ્ય વિભૂતિથી યુક્ત હતા. આ દશ વિવિધ કલ્પવૃક્ષને જોઈને એ સહજ જ જાણી શકાતું હતું કે સ્વયં દેવકુરુ અને ઉત્તરકુરુ ભોગભૂમિઓ જ આ કલ્પવૃક્ષોને સાથે લઈને જિનેન્દ્ર પ્રભુની સેવા કરવા માટે જ પ્રસ્તુત છે. કલ્પવૃક્ષના ફળ આભૂષણો સમાન દેખાતા હતા, પાન વસ્ત્ર સમાન હતા અને શાખાઓથી લટકતી સુંદર માળાઓ વટવૃક્ષની જટાઓ સમાન જણાતી હતી. તેમાંથી 'જ્યોતિરાંગ' કલ્પવૃક્ષની નીચે 'જ્યોતિષ્ક' જાતિના દેવ રહેતા હતા, 'દીપાંગ' કલ્પવૃક્ષની નીચે 'કલ્પવાસી' દેવ અને 'માલાંગ' કલ્પવૃક્ષની નીચે 'ભવનવાસી' ઈન્દ્ર સ્વયં રહેતા હતા. કલ્પવૃક્ષ-વનની વચ્ચે અતિરમ્ય સિદ્ધાર્થ વૃક્ષ હતા અને તેમના મૂળમાં છત્ર, ચમર આદિથી અલંકૃત પ્રભુની પ્રતિમાઓ હતી. પૂર્વકથિત ચૈત્યવૃક્ષ સમાન આની પણ સ્થિતિની ભિન્નતા કેવળ એટલી હતી કે તે કલ્પવૃક્ષ પોતાની ઈચ્છાનુસાર મનગમતા ફળ દેવાવાળા હતા.

આ કલ્પવૃક્ષ–વનની ચારે તરફ ઘેરાયેલી બહુમૂલ્ય રત્નોથી જડેલી સ્વર્ણવેદી હતી કે જે જ્યોતિથી જગમગી રહી હતી. તેમાં ચાંદીથી બનેલા ચાર દ્વાર હતા. તેના શિખર ઉપર મોતીઓની માળા ગુંથાયેલી હતી અને ઘંટડીઓ લટકી રહી હતી, ગાન-વાદ્ય અને નૃત્ય થઈ રહ્યા હતા. પુષ્પમાળા ઈત્યાદિ આઠ મંગળની વસ્તુઓ રાખેલી હતી, પ્રકાશમાન રત્નો દ્વારા બનાવવામાં આવેલા તોરણ લટકી રહ્યા હતા. આ દ્વારો પછી રાજપથ પર સ્વર્ણસ્તંભની આગળ અનેક પ્રકારની ધ્વજાઓ લટકી રહી હતી અને એક અદ્‌ભુત છટા દર્શાવી રહી હતી. રત્નજડિત પીઠાસન પર ઊભા કરેલા એ સ્તંભોને જોઈને એવું જણાતું હતું કે માનો તે ઊભા થઈને સમસ્ત ભવ્યજીવોને 'પ્રભુએ કર્મશત્રુને અનાયાસ જ જીતી લીધા છે' એવી ઘોષણા સંભળાવવાનો પ્રયત્ન કરી રહ્યા હોય. એ સ્તંભની ગોળાઈ અઠ્ઠાવીસ અંગુલની હતી, પચ્ચીસ ધનુષની દૂરી હતી. આ પ્રકારનું વર્ણન ગણધરદેવે કર્યું છે. માનસ્તંભ, સિદ્ધાર્થ, ચૈત્યવૃક્ષ, સ્તૂપ, તોરણસહિત પ્રાકાર અને વનવેદીઓની ઊંચાઈ

તીર્થંકરની ઊંચાઈથી બારગણી વધારે હતી. બુદ્ધિમાન પુરુષોએ આને અનુકૂળ લંબાઈ-પહોળાઈનું અનુમાન કરી લેવું જોઈએ. પૂર્વોક્ત વનશ્રેણી, રાજપ્રસાદ અને પર્વતોની ઊંચાઈને પણ આના જ પ્રમાણમાં સમજવું જોઈએ.

આ પ્રકારે દ્વાદશાંગના વાચક ગણધરદેવે કહ્યું કે પર્વતની પહોળાઈથી આઠગુણા પહોળા અને સ્તૂપની ઊંચાઈથી થોડા વિશાળ છે. તત્ત્વવેત્તા દેવતાઓ દ્વારા પૂજિત ગણધરદેવે વેદિકા ઈત્યાદિની પહોળાઈ અને ઊંચાઈની અપેક્ષા ચોથો ભાગ કહી છે. એ વનોની વચ્ચે વચ્ચે કોઈ જગ્યાએ જળથી ભરેલી વહેતી નદીઓ, ક્યાંક વાવડીઓ, ક્યાંક રેતીલી જમીન, ક્યાક વિશાળ સભામંડપ બનેલા હતા. વનમાં વિશાળ રાજમાર્ગ ઉપર ઊંચી સ્વર્ણવેદી બનેલી હતી. તેમાં સુંદર સુંદર ચાર દ્વાર બનેલા હતા. તેમાં પણ રત્નતોરણ, આઠ મંગળ દ્રવ્ય અને આભૂષણ આદિ વૈભવ તથા નૃત્ય, વાદ્ય અને ગીત ઈત્યાદિક પૂર્વકથિત દ્વારો જેવા જ વિદ્યમાન હતા. આ બધા પછી એક અત્યંત વિશદ ગલી હતી કે જેને ચતુર્થ શિલ્પી દેવોએ બનાવી હતી. આ ગલીની બંને બાજુમાં આવાસની પંક્તિઓ બનેલી હતી. આ ભવનોમાં હીરક-જડીત સ્વર્ણ-સ્તંભ હતા અને ચંદ્રકાંતમણિની બનેલી દિવલો હતી. વચ્ચે વચ્ચે અનેક બહુમૂલ્ય મોટા મોટા રત્નો જડેલા હતા જેથી તેની શોભા વિચક્ષણ હતી. તેની ઝગમહાટને જોઈને જીવો આશ્ચર્યચકિત થઈ જતા હતા. તે બે માળના, ત્રણમાળના અને ચાર માળના દિવ્ય મહેલો ઉપર બાહ્ય દૃશ્યોને જોવા માટે અટારીઓ બનેલી હતી. સંપૂર્ણ સુખ–સામગ્રી એ ભવ્ય ભવનોમાં રાખેલી હતી. તેથી અનેક દેવ, ગંધર્વોની સાથે કલ્પવાસી વ્યંતર, જ્યોતિષી, વિદ્યાધર, ભવનવાસી અને કિન્નરવૃંદ પ્રતિદિન એ મહેલોમાં ક્રિડા કરતાં રહેતાં હતા. એ લોકોમાંથી કોઈ તો જિનેન્દ્રપ્રભુના ગુણગાન ગાતા હતા કોઈ ઉલ્લાસપૂર્ણ નૃત્ય કરતાં, કોઈ વિવિધ વાજિંત્રો વગાડી ભગવાનની સેવામાં તત્પર રહેતા હતા. ધાર્મિક વિષયોની ચર્ચા પણ ત્યાં અહર્નિશ થતી રહેતી હતી.

વિશાળ રાજપથની મધ્યમાં પદ્મરાગમણિઓથી બનાવેલા નવ રત્નસ્તંભ હતા અને તેમાં અર્હન્ત અને સિદ્ધ ભગવાનની સુંદર પ્રતિમાઓ બિરાજમાન હતી, સાથે સાથે તેમાં વિવિધ રત્નોના તોરણ બાંધેલા હતા અને તેઓ વિવિધ વર્ણના પ્રકાશથી આકાશ લાલ-પીળા-લીલા-વાદળી આદિ અનેક રંગોથી રંગાયેલું દેખાતું હતું

કે જેને જોઈને લોકોને ઈન્દ્રધનુષની ભ્રાંતિ થઈ જતી હતી. તે રત્નસ્તંભ પૂજાના દ્રવ્યોથી અને છત્ર ધ્વજા આદિ માંગલિક દ્રવ્યોથી સુશોભિત હતા. તેનું મહત્ત્વ ધર્મમૂર્તિ સમાન હતું. ત્યાં અનેક ભવ્ય જીવ એકત્રિત થતા હતા અને તે પ્રતિમાઓનું પ્રક્ષાલન, પૂજા, પ્રદક્ષિણા અને સ્તુતિ કર્યા કરતાં હતા. આ પ્રકારે બધા લોકો ઉત્તમ ધર્મોપાર્જનના કાર્યમાં દત્તચિત્ત રહેતા હતા. ત્યારબાદ થોડા વધારે અંદર જતાં સ્વચ્છ સ્ફટિકમણિનો બનેલો એક પરકોટ હતો કે જે પોતાની ક્ષુદ્ર જ્યોતિથી સંપૂર્ણદિશાઓને પ્રકાશિત કરી રહ્યો હતો. તે પરકોટના બધા જ દ્વાર પદ્મરાગમણિઓથી બનેલા હતા અને એકત્રિત ભવ્યજીવોના અનુરાગની જેમ આકર્ષિત હતા. આ દ્વારો પર પણ પૂર્વવત તોરણ, આભૂષણ, નવનિધિઓ હતી તથા ગાન, વાદ્ય, નૃત્ય થઈ રહ્યા હતા અને ચમર, વિંજણો, દર્પણ, ધ્વજા, છત્ર, ઝારી અને કળશ ઈત્યાદિ આઠે મંગળ દ્રવ્ય પ્રત્યેક દ્વાર પર રાખેલા હતા. એ પરકોટાના દ્વાર પર ક્રમશઃ વ્યંતર, ભવનવાસી અને કલ્પવાસી દેવ ગદા અને કૃપાણ આદિ આયુધોથી સુસજ્જિત થઈને પહેરો દેતા હતા. તે સ્ફટિકમણિવાળા પરકોટાથી લઈને પ્રથમ પીઠ સુધી સોળ લાંબી દિવાલો બનેલી હતી. તે સ્ફટિકમણિ નિર્મિત પરકોટાની ઉપર રત્નસ્તૂપોના સહારે સ્ફટિકમણિઓનો શ્રીમંડપ બનેલો હતો. તે યથાર્થતઃ સંપત્તિઓનો જ મંડપ હતો. ત્યાં જગતના લક્ષ્મીવાન સજ્જન એકત્રિત થયા કરતાં હતા. તેની ભીડથી તે મંડપ સદાય ઠસાઠસ ભરેલો રહેતો હતો. જેવી રીતે અર્હંતપ્રભુની વાણીથી ધર્મની ઉપલબ્ધિ થાય છે, તેવી રીતે ત્યાં આવીને ધર્મચર્ચાના નિર્ણયરૂપી ધર્મસાધનાના અનુષ્ઠાનથી બધા મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરી લે છે.

તે શ્રીમંડપની વચ્ચે વૈડૂર્યમણિ દ્વારા બનેલી પ્રથમ પીઠિકા હતી કે જે ઊંચી હતી અને તેના પ્રકાશમાં બધી જ દિશાઓ આલોકિત થઈ રહી હતી. પીઠિકા ઉપર સોળ સ્થાનમાં અંતર રાખીને સોળ સીડીઓ બનેલી હતી. સભાપ્રકોષ્ઠના પ્રત્યેક બાર દ્વાર હતા અને ચાર પીઠિકા, ચાર દિશાઓમાં વિશાળરૂપમાં બનેલી હતી. પ્રથમ પીઠિકા ઉપર આઠ પ્રકારના મંગળ દ્રવ્ય રાખેલા હતા. પ્રથમ પીઠિકાની ઉપર સુવર્ણ નિર્મિત દ્વિતીય પીઠ રાખેલો હતો કે જે પોતાની દીપ્તિથી સૂર્ય અને ચંદ્રમાના પ્રકાશને તિરસ્કૃત કરી રહ્યો હતો. તે દ્વિતીય

સ્વર્ણપીઠના ઉપરના ભાગમાં ચક્ર, ગજરાજ, બળદ, કમળ, વસ્ત્ર, સિંહ, ગરુડ અને માળાના ચિહ્નવાળી આઠ ધ્વજાઓ હતી કે જે સમ્યગ્દૃષ્ટિ પુરુષોના આઠ ગુણ સમાન જણાતી હતી. તે જ પીઠ ઉપર એક ત્રીજી રત્નપીઠ રાખેલી હતી કે જે બહુમૂલ્ય રત્નો દ્વારા બનાવવામાં આવી હતી. આ તૃતીય પીઠમાંથી એક પ્રકારના વિચિત્ર કિરણો નિકળી રહ્યા હતા કે જે અંધકારને દૂર કરી રહ્યા હતા. તે રત્નપીઠ પ્રખર કિરણો અને પોતાની માંગલિક સંપત્તિઓથી સ્વર્ગલોકના વૈભવમય પ્રકાશને તુચ્છ સમજીને હસતી પ્રતીત થતી હતી. આ તૃતીય પીઠની ઉપર ઉત્તમ ગંધકૂટી બનેલી હતી અને તે એક તેજોમય મૂર્તિ સમાન જણાતી હતી. તે અનેક પ્રકારના દિવ્ય ગંધ, મહાધૂપ, સુરભિત પુષ્પમાલા અને અનવરત પુષ્પવૃષ્ટિથી સંપૂર્ણ દિશાના વાયુમંડળને સુગંધિત કરતાં રહેવાના કારણે યથાર્થમાં જ 'ગંધકૂટિ' બની હતી. એ ગંધકૂટિનું નિર્માણ દિવ્ય આભૂષણ, મોતીઓની માળા, સુવર્ણના પાન અને અંધકારને દૂર કરવાવાળા પ્રકાશમાન અદ્‌ભુત રત્નો દ્વારા કુબેરે કરી હતી. આનું વાસ્તવિક વર્ણન શ્રી ગણધરદેવથી અતિરિક્ત કોઈ બુદ્ધિશાળી ન કરી શકે.

આ ગંધકૂટિના મધ્યભાગમાં બહુમૂલ્ય અને જ્યોતિપૂર્ણ શ્રેષ્ઠ રત્ન દ્વારા સ્વર્ણ સિંહાસનનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પ્રચંડ માર્તંડની પ્રખર કિરણો પણ એ સ્વર્ણ સિંહાસનની સામે ફીકી જણાતી હતી. કરોડ સૂર્ય સમાન પ્રભાવશાળી, ત્રણ લોકના ભવ્યોથી ઘેરાયેલા, જિનેન્દ્રદેવ મહાવીરપ્રભુએ એ સિંહાસનને સુશોભિત કર્યું, પરંતુ ભગવાનની મહિમા અપાર છે. તેઓ પોતાની મહિમાના જ કારણે સ્વર્ણ સિંહાસનથી ચાર અંગુલ ઉપર નિરાધાર અંતરિક્ષમાં જ બિરાજમાન રહ્યા. તેઓ સંપૂર્ણ ભવ્યોના ઉદ્ધાર કરવામાં સમર્થ હતા. દેવનિર્મિત બાહ્ય વિભૂતિઓથી યુક્ત, જગતને આદરણીય મહાવીરપ્રભુને બધા ભવ્યજીવોએ શ્રદ્ધા-ભક્તિપૂર્વક પ્રણામ કર્યા.

તે પ્રભુ સંસારના મુકુટમણિ છે, અનુપમ અસંખ્ય અને ઉત્તમ ગુણોથી યુક્ત છે તથા કેવળજ્ઞાનરૂપી મહાસંપત્તિથી વિભૂષિત છે એ જિનેન્દ્ર મહાવીરપ્રભુના ચરણારવિંદમાં હું આદરપૂર્વક પ્રણામ કરું છું. પ્રભુ ત્રણ લોકના જીવોના ઉદ્ધાર કરવામાં સમર્થ છે, અત્યંત પ્રતિભાશાળી છે, કર્મરૂપી મહાશત્રુના નાશકર્તા છે, બાર સભાઓમાં બેઠેલા જીવોને ધર્મોપદેશ દેવામાં પ્રયત્નશીલ રહે છે, અકારણબંધુ છે, અનંત ચતુષ્ટયથી યુક્ત છે.

તેમની અતુલનીય ગુણસંપત્તિઓ મેળવવા માટે એ પ્રભુને હું પ્રણામ કરું છું. તેઓ અત્યંત વિશિષ્ટ ગુણોની ખાણ છે, કેવળજ્ઞાનરૂપી દિવ્યદૃષ્ટિવાળા છે, ત્રિલોકના સ્વામી ઈન્દ્ર, ધરણેન્દ્ર અને ચક્રવર્તીઓ દ્વારા સેવ્ય છે, બધાનું કલ્યાણ કરવાવાળા અદ્વિતીય બંધુ છે, સંપૂર્ણ દોષોથી હીન છે અને ધર્મતીર્થના પ્રવર્તક છે એવા શ્રેષ્ઠ ગુણોથી યુક્ત એ મહાવીરપ્રભુની ભક્તિપૂર્વક સ્તુતિ હું મોક્ષગુણોની પ્રાપ્તિ માટે કરું છું.

✿ જેની પાસે વિશેષ પુણ્યનો સંચય હોય છે તેને સહજમાં જ અનેક પ્રકારના સુખ મળી જાય છે, એમ જાણીને હે ભવ્યજીવો! સદાકાળ પોતાનું પરમ હિત કરવાવાળા ધર્મને ધારણ કરો. ધર્મ જ સમસ્ત પ્રકારના સુખનું કરવાવાળું છે, ધર્મ જ જીવનું ભલું કરનાર છે, ધર્મ જ ગુરુઓનો ગુરુ છે, ધર્મથી જ સ્વર્ગ-મોક્ષાદિના અનેક પ્રકારના સુખ પ્રાપ્ત થાય છે અને ધર્મથી જ સદાકાળ નિર્મળ ચંદ્રમાની ચાંદની જેવી નિર્મળ કીર્તિ ફેલાય છે. તેથી હે બુદ્ધિમાન ભવ્ય જીવો! જે જિનધર્મની ઉપાસના મુનીન્દ્ર કરે છે તેને તમે ધારણ કરો.

✿ હે નિકટભવી! સાંભળ, આત્મા જ્ઞાનનો ભંડાર છે. જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે પણ અનાદિથી અજ્ઞાની જીવ પરને જાણવામાં પોતાનો ઉપયોગ લગાવે છે અને પોતાને જાણવાનું કરતો નથી. અજ્ઞાની એમ માને છે કે પરદ્રવ્ય મારું જ્ઞેય અને હું તેનો જ્ઞાતા! પણ જ્ઞાનનો સ્વભાવ પરને જાણવાનો છે જ નહીં, જ્ઞાન તો માત્ર સ્વને જ જાણે છે.

**—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય પંદરમો

**શ્રીમતે કેવલજ્ઞાન-સામ્રાજ્ય-પદ શાલિને;**
**નમોવ્રતાય ભવ્યોધૈ ધર્મ-તીર્થ પ્રવર્તિને.**

જે કેવળજ્ઞાનરૂપી સામ્રાજ્યને પ્રાપ્ત કરીને શોભાયમાન છે તથા ભવ્યજીવોના સમૂહથી ઘેરાયેલા છે, તે ધર્મ-તીર્થ-પ્રવર્તક અને વિભૂતિ સંપન્ન મહાવીરપ્રભુને નમસ્કાર હો.

જેવી રીતે મેઘ જલવૃષ્ટિ કર્યા કરે છે, તેવી રીતે તે સમયે દેવસમૂહ જિનેન્દ્ર ભગવાનની ચારે તરફ પુષ્પવૃષ્ટિ કર્યા કરતા હતા. આકાશથી પડતા પુષ્પોની મનમોહક સુગંધથી ભમરાઓ ગુંજારવ કરતા હતા જાણે કે જિનેન્દ્ર પ્રભુના યશગાનને મધુર સ્વરમાં ગાતા હોય! ભગવાનની પાસે જ શોક દૂર કરવાવાળું યથાર્થનામા એક સુંદર અને અત્યંત ઊંચું અશોકવૃક્ષ હતું. એ અશોકવૃક્ષના પુષ્પ રત્નો સમાન વિચિત્ર વર્ણના અને અત્યંત મનોહર હતા. વાયુવેગથી પ્રકમ્પિત અને ચંચળ શાખાઓમાં હલતા મરકતમણિના લીલા પાન ખૂબ જ રમણિય લાગતા હતા, તેના હલવાથી એવું જણાતું હતું જાણે કે ભવ્યજીવોને ભગવાન પાસે બોલાવી રહ્યા હોય. મહાવીરસ્વામીના મસ્તક ઉપર ત્રણ શ્વેત છત્ર હતા જાણે કે ‘પ્રભુએ ત્રણેય લોકનું આધિપત્ય પ્રાપ્ત કરી લીધું છે’ એ વાતની સૂચના દઈ રહ્યા હોય. તે છત્રની ચારે તરફ ચમકતા મોતીઓ લટકી રહ્યા હતા. તેનાથી ઉજ્જ્વળ પ્રકાશ થઈ રહ્યો હતો અને છત્ર-દંડમાં પણ અનેક બહુમૂલ્ય રત્ન જડેલા હતા. રત્નોથી યુક્ત છત્રોની શોભા એટલી અલૌકિક હતી કે તેની સામે ચંદ્રમાના કિરણો પણ ફીકા પડી જતા હતા. ક્ષીરસમુદ્રના ઉજ્જ્વળ જળ સમાન શ્વેત ચોસઠ ચામરને હાથમાં લઈને યક્ષ લોકો ઊભા હતા. તેઓ બાહ્ય અને અભ્યંતર શોભાથી યુક્ત થઈને અત્યંત સુંદર દેખાતા હતા અને મુક્તિરૂપી સ્ત્રીના અન્યતમ વર વર જણાતા હતા. આ જ સમયે મેઘ

સમાન ગંભીર ધ્વનિ કરવાવાળા સાડા બાર કરોડ પ્રકારના વાજિંત્રોને દેવોએ જોર જોરથી વગાડવાનું શરૂ કર્યું. એ વાજિંત્રોનો તુમુલ અવાજ એ વાતને સૂચિત કરતો હતો કે જાણે કર્મરૂપી મહાશત્રુને લલકારતો પોતાના અનેક પ્રકારના શબ્દોથી ભવ્યોની સામે જિનોત્સવને પ્રગટ કરી રહ્યો હોય! અત્યંત ઉજ્જ્વળ અને દિવ્ય ઔદારિક શરીરથી નીકળતા દૈદીપ્યમાન પ્રભાપુંજ કરોડો સૂર્યની રશ્મિથી પણ અધિક પ્રખર હતો. તે પ્રકાશમંડળ બધા પ્રાણીઓના નેત્રોને પ્રિય હતો અને ઉજ્જ્વળ યશનું એક સમષ્ઠિભૂતરૂપ હતું. તે સંપૂર્ણ બાધાઓને દૂર કરવાવાળા અને તેજનો અક્ષય ભંડાર હતો. જિનેન્દ્ર મહાવીરસ્વામીના મુખથી નિત્યશઃ જે દિવ્યધ્વનિ નીકળ્યા કરતી હતી તે બધાનું કલ્યાણ તથા હિત કરવાવાળી હતી. તે અલૌકિક વાણી તત્ત્વસ્વરૂપ અને ધર્મસ્વરૂપને વિશદ્ પ્રકારે કહેવાવાળી હતી. જેવી રીતે મેઘ દ્વારા વરસેલું પાણી પહેલાં એકરૂપ જ રહે છે અને પછી પાત્રભેદથી અનેક રૂપ અને રંગમાં બદલાઈ જાય છે, તેવી જ રીતે પ્રભુની દિવ્યધ્વનિ પણ પ્રથમ તો 'અનક્ષરી' એકરૂપ જ નીકળે છે તથા પછી વિભિન્ન દેશમાં ઉત્પન્ન મનુષ્ય, દેવ અને પશુઓની અક્ષરમયી વિભિન્ન ભાષાઓમાં રૂપાંતરીત થઈને સંદેહને દૂર કરવાવાળા ધર્મનો ઉપદેશ કરવાવાળી થઈ જાય છે.

રત્નમયી ત્રિપીઠની ઉપર સિંહાસનારૂઢ મહાવીરપ્રભુ ધર્મરાજ સમાન જણાતા હતા. તેઓ મહાન તથા અલૌકિક આઠ પ્રાતિહાર્યોથી અલંકૃત થઈને સભામંડપમાં બિરાજમાન હતા તથા તેમની અતુલનીય શોભા અવર્ણનીય હતી. મહાવીરપ્રભુની પૂર્વદિશાથી લઈને સભામંડપના પ્રથમ કોઠાપર્યંત અનેક ગણધર તથા મુનીશ્વર ક્રમસર બેઠા હતા, બીજા કોઠામાં કલ્પવાસિની ઈન્દ્રાણી આદિ દેવીઓ બેઠી હતી. ત્રીજા કોઠામાં અર્જિકાઓ અને શ્રાવિકાઓ હતા, ચોથા કોઠામાં જ્યોતિષી દેવોની દેવીઓ બેઠી હતી, પાંચમા કોઠામાં વ્યતંર દેવોની દેવીઓ, છઠ્ઠામાં ભવનવાસીઓની પદ્માવતી આદિ દેવીઓ, સાતમામાં ભવનવાસી–ધરણેન્દ્ર ઈત્યાદિ દેવ, આઠમામાં ઈન્દ્રોથી યુક્ત વ્યંતરદેવ, નવમામાં ઈન્દ્રોથી યુક્ત ચંદ્ર-સૂર્ય આદિ જ્યોતિષી દેવ, દસમામાં કલ્પવાસી દેવ, અગિયારમામાં વિદ્યાધર તથા મનુષ્ય અને બારમા કોઠામાં સિંહ, હરણ આદિ તિર્યંચ બેઠા હતા. આ પ્રકારે બારેય સભામંડપના કોઠામાં જીવસમૂહ શ્રેણીબદ્ધ થઈને પૃથક્-પૃથક્ ત્રિલોકીનાથ મહાવીરપ્રભુની સામે હાથ જોડીને વિનમ્રભાવથી તેમના ઉપદેશરૂપી અમૃતનું પાન કરી પાપાગ્નિના સંતાપને શાંત કરવાની ઈચ્છાથી

બેઠા હતા. સભામંડપમાં એ સંપૂર્ણ જીવસમૂહથી ઘેરાયેલા એ જગતપતિ મહાવીરપ્રભુ ધર્માત્માઓની વચ્ચે સાક્ષાત્ ધર્મમૂર્તિ સમાન બિરાજમાન હતા તથા તેમના અલૌકિક આકર્ષણથી બધા લોકો પ્રભાવિત હતા.

ત્યારબાદ દેવોથી યુક્ત ઈન્દ્ર ધર્મરૂપી રસ પ્રાપ્તિની ઈચ્છાથી અત્યંત વિનમ્ર થઈને જયજયકાર કરવા લાગ્યો તથા પ્રભુના સભામંડપની ત્રણવાર પ્રદક્ષિણા કરીને શ્રદ્ધા-ભક્તિપૂર્વક એ જગદ્ગુરુ ભગવાનના દર્શનની ઈચ્છાથી સભામંડપમાં પ્રવેશ્યો. તે સમવસરણભૂમિ ભવ્યજીવો માટે શરણસ્વરૂપ હતી. ત્યાં પહોંચ્યા બાદ ઈન્દ્રાદિ દેવોએ માનસ્તંભ, મહાન ચૈત્યવૃક્ષ તથા અન્ય સ્તૂપોમાં પ્રતિબિંબિત જિનેન્દ્ર તથા અનેક શ્રેષ્ઠ સિદ્ધ પુરુષોની મૂર્તિઓનું પૂજન પવિત્ર પ્રાસુક જળ આદિ મંગલ દ્રવ્યોથી ભક્તિપૂર્વક કર્યું. દેવો દ્વારા અત્યંત ઉત્તમતાપૂર્વક રચાયેલા સમવસરણની રચનાને જોઈને ઈન્દ્ર ખૂબ જ પ્રસન્ન થયો તથા દેવોના કોઠામાં પ્રવેશ કર્યો. એ ઐશ્વર્યશાળી સભામંડપમાં ઉત્તમસ્થાન પર રાખેલા શ્રેષ્ઠ સિંહાસન પર વિરાજમાન ક્રોડ ક્રોડ ગુણોથી યુક્ત તથા પરમ તેજસ્વી ચતુર્મુખ મહાવીરપ્રભુને ઈન્દ્રએ નિર્નિમેષનેત્રોથી જોયા. ત્યારબાદ દેવતાઓની સાથે ઈન્દ્રએ શ્રદ્ધાપૂર્વક ગોઠણ ટેકવીને કર્મવિનાશ માટે પ્રભુને નમસ્કાર કર્યા, સાથે સાથે અનેક અપ્સરાઓ સહિત ઈન્દ્રાણી આદિ દેવીઓએ પ્રસન્નતાપૂર્વક ત્રિલોકપતિ મહાવીરપ્રભુને નમસ્કાર કર્યાં. જ્યારે દેવોની સાથે ઈન્દ્રાણીએ પ્રભુને નમસ્કાર કર્યાં ત્યારે તેમના મુકુટના મણિઓની પ્રભા પ્રભુના ચરણો ઉપર પડી તથા આ વિચિત્ર આભાના સ્પર્શથી તેમના ચરણ અત્યંત શોભાયમાન થયા. પ્રભુના ગુણોમાં અનુરક્ત થઈને ઈન્દ્ર આદિ દેવ ઉત્તમ તથા અલૌકિક પૂજનસામગ્રીથી પ્રભુની પૂજા કરવા માટે પ્રસ્તુત થયા. એક દૈદીપ્યમાન સ્વર્ણકળશમાંથી નિર્મળ જળધારા પ્રભુના પવિત્ર ચરણોમાં પડવા લાગી અને આ રીતે તે પોતાના પાપોની શુદ્ધિ કરવામાં પ્રવૃત્ત થયા. પાદપ્રક્ષાલન કરી ચૂક્યા પછી ઈન્દ્રએ ઉત્કટ ભક્તિથી વશીભૂત થઈને દૈવી સુગંધયુક્ત ચંદનથી ભગવાનનું મોક્ષપ્રાપ્તિ હેતુ પૂજન કર્યું. આકાશમંડળને પોતાના કિરણોથી ધવલ કરવાવાળા દિવ્ય મોતીઓના પાંચ અક્ષતપુંજ અક્ષયસુખની કામનાથી પ્રભુના ચરણે ચઢાવ્યા અને કલ્પવૃક્ષથી ઉત્પન્ન દૈવી પુષ્પો ચઢાવીને ઈન્દ્રએ સમ્પૂર્ણ કામનાઓને સફળ કરાવવાળી પૂજા કરી. રત્નનિર્મિત થાળીમાં અમૃતપિંડથી બનાવેલા

નૈવેદ્ય પદાર્થો ઈન્દ્રએ પ્રભુ સન્મુખ ઉપસ્થિત કર્યા તથા પોતાના સુખ અને કલ્યાણની કામના કરી. તેમણે અંધકારને દૂર કરવાવાળા રત્નમયી દીપ જ્ઞાન પ્રાપ્તિની ઈચ્છાથી પ્રભુ સન્મુખ રાખ્યા. કૃષ્ણ, અગર આદિ અનેક ઉત્તમ સુગંધિત દ્રવ્યોથી બનાવેલી ધૂપથી ઈન્દ્રએ ધર્મપ્રાપ્તિ માટે પ્રભુના ચરણોની પૂજા કરી. ધૂપના ધુમાડાથી દશે દિશાઓ સુરભિત થઈ ગઈ. ત્યારબાદ કલ્પવૃક્ષ આદિ સુરતરુઓમાં ઉત્પન્ન તથા નયનાભિરામ ઉત્તમ ફળ દ્વારા ફળ પ્રાપ્તિની અભિલાષાથી પ્રભુની પૂજા કરી તથા પૂજાના અંતમાં અસંખ્યાત પુષ્પોની પુષ્પાંજલિથી પ્રભુની ચારે તરફ પુષ્પવૃષ્ટિ કરી. તે જ સમયે ઈન્દ્રાણીએ પ્રભુ સન્મુખ પંચરત્નોના ચૂર્ણ દ્વારા પોતાના હાથથી ઉત્તમ સ્વસ્તિક બનાવ્યો.

પૂજા કર્યા બાદ ઈન્દ્રએ હાથ જોડીને ભક્તિપૂર્વક પ્રણામ કર્યા તથા મધુર સ્વરમાં પ્રભુના ગુણોની સ્તુતિ કરવા લાગ્યો કે ‘હે દેવ! આપ સંપૂર્ણ જગતના સ્વામી છો, આપ જ ગુરુઓના પણ શ્રેષ્ઠ ગુરુ છો, પૂજ્યમાં પણ પરમપૂજ્ય છો તથા વંદનીયોના પણ વંદનીય છો, યોગીઓમાં પણ સર્વશ્રેષ્ઠ યોગી છો, ગુણીઓમાં પણ ઉત્તમ ગુણવાન છો તથા બધા ધર્માત્માઓમાં પરમ આદરણીય ધર્માત્મા છો, ધ્યાનીઓમાં શ્રેષ્ઠ ધ્યાની, યતિઓમાં બુદ્ધિમાન યતિ, જ્ઞાનીઓમાં મહાન જ્ઞાની તથા સ્વામીઓના પણ સ્વામી છો, આપ જિતેન્દ્રિય છો, આપ જિનમાં જિનોત્તમ હોવાના કારણે ધ્યેય તથા સ્તુત્ય છો, આપ દાતાઓમાં ઉત્તમ દાની છો તથા હિતેચ્છુઓમાં પરમ હિતૈષી છો, સંસારના ભયથી ત્રસ્ત પુરુષોના રક્ષક, શરણહીન જીવોના શરણદાતા તથા સંપૂર્ણ કર્મજાળના નાશક આપ જ છો; મોક્ષના પથપ્રદર્શક, જગતના કલ્યાણકર્તા તથા બાંધવવિહિન જીવોના અનન્યતમ બંધુ આપ જ છો.

ત્રણ લોકના ઉત્તમ રાજ્યની ઈચ્છાના કારણે મહાન ‘લોભી’ અને મુક્તિરૂપી સ્ત્રીની અભિલાષા કરવાના કારણે આપ અત્યંત ‘રાગી’ છો; સમ્યગ્દર્શન આદિ રત્નોનો સંગ્રહ આપે કર્યો છે તેથી આપ ‘મહાપરિગ્રહી’ છો, કર્મરૂપી શત્રુઓનો નાશ કરવાના કારણે આપ ‘મહા હિંસક’ તથા કષાય અને ઈન્દ્રિયોને જીતવાના કારણે આપ ‘મહાન વિજેતા’ છો. આપ શરીર આદિના વિષયમાં ઈચ્છાહીન થઈને પણ લોકના શિખરને ઈચ્છવાવાળા

છો, દેવીઓના મધ્યમાં રહીને પણ પરમ બ્રહ્મચારી છો અને એકમુખ થઈને પણ અતિશયના કારણે આપ ચતુર્મુખ દેખાવ છો. આલોકમાં શ્રેષ્ઠ લક્ષ્મીથી યુક્ત હોવા છતાં પણ આપ નિર્ગ્રંથરાજ છો અને જગદ્‌ગુરુ હોવાના કારણે અનુપમેય ગુણોના પ્રધાન છો. હે દેવ! આજે અમારું જીવન સફળ થયું અને અમે ધન્ય થયા. આપના દર્શન માટે અમારે જે પદયાત્રા કરવી પડી તેથી અમારા બંને પગ કૃતકૃત્ય થઈ ગયા, આપની પૂજા કરવાથી હાથ અને ચરણકમળના દર્શન કરવાથી અમારા નેત્ર આજે સફળ થઈ ગયા, પ્રણામ કરવાના કારણે અમારું મસ્તક, સેવા કરવાના કારણે અમારું શરીર અને આપના ગુણોનું વર્ણન કરવાના કારણે અમારી વાણી સફળ અને પવિત્ર થઈ ગઈ. હે પ્રભો! જ્યારે આપના અસંખ્ય ગુણોની પ્રશંસા તો સ્વયં ગણધર પણ પૂર્ણરૂપથી નથી કરી શકતા ત્યારે મારા જેવો મૂઢમતિ આપની સ્તુતિ શું કરી શકે? તેથી હું આપની સ્તુતિ શું કરું? હે પ્રભો! આપ અનંત ગુણવાન છો, સર્વપ્રધાન છો, જગદ્‌ગુરુ છો, તેથી આપને કોટિશઃ પ્રણામ કરું છું. આપ પરમાત્મસ્વરૂપ છો, લોકમાં ઉત્તમ છો, કેવળજ્ઞાનરૂપી મહારાજ્યથી અલંકૃત છો, અનંત દર્શન સ્વરૂપ છો, તેથી આપને વારંવાર નમસ્કાર છે. આપ અનંત સુખસ્વરૂપ છો, અનંત વીર્યસ્વરૂપ છો અને ત્રણેય જગતના ભવ્યજીવોના મિત્ર છો, તેથી આપને ફરી ફરી નમસ્કાર છે. આપ લક્ષ્મીના પ્રદાતા છો, સર્વનું મંગળ કરવાવાળા છો, અત્યંત બુદ્ધિમાન છો, શ્રેષ્ઠ યોદ્ધા છો, ત્રણેય જગતના અધિપતિ છો અને સ્વામીઓના પણ પરમ શ્રદ્ધેય સ્વામી છો. આપ લોકાતિશય સંપત્તિથી યુક્ત છો, ચમત્કારપૂર્ણ છો, દિવ્યદેહ અને ધર્મરૂપ છો, તેથી આપને કોટિ કોટિ નમસ્કાર છે. આપ ધર્મમૂર્તિ છો, ધર્મોપદેશક છો, ધર્મચક્રના પ્રવર્તક છો, તેથી અમે આપને ફરી ફરી નમસ્કાર કરીએ છીએ. હે નાથ! આ પ્રકારે શ્રદ્ધા-ભક્તિપૂર્વક કરવામાં આવેલી આપની સ્તુતિ અને નમસ્કારથી આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ તથા આપની સમસ્ત ગુણરાશિ અમને પ્રાપ્ત થાઓ; કર્મશત્રુઓનો નાશ થાઓ તથા સાથે સાથે સમાધિમરણરૂપી શ્રેષ્ઠ મૃત્યુને પણ પ્રદાન કરો. આ પ્રકારે દેવો સહિત ઈન્દ્ર મહાવીરપ્રભુની સ્તુતિ, નમસ્કાર અને ભક્તિપૂર્વક ઈષ્ટ પ્રાર્થના કરી ધર્મોપદેશ સાંભળવા માટે પોતાના કોઠામાં બેસી ગયો અને અન્ય ભવ્યજીવ અને દેવીઓ પણ પોતપોતાના કલ્યાણની કામનાથી જિનેન્દ્રપ્રભુની સામે બેસી ગયા.

જ્યારે ઈન્દ્રએ જોયું કે બાર પ્રકારના જીવસમૂહ ઉત્તમ ધર્મ સાંભળવાની ઈચ્છાથી પોતપોતાના કોઠામાં બેઠા છે છતાં એમ ને એમ ૬૫ દિવસ દિવ્યધ્વનિ છૂટતી નથી ત્યારે ૬૬મે દિવસે ઈન્દ્રે વિચાર્યું કે એવું શું કારણ થઈ રહ્યું છે–ધ્વનિમાં શું બાધા ઉપસ્થિત થઈ ગઈ છે?

***✻ [ પ્રભુની વાણી ૬૫ દિવસ સુધી છૂટી નહીં અને તેમ છતાં આટલા દિવસો સુધી ઈન્દ્રને વિચાર પણ ન આવ્યો કે આટલા દિવસો સુધી વાણી ન છૂટવાનું કારણ શું? આશ્ચર્ય!! જો ઈન્દ્ર પહેલે દિવસે જ પોતાના અવધિજ્ઞાનથી જાણી લેત કે ભગવાનની દિવ્યધ્વનિને ઝીલીને ૧૨ અંગની રચના કરનાર ગૌતમ–ઈન્દ્રભૂતિ સભામાં હાજર નથી, તો ઈન્દ્ર પહેલાં જ તેમને સભામાં લાવવાનો પ્રયત્ન કરેત! પણ આવું બનવું અશક્ય હતું, કારણ કે જગતની વસ્તુવ્યવસ્થા ક્રમબદ્ધ!!!***

***ધારો કે ઈન્દ્ર ગૌતમને જલદી–સમય પહેલાં જ ભગવાનની સભામાં લઈ આવ્યા હોત તો?–તો વિશ્વ-વ્યવસ્થા બગડી જાત અને વસ્તુ-વ્યવસ્થાનું ઉલ્લંઘન થતાં વસ્તુ–સ્વાતંત્ર્ય અને ક્રમબદ્ધનો સિદ્ધાંત તૂટી જાત કે જે બનવું અસંભવ!!***

***જો ઈન્દ્ર ગૌતમને સમય પહેલાં જ સભામાં લઈ આવવા સક્ષમ હોત તો ગૌતમ બ્રાહ્મણની યોગ્યતા જે ૬૬ દિવસ પછી પાકવાની હતી તે જલ્દી-સમય પહેલાં પાકી જાત અને આમ થતાં પર્યાયની ક્રમસર ક્રમબદ્ધ વ્યવસ્થા તૂટી જાત!***

***જો ગૌતમ બ્રાહ્મણ સભામાં જલ્દી આવી જાત તો પ્રભુની દિવ્યધ્વનિ સમય પહેલાં છૂટવાના કારણે પુદ્‌ગલદ્રવ્યની પર્યાયનું પરિણમન ક્રમસર ન થતાં પુદ્‌ગલદ્રવ્યના ક્રમબદ્ધ પરિણમન ઉપર વજ્રપાત થાત!!***

***જો સમય પહેલાં જ ગૌતમ બ્રાહ્મણ આવી જાત તો સમય પહેલાં જ દિવ્યધ્વનિ છૂટતા કેટલાય જીવો સમય પહેલાં સમ્યક્ત્વ પામે! કેટલાય જીવો સમય પહેલાં મુક્તિ પામે! એટલે કે વિશ્વની અટલ***

---

✻ અનુવાદક

***વ્યવસ્થાનો જ લોપ થઈ જાય! તેથી જ લોકને ઉલટો કરવાનું સામર્થ્ય ધરાવનાર ઈન્દ્ર પણ કાળલબ્ધિ પાક્યા પહેલાં ઈન્દ્રભૂતિને સમવસરણમાં લઈ આવવા અસમર્થ!!!***

***તેથી જ શ્રી જયધવલામાં કાળલબ્ધિના સામર્થ્યને પ્રસિદ્ધ કરતાં કહ્યું છે કે :– ''ભગવાન મહાવીરકી દિવ્યધ્વનિકો પૂરી તરહસે ગ્રહણ કરનેમેં સમર્થ ગણધરકે ન હોનેસે ૬૫ દિન તક દિવ્યધ્વનિ નહીં ખિરી. પુનઃ શંકા કિ ગઈ કિ દેવેન્દ્રને ઉસી સમય ગણધરકો લાકર ક્યોં નહીં ઉપસ્થિત કર દીયા? ઈસકા સમાધાન કરતે હુએ કહા ગયા કિ કાલલબ્ધિકે બિના દેવેન્દ્ર ઉસી સમય ગણધરકો ઉપસ્થિત કરનેમેં અસમર્થ થા.'']***

૬૬મે દિવસે ઈન્દ્રએ અવધિજ્ઞાનના પ્રભાવથી જાણી લીધું કે કોઈ પણ મુનીશ્વર ગણધર પદ માટે ઉપયુક્ત નથી. આમ વિચારીને ઈન્દ્ર ફરી વિચારવા લાગ્યો કે કેવા આશ્ચર્યની વાત છે કે આ બહુસંખ્યક મુનીશોમાં પણ કોઈ પણ એવા સુયોગ્ય મુનીન્દ્ર નથી કે જે પ્રભુના મુખથી બહિર્ભૂત રહસ્યમય તત્ત્વને સાંભળીને 'ગણધર' થઈ જાય અને સંપૂર્ણ દ્વાદશાંગ શાસ્ત્રની રચનામાં કૃતકાર્ય થઈ શકે.

ત્યારબાદ ઈન્દ્રએ જાણ્યું કે આ જ બ્રહ્મપુર નગરમાં ગૌતમ-કુલભૂષણ નામનો શ્રેષ્ઠ બ્રાહ્મણ છે અને તે ગણધર થવા યોગ્ય છે. આમ જાણીને તે સૌધર્મ ઈન્દ્ર પરમ પ્રસન્ન થયો. તે દ્વીજશ્રેષ્ઠને સભામંડપમાં લાવવા માટે કોઈ ઉત્તમ વિચાર વિચારવા લાગ્યો. અંતમાં ઈન્દ્રએ વિચાર કર્યો કે તે ગૌતમ તો વિદ્યાભિમાની છે. જો નગરમાં તેની પાસે જઈને ગૂઢ અર્થવાળા કેટલાક પ્રશ્ન પૂછવામાં આવે તો જ્યારે એ ગૂઢ શ્લોકના અર્થ તેને નહીં સમજ પડે ત્યારે તે શાસ્ત્રાર્થની ઈચ્છાથી સ્વયં જ અહીં આવી જશે. આમ વિચારીને બુદ્ધિમાન ઈન્દ્રએ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ બનાવ્યું અને હાથમાં લાકડી લઈને ગૌતમ બ્રાહ્મણ પાસે જઈ પહોંચ્યો. બ્રાહ્મણવેષી ઈન્દ્રએ ગૌતમને કહ્યું કે 'હે વિપ્ર! આપ તો મહા વિદ્વાન જણાવ છો, આપ સમાન બીજો કોઈ વિદ્વાન અહીં દેખાતો નથી. મારા ગુરુ મહાવીર પ્રભુ આ સમયે મૌન ધારણ કરીને બેઠા છે. તેથી એક કાવ્યનો અર્થ પૂછવા માટે હું અહીં આપની પાસે આવ્યો છું, વિચાર કરીને એનો અર્થ મને કહો. આ કાવ્યના વાસ્તવિક અર્થને સમજી લેવાથી મારા જીવનનો નિર્વાહ થશે, કેટલાય ભવ્યજીવોનો ઉપકાર થશે અને આપ પણ યશના ભાગીદાર

થશો.' બ્રાહ્મણવેશધારી ઈન્દ્રના વચન સાંભળીને વિદ્વાન બ્રાહ્મણ ગૌતમે કહ્યું કે 'હે વૃદ્ધ! જો હું તારા કાવ્યનો ઉચિત અર્થ શીઘ્ર આપું તો તું તેની પ્રતિક્રિયામાં શું કરીશ?' આના ઉત્તરમાં ઈન્દ્રએ કહ્યું કે 'જો મારા કાવ્યની સમુચિત વ્યાખ્યા આપ કરી દેશો તો હું વિધિપૂર્વક આપનું શિષ્યત્વ સ્વીકાર કરી લઈશ; પરંતુ જો આપ યથાર્થભાવ નહીં કહી શકો તો?' ઈન્દ્રની વાત સાંભળીને ગૌતમ બ્રાહ્મણે ઉત્તર આપ્યો કે 'હે વૃદ્ધ પુરુષ! હું પણ પ્રતિજ્ઞા કરું છું કે તારા કાવ્યની જો હું ઉચિત વ્યાખ્યા ન કરી શકું તો આ પાંચસો શિષ્યોની મંડળી ને બંને ભાઈઓની સાથે હું પણ મારો જગત્ પ્રસિદ્ધ અને વેદપ્રતિપાદિત સનાતન મતનો ત્યાગ કરી તારા ગુરુનો શિષ્ય બની જઈશ. મારી પ્રતિજ્ઞા ક્યારેય પણ અસત્ય અને અન્યથા ન હોઈ શકે. પછી મારા વચનના બે સાક્ષી પણ છે. આ નગરના સ્વામી છે અને આ બીજા કશ્યપ નામના બ્રાહ્મણ છે.' ગૌતમની વાત સાંભળીને તે બંને સાક્ષીએ કહ્યું કે ઠીક છે, કદાચિત્ મેરુ પર્વત પણ ચલાયમાન થઈ શકે છે પરંતુ આ વિદ્વાન બ્રાહ્મણના સત્ય વચન તારા મહાવીર પ્રભુની જેમ જ અટલ છે. જ્યારે બંને જ પરસ્પર વચનબદ્ધ થઈ ગયા ત્યારે ઈન્દ્રએ ગંભીર સ્વરમાં નિમ્નલિખિત કાવ્ય કહ્યું—

**'त्रैकाल्यं द्रव्यषटकं सकल गतिगणाः सत्पदार्था नवैव।**
**विश्वं पञ्चास्तिकायाः व्रत समिति चिदः सप्ततत्त्वानि धर्माः।।**
**सिद्धेर्मार्गः स्वरूपं विधिजनित फलं जीव षट्कायलेश्या !**
**एतान् यः श्रद्दधाति जिन वचन रतो मुक्तिगांभीरु भव्यः।।१।।**

ઈન્દ્રના ઉપર્યુક્ત કાવ્યને સાંભળીને વિદ્વાન ગૌતમ આશ્ચર્યચકિત થઈ ગયો. શ્લોકનો કાંઈ પણ અર્થ તેમની સમજમાં ન આવ્યો. પ્રતિજ્ઞાભંગની આશંકાથી તે પોતાના મનમાં જ તર્ક-વિતર્ક કરવા લાગ્યો—'આ કાવ્ય તો ખૂબ જ મુશ્કેલ છે, કાંઈ સમજમાં જ નથી આવતું. શ્લોકમાં '**त्रैकाल्यं**' શબ્દ છે, તો ત્રણ કાળ ક્યા હોઈ શકે છે? આ ત્રિકાળમાં ઉત્પન્ન બધી જ વસ્તુઓને જાણે તે સર્વજ્ઞ છે અને તે જ આ કાવ્યના અર્થના જ્ઞાતા પણ છે, હું કઈ રીતે જાણું? '**द्रव्यषटकं**' માં છ દ્રવ્ય ક્યા ક્યા છે? '**सकल गति गणाः**' આ સંપૂર્ણ ગતિઓ

કઈ કઈ છે? એનું સ્વરૂપ શું છે? '**सत्पदार्था नवैव**' માં ઉત્તમ નવ પદાર્થ ક્યા ક્યા છે? આજથી પૂર્વ મેં નવ પદાર્થના વિષયમાં કાંઈ પણ નથી સાંભળ્યું. '**विश्वं**' માં વિશ્વ શું છે? આ બધું વિશ્વ છે કે ત્રણ લોક વિશ્વ છે? કાંઈ નિર્ણય નથી થતો. '**पञ्चास्ति कायाः**' માં પાંચ અસ્તિકાય ક્યા છે? '**व्रत समिति चिदः**' માં વ્રત ક્યા છે? સમિતિ કોને કહે છે? જ્ઞાનનું શું સ્વરૂપ છે? આ બધાનું શું ફળ છે? અને '**सप्त सत्वानि**' માં સાત તત્ત્વ ક્યા ક્યા છે? '**धर्माः**'માં ધર્મ શું છે? '**सिद्धेमार्गः**' માં સિદ્ધિ અથવા કાર્યનિષ્પત્તિ શું છે? તેનો માર્ગ શું છે? એક માર્ગ છે કે અનેક માર્ગ છે? '**स्वरूपं**' માં સ્વરૂપ શું છે? '**विधिजनित फलं**' માં વિધિ શું છે? તેનાથી ઉત્પન્ન ફળ શું છે? '**जीव षट्काय लेश्या**' માં છ પ્રકારના જીવ-નિકાય ક્યા ક્યા છે? છ લેશ્યા કઈ છે? આ બધી વાતો તો મેં ક્યારેય સાંભળી નથી. તો આ બધાનું લક્ષણ અને સ્વરૂપ હું શું જાણું? આ વાતો તો અમારા વેદ અને સ્મૃતિગ્રંથોમાં ક્યાંય પણ નથી. ઓહ! આ નાના કાવ્યમાં તો બધા જ સિદ્ધાંતો ભરેલા છે. આ વૃદ્ધ બ્રાહ્મણે તો સિદ્ધાંત સમુદ્રનું બધું જ રહસ્ય મને આ કાવ્યના બહાને પૂછી લીધું છે. હવે મને સ્વીકાર કરવું પડશે કે આ નાના કાવ્યનો ગૂઢાર્થ, એ સર્વજ્ઞ અને એના સુયોગ્ય શિષ્ય સિવાય બીજું કોઈ ક્યારે પણ ન કહી શકે. જો હું આ વૃદ્ધને અર્થ નહીં કહું તો મારી પ્રતિષ્ઠા ઘટે છે, તેથી તેના ગુરુથી જ શાસ્ત્રાર્થ કરવો જોઈએ. આમ વિચારીને ગૌતમ બ્રાહ્મણે ઈન્દ્રને કહ્યું કે 'હું આ વિષયમાં તારાથી વિવાદ ન કરીને તારા ગુરુથી જ શાસ્ત્રાર્થ કરીશ.' આમ કહીને, **'કાળલબ્ધિ–ઉત્તમ ભવિતવ્યતા'**ને વશીભૂત થઈને વિપ્ર ગૌતમ પોતાના પાંચસો શિષ્ય અને બંને ભાઈઓની સાથે મહાવીરપ્રભુથી શાસ્ત્રાર્થ કરવા માટે સભામંડપમાં જવા માટે નિકળી પડ્યો.

તે બુદ્ધિમાન ગૌતમ બ્રાહ્મણ રસ્તામાં વિચારતો હતો કે જ્યારે આ વૃદ્ધ બ્રાહ્મણ જ દુર્જેય છે, તો આના ગુરુ તો શાસ્ત્રમાં અસાધ્ય થશે. કાંઈ પણ હોય, હવે તો ચાલવું જ જોઈએ. એ મહાપુરુષના સંસર્ગથી ભલુ જ થશે, હાનિ શું થશે? એવું વિચારતો તે ક્રમશઃ સંસારને આશ્ચર્યચકિત કરવાવાળા અત્યંત ઉન્નત માનસ્તંભની સમીપ આવ્યો. એ માનસ્તંભના દર્શનથી જ ગૌતમની માનલિપ્સા એવી રીતે નષ્ટ થઈ ગઈ કે જેવી રીતે વજ્રપાતથી પર્વત–શ્રેણીઓના સેંકડો ટુકડા થઈને નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. તેના શુભ મૃદુ પરિણામ

પ્રાદુર્ભૂત થયા. ત્યારબાદ, એ ગૌતમ બ્રાહ્મણે અતિ વિશુદ્ધ પરિણામોથી યુક્ત થઈને સભામંડપની વિપુલ વિભૂતિને જોઈ અને આશ્ચર્યચકિત થઈને તે અલૌકિક સભામંડપમાં પ્રવેશ્યો. જ્યારે સભામંડપમાં પ્રવેશ કરીને તે ઉત્તમ વિપ્રએ પ્રભુને અનેક ઋદ્ધિઓ અને જીવસમૂહોથી ઘેરાયેલા રત્નસિંહાસન પર બેઠેલા જોયા, ત્યારે તે અનુરાગથી અભિભૂત થઈ ગયો અને ભક્તિપૂર્વક જગદ્‌ગુરુ મહાવીરપ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને તેને પ્રણામ કર્યા. પછી અંજલિબદ્ધ થઈને પોતાની સિદ્ધિ માટે પ્રભુના સાર્થક નામોથી તેમની સ્તુતિ કરવા લાગ્યો.

‘હે ભગવાન! આપ જગતના સ્વામી છો, ૧૦૦૮ નામોથી અલંકૃત હોવાથી નામરૂપી કર્મના નાશક છો, સંપૂર્ણ અર્થના જ્ઞાતા છો, બુદ્ધિમાન પુરુષ જો વિશુદ્ધ અંતઃકરણથી આપના એક જ નામથી આપની સ્તુતિ કરે તોપણ તે આપના સમાન ગુણોથી યુક્ત થઈને શીઘ્ર જ આપના સંપૂર્ણ નામોને અને તેના ફળને પામી શકે છે. તેથી, હે પ્રભો! હું આપના એકસો આઠ સુંદર નામોથી શ્રદ્ધા-ભક્તિપૂર્વક આપની સ્તુતિ કરું છું.

હે ભગવાન્! આપ ધર્મરાજા, ધર્મચક્રી, ધર્મા, ધર્માગ્રણી, ધર્મતીર્થ–પ્રવર્તક, ધર્મનેતા, ધર્મેશ્વ, ધર્મકર્તા, સુધર્માઢ્ય, ધર્મસ્વામી, સુધર્મવિત્, ધર્મારાધ્ય, ધર્મેશ, ધર્માઢ્ય, ધર્મબાંધવ, ધર્મી-જ્યેષ્ઠ, અતિધર્માત્મા, ધર્મભર્તા, સુધર્મભાક, ધર્મભાગી, સુધર્મજ્ઞ, ધર્મરાજ, અતિધર્મધીર, મહાધર્મી મહાદેવ, મહાનાદ, મહેશ્વર, મહાતેજા, મહામાન્ય, મહપૂત, મહાતપા, મહાત્મા, મહોદાંત, મહાયોગી, મહાવ્રતી, મહાધ્યાની, મહાજ્ઞાની, મહાકાસવિક, મહાન્, મહાધીર, મહાવીર મહાર્ચાઢ્યા, મહેશિતા, મહાદાતા, મહાત્રાતા, મહાકર્મા, મહાધીર, જગન્નાથ, જગદ્‌ભર્તા, જગત્‌પતિ, જગજ્યેષ્ઠ, જગમાન્ય, જગત્સેવ્ય, જગન્નુત, જગત્પૂજ્ય, જગત્સ્વામી, જગદીશ, જગદ્‌ગુરુ, જગદ્બન્ધુ, જગજ્જેતા, જગન્નેતા, જગત્પ્રભુ, તીર્થકૃત, તીર્થભૂતાત્મા, તીર્થનાથ, સુતીર્થવિત્, તીર્થંકર, સુતીર્થાત્મા, તીર્થેશ, તીર્થકારક, તીર્થનેતા, સુતીર્થજ્ઞ, તીર્થાર્હ, તીર્થનાયક, તીર્થરાજ, સુતીર્થાંક, તીર્થભૂત, તીર્થકારણ, વિશ્વજ્ઞ, વિશ્વતત્ત્વજ્ઞ, વિશ્વવ્યાપી, વિશ્વવિત્, વિશ્વારાધ્ય, વિશ્વેશ, વિશ્વલોકપિતામહ, વિશ્વાગ્રણી, વિશ્વાત્મા, વિશ્વાર્ચ્ય, વિશ્વનાયક, વિશ્વનાથ, વિશ્વેધ્ય, વિશ્વધૃત, વિશ્વધર્મકૃત, સર્વજ્ઞ, સર્વલોકજ્ઞ, સર્વદર્શી, સર્વવિત્થ, સર્વાત્મા, સર્વધર્મેશ, સાર્વ, સર્વબુધાગ્રણ્યી, સર્વેદેવાધિ, સર્વલોકેશ,

સર્વકર્મહત્, સર્વવિદ્યેશ્વર, સર્વધર્મકૃત અને સર્વશર્મભાક આપ જ છો.'

'હે ત્રિજગત્પતિ! આ પૂર્વોક્ત ૧૦૮ નામોથી મેં આપની સ્તુતિ કરી. આપ અમારા ઉપર દયા કરો અને આપના સમાન બનાવો. હે દેવ! ત્રણે લોકમાં સ્વર્ણ અને રત્નોની જેટલી કૃત્રિમ અને અકૃત્રિમ પ્રતિમાઓ છે તે બધાની હું સદૈવ સ્તુતિ-પૂજા અને સ્મરણ કર્યા કરું છું. હે પ્રભુ! જે પ્રાણી ભક્તિપૂર્વક આપની મૂર્તિની પૂજા-સ્તુતિ અને નમસ્કાર કર્યા કરે છે, તે ત્રિલોકના સ્વામી થઈ જાય છે; તો પછી જે સાક્ષાત્ આપની જ સ્તુતિ–નમસ્કાર અને અહર્નિશ સેવા કર્યા કરે છે, તે ભવ્ય-શ્રેષ્ઠોને કેટલું અધિક ફળ મળતું હશે એ હું નથી કહી શકતો. હે નાથ! આ લોકમાં જેટલા પણ શ્રેષ્ઠ અને સ્નિગ્ધ પરમાણુ પુંજ છે તે બધાને એકત્ર કરીને જ આપના અલૌકિક સુંદર શરીરનું નિર્માણ થયું છે. આપનું આ ઉત્તમ શરીર સંપૂર્ણ જગતને અત્યંત પ્રિય છે અને કોટિ સૂર્ય સમાન તેજપુંજના પ્રકાશથી બધી જ દિશાઓને આલોકિત કર્યા કરે છે. આ આપનું દૈદીપ્યમાન મુખમંડળ નિર્વિકાર અને સામ્યસૂચક હોવાથી મનની અત્યંત આંતરિક વિશુદ્ધિને બતાવી રહી છે.

હે જગદ્ગુરુ! આ પૃથ્વીના જે જે સ્થાન પર આપે આપના ચરણારવિંદ રાખ્યા છે, તે બધા સંસારના પવિત્ર તીર્થસ્થાન બની ગયા છે તથા સદાય તે સ્થાનની વંદના મુનિગણ અને દેવગણ કર્યા કરે છે. આવી જ રીતે, હે નાથ! જે ક્ષેત્રોમાં આપનો જન્મકલ્યાણોત્સવ ઉજવવામાં આવ્યો છે તે અતિ પવિત્ર અને શ્રદ્ધાસ્પદ તીર્થસ્થાન બની ગયું છે. તે દેશ તથા કાળ ધન્ય છે કે જેમાં આપનો ગર્ભાદિક કલ્યાણક અને કેવળજ્ઞાનનો પ્રાદુર્ભાવ થયો છે. આપનું આ કેવળજ્ઞાન સંપૂર્ણ સંસારને અજ્ઞેય અને અવ્યાપક છે, તેથી આકાશમાત્રમાં જ વ્યાપ્ત થઈને તે સ્થિત છે. તેથી સંસારના ભવ્યો દ્વારા આપને સર્વજ્ઞ તથા આ અનંત વિશ્વના સ્વામી માનવામાં આવ્યા છો. હે સ્વામિન્! આપનું કેવળજ્ઞાન અનંત છે તથા આપ જગત્વંદ્ય છો. હે પ્રભુ! આપનું અનંત વીર્ય સકળ દોષોથી વર્જિત છે, બધા પદાર્થોનું દર્શન થવા છતાં પણ તે અનુપમ બન્યું રહ્યું છે. હે દેવ! આપનું અક્ષય અને પરમોત્તમ સુખ નિર્વાણ છે. તે ઈન્દ્રિયાતીત અને અનુપમેય હોવાના કારણે સાંસારિક જીવોને માટે અનુભવગમ્ય ન થઈ શક્યું.

હે મહાવીરપ્રભુ! આપના આ ચારેય અનંતગુણ અનન્ય અને અસાધારણ છે, કેવળ માત્ર આપમાં જ આ ગુણ છે. જોકે આપ કામનાશૂન્ય છો તથાપિ સંસારના સંપૂર્ણ પદાર્થોમાં શ્રેષ્ઠ પ્રાતિહાર્ય આદિ આઠ સંપદાઓ આપની પાસે અતિશય શોભાસંપન્ન થઈને વિરાજી રહી છે. આથી અતિરિક્ત આપના અન્ય અસંખ્ય ગુણ પણ છે કે જે ત્રણેય લોકમાં અદ્વિતિય છે, પછી અમારા જેવા મૂઢમતિ અને સ્વલ્પજ્ઞાની આપના એ અનુપમ ગુણોની પ્રશંસા ક્યા પ્રકારે સમુચિત રૂપમાં કરી શકે? હે પ્રભો! જેવી રીતે મેઘની જળધારાની, આકાશના તારામંડળની, સમુદ્રના તરંગોની અને સાંસારિક જીવોની ગણના કદાપિ નથી થઈ શકતી, તેવી જ રીતે આપના ગુણ પણ અનંત છે, તેથી આપની સ્તુતિ હું કઈ રીતે કરી શકું છું? આપના ગુણોની યથાસ્થિતિ તો ગણધર પણ નથી જાણી શકતા, પછી બીજાઓ તો શું કહી શકે? આપની યથાર્થ સ્તુતિ તો અમારાથી તો થશે જ નહીં, પછી વ્યર્થ પ્રયાસ કર્યાથી શું લાભ? હે દેવ! આપને નમસ્કાર છે.

હે પ્રભો! આપ દિવ્યમૂર્તિ છો, સર્વજ્ઞ છો અને અનંત ગુણસ્વરૂપ છો, તેથી હું આપને વારંવાર નમસ્કાર કરું છું. આપ દોષહિન, પરમબંધુ, મંગલસ્વરૂપ, લોકોત્તમ, જગત્શરણ તથા મંત્રમૂર્તિ છો, તેથી આપને કોટિશઃ પ્રણામ છે. આપ વર્ધમાન સ્વરૂપ છો, તેથી આપને નમસ્કાર છે. આપ મહાવીર છો, સન્મતિ છો, વિશ્વના હિતસ્વરૂપ છો, ત્રણેય જગતના ગુરુ છો, અનંત સુખના સમુદ્ર છો, તેથી આપને અનંતવાર નમસ્કાર છે. આ પ્રકારે પરમ ભક્તિપૂર્વક હું આપની સ્તુતિ તથા ફરી ફરી કોટિશઃ પ્રણામ કરીને આપની પાસે ત્રૈલોક્યની સંપત્તિ માંગતો નથી. હે નાથ! હું તો ફક્ત આટલું જ ઈચ્છું છે કે આપ આપના સમાન જ અમને પણ સર્વ સંપદાઓથી યુક્ત કરો. આપની અલૌકિક સંપદાઓ કર્મનાશથી ઉત્પન્ન થઈ છે કે જે અક્ષય સુખ દેવાવાળી, અનાશવાન તથા સંસાર દ્વારા નમસ્કૃત છે.

આપ આ ધરતી પર અત્યંત ઉદાર પરમ દાતા છો તથા હું અત્યંત લોભી છું. આપ પ્રસન્ન થઈને મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો કે જેથી મારી અભિલાષા સફળ થાય. આપના ચરણોની પૂજા ઈન્દ્ર કર્યા કરે છે. આપ ધર્મતીર્થના ઉદ્ધારક છો, આપ કર્મરૂપી મહાશત્રુઓના નાશક છો, આપ જ મહાયોદ્ધા છો તથા સંપૂર્ણ સંસારને

સ્વચ્છ પ્રકાશ આપવાવાળા રત્નમયી દીપક છો. ત્રિલોકને તારવા માટે આપ જ સમર્થ તથા ચતુર છો તથા આપ જ ઉત્તમોત્તમ ગુણોના આગાર છો. તેથી, હે પ્રભો! હું સંસારમાં નિરવલંબ થઈને ડૂબી રહ્યો છું, કૃપા કરીને આપ મારી રક્ષા કરો.' આ પ્રકારે શ્રદ્ધા–ભક્તિપૂર્વક ગૌતમ બ્રાહ્મણે જિનપતિ મહાવીરપ્રભુની સ્તુતિ કરીને તેમના ચરણોમાં પ્રણામ કર્યાં તથા પોતાને કૃતકૃત્ય સમજ્યો.

જેવી રીતે ચંદ્રમાને 'સુધાસ્રવી' કહે છે, કારણ કે નિરંતર અમૃત ઝર્યા કરે છે, તેવી જ રીતે જિનેન્દ્ર શ્રી મહાવીરપ્રભુના મુખચંદ્રને જોતા જ શ્રી ગૌતમસ્વામીએ મિથ્યાત્વરૂપી મહાવીષને વમી નાખ્યું અને કાળલબ્ધિવશ–ઉત્તમ ભવિતવ્યતાવશ સમ્યગ્દર્શનથી યુક્ત થઈને સંસાર, શરીર અને ભોગ આદિથી વિરક્ત થઈ ગયા. તેઓ પોતાના મનમાં વિચારવા લાગ્યા કે ''મેં ખૂબ જ મૂર્ખતાવશ આજસુધી સંપૂર્ણ પાપકાર્યોને ઉત્પન્ન કરવાવાળા અત્યંત નિંદનીય અને અશુભ મિથ્યામાર્ગનું જ વ્યર્થમાં સેવન કર્યું. જેવી રીતે ભ્રમમાં પડીને કોઈ મનુષ્ય વિષધારી સર્પને માળા સમજીને ગળામાં ધારણ કરીને ફરે છે, તેવી જ રીતે હું પણ ભ્રમમાં પડી રહ્યો. ધર્મની ભૂલમાં મિથ્યાત્વરૂપી મહાપાપને ગ્રહણ કરી લીધું. ધૂર્ત દ્વારા બનાવેલા અજ્ઞાન-મિથ્યાત્વના માર્ગમાં ફસાવીને મહામૂર્ખ લોકોને મહાભયંકર અને ઘોર નરકમાં દુ:સહ યાતનાઓને ભોગવવા માટે પ્રબળતાથી પછાડવામાં આવે છે અને ત્યાં તેમની તીવ્ર દુર્ગતિ થાય છે. મદિરાને પીને જે એકદમ મદોન્મત્ત થઈ ગયો છે તે મળ-મૂત્ર આદિનું કેવી રીતે ધ્યાન રાખી શકે? જે સમ્યગ્દર્શનથી રહિત છે, તે મતવાલાઓની જેમ અશુભમાર્ગમાં જઈને પડે છે. આંધળો પુરુષ જો માર્ગમાં ચાલે છે તો તે કુવામાં પડવાથી કેવી રીતે બચી શકે? મિથ્યાત્વથી જે અંધ છે તે નરકરૂપી કુવામાં અવશ્ય જ પડે છે. આ મિથ્યાત્વમાર્ગ અત્યંત હેય છે, તે દુષ્ટોને નરકમાં પહોંચાડવા માટે સાથી છે અને તેનો આદર પણ જડમતી જીવ જ કર્યા કરે છે. આ મિથ્યાત્વને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ધાર્મિક રાજાઓનો ઉગ્ર શત્રુ સમજવો જોઈએ, એને તો જીવભક્ષક મહાવિષધારી મહા અજગરથી ઓછો ક્યારે પણ સમજવો ન જોઈએ. આ સંપૂર્ણ પાપની ઉત્પત્તિનું સ્થાન છે. જેવી રીતે બળદના શિંગડાથી દૂધ મળવું, જળને મથવાથી ઘી નીકળવું, દુર્વ્યસનથી પ્રશંસા પ્રાપ્ત કરવી, કૃપણતાથી

પ્રસિદ્ધ થવું અને નીચકર્મથી ધન ઉપાર્જન કરવું અસંભવ છે, તેવી જ રીતે મિથ્યાત્વ દ્વારા અજ્ઞાની પુરુષોને શુભ વસ્તુ, શ્રેષ્ઠ સુખ અને ઉત્તમ ગતિ ક્યારેય પણ નથી મળી શકતી. ધર્મરહિત મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ આચરણના કારણે ભયંકર દુ:ખ અને દુર્ગતિરૂપ નરકમાં જ પડે છે. તેથી, હે પ્રાણી! સ્વર્ગ તથા મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે બુદ્ધિમાનોએ પોતાના મિથ્યાત્વરૂપી મહાશત્રુઓને સમ્યગ્દર્શનરૂપી તીક્ષ્ણ ખડગ દ્વારા જ નષ્ટ કરવા જોઈએ.

'આજ મારો જન્મ સફળ થઈ ગયો છે તથા હવે હું ધન્ય છું. સંયોગવશ શુભ પુણ્યોદયથી જ મને જગદ્ગુરુ શ્રી જિનેન્દ્રદેવ સમાન મહાજ્ઞાની ગુરુ પ્રાપ્ત થયા; તેમના અનુપમ ઉપદેશમાં જે કહેવામાં આવ્યું છે તે મોક્ષનો સત્ય, સરલ અને શ્રેષ્ઠ માર્ગ છે, આનાથી જ અવિનાશી સુખની પ્રાપ્તિ થઈ શકે છે. મારા હૃદયમાં જે દર્શનમોહ અર્થાત્ મિથ્યાત્વરૂપી તીવ્ર અંધકાર વ્યાપ્ત હતો, તે પ્રભુના તેજસ્વી કિરણોથી શીઘ્ર જ નષ્ટ થઈ ગયો તથા ત્યાં હવે ઉજ્જ્વળ પ્રકાશ જણાઈ રહ્યો છે.'— આમ વિચારીને તે વિદ્વદ્વર ગૌતમ બ્રાહ્મણ ધર્મ તથા ધર્મના ઉત્તમોત્તમ ફળોને વિચારવા લાગ્યા. તે હર્ષથી ભાવવિભોર થઈ ગયા. તેમણે વિરક્ત થઈને નિશ્ચય કર્યો કે ''મોહરૂપી પ્રબળ શત્રુ–સૈન્યની સાથે મિથ્યાત્વરૂપી મહાશત્રુની સંતતિનું મૂલોચ્છેદન કરવા માટે જિનદીક્ષા જ ગ્રહણ કરી લેવી જોઈએ, તેનાથી મોક્ષની પ્રાપ્તિ થશે તથા અક્ષય સુખ મળશે.''

ત્યારબાદ, દસ બાહ્ય તથા ચૌદ અંતરંગ પરિગ્રહોનો અંતરંગ ત્યાગ કરીને તેમણે મન-વચન-કાયની શુદ્ધિ કરી અને પોતાના અન્ય બંને ભાઈઓ સાથે શ્રદ્ધા-ભક્તિપૂર્વક જિનેન્દ્રની નગ્ન મુદ્રા ધારણ કરી. ત્યારબાદ, પાંચસો શિષ્યોને તત્ત્વસ્વરૂપનો ઉપદેશ આપ્યો કે જે સાંભળીને ઘણાના હૃદયનો અંધકાર દૂર થઈ ગયો કે જેથી તેમણે પૂર્વોક્ત બંને પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કરી મુનિચારિત્ર ગ્રહણ કરી લીધું.

ત્યારબાદ, તે ગૌતમ બ્રાહ્મણ ઈન્દ્રના પૂજ્ય થઈને સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપી રત્ન પામીને શ્રેષ્ઠ મુનિધર્મના ઉત્તમ માર્ગના ચતુર જ્ઞાતા થઈ ગયા તથા મધ્યમ કર્મરૂપી શત્રુના નાશક થયા. ત્યારબાદ, સૌધર્મ ઈન્દ્રએ ભક્તિપૂર્વક ગૌતમ ગણધરની અલૌકિક પૂજનીય દ્રવ્યોથી પૂજા કરી, તેમના મનોહર ચરણારવિંદમાં નમસ્કાર

કર્યાં તથા સ્તુતિમાં તેમના ગુણ-ગૌરવનું ગાન કરતાં સંપૂર્ણ ઉપસ્થિત સજ્જન પુરુષોની સામે જ તેમનું નામ 'ઈન્દ્રભૂતિ' ઘોષિત કર્યું તથા ત્યારથી જ તેમનું આ બીજું નામ પ્રચલિત થયું.

શ્રી ગૌતમ ગણધરને આશ્ચર્યજનક પરિણામ-શુદ્ધિ દ્વારા તે જ સમયે સાતેય ઋદ્ધિઓ પ્રગટ થઈ ગઈ. તેમની માનસિક શુદ્ધિને કારણે જ આવું શીઘ્ર થયું. હે પ્રાણીઓ! આ સંસારમાં પોતાના મનને સદાય પવિત્ર રાખવાથી સજ્જનોને અભિષ્ટ સિદ્ધિ થઈ શકે છે. જો સર્વપ્રકારે મનની શુદ્ધિ થઈ જાય તો ક્ષણમાત્રમાં કેવળજ્ઞાનરૂપી અત્યંત દુર્લભ મહા ઐશ્વર્ય પ્રાપ્ત થઈ શકે છે. શ્રાવણ વદ એકમના દિવસે પ્રાતઃકાળમાં મહાવીર પ્રભુના તત્ત્વોપદેશ દ્વારા આ ઈન્દ્રભૂતિના હૃદયમાં બધા અંગપૂર્વના પદ અર્થરૂપમાં બદલાઈ ગયા. પોતાની કુશાગ્ર બુદ્ધિ દ્વારા ઈન્દ્રભૂતિ સ્વામીએ ભવ્યજીવોની કલ્યાણ-કામનાના હેતુથી સંપૂર્ણ શાસ્ત્રોની રચના કરી તથા રાત્રિના અંતિમ પ્રહરમાં ભવિષ્યમાં ધાર્મિક પ્રવૃત્તિના પ્રચારની ઈચ્છાથી પદ વાક્યરૂપ દૃષ્ટવ્યોની રચના કરી.

ધર્મના પ્રભાવ અને ફળથી શ્રી ગૌતમગણધર અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગ શાસ્ત્રોની રચના કર્યાં બાદ બધા જ મુનિઓમાં શ્રેષ્ઠ, શ્રદ્ધેય તથા પૂજનીય થયા; તેથી સંસારમાં બુદ્ધિમાન પુરુષોએ પોતાના અભિષ્ટની પ્રાપ્તિ માટે મનને પવિત્ર કરી ઉત્તમ ધર્મનો આશ્રય ગ્રહણ કરવો.

✿ શાસ્ત્રમાં કહ્યું છે કે પરસ્ત્રીસેવન કરવાથી અને દેવદ્રવ્ય વાપરવાથી મનુષ્ય સાતમી નરકે જાય છે તેમા સંદેહ નથી. જો બધા પાપને એક બાજુ રાખવામાં આવે અને પરસ્ત્રી સંગરૂપ પાપ બીજી બાજુ રાખવામાં આવે તો પરસ્ત્રીસેવનરૂપ પાપ સૌથી વધારે થશે એમ શાસ્ત્રમાં લખ્યું છે. નિશ્ચય સમજ કે આનાથી મોટું કોઈ પાપ નથી. પરસ્ત્રીલંપટ જીવો આ લોકમાં કલંકિત થાય છે, રાજા દ્વારા દંડ પામે છે અને બીજા ભવમાં નરકાદિના દુઃખ પામે છે. તેથી પરસ્ત્રી સર્વથા ત્યાગવા યોગ્ય છે. પરાઈ સ્ત્રી, ભોગવેલી વસ્તુ અર્થાત્ ઉચ્છિષ્ટ સમાન છે. **—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય સોળમો

**કેવળ-જ્ઞાની સૂર્ય સમ, જગત્ પ્રકાશક વીર;**
**અન્ધકાર અજ્ઞાન કો, દૂર કરે મતિ ધીર.**

ત્યારબાદ તે ગૌતમસ્વામીએ તીર્થનાયક મહાવીરસ્વામીને નતમસ્તક થઈને પ્રણામ કર્યા. ભવ્યજીવોના અને પોતાના કલ્યાણની કામનાથી અજ્ઞાનનો નાશ કરવા અને જ્ઞાનની પ્રાપ્તિ માટે સર્વજ્ઞ જિનેન્દ્રપ્રભુને નિમ્નલિખિત પ્રશ્નો પૂછ્યા—

'હે દેવ! જીવતત્ત્વનું શું લક્ષણ છે? તેની અવસ્થા કેવી છે? તેના ભેદ અને ગુણ કેટલા છે? પર્યાય કઈ કઈ છે? કેટલી પર્યાયો સાંસારિક જીવો માટે ગમ્ય છે? આ ઉપરાંત અજીવ તત્ત્વના ભેદ અને સ્વરૂપ અને ગુણ ક્યા ક્યા છે? અન્ય આસ્રવ આદિ તત્ત્વમાં કેટલા ગુણ કારણ અને કેટલા દોષ કારણ છે? તત્ત્વ શું વસ્તુ છે? તેનો કર્તા કોણ છે? તત્ત્વનું લક્ષણ તથા ફળ શું છે? સંસારમાં ક્યા તત્ત્વ દ્વારા શું સિદ્ધ કરી શકાય છે? ક્યા દુરાચારોથી પાપીજીવ નરકગામી થાય છે? ક્યા જઘન્ય કર્મોના કારણે દુ:ખદાયી તિર્યંચગતિમાં ચાલ્યા જાય છે? ક્યા ક્યા શ્રેષ્ઠ આચરણો દ્વારા જીવ સ્વર્ગગામી થાય છે? કયા દાનના ફળથી શુભ પરિણામવાળા જીવ ભોગભૂમિને પ્રાપ્ત કરે છે? ક્યા આચરણ દ્વારા જીવને સ્ત્રીલિંગત્વની પ્રાપ્તિ થાય છે? શું કરવાથી સ્ત્રીઓને પુરુષપર્યાયની પ્રાપ્તિ થાય છે? શું કારણ છે કે કેટલાક જીવ નપુંસક થઈ જાય છે? ક્યા ક્યા પાપાચરણના કારણે જીવ પાગલ, મૂંગા, લૂલા, લંગડા ઈત્યાદિ વિવિધ પ્રકારથી અંગહિન થઈને અનેક દુ:ખને ભોગવતા રહે છે? ક્યા ક્યા કર્મો કરવાથી જીવ રોગી અને નિરોગી, રૂપવાન તથા કુરૂપ, સૌભાગ્યશાળી તથા દુર્ભાગ્યશાળી થાય છે? ક્યા કારણથી મનુષ્ય મૂર્ખ તથા પંડિત, કુબુદ્ધિ તથા બુદ્ધિમાન, શુભપરિણામી તથા

અશુભપરિણામી થાય છે? શું કામ પાપાત્મા અને ધર્માત્મા, ભોગશાળી તથા ભોગહીન, ધનવાન અને નિર્ધન ઈત્યાદિ વિષમ પરિસ્થિતિવાળા જીવ થઈ જાય છે? પોતાના કુટુંબીઓનો તથા ઈષ્ટજનોનો વિયોગ શું કામ થાય છે? ફરી પાછો તેમનો સંયોગ કેમ થઈ જાય છે? ક્યા કારણથી પિતાના રહેતા પુત્ર મરી જાય છે? કોઈને પુત્ર કેમ નથી થતો? કોઈ સ્ત્રી વંધ્યા શા કારણથી થાય છે? કોઈનો પુત્ર ચિંરજીવી અને કોઈનો પુત્ર કાયર થાય છે તેનું કારણ શું? ક્યા કર્મોના પ્રભાવથી નિર્મળ તથા વિમળ કીર્તિ પ્રાપ્ત થાય છે? સુશીલતા તથા દુ:શીલતા કેવી રીતે પ્રાપ્ત થાય છે? ભવ્યજીવોને ક્યા કારણથી સુસંગતિ તથા દુ:સંગતિ પ્રાપ્ત થાય છે? વિવેકશીલતા તથા જડતા કેવી રીતે પ્રાપ્ત થાય છે? ઉચ્ચકુળ તથા નીચકુળ શું કામ મળે છે? ક્યા કર્મ દ્વારા મિથ્યામાર્ગમાં પ્રવૃત્તિ થાય છે? જિનધર્મ પ્રત્યે મહાન પ્રેમ ક્યા કર્મના કારણે જાગૃત થાય છે? કોઈને નિર્બળ તથા કોઈને અતિબળવાન શરીર કેમ મળે છે? મોક્ષમાર્ગ ક્યો છે? તેનું લક્ષણ અને તેનું ફળ શું છે? મુનિઓનો શ્રેષ્ઠ ધર્મ ક્યો છે? ગૃહસ્થોનો ધર્મ ક્યો છે? બંને ધર્મોના અનુષ્ઠાનનું ઉત્તમ ફળ શું મળે છે? ધર્મનું કારણ તથા ભેદ ક્યા ક્યા છે? શુભ આચરણ ક્યું છે? છ કાળનું સ્વરૂપ શું છે? ત્રણ લોકની સ્થિતિ કેવી છે? આ ધરતી ઉપર 'શલાકા' એટલે કે પદવીધારી પુરુષ કોણ છે? આ બધાના સંબંધમાં આપ કૃપા કરીને સંક્ષેપમાં ઉપદેશ આપો તથા સાથે સાથે ભૂત-ભવિષ્ય-વર્તમાન—આ ત્રણેય કાળના વિષયમાં દ્વાદશાંગથી ઉત્પન્ન આપના સંપૂર્ણ જ્ઞાનનો ઉપદેશ ભવ્યજીવોના ઉપકાર માટે તથા સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ માટે આપની અનુપમ ગંભીર ધ્વનિથી આપો.

ગૌતમ ગણધરના આ પ્રશ્નો સાંભળીને ભવ્યોના ઉપકાર માટે તીર્થરાજ મહાવીર પ્રભુએ મોક્ષમાર્ગ દેખાડીને તત્ત્વ આદિ પ્રશ્નોના ઉત્તર ગંભીર ધ્વનિમાં દેવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું કે 'હે બુદ્ધિમાન ગૌતમ! તું તારી અભિષ્ટ પૂર્તિ કરી દેવાવાળા પ્રશ્નોત્તરોને સ્થિરચિત્ત થઈને અન્યાન્ય ઉપસ્થિત જીવો સાથે સાંભળ. આ ઉપદેશથી બધાનું કલ્યાણ થશે.' પ્રભુએ જ્યારે પોતાના ઉપદેશની મધુર ધ્વનિ કરી ત્યારે તેમના હોઠ ઈત્યાદિનું હલનચલન જરાપણ ન થયું. તે ધ્વનિ પર્વત ગુફાઓથી નીકળતી પ્રતિધ્વનિ સમાન સર્વાંગથી નીકળી

હતી, અત્યંત કર્ણપ્રિય હતી તથા વિવિધ સંદેહને નષ્ટ કરવાવાળી હતી. ધન્ય છે તીર્થરાજોની એ યોગજન્ય અદ્‌ભુત શક્તિને, જેના દ્વારા સાંસારિક ભવ્યોનો મહાન ઉપકાર થાય છે.

ભગવાન કહેવા લાગ્યા કે ‘હે ગૌતમ! બુદ્ધિમાન લોક જેને યથાર્થ સત્ય કહે છે તે સર્વજ્ઞ પ્રતિપાદિત પદાર્થોનું સ્વરૂપ જ છે. આ વાતને તું સર્વથા નિર્ભ્રાંત સમજ. જીવ બે પ્રકારના હોય છે—એક મુક્ત પુરુષ તથા બીજા સંસારી. પ્રથમ મુક્ત જીવોમાં તો કોઈ ભેદ નથી, પરંતુ સંસારીઓમાં ઘણા પ્રકારના ભેદ છે. જે આઠ કર્મોથી રહિત છે તથા આઠ ગુણોથી શોભિત છે, સર્વદા એકસ્વરૂપ છે, સમાન સુખવાળા છે અને સંપૂર્ણ દુઃખોથી રહિત છે તેમને જ સિદ્ધ અથવા મુક્ત કહેવામાં આવે છે. આવા સિદ્ધ મહાપુરુષ સંસારના ઉચ્ચતમ શિખર ઉપર બિરાજમાન થઈને નિર્બાધ અને અનંત જ્ઞાનયુક્ત હોય છે. સંસારી જીવોની વિભિન્ન શ્રેણીઓ અને ભેદ છે, તે સ્થાવર અને ત્રસના બે પ્રકારના છે. એક ઈન્દ્રીય, વિકલ ઈન્દ્રીય અને પાંચ ઈન્દ્રીયના ભેદથી ત્રણ પ્રકારના છે અને નરકાદિના ભેદથી ચાર પ્રકારના છે. દયાળુ શ્રી જિનેન્દ્ર ભગવાને પ્રાણીઓને ઈન્દ્રિયોની અપેક્ષાએ એકેન્દ્રિય, દ્વિન્દ્રિય, ત્રૈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયના ભેદથી પાંચ પ્રકારના કહ્યા છે. આ રીતે ત્રસ અને સ્થાવર જીવ છ પ્રકારના હોય છે. આ છકાયના જીવોની રક્ષા માટે જ જિનેન્દ્ર પ્રભુની આજ્ઞા છે. પૃથ્વી ઈત્યાદિ પાંચ સ્થાવર સાથે વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયને ભેગા કરીને જીવોના સાત ભેદ થઈ જાય છે. પાંચ સ્થાવર, વિકલેન્દ્રિય, સંજ્ઞી અને અસંજ્ઞી—આ રીતે જીવોના આઠ ભેદ પડે છે. પાંચ સ્થાવર, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પંચેન્દ્રિય—આ પ્રકારે જિનાગમમાં જીવોના નવ ભેદ કહ્યા છે. પૃથ્વી, જળ, અગ્નિ વાયુ, પ્રત્યેક વનસ્પતિ, સાધારણ વનસ્પતિ, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિય—આ પ્રકારે જીવોના દસ ભેદ કહેવામાં આવ્યા છે. સ્થાવરના સૂક્ષ્મ, બાદર આદિ દસ ભેદોમાં ત્રસ ભેગા કરીને જીવોના અગિયાર ભેદો થઈ જાય છે. આમ બુદ્ધિમાનોએ જાણવું જોઈએ. દસ સ્થાવરમાં વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય ભેગા કરવાથી જીવોના બાર ભેદ થાય છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ—એ પાંચ સ્થાવર અને બાદરના ભેદથી દસ પ્રકારના થાય છે. તેને વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિયની

સાથે ભેગા કરવાથી જીવોના તેર ભેદ થઈ જાય છે. સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકાર, એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય ચતુરિન્દ્રિય તથા મન સહિત અને મન રહિતના બે પ્રકારના પંચેન્દ્રિય—આવી રીતે સાત ભેદ થાય છે. આ સાતેય અપર્યાપ્ત અને પર્યાપ્તના ભેદથી ચૌદ પ્રકારના થઈ જાય છે.

આવી રીતે, અનેક જીવ-જાતિઓના ભેદાભેદને મહાવીરપ્રભુએ ગૌતમ ગણધરને કહ્યા. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુકાય અને નિત્યનિગોદ તથા ઈતરનિગોદના ભેદથી બે પ્રકારની સાધારણ વનસ્પતિ–આ છએ પૃથક્ પૃથક્ સાત-સાત લાખ, દસ લાખ પ્રત્યેક વનસ્પતિ, છ લાખ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ તથા નારકી; દેવ બાર લાખ તથા ચૌદ લાખ મનુષ્યોની જાતિઓ છે. બધી ભેગી કરીને ચોર્યાસી લાખ યોનિઓ થાય છે. આ જીવોના કુળ કરોડો છે. આ વાતને પણ મહાવીરપ્રભુએ ગણધર તથા ઉપસ્થિત જીવ સમૂહોને કહી. ચાર ગતિ, પાંચ ઈન્દ્રિય, માર્ગણા તથા છ કાય ભેગા કરીને પંદર યોગ થયા. સ્ત્રીવેદ આદિ ત્રણ વેદ છે, અનંતાનુબંધી ક્રોધ આદિ પચ્ચીસ કષાય છે, પાંચ સુજ્ઞાન અને ત્રણ કુજ્ઞાન ભેગા કરીને આઠ પ્રકારના જ્ઞાન છે, શુભ તથા અશુભરૂપ છ પ્રકારની લેશ્યાઓ છે, ભવ્ય અને અભવ્યના ભેદથી બે પ્રકારના જીવ છે, છ પ્રકારના સમ્યક્ત્વ છે, સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદથી બે પ્રકારના આહારક તથા અનાહારકના ભેદથી બે પ્રકારના જીવ છે. આ પ્રકારે ચૌદ પ્રકારની માર્ગણા કહી છે. સંસારિક જીવોને આ ચૌદ માર્ગણામાં જ દર્શનવિશુદ્ધિ માટે જ્ઞાનીઓએ શોધતા રહેવું જોઈએ. જિનેન્દ્ર મહાવીરપ્રભુએ મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ, દેશ સંયમ, અપ્રમત્ત, અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મ સાંપરાય, ઉપશાંત કષાય, ક્ષીણ કષાય, સયોગી જિન અને અયોગી જિન–આ ચૌદ ગુણસ્થાનોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. આ ચૌદ ગુણસ્થાનો દ્વારા ભૂતકાળમાં ભવ્ય જીવોએ નિર્વાણપદને પ્રાપ્ત કર્યું છે, વર્તમાનકાળમાં પ્રાપ્ત કરી રહ્યા છે તથા ભવિષ્યકાળમાં પણ પ્રાપ્ત કરશે. મોક્ષપ્રાપ્તિનો કોઈ અન્યમાર્ગ નથી. અગિયાર અંગના અર્થને જાણી લેવાથી અને અભવ્યના સદાય દીક્ષિત થવા છતાં પણ પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન જ આવે છે, અન્ય નહીં. જેવી રીતે સાકરવાળા મીઠા દૂધને પીને પણ મહા ઝેરીલો કાળો સર્પ પોતાના સ્વાભાવિક વિષનો ત્યાગ કરતો નથી, તેવી જ રીતે અભવ્ય પણ આગમરૂપી

અમૃતનું પાન કરીને મિથ્યાત્વનો ત્યાગ કરતો નથી. બાકીના તેર ગુણસ્થાન ભવ્યજીવોને જ પ્રાપ્ત થાય છે. અભવ્ય તથા દૂરવર્તી ભવ્યોને ક્યારે પણ પ્રાપ્ત થતા નથી. આ પ્રકારે, મહાવીરપ્રભુએ જીવતત્ત્વની ભાષા પહેલાં તો આગમભાષામાં કરી અને હવે પછી આગળ તે જ વ્યાખ્યા અધ્યાત્મભાષામાં કહે છે.

બહિરાત્મા, અંતરાત્મા તથા પરમાત્મા—આ ત્રણ પ્રકારના જીવ ગુણ તથા દોષની અપેક્ષાથી કહેવામાં આવ્યા છે. બહિરાત્મા એ છે કે જે તત્ત્વ-અતત્ત્વ, ગુણ-અગુણ, સુગુરુ-કુગુરુ, પુણ્ય-પાપ, શુભ-અશુભ, શાસ્ત્ર-કુશાસ્ત્ર, દેવ-કુદેવ અને હેય-ઉપાદેયના વિશ્લેષણની પરીક્ષામાં અસમર્થ તથા વિચારહીન છે. જે વિચાર્યા વિના જ પોતાની ઈચ્છાનુસાર બધી વસ્તુઓને ગ્રહણ કરી લે છે, તે જ મૂર્ખ પહેલો બહિરાત્મા છે. ગ્રહણ કરેલો અર્થ અસત્ય હોય કે સત્ય તેનો વિચાર ન કરીને જે જળમાંથી મહાવિષ સમાન નાશકારી વિષયજન્ય સુખને ગ્રાહ્ય સમજીને સેવન કરે છે, તે બહિરાત્મા છે. જે બુદ્ધિહીન, જડ શરીર અને ચૈતન્યસ્વરૂપ જીવને પરસ્પર સંબંધ થઈ જવાથી એક જ માની લે છે તે જ્ઞાનથી ખૂબ જ દૂર છે—નિરામુખ છે અને તે કાંઈ પણ જાણતો નથી. બહિરાત્મા જીવ પોતાની દુર્બુદ્ધિના કારણે ઉલટું સમજે છે. તે પાપને પુણ્ય સમજીને તેનું આચરણ કરે છે અને અનેક પ્રકારના કષ્ટ પામીને દુઃખી થાય છે. આવા લોકો આ સંસારરૂપ મહા ઘોર વનમાં સદાય ભટક્યા જ કરે છે. જે તપ, શ્રુત અને વ્રતોથી યુક્ત થઈને આત્મસ્વરૂપ અને પરસ્વરૂપનો સારી રીતે વિચાર નથી કરી શકતો તે આત્મજ્ઞાનથી વંચિત છે, તેથી બુદ્ધિમાનોએ બહિરાત્માઓના સંસર્ગથી સદાય બચતા રહેવું જોઈએ. બહિરાત્મા જઘન્ય પથના પથિક હોય છે, સ્વપ્નમાં પણ આમનો સંસર્ગ કલ્યાણકારી નથી થતો.

અંતરાત્મા એ છે કે જે બહિરાત્માથી વિપરીત છે. તેમની બુદ્ધિ વિવેકશીલ હોય છે, તે જિનસિદ્ધાંતના ધર્મસૂત્રોને જાણે છે અને તત્ત્વ-અતત્ત્વ, શુભ-અશુભ, દેવ-કુદેવ, સત્ય-અસત્ય, ધર્મ-અધર્મ તથા મિથ્યામાર્ગ અને મોક્ષમાર્ગના ભેદોને સારી રીતે જાણે છે. જેનામાં આવી ભેદજ્ઞાનાત્મક શક્તિ છે તેને જિનેન્દ્ર મહાવીરપ્રભુએ અંતરાત્મા કહ્યા છે. જે પોતાને નિષ્ફળ અને સિદ્ધ સમાન સમજીને યોગીઓની જેમ ધ્યાનમગ્ન રહે છે અર્થાત્ ચિંતવન કર્યા કરે છે, આત્મદ્રવ્ય અને પરદ્રવ્યના વાસ્તવિક ભેદને સમજે છે તે શ્રેષ્ઠ જ્ઞાનીને અંતરાત્મા કહે

છે. થોડા શબ્દોમાં એમ કહી શકાય છે કે જેનું પવિત્ર અને શ્રેષ્ઠ મન ઉત્તમ–અધમના વિચાર કરવામાં કસૌટી સમાન થઈને નિર્ણય કરી લે છે તે અંતરાત્મા અથવા પરમ જ્ઞાની છે. આમ જાણીને આત્માની તરફથી સંપૂર્ણ જડતા દૂર કરીને અને પરમાત્મપદ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી પહેલાં અંતરાત્મપદને પ્રાપ્ત કરો.

પરમાત્મા, સકલ-નિકલના ભેદથી બે પ્રકારના કહેવામાં આવ્યા છે. જે દિવ્ય શરીરમાં અવસ્થિત રહે છે તે 'સકલ-પરમાત્મા' એટલે કે અરિહંત પ્રભુ છે. જે શરીરરહિત છે એવા સિદ્ધ શ્રેષ્ઠ પુરુષ 'નિકલ-પરમાત્મા' કહેવામાં આવે છે. જે ઘાતિયાકર્મોનો એકદમ નાશ કરી તેનાથી રહિત થઈ ગયા છે, નવ કેવળલબ્ધિવાળા મોક્ષના અભિલાષી છે, ત્રણેય જગતના મનુષ્યો અને દેવો દ્વારા સદાય ધ્યાન કરવાયોગ્ય છે અને સંસારસમુદ્રમાં ડૂબતા ભવ્ય પ્રાણીઓને ઉગારવા ધર્મોપદેશરૂપી નૌકા સમાન છે તથા અત્યંત બુદ્ધિમાન શ્રેષ્ઠ પુરુષોના ગુરુ છે, ધર્મતીર્થ પ્રવર્તક છે, સાક્ષાત્ તીર્થંકર સ્વરૂપ છે, સામાન્ય કેવળી સ્વરૂપ છે, સર્વવંદ્ય છે, અલૌકિક ઔદારિક શરીરમાં શોભાયમાન છે અને સંપૂર્ણ લોકાતિશય સંપત્તિથી યુક્ત થઈને સંસારમાં બધાને સ્વર્ગ અને મોક્ષરૂપી ઉત્તમફળની પ્રાપ્તિના કારણરૂપ અનવરત ધર્મોપદેશરૂપી અમૃતની વર્ષા કર્યા કરે છે તેમને જ સકલ પરમાત્મા કહે છે. તે જ જગતના સ્વામી છે અને જિનેન્દ્રપદના અભિલાષી છે. આપણે કોઈ અન્યની શરણમાં ન જઈને આ સકલ–પરમાત્મા પ્રભુની સેવા કરવી જોઈએ. એવો જ નિયમ છે અને પૂર્વકાળમાં લોકો આમ જ કરતાં આવ્યા છે. જે સંપૂર્ણ કર્મોથી રહિત, શરીર આદિ મૂર્તિઓથી હીન, પરમ જ્ઞાનમય, અતિશય મહાન, ત્રણ લોકમાં શ્રેષ્ઠતમ આઠ ગુણોથી અલંકૃત, ત્રણેય લોકના મોટા મોટા નૃપતિઓ દ્વારા સેવિત, મોક્ષાભિલાષીઓ દ્વારા વંદનીય તથા સંસારના મુકુટમણિ સમાન વિરાજમાન છે તે જ નિકલ–પરમાત્મા કહેવામાં આવ્યા છે. તે જ સર્વશ્રેષ્ઠ સિદ્ધ પરમેષ્ઠી અતિ નિશ્ચળ મનથી મુમુક્ષુઓ દ્વારા સદૈવ ધ્યાન કરવા યોગ્ય છે. આવું ધ્યાન કરવાથી કાંતિહીન યોગીની જેમ પરમાત્મસ્વરૂપ મોક્ષને બધા લોકો સહજમાં જ પ્રાપ્ત કરી લે છે.

પ્રથમ ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટ બહિરાત્મા, બીજા ગુણસ્થાનમાં મધ્યમ અને ત્રીજા ગુણસ્થાનમાં જઘન્ય બહિરાત્મા કહેવામાં આવ્યા છે. આ રીતે, જઘન્ય અંતરાત્મા ચોથા ગુણસ્થાનમાં તથા ઉત્કૃષ્ટ અંતરાત્મા બારમા

ગુણસ્થાનમાં કહેવામાં આવ્યા છે, તેનાથી અનંત કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. બંને વચ્ચે જે શેષ સાત શુભ ગુણસ્થાન છે તેમાં મોક્ષમાર્ગ પર અવસ્થિત મધ્યમ અંતરાત્મા છે. અંતિમ તેરમા ગુણસ્થાનમાં ત્રણ જગતના જીવો દ્વારા પરમસેવ્ય પરમાત્મા સયોગીરૂપથી બિરાજમાન છે, ચૌદમા ગુણસ્થાને અયોગીરૂપથી બિરાજમાન છે અને સિદ્ધ પરમેષ્ઠી ગુણસ્થાનાતીત પરમાત્મારૂપે બિરાજમાન છે.

જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળમાં દ્રવ્ય-ભાવ પ્રાણોથી જીવન ધારણ કરવાની શક્તિ રાખે છે તે જ યથાર્થ જીવ છે. પાંચ ઈન્દ્રિય, મન-વચન-કાય, આયુ તથા ઉચ્છ્વાસ—સંજ્ઞી જીવોના આ દસ પ્રાણ છે. અસંજ્ઞી જીવોને મન છોડીને શેષ નવ પ્રાણ હોય છે એવું બુદ્ધિમાનોનું કહેવું છે. ચાર ઈન્દ્રિય જીવોને આઠ જ પ્રાણ કહેવામાં આવ્યા છે, તેમને કર્ણેન્દ્રિય તથા મન હોતા નથી. આવી જ રીતે, ત્રણ ઈન્દ્રિય જીવોને નેત્ર, કર્ણ તથા મનને છોડીને સાત પ્રાણ હોય છે. બે ઈન્દ્રિય જીવોને નેત્ર, કર્ણ, ગંધ તથા મન છોડીને છ પ્રાણ તથા એકેન્દ્રિય જીવોને તો નેત્ર, કર્ણ, ગંધ, રસ અને મન તથા વચન છોડીને ચાર પ્રાણ કહેવામાં આવ્યા છે.

આ જીવને બુદ્ધિમાનોએ નિશ્ચયનય દ્વારા ઉપયોગમયી ચેતનસ્વરૂપ, કર્મ, નોકર્મ, બંધ-મોક્ષના અકર્તા, અસંખ્યાતપ્રદેશી, અમૂર્ત, સિદ્ધ સમાન તથા પરદ્રવ્યથી રહિત કહ્યા છે. અશુદ્ધ નિશ્ચયનય દ્વારા આ જીવ રાગાદિ ભાવકર્મનો કર્તા અને આત્મજ્ઞાનથી રહિત થઈને કર્મફળનો ભોક્તા છે. વ્યવહારનય દ્વારા આ જીવ આત્મધ્યાનથી રહિત થઈને અને શરીર આદિ નોકર્મનો કર્તા થાય છે. આ સંસારી જીવ પોતાની ઈન્દ્રિયો દ્વારા ઠગાઈ જઈને અસદ્ભુત અને ઉપચરિત વ્યવહારનયથી ઘટ-વસ્ત્ર આદિ વસ્તુઓનો નિર્માતા થાય છે. આ આત્મા સમુદ્ઘાત વિના સંકોચ અને વિસ્તાર શક્તિથી પ્રાપ્ત શરીર સમાન છે. દીપકથી આની તુલના કરવામાં આવે છે. વેદના, કષાય, વૈક્રિયિક, મારણાંતિક, તૈજસ, આહારક અને કેવળીસમુદ્ઘાત—આ સાત પ્રકારના સમુદ્ઘાત કહેવામાં આવ્યા છે. તેમાંથી ત્રણ —તૈજસ, આહારક અને કેવળી સમુદ્ઘાત યોગીઓને હોય છે અને શેષ ચાર સમુદ્ઘાત સંસારી જીવોને હોઈ શકે છે.

આ જીવને સ્વભાવગુણ કેવળજ્ઞાનાદિ છે અને વિભાવગુણ મતિજ્ઞાન આદિ છે તથા આ જીવને મનુષ્ય, નારક અને દેવાદિ પર્યાય વિભાવપર્યાય અને શરણહીન શુદ્ધ પ્રદેશ સ્વભાવપર્યાય છે. પૂર્વ શરીરના વિનાશ અને અન્ય શરીરની ઉત્પત્તિકાળમાં એક જ આત્મા છે, તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણ ભેદ કહેવામાં આવ્યા છે. આ પ્રકારે જિનેન્દ્રદેવ મહાવીરપ્રભુએ નયભેદ દ્વારા ગૌતમ ગણધરની વિશુદ્ધિ માટે જીવતત્ત્વનો ઉપદેશ આપ્યો.

ત્યારબાદ જિનેન્દ્ર પ્રભુએ પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળના પાંચ તત્ત્વના ઉપદેશનું વ્યાખ્યાન શરૂ કર્યું. રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા પુદ્‌ગલ દ્રવ્ય અનંત છે તથા પૂરણ-ગલન સ્વભાવ હોવાના કારણે તેનું નામ સાર્થક છે. સાધારણતઃ પુદ્‌ગલના અણુ અને સ્કંધરૂપે બે ભેદ છે. આ બંનેમાં જે અવિભાગી છે તે અણુ કહેવાય છે તથા સ્કંધના અનેક ભેદ છે અથવા તે પુદ્‌ગલ સૂક્ષ્મ-સૂક્ષ્મના ભેદથી છ પ્રકારના થઈ જાય છે. તેમાંથી પરમાણુરૂપ એક તો સૂક્ષ્મ-સૂક્ષ્મ છે કે જે નેત્ર દ્વારા નથી જોઈ શકાતા. આઠ દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલ સ્કંધ સૂક્ષ્મ પુદ્‌ગલ છે. શબ્દ, સ્પર્શ, રસ તથા ગંધ સૂક્ષ્મ-સ્થૂળ પુદ્‌ગલ છે. છાયા, ચાંદની, તડકો ઈત્યાદિ સ્થૂળ-સૂક્ષ્મ છે. જળ, અગ્નિ ઈત્યાદિ સ્થૂળ પુદ્‌ગલ છે. પૃથ્વી, વિમાન, પર્વત, ઘર ઈત્યાદિ સ્થૂળ-સ્થૂળ પુદ્‌ગલ છે—આ પુદ્‌ગલના છ ભેદ થયા. સ્પર્શ આદિ વીસ નિર્મળ ગુણ પરમાણુમાં છે, તેને સ્વભાવગુણ કહેવામાં આવે છે. સ્કંધમાં વિભાવગુણ કહેવામાં આવ્યો છે. શબ્દ, અનેક પ્રકારના બંધ અપેક્ષાથી સ્થૂળ–સૂક્ષ્મ, અંધકાર, છ પ્રકારના સંસ્થાન, છાયા, તડકો, પ્રકાશ ઈત્યાદિ પુદ્‌ગલોની વિભાવ પર્યાય છે. પરમાણુઓમાં સ્વભાવપર્યાય જ હોય છે. આ રીતે શરીર, મન, શ્વાસોચ્છ્વાસ તથા ઈન્દ્રિયો પણ પુદ્‌ગલના પર્યાયસ્વરૂપ છે. આ બધી પુદ્‌ગલ પર્યાય, જીવન-મરણ તથા સુખ-દુઃખ આદિરૂપમાં જીવોનો અનેક પ્રકારે ઉપકાર કર્યા કરે છે. સ્કંધમાં અર્થાત્ એકત્રિત પરમાણુ પુંજમાં 'કાય' વ્યવહારની ઘણી અપેક્ષા છે તથા પરમાણુમાં ઉપચારથી કારણ હોવાની અપેક્ષા કાયપણું કહેવાય છે.

જે જીવ-પુદ્‌ગલની ગમનક્રિયામાં સહાયક છે તે ધર્મદ્રવ્ય છે. ધર્મદ્રવ્ય મૂર્તિહીન, ક્રિયાહીન તથા નિત્ય છે. જે પ્રકારે જળ માછલીઓને સહાયતા કરે છે, પ્રેરણા નથી આપતું, તે જ અવસ્થા આની પણ છે. મુસાફરને

છાયા સમાન જે જીવ-પુદ્‌ગલની સ્થિતિમાં સહાયક થાય છે તે અધર્મદ્રવ્ય છે. આ અધર્મદ્રવ્ય પણ મૂર્તિહીન, ક્રિયાહીન તથા નિત્ય છે. આકાશદ્રવ્ય–લોક તથા અલોકના ભેદથી–બે પ્રકારનું કહેવામાં આવે છે. આ સંપૂર્ણ દ્રવ્યોને સ્થાન દેવાવાળું છે તથા તે પણ મૂર્તિહીન છે. જેટલા સ્થાનમાં ધર્મ, અધર્મ, કાળ, પુદ્‌ગલ અને જીવ રહે છે તેટલા પ્રદેશને લોકાકાશ કહે છે. તેનાથી અન્ય, પાંચ દ્રવ્યોથી રહિત કેવળ માત્ર જે આકાશ છે તેને અલોકાકાશ કહે છે. આ અલોકાકાશ અનંત, અમૂર્ત, ક્રિયાહીન અને નિત્ય છે. તેને સર્વજ્ઞોએ જોયું છે. જે દ્રવ્યની નવીન અને પ્રાચીન અવસ્થાને બદલવાવાળું છે તે સમય આદિ સ્વરૂપ વ્યવહારકાળ છે. લોકાકાશના પ્રદેશોપર રત્નરાશિ સમાન જે એક એક અણુ ક્રિયાહીન થઈને સ્થિરરૂપે અવસ્થિત છે તે અસંખ્ય કાલાણુઓને જિનેન્દ્રપ્રભુએ 'નિશ્ચયકાળ' કહ્યો છે. ધર્મ, અધર્મ, જીવ અને લોકાકાશના અસંખ્ય પ્રદેશ છે. કાળના પ્રદેશ નથી કારણ કે તે સ્વયં એકપ્રદેશી છે. તેથી કાળને છોડીને શેષ પાંચ દ્રવ્ય અસ્તિકાય કહેવામાં આવ્યા છે. આ પાંચેયમાં છઠ્ઠા કાળને મેળવી દેવાથી જિનમતના છ દ્રવ્ય પૂર્ણ થઈ જાય છે. દ્રવ્યોની આટલી સંખ્યા નિશ્ચિત કરવામાં આવી છે. એક પુદ્‌ગલ પરમાણુ જેટલા આકાશક્ષેત્રને વ્યાપ્ત કરે તેટલા જ સ્થાનને 'એક પ્રદેશ' કહે છે. સંસારી જીવોના કર્મ જે રાગાદિરૂપ મલિન પરિણામોથી આવે છે તેને ભાવ આસ્રવ કહે છે. ખરાબ પરિણામવાળા જીવને જે જે કારણો દ્વારા પુદ્‌ગલોનું કર્મરૂપે આવવાનું થાય છે તે 'દ્રવ્ય આસ્રવ' છે. આસ્રવના મિથ્યાત્વાદિ કારણ વિસ્તારપૂર્વક પહેલાં અનુપ્રેક્ષા–પ્રકરણમાં કહ્યા છે. તેના ભેદ અને તત્ત્વને ત્યાંથી સમજવા. જે રાગ-દ્વેષરૂપ આત્માના પરિણામથી કર્મજાળ ફેલાયેલી છે, તે પરિણામ ભાવબંધ છે. ભાવબંધના કારણે જીવ અને પુદ્‌ગલનું પરસ્પર બંધાવું દ્રવ્યબંધ છે. તે દ્રવ્યબંધ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ નામના ચાર ભાગમાં વિભક્ત છે. આ બંધને અશુભ અને અનર્થ ઉત્પાદક કહેવામાં આવ્યું છે. યોગોથી પ્રકૃતિ અને પ્રદેશ તથા કષાયો દ્વારા સ્થિતિ અને અનુભાગબંધ થાય છે. આ સ્વયં મુનીશ્વરોએ કહ્યું છે.

જીવોના મતિજ્ઞાન આદિ ઉત્તમગુણોને જ્ઞાનાવરણ કર્મ ઢાંકી દે છે, જેવી રીતે કોઈ દેવપ્રતિમાને વસ્ત્ર આદિ આવરણ દ્વારા ઢાંકી દેવામાં આવે. જેવી રીતે પોતાના કાર્ય માટે રાજદરબારમાં જવા પર દ્વારપાળ રોકી

દે છે, તેવી જ રીતે નેત્ર આદિના દર્શનકર્મને દર્શનાવરણ કર્મ રોકી દે છે. મનુષ્યોને વેદનીયકર્મ મધ લગાડેલી છરી સમાન છે. તેના દ્વારા સુખ તો રાઈ સમાન અત્યંત અલ્પ મળે છે અને પછી મેરુ પર્વત સમાન ભયંકર અને મહાન દુઃખ ઘેરી વળે છે. જેવી રીતે મદિરા પીને મદોન્મત્ત જીવ કોઈને કાંઈ પણ સમજતો નથી, તેવી જ રીતે અજ્ઞાની જીવોને મોહનીય કર્મ સંપૂર્ણ દર્શન, જ્ઞાન, વિચાર અને ચારિત્ર આદિ ધર્મકાર્યોથી એકદમ ઉપેક્ષિત અને પથભ્રષ્ટ બનાવી દે છે, તે નિતાંત ઉન્મત્ત થઈ જાય છે. જેવી રીતે કારાવાસના કેદીને બહાર નિકળવામાં હાથ-પગમાં બાંધેલી બેડી બાધા ઉપજાવે છે, તેવી જ રીતે આયુકર્મ શરીરરૂપી કારાવાસમાં બંધ જીવરૂપી કેદીને શરીરની બહાર નિકળવાથી સદાય રોકી રાખે છે. તે શરીરમાં જ જીવોને દુઃખ, શોક આદિ અનેક પ્રકારની આપદાઓ ભોગવવા માટે બાધ્ય કરે છે. નામકર્મ ચિત્રકાર સમાન જીવોના અનેકરૂપ બનાવ્યા કરે છે—ક્યારેક બિલાડી, ક્યારેક સિંહ, ક્યારેક હાથી, ક્યારેક મનુષ્ય અને ક્યારેક દેવ. જેવી રીતે કુંભાર પોતાના વાસણોને વિભિન્ન આકૃતિના બનાવે છે, તેવી જ રીતે અનેક પ્રકારની આકૃતિ પ્રદાન કરવી નામકર્મનું જ કાર્ય છે. ગોત્રકર્મ ક્યારેક સર્વશ્રેષ્ઠ ગોત્ર અને ક્યારેક અતિ નિંદનીય ગોત્ર પ્રદાન કરે છે. જેવી રીતે કોષાધ્યક્ષ પોતાના સ્વામીને દાન કરવાથી રોકે છે, તેવી રીતે અંતરાય કર્મ પણ દાન, લાભ, આદિ પાંચ કર્મોમાં સદાય વિઘ્ન ઉપજાવ્યા કરે છે. આ ઉપરાંત અનેક અન્ય કર્મોને પણ આ પ્રમાણે જાણવું.

દર્શનાવરણ, જ્ઞાનાવરણ, વેદનીય, અંતરાય—આ ચાર કર્મોની ઉચ્ચત્તમ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી સાગર છે. મોહનીયકર્મની ઉચ્ચત્તમ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરની છે. તેવી જ રીતે નામકર્મ અને ગોત્રકર્મની સ્થિતિ વીસ ક્રોડાક્રોડી સાગરની છે. આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરની છે. આ રીતે જિનેન્દ્રદેવે આઠ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે. વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત છે, નામ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત તથા અન્ય શેષ પાંચ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. બધા કર્મોની મધ્યમ સ્થિતિ અનેક પ્રકારની છે અને પ્રમાણ પણ તેનું મધ્યમ જ છે. અશુભકર્મનો અનુભાગ લીમડો, કાંજી, વિષ અને હલાહલ—આ ચાર પ્રકારે છે. શુભકર્મોનો અનુભાગ ગોળ, ખાંડ, સાકર અને અમૃત—આ ચાર પ્રકારે છે.

પ્રતિક્ષણ ઉત્પન્ન થવાવાળા સંપૂર્ણ કર્મનો અનુભાગ અનેક પ્રકારનો છે અને સાંસારિક જીવોને ક્ષણે ક્ષણે સુખ-દુ:ખ પ્રદાન કર્યા કરે છે. સાંસારિક જીવોના સંપૂર્ણ આત્મપ્રદેશોમાં અનંતાનંત સૂક્ષ્મ પરમાણુઓ જ્યાં પરસ્પર મળીને એક થઈ જાય તે કર્મપરમાણુઓના બંધને પ્રદેશબંધ કહે છે. આ પ્રદેશબંધમાં દુ:ખ જ દુ:ખ ભરેલું હોય છે. અહીં દુ:ખોનો સમુદ્ર જ છે. આ ચાર પ્રકારના બંધને પોતાના વૈરી સમજીને બુદ્ધિમાનોએ તેને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપી બાણોથી નષ્ટ કરી નાખવા જોઈએ. તેને સંપૂર્ણ દુ:ખોનું મૂળ કારણ સમજવું જોઈએ. રાગ-દ્વેષરહિત થઈને જે ચૈતન્ય પરિણામ કર્મોના આસ્રવને રોકવાવાળા છે તે પરિણામ ભાવસંવર છે. યોગીજન જે મહાવ્રત આદિ ઉત્તમ ધ્યાનોથી સંપૂર્ણ કર્મ આસ્રવનો નિરોધ કરે છે તેમને સુખદાયક દ્રવ્યસંવર હોય છે.

સંવરના કારણે મહાવ્રતો દ્વારા પરિષહોના જીતવાના વિષયમાં પહેલાં કહી ચૂક્યા છીએ. જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવું. સવિપાક અને અવિપાકના ભેદથી નિર્જરા બે પ્રકારની હોય છે. આ બંનેમાંથી મુનીશ્વરોની અવિપાક અને અન્ય સર્વ સાંસારિક જીવોની સવિપાક નિર્જરા હોય છે. પૂર્વમાં નિર્જરાનું વર્ણન વિસ્તારથી કરી દીધું છે. પુનરુક્તિ દોષના ભયથી ફરી અહીં ઉલ્લેખ કરવામાં આવ્યું નથી. જે પરિણામમાં મોક્ષાભિલાષી જીવોના સંપૂર્ણ કર્મનો નાશ થાય તે જ અતિશુદ્ધ પરિણામ છે. તેને જ ભાવમોક્ષ કહ્યો છે. અંતિમ શુક્લધ્યાનના પ્રભાવથી જ્ઞાનમય આત્માનું સંપૂર્ણ કર્મજાળથી પૃથક્ થઈ જવું જ દ્રવ્યમોક્ષ છે. જેવી રીતે બંધનોથી પગથી માથા સુધી બંધાયેલા પુરુષના સમસ્ત બંધ ખૂલી જતા અત્યંત હર્ષ અને સુખ પ્રાપ્ત થાય છે, તેવી રીતે અસંખ્ય કર્મબંધનોથી ઝકડાયેલા જીવને મોક્ષ મળી જતા તે જીવ નિરાકુળ થઈને અનંત અને અક્ષય સુખ પ્રાપ્ત કરે છે. કર્મોથી છૂટી ગયા બાદ તે મૂર્તિહીન, જ્ઞાનવાન, અતિનિર્મળ આત્મા સ્વભાવત: ઊર્ધ્વગતિ હોવાના કારણે ઉપર સિદ્ધાલયમાં જઈ પહોંચે છે. ત્યાં જઈને નિર્બાધ થઈને અનુપમ, આત્મજન્ય, વિષયાતીત, આકુલતાહીન, વૃદ્ધિ–હાનિરહિત, નિત્ય, અનંત અને સર્વોત્તમ સુખોને ભોગવી તે જ્ઞાનશરીરી સિદ્ધ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે. અહમિન્દ્ર ઈત્યાદિ દેવ, ચક્રવર્તી, વિદ્યાધર ઈત્યાદિ મનુષ્ય, વ્યંતર આદિ જઘન્ય દેવ, સિંહ આદિ પશુ—આ બધા જે વિષયસુખોને ભોગવે છે અથવા ભવિષ્યકાળમાં ભોગવશે આ બધાના સંમિલિત

વિષયસુખોને જો એકત્રિત કરવામાં આવે તો તે એકત્રિત વિષયસુખના સમૂહથી અનંતગણું અધિક સુખ કર્મહીન સિદ્ધ ભગવાન એક જ સમયમાં ભોગવે છે. તેમનું સુખ અનંત અને નિર્વિષય છે. આમ સમજીને હે મતિમાન પુરુષો! તમે લોકો પ્રમાદ અને આળસનો ત્યાગ કરીને વિષયજન્યસુખથી અનંતગણું અધિક સુખ પ્રાપ્તિની ઈચ્છાથી તપ અને રત્નત્રય આદિ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરો.

આ રીતે ઈન્દ્ર, વિદ્યાધર અને મનુષ્યો દ્વારા પૂજિત જિનેન્દ્ર મહાવીરપ્રભુએ બધા ભવ્યજીવોને તથા ગણધરોને પોતાની દિવ્ય મધુરવાણી દ્વારા સાત તત્ત્વોનો ઉપદેશ આપ્યો. આ પૂર્વોક્ત સાત તત્ત્વો મોક્ષના કારણ છે, દર્શન-જ્ઞાનના બીજરૂપ છે અને ભવ્ય જીવોને માટે પરમ ઉપાદેય છે.

✿ અરે! જ્ઞાનસ્વભાવની વધારે નજીક જઈને જ્ઞાનપર્યાયના ષટ્કારકોથી જોઈએ તો એક સમયની જ્ઞાનની પર્યાય તે દ્રવ્યને પણ નથી જાણતી પરંતુ પોતાનામાં પોતાથી પોતાને જ, જેવું દ્રવ્ય છે તેવો આકાર થાય છે તેને જ એટલે કે એક સમયની જ્ઞાનની પર્યાય સ્વજ્ઞેયાકારરૂપ તે પર્યાયને જ જાણતી થકી સ્વજ્ઞેયની જ પ્રસિદ્ધિ કરતી હોવાથી, જ્યારે જીવ એમ માને છે—શ્રદ્ધા કરે છે કે ''હું તે એક સમયની પર્યાય નથી પણ હું તો અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય પરમપારિણામિકભાવ માત્ર છું'' ત્યારે જ તે જ્ઞાન જ્ઞાનમાં સમાઈ જાય છે અને નિર્વિકલ્પ અનુભૂતિ થઈને મોક્ષમાર્ગની શરૂઆત થઈ જાય છે. નિર્વિકલ્પ અનુભૂતિ થતાં જ આત્મા અકર્તા-જ્ઞાતા થઈ જાય છે. આત્મા પરદ્રવ્યથી માંડીને પોતાના જ્ઞાનની એક સમયની પર્યાયનો પણ અકર્તા-જ્ઞાતા થઈ જતાં તેને હવે મુક્ત થવું નથી, પણ તે મુક્ત સ્વરૂપ જ છે!

**—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય સત્તરમો

**તીન જગત કે નાથ જો, કેવળજ્ઞાન નિકેત;**
**વિશ્વબંધુ વીરેશ વે, વિશ્વ-તત્ત્વ કહિ દેત.**

ત્યારબાદ સમ્યક્ત્વ અને જ્ઞાનના કારણ નવ પદાર્થનું વર્ણન કરવામાં આવે છે. સાત તત્ત્વોમાં પાપ અને પુણ્યને મેળવી દેતા નવ પદાર્થ થઈ જાય છે. તીર્થેશ મહાવીરપ્રભુએ ભવ્યજીવોના સંસારભયને ઉત્પન્ન કરવાવાળા પાપ-પુણ્યના કારણ અને તેના ફળને કહેવાનું શરૂ કર્યું. એકાંત આદિ પાંચ મિથ્યાત્વ, દુષ્ટ કષાય, અસંયમ, નિદંનીય પ્રમાદ, કુટિલ યોગ, આર્ત-રૌદ્રરૂપ કુધ્યાન, કૃષ્ણ આદિ કુલેશ્યા, ત્રણ શલ્ય, મિથ્યા દેવ-ગુરુનું સેવન, ધર્માવરોધ અને પાપોપદેશ કરવાથી તથા અન્યાન્ય ઘૃણિત આચરણ દ્વારા ઉત્કૃષ્ટ પાપ થાય છે. જેમનું મન બીજાઓની સ્ત્રી, ધન અને વસ્ત્રની અભિલાષામાં લાગ્યું રહે છે, રાગ-દ્વેષથી દૂષિત છે, ક્રોધ-મોહ આદિરૂપ અગ્નિથી સંતપ્ત છે; વિવેકહીન, દયાહીન, તીવ્ર મિથ્યાત્વી, પાપશાસ્ત્ર-પ્રવૃત્ત અને અનેક પ્રકારના વિષયોથી આકુળ છે તે મહા ઉગ્ર પાપ કરવાવાળા હોય છે. જે પરનિંદક, આત્મપ્રસંશક અને અસત્યયુક્ત પાપકર્મોને કરતાં રહે છે; મિથ્યા શાસ્ત્રાભ્યાસમાં તત્પર રહે છે, ધર્મમાં દોષ લગાવ્યા કરે છે તથા જે વચન જિન-સિદ્ધાંત-સૂત્રથી વિરુદ્ધ છે તેઓ પાપ સંગ્રહમાં પ્રવૃત્તિ કરવાવાળા હોય છે. જે લોકોનું શરીર જઘન્ય કર્મો કરવાવાળું હોય છે, દુષ્ટરૂપ છે, મારવા–બાંધવાના કાર્યમાં લાગ્યા રહે છે, વ્યર્થરૂપ છે, દાન-પૂજા આદિથી રહિત છે, સ્વેચ્છાચારી છે, તપ અને વ્રતથી રહિત છે, આવા લોકો નરકના કારણ મહાન પાપો તરફ આગળ વધે છે. જિનેન્દ્રદેવ, જિનસિદ્ધાંત, નિર્ગ્રંથ ગુરુ, જિનધર્મી આદિની નિંદા કરવાથી ખૂબ જ પાપ લાગે છે. આ

પ્રકારે જિનેન્દ્રદેવે ભવ્યજીવોને સંસારથી વિરક્ત થવાના હેતુ મહાપાપને ઉત્પન્ન કરવાવાળા નિંદનીય કર્મોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો.

દુ:શીલા સ્ત્રી, લોકગર્હિત અને શત્રુ સમાન ભાઈ, દુર્વ્યસની પુત્ર, પ્રાણનાશક પરિવાર, રોગ, કષ્ટ, દરિદ્રતા, વધ, અને બંધન ઈત્યાદિ દુ:ખ પાપોદય થવાના કારણે પાપીઓને થતું રહે છે. પાપના જ ફળથી લોકો આ અંધ, મૂંગા, બહેરા, પાગલ, કાણા, અંગહીન, કુરુપ અને સુખરહિત થાય છે. આ જ રીતે, બીજાના સેવક, દીન, દુર્બુદ્ધિ, નિંદનીય, પાપકર્મમાં તત્પર અને પાપશાસ્ત્રોનો અભ્યાસ કરવાવાળા પૂર્વ પાપોદયના કારણે જ થાય છે. આ બધું પાપનું જ ફળ છે. આવા પાપી લોકો પરલોકમાં પણ અત્યંત ઉગ્ર ક્લેશ ભોગવે છે. તેઓ જ ભયંકર દુ:ખોથી વ્યાપ્ત સાતેય નરકમાં જન્મ ગ્રહણ કરે છે, જ્યાં લેશમાત્ર પણ સુખ નથી એવી દુ:ખોની ખાણ તિર્યંચયોનીમાં ઉત્પન્ન થાય છે. ચાંડાળકુળ અને મ્લેચ્છ જાતિ આદિને પણ આવા પાપી લોકો જ પ્રાપ્ત કરે છે. અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોકમાં જે ચરમ દુ:ખ છે, ક્લેશ છે, દુર્ગતિ છે, તે બધું જ પાપનો ઉદય થવાથી પાપીઓને જ મળે છે. તેથી, સુખ ઈચ્છવાવાળા પાપોનું ખરાબ ફળ જાણી લે છે અને પ્રાણ જવા છતાં પણ પાપ તરફ પ્રવૃત્ત નથી થતા. આ પ્રકારે અરિહંત પ્રભુ ભવ્યજીવોને પાપનું મહાભયાનક ફળ સંભળાવીને પુણ્યના કારણોને કહેવામાં પ્રવૃત્ત થયા.

ઉપર્યુક્ત સંપૂર્ણ પાપના કારણોથી વિપરીત શુભ આચરણનું અનુષ્ઠાન કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી સહિત અણુવ્રત મહાવ્રતોથી, કષાય-ઈન્દ્રિય-યોગના રોકવાથી, નિયમ આદિથી, શ્રેષ્ઠ દાનથી, અરિહંતના પૂજનથી, ગુરુભક્તિ અને સેવા કરવાથી, સદ્‌ભાવનાપૂર્વક ધ્યાન અને અધ્યયન આદિ શુભકાર્યોથી તથા ધર્મોપદેશથી બુદ્ધિમાન પુરુષોને ઉત્કૃષ્ટ પુણ્યની પ્રાપ્તિ થાય છે. જેમનું મન વૈરાગ્યથી યુક્ત છે, ધર્મમાં અનુરક્ત છે, પાપથી દૂર રહે છે, પરની ચિંતાથી રહિત થઈને આત્મચિંતામાં લીન છે, દેવ-શાસ્ત્ર-ગુરુની પરીક્ષા કરવામાં સંપૂર્ણ સમર્થ અને તેમની કૃપાથી પરિપૂર્ણ છે તેઓ ઉત્કૃષ્ટ પુણ્યનું ઉપાર્જન કરે છે. જેમના વચન પાંચ પરમેષ્ઠીઓના સ્તોત્ર કરવાવાળા અને ગુણગાન કરવાવાળા છે, આત્મનિંદાથી યક્ત અને પરનિંદાથી રહિત હોય

છે, કોમળ સ્વરમાં ધર્મોપદેશ કરવાવાળા છે તથા ઈષ્ટ-સત્ય-મર્યાદારૂપ શુભકર્મોના દાતા છે, એવા જ લોકો શુભવચનોના પ્રભાવથી પરમ પુણ્ય પ્રાપ્ત કરે છે. આ રીતે જે લોકો કાયોત્સર્ગરૂપથી જિનેન્દ્ર ભગવાનની પૂજામાં સદાય તત્પર રહે છે, ગુરુની સેવામાં પ્રયત્નશીલ રહે છે, પાત્રને દાન દેવાવાળા છે, વિકારરહિત થઈને શુભકાર્ય કરવાવાળા છે, એવા જ બુદ્ધિમાનોને શારીરિક પુણ્યકાર્યોના પ્રભાવથી સંપૂર્ણ આશ્ચર્યજનક સુખ આપવાવાળું મહાપુણ્ય પ્રાપ્ત થાય છે. જે વસ્તુ પોતાને અનિષ્ટ છે એવી વસ્તુઓને બીજાઓ માટે પણ અનિષ્ટ જ સમજવી જોઈએ. જે આમ સમજે છે તે નિશ્ચયથી પુણ્યશાળી છે. આ રીતે તીર્થંકર મહાવીરપ્રભુએ ઉપસ્થિત જીવસમૂહ તથા ગણધરોની સામે સંવેગ થવા માટે પુણ્યના અનેક પ્રકારના કારણો કહીને પુણ્યનું ફળ કહેવાનું શરૂ કર્યું.

સુશીલ અને સુંદરી સ્ત્રી, કામદેવ સમાન રૂપવાન પુત્ર, મિત્ર સમાન ભાઈ, સુખ આપવાવાળો પરિવાર, પર્વત સમાન ગજરાજ આદિ વૈભવ, કવિઓ દ્વારા પણ અવર્ણનીય સુખ, અતુલનીય ભોગોપભોગ, સૌમ્ય શરીર, મધુર વચન, દયાપૂર્ણ મન, રૂપ-લાવણ્ય તથા અન્યાન્ય દુષ્પ્રાપ્ય સુખ-સંપદાઓ પુણ્યોદયના પ્રભાવથી જ પ્રાપ્ત થાય છે. ત્રણેય લોકમાં દુર્લભ અનેક પુણ્યકર્મ કરવાવાળી લક્ષ્મી સ્વયં જ પુણ્યોદયના પ્રભાવથી જ ગૃહ-દાસી સમાન ધર્માત્માઓને આધીન થઈ જાય છે. ત્રૈલૌક્યપતિ દ્વારા પૂજનીય અને ભવ્ય જીવોની મુક્તિનું કારણ ઉત્કૃષ્ટ સર્વજ્ઞનો વૈભવ પુણ્યોદયથી જ ઉત્પન્ન થાય છે. આ ઈન્દ્રપદ પણ કે જે સંપૂર્ણ દેવો દ્વારા પૂજ્ય છે, સર્વ પ્રકારના ભોગોનું શ્રેષ્ઠ સ્થાન છે અથવા અનેક ઉત્તમ ઉત્તમ સંપદાઓથી સુશોભિત છે તે, બુદ્ધિમાન પુરુષ પુણ્યોદયથી જ પ્રાપ્ત કરે છે. નિધિ અને બહુમૂલ્ય રત્નરાશિઓથી પરિપૂર્ણ અનેક પ્રકારના સુખ આપવાવાળી છ ખંડની લક્ષ્મી પણ આવા જ પુણ્યાત્માઓના પુણ્યયોગથી મળી જાય છે. આ સંસારમાં અથવા ત્રણેય જગતને જે કાંઈ પણ સારભૂત પરમોત્તમ વસ્તુઓ છે, ભલે તે અત્યંત દુર્લભ જ કેમ ન હોય, પુણ્યોદયના પ્રભાવથી તત્ક્ષણ પ્રાપ્ત થઈ જાય છે. તેથી, હે પ્રાણીઓ! જો તમે લોકો પણ સુખપ્રાપ્તિની અભિલાષા રાખો છો તો પૂર્વોક્ત પુણ્યના અનિર્વચનીય અનેક ઉત્તમોત્તમ ફળોને સમજીને પ્રયત્નપૂર્વક ઉચ્ચત્તમ

પુણ્યકર્મમાં પ્રવૃત્ત થઈ જાઓ. આ પ્રકારે પાપ-પુણ્યસહિત સાત તત્ત્વનું સ્પષ્ટ વ્યાખ્યાન કર્યા બાદ જિનેશ્વર મહાવીરપ્રભુએ સંપૂર્ણ સાંસારિક જીવો માટે હેય-ઉપાદેય વસ્તુઓનો ઉપદેશ આપવાનું શરૂ કર્યું.

સંપૂર્ણ ભવ્યજીવોના હિતેચ્છુ અર્હંત આદિ પંચ પરમેષ્ઠી છે, તેથી તે ઉપાદેય છે. નિર્વિકલ્પપદ પર પહોંચેલા મુનિઓ માટે તો ગુણસાગર અને સિદ્ધપુરુષો સમાન જ્ઞાનવાન પોતાનો આત્મા જ ઉપાદેય છે. વ્યવહારદૃષ્ટિથી પૃથક્ થયેલા બુદ્ધિમાન પુરુષો માટે શુદ્ધ નિશ્ચયનય દ્વારા બધા જીવો ઉપાદેય છે. વ્યવહારદૃષ્ટિથી સંપૂર્ણ મિથ્યાદૃષ્ટિ, અભવ્ય તથા વિષયસુખોમાં લીન પાપી અને ધૂર્ત જીવ હેય ગણવામાં આવ્યા છે. રાગયુક્ત જીવો માટે ધર્મધ્યાનના નિમિત્તરૂપ અજીવ પદાર્થ ક્યાંક તો ઉપાદેય કહેવામાં આવ્યા છે પરંતુ વિકલ્પહીન યોગીઓ માટે સર્વ અજીવ તત્ત્વ જ હેય છે. આ જ રીતે પુણ્યકર્મનો આસ્રવ તથા બંધ રાગયુક્ત જીવો માટે પાપકર્મની અપેક્ષા ઉપાદેય કહેવામાં આવ્યો છે અને મુમુક્ષુઓ માટે આસ્રવ અને બંધ બંને હેય છે. પાપના જે આસ્રવ અને બંધ છે તે તો સર્વથા હેય છે કારણ કે તેનાથી અનેક પ્રકારના દુઃખોની ઉત્પત્તિ થાય છે અને સ્વયં પણ પોતાની મેળે જ ઉત્પન્ન થઈ જાય છે. સંવર અને નિર્જરા બધી જ અવસ્થામાં સર્વથા ઉપાદેય છે. મોક્ષ તત્ત્વ તો અનંત અને અક્ષય સુખનો સમુદ્ર છે તેથી તે સર્વ પ્રકારે ઉપાદેય છે. આ રીતે, હેય અને ઉપાદેય વસ્તુને સારી રીતે જાણીને બુદ્ધિમાન પુરુષોએ યત્નપૂર્વક હેય વસ્તુથી સદાય દૂર રહેવું અને સંપૂર્ણ ઉત્કૃષ્ટ ઉપાદેય વસ્તુઓને ગ્રહણ કરવી જોઈએ. મુખ્યપણે પુણ્યાસ્રવ, પુણ્યબંધ કરવાવાળા સમ્યગ્દૃષ્ટિ, ગૃહસ્થ, વ્રતી અને સરાગ સંયમી હોય છે. ક્યારેક ક્યારેક મિથ્યાદૃષ્ટિ ગૃહસ્થ પણ કર્મનો મંદ ઉદય હોવાના કારણે કાયક્લેશપૂર્વક ભોગપ્રાપ્તિની અભિલાષાથી પુણ્યભૂત આસ્રવ, બંધને કરવામાં લાગી જાય છે. મિથ્યાદૃષ્ટિ જીવો દુરાચારી હોવાના કારણે કોટિ કોટિ જઘન્ય કાર્યોનું આચરણ કરીને મુખ્યતયા પુણ્યાસ્રવ તથા પાપબંધ કરવાવાળો હોય છે. આ ધરતી પર કેવળ માત્ર યોગીઓ જ સંવર આદિ ત્રણેય તત્ત્વ કરવાવાળા જિતેન્દ્રિય અથવા બુદ્ધિમાન બનીને સુશોભિત થઈ શકે છે. ભવ્યજીવોને સંવર આદિની પ્રાપ્તિ માટે પોતાના વિકલ્પરહતિ આત્મા અને પાંચ પરમેષ્ઠી કારણ થાય છે. પાપાસ્રવ અને પાપબંધ તથા પોતાનું અને અન્યાન્ય અજ્ઞાનીનું કારણ

મિથ્યાદૃષ્ટિ છે. સંપૂર્ણ બુદ્ધિમાન ભવ્યજીવોના સમ્યગ્દર્શન અને જ્ઞાનનું કારણ પાંચ પ્રકારના અજીવતત્ત્વ છે. પુણ્યાસ્રવ અને પુણ્યબંધ સમ્યગ્દૃષ્ટિઓને તીર્થંકરની વિમળ વિભૂતિઓ આપે છે તથા મિથ્યાદૃષ્ટિઓને તે બંને સંસારનું કારણ થાય છે. પાપાસ્રવ અને પાપબંધ અજ્ઞાનીઓને હોય છે તે બંને સંસારના કારણ અને સંપૂર્ણ દુ:ખના કર્તા છે. સંવર અને નિર્જરા મોક્ષનું કારણ છે અને મોક્ષ અનંત સુખરૂપી સમુદ્રનું કારણ છે. આ પ્રકારે જિનેન્દ્રપ્રભુ બધા પદાર્થોના કારણ અને ફળને કહીને બીજા પ્રશ્નના ઉત્તર આપવા લાગ્યા.

જે જીવ સાત પ્રકારના દુર્વ્યસનમાં આસક્ત છે, પરસ્ત્રી અને પરધનની ઈચ્છા કરવાવાળો છે, ઘણા વધારે કાર્યનો આરંભ કરવામાં જેને ઉત્સાહ રહે છે, અતુલ સંપત્તિ એકત્રિત કરવાના પ્રયત્નમાં લાગ્યા રહે છે, નિંદનીય કાર્ય કર્યા કરે છે, અવાંછનીય સ્વભાવના છે, દુષ્ટ પ્રકૃતિ અને ક્રૂર હૃદયના છે, જેમના ચિત્તમાં દયા નથી હોતી, સદાય બિભત્સ અને રૌદ્ર વસ્તુના ધ્યાનમાં રહીને વિષયરૂપી માંસના લોલુપી છે, જૈનમતની નિંદા કરવાવાળા છે, જિનદેવ-જિનધર્મ-જૈનસાધુઓથી પ્રતિકૂળ રહે છે, મિથ્યાશાસ્ત્રોના અભ્યાસમાં તત્પર રહે છે, મિથ્યામતના ઘમંડમાં ઉદ્દંડ થઈ ગયા છે, કુદેવ અથવા કુગુરના ભક્ત છે, દુષ્કર્મ કરવા તથા પાપોની પ્રેરણા દેવામાં તત્પર રહે છે, દુર્જન છે, પ્રબળ મોહથી યુક્ત છે, પાપકર્મમાં પંડિત અર્થાત્ ધૂર્ત છે, ધર્મદ્વેષી, દુ:શીલ, દુરાચારી, વ્રતથી પરામુખ, કૃષ્ણ લેશ્યા પરિણામોથી યુક્ત, પાંચ મહાપાપ કરવાવાળા, બીજા અનેક અન્યાન્ય પાપકર્મોથી ઉત્પન્ન પાપોદયના કારણ છે તે પાપીઓ રૌદ્રધ્યાનથી મરીને ઘોર નરકમાં જાય છે. પાપકમોનું ભિષણ ફળ આપવાવાળા સાત નરક છે, તે સંપૂર્ણ દુ:ખના સાગર છે. ત્યાં અર્ધનિમેષ માત્ર પણ સુખ પ્રાપ્ત નથી થઈ શકતું. હે ભવ્ય જીવ! માયાવી, અત્યંત કુટીલ, કલુષિત કાર્ય કરવાવાળા, પરધન અપહારી, આઠેય પહોર ખાવાવાળા મહામૂર્ખ, મિથ્યાશાસ્ત્રોના જ્ઞાતા, પશુ અથવા વૃક્ષના સેવક, પ્રતિદિન કેટલી વાર સ્નાન કરવાવાળા, શુદ્ધ થવાની અભિલાષાથી કુતીર્થોની યાત્રા કરવાવાળા, જિનધર્મને નહીં માનવાવાળા, વ્રત અને શીલ આદિથી હીન, અત્યંત નિંદનીય કાપોત લેશ્યાવાળા, સદાય આર્તધ્યાન કરવાવાળા તથા અન્યાન્ય નીચ કર્મોમાં પ્રીતિ રાખવાવાળા અજ્ઞાની જીવ અંતમાં દુ:ખને પ્રાપ્ત થઈને આર્તધ્યાનથી મરે છે અને તિર્યંચગતિ

પ્રાપ્ત કરે છે. પશુગતિ અતિ ઉગ્ર દુઃખોની સંપૂર્ણ ખાણ છે, આયુષ્ય ઓછું હોવાના કારણે ત્યાં જલ્દી જલ્દી જન્મ-મરણ થતા રહે છે અને એકદમ પરાધીન છે, ત્યાં સુખનો લેશ પણ નથી. જે જીવ નાસ્તિક છે, દુરાચારી છે, પરલોક, ધર્મ, તપ, ચારિત્ર અને જિનેન્દ્ર શાસ્ત્ર આદિને નથી માનતા; દુર્બુદ્ધિ, વિષયવાસનામાં અત્યંત આસક્ત અને ઉગ્ર મિથ્યાત્વથી યુક્ત અજ્ઞાની છે તે અનંત દુઃખના અપાર સાગર નિગોદમાં જઈને ઉત્પન્ન થાય છે અને તે ત્યાં પોતાના અશુભ પાપોદયથી વાણી દ્વારા અવર્ણનાતીત જન્મ-મરણરૂપી અનિર્વચનીય ભીષણ દુઃખ ચિરકાળ સુધી ભોગવે છે.

જે જીવ તીર્થંકરોની, શ્રેષ્ઠ ગુરુઓની, જ્ઞાનીઓની અને ધર્માત્મા મહાત્માઓની શ્રદ્ધા-ભક્તિપૂર્વક સેવા અને પૂજા સદાય કરતાં રહે છે; મહાવ્રતોનું, અર્હંતદેવ અને નિર્ગ્રંથ ગુરુઓની આજ્ઞાઓનું તથા સંપૂર્ણ અણુવ્રતોનું પાલન કરે છે, પોતાની શક્તિ અનુસાર બાર પ્રકારના તપ કરે છે, કષાય અને ઈન્દ્રિયરૂપી ચોરની સમુચિત દંડ વ્યવસ્થામાં તત્પર રહીને અને જિતેન્દ્રિય થઈને આર્ત-રૌદ્રધ્યાનનો પરિત્યાગ કરે છે તથા ધર્મરૂપી શુક્લધ્યાનના ચિંતનમાં પ્રયત્નશીલ રહે છે, શુભલેશ્યા પરિણામવાળા છે તેઓ ધર્મ કરે છે. આનાથી અન્ય કે જે સમ્યગ્દર્શનને પોતાના હૃદયમાં હારની જેમ ધારણ કરી રાખે છે, જ્ઞાનને કુંડલ સમાન કાનમાં ગ્રહણ કરે છે, ચારિત્રને મુકુટ સમાન મસ્તક પર બાંધે છે; સંસાર, શરીર અને ભોગના વિષયોમાં સંવેગનું સેવન કરે છે, સદાય વિશુદ્ધ આચરણ માટે બાર ભાવનાઓનું ચિંતવન કરે છે, અહર્નિશ ક્ષમા આદિ દશ પ્રકારના લક્ષણવાળા ધર્મનું પાલન કરે છે તથા ઉક્ત ધર્મના પાલન માટે બીજાઓને પણ યોગ્ય ઉપદેશ આપે છે તેઓ આ બધા કાર્યોથી તથા અન્યાન્ય શુભ આચરણ દ્વારા મહાન ધર્મનું ઉપાર્જન કરે છે. પૂર્વોક્ત કર્મ કરવાવાળા મુનિ હોય અથવા ભવ્યજીવ તે બધાય શુભધ્યાન દ્વારા મરીને સ્વર્ગ પ્રાપ્ત કરે છે. સ્વર્ગ સંપૂર્ણ ઈન્દ્રિયસુખનો સમુદ્ર છે, ત્યાં દુઃખનો લેશ પણ નથી, પુણ્યાત્મા જ ત્યાં રહી શકે છે. જે સમ્યગ્દર્શનથી અલંકૃત છે તે બુદ્ધિમાન પુરુષ નિયમાનુસાર ‘પરમકલ્પ’ નામના સ્વર્ગને પ્રાપ્ત કરે છે, પરંતુ વ્યતંર આદિ ભવનત્રિક દેવોમાં ક્યારેય ઉત્પન્ન થતા નથી. જે અજ્ઞાની પુરુષ ખોટી તપસ્યા દ્વારા કાયક્લેશ કરે છે, તે વ્યંતરાદિક દેવગતિ પ્રાપ્ત કરે છે.

જે સ્વભાવતઃ કોમળ સ્વભાવી છે, સંતોષી છે, સદાચારી છે, સદાય મંદ કષાયિ છે, સરલચિત્ત છે તથા જિનેન્દ્રદેવ-ગુરુ-ધર્મ અને ધર્માત્માઓની સેવા કરવાવાળા છે તથા અન્યાન્ય શુભ આચરણથી અલંકૃત રહે છે, તે ઉત્તમ જીવ પુણ્યોદયના ફળ સ્વરૂપ આર્યાવર્તના કોઈ ઉત્તમકુળમાં રાજ્યલક્ષ્મી આદિના સુખથી યુક્ત મનુષ્યગતિ પ્રાપ્ત કરે છે. જે જીવ ઉત્તમપાત્રને શ્રદ્ધા-ભક્તિપૂર્વક ઉત્તમ આહારદાન કરાવે છે, તે અપરિમિત ભોગ પ્રાપ્ત કરવા માટે સુખસામગ્રીઓથી પરિપૂર્ણ ભોગભૂમિમાં જન્મ ગ્રહણ કરે છે.

જે માયાપૂર્ણ કામસેવનથી અતૃપ્ત છે, વિકાર ઉત્પાદક સ્ત્રીવેશ ધારણ કરવાવાળા છે, મિથ્યાદૃષ્ટિ છે, રાગાંધ છે, શીલથી રહિત છે અને અજ્ઞાની છે, તે મરીને સ્ત્રીવેદનો ઉદય થતાં સ્ત્રીપર્યાયને પ્રાપ્ત થાય છે. આ રીતે જે સ્ત્રીઓ વિશુદ્ધ આચરણવાળી હોય છે, માયાચારથી રહિત હોય છે, વિવેકશીલ દાન પૂજા આદિ શુભકાર્યોમાં તત્પર હોય છે, અલ્પ વિષયસુખથી સંતુષ્ટ થઈ જવાવાળી અને દર્શન-જ્ઞાનથી યુક્ત હોય છે, તે સ્ત્રીઓ મૃત્યુ ઉપરાંત પુરુષવેદ કર્મનો ઉદય થવાથી પુરુષપર્યાય પ્રાપ્ત કરે છે. જે વિશેષરૂપથી કામભોગમાં લાગ્યા રહે છે, પરસ્ત્રીઓની પાછળ પાગલ થઈને ફરે છે તથા સર્વદા કામક્રીડામાં જ તલ્લીન રહે છે તેઓ નપુંસક થાય છે. જેમણે પશુઓ ઉપર ખૂબ જ વધારે બોજ નાખ્યો છે, માર્ગમાં ચાલતા અનેક જીવોને જોયા વિના પોતાના પગ નીચે માર્યા હોય, કુતીર્થોમાં ભટકીને અશુભકર્મના નિમિત્તે અનેક પાપ કર્યા હોય, તે દયાહીન શઠ પુરુષ મરીને 'અંગોપાંગ' કર્મના ઉદયથી પંગુ થાય છે. સંસારમાં આવા લોકોનો તિરસ્કાર થાય છે તથા નિંદા થાય છે.

જે લોકોએ મૂર્ખતાવશ બીજાઓના દોષોને જાણ્યા વિના જ સ્વીકાર કરવાનો પોતાનો સ્વભાવ બનાવી લીધો છે, ઈર્ષ્યાવશ પરનિંદા સાંભળવાનો જેણે અભ્યાસ કરી રાખ્યો છે, હેય શાસ્ત્રોની કુત્સિત કથાઓ સાંભળવાનો જેણે અભ્યાસ કરી રાખ્યો છે તથા કેવળ શાસ્ત્ર, સંઘ અને ધર્માત્માઓને દોષ લગાડવાનું કામ કરે છે તે જ્ઞાનાવરણ કર્મના ઉદયથી બહેરા થાય છે. જે વિના જોયે બીજાઓના દોષોને 'આંખે જોયેલા' કહે છે, કટાક્ષથી નેત્રમાં વિકાર કરે છે, પરસ્ત્રીના ગુપ્તાંગોને ધારીને જોતા પણ તૃપ્ત નથી થતા, કુતીર્થ, કુદેવ

તથા કુલીંગીઓનું આદર-સન્માન કરે છે, તે દુષ્ટ નેત્રવાળા પુરુષ દર્શનાવરણના ઉદયથી અંધ થઈને ઘોર દુઃખ ભોગવે છે. જે લોકો વ્યર્થમાં જ સ્ત્રીચર્ચા આદિ વિકથા પ્રતિદિન કર્યા કરે છે, દોષહિન અર્હંતદેવ-શાસ્ત્ર-ગુરુ તથા ધર્માત્માઓમાં દોષ લગાવતા ફરે છે, પાપશાસ્ત્રોને ભણે-ભણાવે છે, પોતાની ઈચ્છાનુકુળ યશ અને પ્રતિષ્ઠા પ્રાપ્તિ માટે અસ્થિર ચિત્ત થઈને શ્રદ્ધા અને વિનયથી રહિત થઈને જૈનશાસ્ત્રોને સ્વયં વાંચે છે, ધર્મસિદ્ધાંતના પરમોત્તમ તત્ત્વાર્થોને કુતર્ક દ્વારા બીજાઓને સમજાવવાની દુઃચેષ્ટામાં તત્પર રહે છે, તે જ્ઞાનરહિત મૂર્ખ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી બોલવામાં અસમર્થ મુંગા થાય છે.

જે સ્વેચ્છાવશ હિંસા આદિ પાંચ પાપકર્મમાં પ્રવૃત્ત રહે છે, શ્રી જિનેન્દ્રદેવ દ્વારા કહેવામાં આવેલા સંપૂર્ણ પદાર્થોનો વિચાર કર્યા વિના મદોન્મત્ત થઈને ગ્રહણ કરવા માટે તત્પર થઈ જાય છે તથા દેવ-શાસ્ત્ર-ગુરુ અને ધર્મના વિષયમાં સત્યાસત્યનો ભેદ ન સમજીને સમભાવથી શ્રદ્ધાશીલ થઈને તેને પૂજે છે તેઓ મતિજ્ઞાનાવરણકર્મના ઉદયથી વિકલેન્દ્રિય થઈ જાય છે. જે વ્યક્તિ વ્યસની, મિથ્યાદૃષ્ટિ પુરુષોથી મિત્રતા કરે છે, સાધુ મહાત્મા પુરુષોથી સદાય દૂર રહે છે તેઓ પાપપરાયણતાથી નરક આદિ ગતિઓમાં ભ્રમણ કરતાં કરતાં ફરી દુર્વ્યસનોમાં લીન થઈને ખૂબ ઉગ્ર પાપોનું ઉપાર્જન કરે છે. જે વિષયસુખમાં આસક્ત થઈને ધર્મહીન થઈ જાય છે તથા તપ-યમ-વ્રતાદિથી રહિત થઈને વિવિધ ભોગ દ્વારા પોતાના શરીરને પુષ્ટ કર્યા કરે છે, રાત્રિના સમયે પણ અન્ન આદિનો આહાર કરે છે, અખાદ્ય વસ્તુઓ પણ ખાય છે, અકારણ જ અન્યજીવોને ક્લેશ પહોંચાડે છે, તે નિર્દયી પાપી અસાતાવેદનીય કર્મના ઉદયથી રોગી થઈને અનેક રોગોની ઉગ્ર વેદનાથી વ્યાકુળ થાય છે.

જે પોતાના શરીરની મોહ-મમતા ત્યાગીને તપરૂપી ધર્માચરણમાં લીન રહે છે, તે અન્ય બધા જીવોને પણ પોતાના સમાન જાણીને ક્યારે પણ કોઈને ક્લેશ પહોંચાડતા નથી. તેઓ ‘આ મારું, આ તારું’ એવું ક્યારે પણ કહેતા નથી તથા શુભકર્મના ઉદયથી દુઃખ, શોક અને રોગરહિત થઈને સુખ-શાંતિને પ્રાપ્ત કરે છે. જે પોતાના શરીરને અલંકાર ઈત્યાદિથી સજાવવાની આવશ્યકતા નથી સમજતા તથા તપ, નિયમ તથા યોગ ઈત્યાદિથી

કાયક્લેશરૂપી વ્રત, ક્રિયા કરે છે તથા અત્યંત શ્રદ્ધાપૂર્વક જિનેન્દ્રદેવ તથા નિર્ગ્રંથ મુનિઓના ચરણારવિંદની સદાય સેવા કરે છે તે શુભકર્મોદયના પ્રભાવથી અલૌકિક રૂપ, ગુણ અને લાવણ્યથી સુશોભિત થાય છે.

જે પશુઓ સમાન અજ્ઞાની છે તે શરીરને પોતાનું સમજીને તેને સદાય સ્વચ્છ તથા સુંદર બનાવવાની ચેષ્ટા કર્યા કરે છે, અનેક પ્રકારના આભૂષણોથી તેને સજાવે છે તથા પુણ્ય પ્રાપ્તિની અભિલાષાથી કુદેવ, કુગુરુ, અને કુધર્મની સેવામાં વ્યસ્ત રહે છે, તે અશુભકર્મના ઉદયથી ભયાનક કુરૂપી થાય છે. જે જિનેન્દ્રદેવ, જૈનશાસ્ત્ર અને નિર્ગ્રંથ ગુરુની ભક્તિમાં અહર્નિશ તત્પર રહે છે; તપ, ધર્મ, વ્રત અને નિયમ આદિના પાલનમાં દત્તચિત્ત રહે છે, દેહની મમતાનો પરિત્યાગ કરી સમસ્ત ઈન્દ્રિયરૂપી મહાબળવાન દાનવોને જીતી લે છે, તે સૌમ્યકર્મના ઉદયથી બધાના નયનાભિરામ થાય છે અને ભાગ્યશાળી કહેવાય છે. જેઓ પોતાના રૂપ-લાવણ્ય આદિના અભિમાનમાં મુનિઓના મલિન શરીરને જોઈને તેમના પ્રતિ ઘૃણા કરે છે, પરસ્ત્રીની અભિલાષામાં રત રહે છે, અસત્ય બોલીને પોતાના પારિવારિક બંધુઓથી દ્વેષ કરે છે, તેઓ 'દુર્ભગ' નામકર્મના ઉદયથી લોકનિંદનીય દરિદ્ર થાય છે. જેઓ બીજાઓની સાથે છેતરપીંડિ કરે, બીજાઓને સલાહ આપે છે, દેવ-શાસ્ત્ર-ગુરુના વિષયમાં તથ્ય-અતથ્યનો નિર્ણય કર્યા વિના જ સાચો ધર્મ સમજીને તેની પૂજા-ભક્તિમાં તત્પર રહે છે, તે મતિજ્ઞાનાવરણ કર્મના ઉદયથી નિંદનીય કુબુદ્ધિ અને મૂર્ખ થાય છે.

જે તપ આદિ ધર્મકાર્યોમાં અન્ય લોકોને પોતાની ઈચ્છાનુસાર સલાહ આપે છે, અતત્ત્વ અને તત્ત્વોના વિચાર વિનયપૂર્વક કરે છે તથા સારભૂત ધર્મ આદિ ગુણોને જ ગ્રહણ કરે છે, સંસારની સમસ્ત વસ્તુઓનો પરિત્યાગ કરે છે તે સુયોગ્ય અને ચતુર પુરુષ શ્રેષ્ઠ મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમના કારણે મહાન વિદ્વાન થાય છે. જે દુષ્ટ પ્રકૃતિ પુરુષ જ્ઞાનાભિમાનવશ ભણવાયોગ્ય વ્યક્તિઓને પણ ભણાવતા નથી, જાણવા છતાં પણ જઘન્ય કર્મોમાં પ્રવૃત્ત રહે છે, કલ્યાણકારક જિનાગમનો ત્યાગ કરી અન્ય કુશાસ્ત્રોની વિદ્યા ભણે છે તથા શાસ્ત્રનિંદિત કટુ અને પરપીડક તથા ધર્મહીન અસત્યપૂર્ણ વચનોને બોલ્યા કરે છે તે શ્રુતજ્ઞાનાવરણ કર્મના ઉદયથી અત્યંત નિંદનીય તથા મહામૂર્ખ થાય છે.

જે લોકો સ્વયં તો શ્રી જિનાગમ સદાય ભણે છે તથા બીજાઓને ભણાવે છે તથા કાળ આદિ આઠ પ્રકારની વિધિઓથી જૈન શાસ્ત્રોનું વ્યાખ્યાન કરે છે, ધાર્મિક ઉપદેશ દ્વારા અનેક ભવ્યજીવોને જ્ઞાન પ્રદાન કરે છે અને સ્વયં પણ દિવસ-રાત ધર્મકાર્યમાં તત્પર રહે છે, કલ્યાણકારી સત્ય વચન બોલે છે, અસત્યવચન ક્યારે પણ બોલતા નથી, તે શ્રુતજ્ઞાનાવરણ કર્મ મંદ થતા જગત આદરણીય વિદ્વાન થઈ જાય છે. જે લોકો આ સંસાર, શરીર અને સંપૂર્ણ ભોગોથી વિરક્ત થઈને જિનેન્દ્રદેવ તથા નિર્ગ્રંથ ગુરુઓના શ્રેષ્ઠ વચનોના પ્રભાવથી ઉત્તમોત્તમ ગુણોનું અને પરમધર્મનું પોતાના મનમાં નિરંતર ચિંતવન કર્યા કરે છે, આર્જવધર્મથી અન્ય કુટિલતા આદિને પોતાના હૃદયમાં ક્યારેય સ્થાન આપતા નથી, તેઓ શુભકાર્ય કરવાના કારણે શુભ પરિણામી કહેવાય છે.

જે કુટિલ પરિણામી, પર-સ્ત્રીહરણ આદિના વિષયમાં હંમેશા વિચાર કર્યા કરે છે, પુણ્યાત્માઓનું અકલ્યાણ ઈચ્છે છે, મૂર્ખના જઘન્ય આચરણોને જોઈને મનમાં પ્રસન્ન થયા કરે છે, તે અશુભકર્મોદયથી પાપાર્જન માટે અશુભ પરિણામી થઈ જાય છે. જે વ્રત-તપ-ક્ષમા આદિથી, શ્રેષ્ઠ પાત્રદાન અને પૂજા આદિથી તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર ધારણ કરી સદાય ધર્મમાં તત્પર રહે છે તે સમ્યગ્દૃષ્ટિ સ્વર્ગ આદિના ઉત્તમ ભોગોને ભોગવ્યા બાદ પુણ્યોદયથી ઉત્તમપદની પ્રાપ્તિની અભિલાષાવશ ધર્મકાર્ય કરવાવાળો ધર્માત્મા થાય છે. જે વ્યક્તિ હિંસા અને અસત્ય બોલીને પાપકર્મ કર્યા કરે છે, પોતાની દુર્બુદ્ધિના કારણે વિષયસુખોમાં લીન થઈને મિથ્યાત્વી દેવોની ભક્તિમાં શ્રદ્ધા રાખે છે, તે નરક આદિ સ્થાનોમાં ચિરકાળ રહેતો ઘોર દુઃખ ભોગવે છે. એ પછી પણ પાપોદયથી ફરી નરકનિવાસ પ્રાપ્ત કરવા માટે પાપકર્મમાં પ્રવૃત્ત રહીને પાપી જ બન્યો રહે છે. આથી વિપરીત જે મનુષ્ય પરમ ભક્તિપૂર્વક પ્રતિદિન ઉત્તમ પાત્રોને આહાર આદિ દાન કરે છે, શ્રી જિનેન્દ્ર દેવ-ગુરુ અને જૈન શાસ્ત્રોની શ્રદ્ધાપૂર્વક પૂજા-સ્તુતિ કર્યા કરે છે, તે ધર્મકાર્યોના પ્રભાવથી ઉત્તમોત્તમ ભોગ સામગ્રીઓ પ્રાપ્ત કરે છે.

ધર્મસિદ્ધિના નિમિત્તે જે મનુષ્ય ભાગ્યથી પ્રાપ્ત ધન-સંપત્તિને ગ્રહણ કરતો નથી, સ્થિર ચિત્ત થઈને ધર્મસાધનામાં પ્રવૃત્ત રહે છે તે પણ અંતમાં પરમોત્તમ ભોગ્ય સંપદાઓ પ્રાપ્ત કરે છે. જે પોતાના અન્યાયપૂર્ણ કાર્યો દ્વારા સુખ ભોગોની અભિલાષા કરે છે, ભોગોપભોગ પછી પણ અસંતુષ્ટ જ રહી જાય છે, સ્વપ્નમાં

પણ જિનેન્દ્રદેવની પૂજા અને ઉત્તમ પાત્રાદાન નથી કરતો તથા લોભવશ ઐશ્વર્ય મેળવવા ચાહે છે, તે ધર્મ-વ્રતથી રહિત હોવાના કારણે પાપના ભયંકર ફળોથી દુઃખી થાય છે અને અનેક જન્મપર્યંત ધનહીન દરિદ્ર રહે છે. જે મનુષ્ય પશુ, પક્ષી અને મનુષ્યોનું તેમના બાળકો, બચ્ચાઓથી અને ઘર પરિવારથી વિયોગ ઉત્પન્ન કરાવે છે તથા બીજાની સ્ત્રી, ધન અને અન્યાન્ય વસ્તુઓને બળપૂર્વક છીનવી લે છે તે દુઃશીલ પાપાત્મા પણ અશુભકર્મના ઉદયથી નિશ્ચયથી પોતાના પુત્ર, સ્ત્રી, ભાઈ અને અન્ય ઈષ્ટજનોથી વિયોગ થઈ જવાના કારણે પ્રતિસમય દુઃખ ભોગવે છે. આનાથી પ્રતિકૂળ જે મનુષ્ય પશુ આદિ જીવોને તડપાવતો નથી અને તેમના પરસ્પર વિયોગનું કારણ નથી બનતો તે ક્યારે પણ દુઃખ પ્રાપ્ત નથી કરતો. જે સદાય સન્નધ થઈને જૈનમતાનુકુલ જ સાધર્મીનોનું પાલન પોતાની અભિલિષિત સંપત્તિ દ્વારા કરે છે, દાન અને પૂજા જૈન ધર્માનુષ્ઠાન વિધિપૂર્વક કરે છે તથા પુણ્યના ફળ સ્વરૂપ મોક્ષપ્રાપ્તિથી અન્ય કોઈ પણ પ્રકારની સ્ત્રી-પુત્ર-ધન આદિની કિંચિત માત્ર પણ ઈચ્છા નથી કરતો, તે પુણ્યાત્માના પુણ્યોદયથી ઈચ્છિત સ્ત્રી-પુત્ર અને સ્વજન આદિનો સંયોગ સ્વયં જ અપ્રત્યાશીતરૂપથી થઈ જાય છે તથા ધન આદિ સુખ સંપદાઓ સ્વયં જ પ્રાપ્ત થઈ જાય છે.

જે ધર્મપ્રિય પાત્રોને દાન કર્યા કરે છે, જિનપ્રતિમા-મંદિર-વિદ્યાલય આદિની સ્થાપનામાં ધર્મસિદ્ધિની ઈચ્છાથી શ્રદ્ધાપૂર્વક ધન વ્યય કરે છે તેની દાનશીલતા પ્રસિદ્ધ થઈ જાય છે. આલોકમાં તો તે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે જ છે, પરલોકમાં પણ તેનું કલ્યાણ થાય છે. જે કૃપણતા વશ આલોકમાં દાન નથી કરતો, જિનપૂજા આદિમાં પણ મુક્ત હાથે ધન વ્યય નથી કરતો પરંતુ જગતની પરમોત્તમ સુખ સંપત્તિને સ્વયં જ ભોગવવા ઈચ્છે છે તે મહાલોભી અને અજ્ઞાની છે. પાપકાર્યના પ્રભાવથી ચિરકાળ તે નિમ્નગતિમાં ભટક્યા બાદ તિર્યંચગતિમાં જવા માટે કંજૂસ થઈને ઉત્પન્ન થાય છે. આ પાપકાર્યથી પ્રતિકૂળ જે પુરુષ અર્હંત, ગણધર આદિ મુનિ અને અન્ય શ્રેષ્ઠ ધર્માત્માઓના ઉત્તમગુણોની પ્રાપ્તિ માટે સદાય તેમનું ચિંતવન કર્યા કરે છે તે સંપૂર્ણ દોષોથી દૂર રહેતો થકો શ્રેષ્ઠ ગુણવાન થઈ જાય છે અને વિદ્વત મંડળીમાં તેનું સન્માન થાય છે.

જે વ્યક્તિ સ્વભાવવશ મૂર્ખ હોવાના કારણે ગુણી પુરુષોના શ્રેષ્ઠગુણોને ગ્રહણ ન કરીને તેના દોષોને

જ ગ્રહણ કરે છે, ગુણરહિત કુદેવ ઈત્યાદિ ફળહીન ગુણોનું જ સ્મરણ કર્યા કરે છે અને મિથ્યામાર્ગી, આડંબરયુક્ત, પાખંડીઓના દોષોને કાંઈ પણ નથી સમજી શકતો તે આ સંસારમાં નિર્ગંધ ફૂલ સમાન ગુણહીન છે. જે ધર્મજિજ્ઞાસુ થઈને ધર્મ પ્રાપ્તિ માટે મિથ્યાદૃષ્ટિ દેવોને અને કેવળ વેષધારી અજ્ઞાની સાધુઓની સેવા-ભક્તિમાં તત્પર રહે છે તથા શ્રી જિનેન્દ્ર, શ્રેષ્ઠ યોગી અને ધર્માત્મા પુરુષની સેવા ક્યારે પણ નથી કરતાં તે પોતાના પાપના ફળથી પશુ સમાન પરાધીન થઈને આમ તેમ બીજાનું દાસત્વ કરીને ફરતો રહે છે. આથી વિપરીત જે સંપૂર્ણ મિથ્યામતોનો ત્યાગ કરીને મન-વચન-કાયની શુદ્ધતા પૂર્વક અર્હંત અને ગણધર આદિ મહામુનિઓની પૂજા, સ્તુતિ, નમસ્કાર કર્યા કરે છે, તે પુણ્યોદયથી આ સંસારમાં સંપૂર્ણ અતુલિત ભોગ-સંપદાઓનો સ્વામી થાય છે. જે દયાહીન વ્રત ઈત્યાદિ ન કરીને પોતાના પુત્ર-પૌત્રાદિની વંશવૃદ્ધિ માટે અન્ય જીવોના પુત્રોનો વધ કરે છે તથા એવા જ પ્રકારની અન્ય ઘણી મિથ્યા ક્રિયાઓ કરે છે તેને મિથ્યાત્વકર્મના પ્રભાવથી અલ્પાયુ પુત્ર ઉત્પન્ન થાય છે અને તે મિથ્યાત્વી પાપીઓને પુત્રોનો વિનાશ શીઘ્ર થઈ જાય છે.

જે ચંડી, ક્ષેત્રપાલ, ગૌરી, ભવાની આદિ મિથ્યાત્વી દેવોની સેવા-અર્ચના પુત્ર પ્રાપ્તિની ઈચ્છાથી કરે છે અને અરિહંત પ્રભુની સેવા નથી કરતાં તે મિથ્યાત્વકર્મના ઉદયથી જન્મ-જન્માંતરમાં સંતાનહીન થાય છે. જે બીજા પુરુષોના પુત્રોને પણ પોતાનો પુત્ર સમજીને ક્યારે પણ દુઃખ આપતો નથી પરંતુ પ્રેમ કરે છે, મિથ્યાત્વને શત્રુ સમાન સમજીને તેનો ત્યાગ કરે છે અને અહિંસા આદિ વ્રતોનું પાલન કરે છે, ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે જિનેન્દ્ર, જૈન સિદ્ધાંત અને યોગીઓની પૂજા કરે છે તેને શુભકર્મના ઉદયથી અલૌકિક રૂપ લાવણ્યવાળા અને દીર્ઘાયુ પુત્ર ઉત્પન્ન થાય છે. જે પ્રાણી તપ, નિયમ, ઉત્તમ ધ્યાન, કાય-ક્લેશ આદિ ધર્મકાર્યોને મુશ્કેલ સમજીને દીક્ષા લેવામાં પોતાને અસમર્થ સમજીને ડરે છે તે આલોકમાં પાપોદયના કારણ સંપૂર્ણ કાર્યમાં અસમર્થ થઈને ઉત્પન્ન થાય છે તથા જે પ્રાણી સાહસપૂર્વક તપ, જ્ઞાન, અધ્યયન, યોગ અને કાયોત્સર્ગ આદિ દુર્ધર ધર્મકાર્યોના અનુષ્ઠાનોમાં ધીર-ચિત્ત થઈને તત્પર રહે છે તથા પોતાની શક્તિ અનુસાર કર્મરૂપી શત્રુનો નાશ કરવા માટે અનેક કષ્ટો અને પરિષહોને સહન કરે છે તે ધૈર્યવાન પુરુષ પુણ્યોદયના

પ્રભાવથી સકલ કાર્યોને સંપન્ન કરવાની ક્ષમતા રાખે છે.

જે જડમતિ જીવ જિનેન્દ્રદેવ, ગણધર, જૈનશાસ્ત્ર, નિર્ગ્રંથ મુનિ, શ્રાવક અને ધર્માત્માઓની નિંદા કરવામાં દત્તચિત્ત રહે છે તથા મિથ્યાદેવ-શાસ્ત્ર-ગુરુની પ્રશંસા કર્યા કરે છે તે પાપી અનેક દોષોથી યુક્ત થઈને અપયશકર્મના ઉદયથી ત્રૈલોક્યમાં નિંદનીય થાય છે. જે પ્રાણી દિગંબર ગુરુ, જ્ઞાની, ગુણી, સજ્જન અને સુશીલ પુરુષોની સેવા, ભક્તિ અને પૂજા અંતઃકરણની શુદ્ધિ દ્વારા સદાય કર્યા કરે તથા સંપૂર્ણ વ્રતોનું પાલન કરતાં થકા પોતાના મન, વચન, કાયથી શીલની રક્ષામાં તત્પર રહે છે તે ધર્મના ફળથી શીલવાન થઈને સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત કરે છે. જે પ્રાણી દુઃશીલ, દુષ્ટ, કુદેવ-શાસ્ત્ર-ગુરુ અને પાપ-પરાયણ પુરુષોની સેવા, પૂજા અને નમસ્કાર કર્યા કરે છે, વ્રતાદિથી રહિત છે, સદાય વિષય સુખોની ઈચ્છા કર્યા કરે છે તે અશુભકર્મના ઉદયથી પાપ-પરાયણ અને દુઃશીલ થાય છે. આનાથી વિપરીત જે જીવ ઉત્તમગુણોની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ થઈને ગુણાકર અને જ્ઞાનવાન ગુરુ, જૈન યતિ તથા સમ્યગ્દૃષ્ટિ પુરુષોના સંત્સંગમાં સદાય તત્પર રહે છે, જન્મ-જન્માંતરમાં સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરાવવાવાળા ગુણી-મહાત્માઓનો સત્સંગ તેમને મળે છે અને જે પ્રાણી શ્રેષ્ઠ સજ્જનોનો અનાદર અને ઉપેક્ષા કરી અને દુર્ગુણોમાં પડીને મિથ્યાત્વીઓના સંગમાં ફસાયેલો રહે છે તે નીચગતિને પ્રાપ્ત કરે છે તથા દુર્જન–સંસર્ગના કારણે અધોગતિમાં પડ્યો રહે છે.

જે પ્રાણી તીક્ષ્ણ અને સૂક્ષ્મબુદ્ધિ દ્વારા સદાય તત્ત્વ-અતત્ત્વ, શાસ્ત્ર-કુશાસ્ત્ર, દેવ-ગુરુ-તપસ્વી, ધર્મ-અધર્મ, દાન-કુદાનનો વિચાર કર્યા કરે છે તેના હૃદયમાં સૂક્ષ્મ વિચારની એક શ્રેષ્ઠ શક્તિ વિદ્યમાન રહે છે તે પરલોકમાં પણ દેવોની પરીક્ષા કરવામાં પ્રવૃત્ત રહીને સફળતા પ્રાપ્ત કરે છે. જે જીવ આવું વિષ્લેષણ નથી કરતો અને દુર્બુદ્ધિના કારણે સંસારમાં બધાય દેવ-ગુરુને આદરણીય, શ્રદ્ધાસ્પદ, અનિંદ્ય, વંદનીય અને ધર્મ-મોક્ષના દાતા સમજીને બધા ધર્મ અને દેવોનો આશ્રય લઈને બધાનું અનુસરણ કરવાના પ્રયાસમાં તત્પર રહે છે તે અત્યંત નિંદનીય છે તથા જન્મજન્માંતરમાં મૂઢ રહે છે.

જે જીવ નિત્યપ્રતિ તીર્થંકર, ગુરુ, સંઘ, ઉચ્ચપદવી પ્રાપ્ત જીવોની ભક્તિપૂર્વક સેવા કરે છે, સ્તુતિ કરે

છે તથા નમસ્કાર કરે છે અને પોતાની પ્રશંસા ન કરીને ગુણીઓના દોષ છુપાવીને એમની શ્રેષ્ઠતા જ પ્રગટ કરે છે તે ગોત્રકર્મના ઉદયથી પરલોકમાં સર્વોત્તમ ગોત્ર પ્રાપ્ત કરે છે અને જે પ્રાણી એનાથી પ્રતિકૂળ આત્મપ્રશંસા અને ગુણી પુરુષોની નિંદામાં લાગ્યો રહે છે તથા કુગુરુ, કુધર્મ તથા નીચ દેવોની સેવા ધર્મ પ્રાપ્તિની અભિલાષાથી કર્યા કરે છે તે નીચકર્મના ઉદયથી નીચગોત્રને પ્રાપ્ત થાય છે. જે દુર્બુદ્ધિ પ્રાણી મિથ્યામાર્ગમાં છે તથા જે એકાંતરૂપ નિંદ્યમાર્ગમાં સ્થિત થઈને કુદેવ-ગુરુધર્મની સેવામાં સદાય તત્પર રહે છે તેને પૂર્વજન્મના કુસંસ્કારથી પરલોકના કલ્યાણને નષ્ટ કરવાવાળા મિથ્યામત તરફ પ્રીતિ ઉત્પન્ન થઈ જાય છે.

જે દિવ્યદૃષ્ટિથી જિનેન્દ્ર, શાસ્ત્ર, ગુરુ અને ધર્મની સૂક્ષ્મ પરીક્ષા કરી ચૂક્યા બાદ તેના અપૂર્વ ગુણો ઉપર મુગ્ધ થઈ જાય છે તથા શ્રદ્ધા-ભક્તિપૂર્વક તેની સેવામાં તત્પર રહે છે તથા હેયમાર્ગ પર ચાલવાવાળા અન્ય પુરુષોની સ્વપ્નમાં પણ ઈચ્છા નથી કરતાં તે વાસ્તવમાં જિનધર્મનો અનુરાગી છે તથા તે પરલોકમાં પણ મોક્ષમાર્ગ પર જ અગ્રસર થઈ જાય છે. જે મનુષ્ય સ્વર્ગ અને મોક્ષને અનન્ય અભિલાષાથી પરિગ્રહી થઈને વ્યુત્સર્ગ તથા મૌન વ્રતરૂપ 'યોગગુપ્તિ'નું યથાશક્તિ અનુસરણ કરે છે તથા તપ ઈત્યાદિ શ્રેષ્ઠ ધર્મકાર્યમાં પોતાની શક્તિની વાસ્તવિક સ્થિતિનો સદ્ઉપયોગ કરે છે, તે મુશ્કેલ (ઘોર) તપસ્યાઓના ઉગ્ર કષ્ટ સહન કરવામાં પૂર્ણ સમર્થ, દૃઢ અને સુંદર શરીર પ્રાપ્ત કરે છે. જે તપસ્યામાં સક્ષમ અને શક્તિશાળી હોવા છતાં પણ કેવળ શરીરસુખમાં આસક્ત રહેતો થકો તેનો દુરુપયોગ કરે છે તથા પોતાના બળ અને શક્તિને ધર્મ તથા વ્યુત્સર્ગ તપમાં નથી લગાવતા તે ગૃહ-વ્યાપારથી પાપ જ કમાયા કરે છે અને તપકર્મમાં અસમર્થ તેનું શરીર નિતાંત નિંદનીય થાય છે.

આ રીતે જિનેન્દ્રદેવ શ્રી મહાવીરપ્રભુએ સમસ્ત પ્રાણીઓને દિવ્ય, ગંભીર અને મધુરવાણીમાં ગૌતમ ગણધરના પ્રશ્નોના યુક્તિયુક્ત, વાસ્તવિક તથા સાર્થક ઉત્તર આપ્યા તે અરિહંત દેવ મહાવીરપ્રભુની હું શ્રદ્ધા-ભક્તિપૂર્વક સ્તુતિ કરું છું.

# અધ્યાય અઢારમો

**મુક્તિ પ્રદાયક જ્ઞાનમય, સમોસરણ આસીન;**
**કરેં ધર્મ-ઉપદેશ કો, કર્મ-બન્ધ સે હીન.**

પૂર્વ અધિકારમાં ગૌતમ ગણધરના ઘણા પ્રશ્નોના સમુચિત ઉત્તર દઈને મહાવીરપ્રભુએ કહ્યું કે 'હે ગૌતમ! તું ખૂબ જ બુદ્ધિમાન છે, તેથી હવે હું તને મુક્તિનો માર્ગ કહું છું, અન્ય શ્રોતાઓની સાથે તું સાવધાનીપૂર્વક સાંભળ. કહેલા માર્ગ પર ચાલવાથી મનુષ્યોને નિશ્ચયથી મોક્ષ પ્રાપ્ત થાય છે. જે શંકા આદિ દોષોથી રહિત છે અને નિઃશંક આદિ ગુણોથી યુક્ત તત્ત્વોનું શ્રદ્ધાન છે, તે વ્યવહાર સમ્યગ્દર્શન છે અને તે મોક્ષનું એક અંગ છે.

આ સંસારમાં અરિહંતથી વધીને કોઈ ઉત્કૃષ્ટ દેવ નથી, નિર્ગ્રંથથી વધીને કોઈ મહત્વપૂર્ણ ગુરુ નથી, અહિંસા આદિ પાંચ વ્રતોથી ઉત્તમ અન્ય કોઈ વ્રત નથી, જિનમતથી શ્રેષ્ઠ કોઈ મત નથી, બધાના હૃદયને પ્રકાશિત કરવાવાળા અગિયાર અંગ અને ચૌદ પૂર્વથી વધીને બીજું કોઈ શાસ્ત્રજ્ઞાન નથી, સમ્યગ્દર્શન આદિ રત્નત્રયથી વધીને બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી અને પંચ પરમેષ્ઠીઓથી વધીને ભવ્યજીવો માટે અન્ય કોઈ કલ્યાણકારી અથવા હિતકારી નથી. તેવી જ રીતે ઉત્તમ પાત્રદાનથી શ્રેષ્ઠ અન્ય પ્રકારનું કોઈ પણ દાન મોક્ષનું કારણ નથી, કેવળજ્ઞાન દેવાવાળા આત્મધ્યાનથી વધીને બીજું કોઈ પણ ઉત્કૃષ્ટ ધ્યાન નથી. સાધુ-મહાત્મા અને જ્ઞાની ધર્માત્માઓની પ્રીતિ જ ધર્મ અને સુખને પ્રદાન કરવાવાળી છે, અન્ય કોઈની પ્રીતિથી ધર્મ-સુખ પ્રાપ્ત નથી થતું. બાર પ્રકારના તપના ફળથી જ કર્મોનો નાશ થાય છે, અન્ય કોઈ પણ તપથી કર્મોનો નાશ થતો નથી. સ્વર્ગ અને મોક્ષ દેવાવાળું પંચનમસ્કાર મંત્ર જ છે, આનાથી અન્ય આવો કોઈ પ્રભાવશાળી મંત્ર નથી.

હે ગૌતમ! તું આ બધાને સમ્યગ્દર્શનનું મૂળ કારણ સમજ. આ જ્ઞાન-દર્શન-ચારિત્રનું પ્રધાન કારણ છે, મોક્ષરૂપી મહેલની સીડી છે તથા વ્રત ઈત્યાદિનું મૂળ સ્થાન છે. આ સમ્યગ્દર્શન વિના બધું જ જ્ઞાન અજ્ઞાન છે, ચારિત્ર કુચારિત્ર છે અને સંપૂર્ણ તપ નિષ્ફળ થઈ જાય છે. આ વાતને બરાબર સમજીને નિ:શંક આદિ ગુણો દ્વારા શંકા, મૂઢતા આદિ મળ-આવરણને એકદમ દૂર કરીને ચંદ્રમા સમાન અતિ સ્વચ્છ સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ તથા તેને પ્રાપ્ત કરી લેતા અવિચળ ભાવથી તેમાં દૃઢ રહેવું જોઈએ. સજ્જન પુરુષોએ તત્ત્વાર્થ અથવા પદાર્થનું જ્ઞાન વિપરીતતારહિત યથાર્થ પ્રાપ્ત કરવું જોઈએ, તેને જ વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહે છે. આ ઉત્તમ જ્ઞાન દ્વારા ધર્મ-અધર્મ, હિત-અહિત, બંધ-મોક્ષનો યથાર્થ બોધ થાય છે તથા દેવ-ધર્મ-ગુરુની પણ ગુણપરીક્ષા આ જ્ઞાન દ્વારા જ થાય છે. જે આ જ્ઞાનથી રહિત છે તે અંધ સમાન છે તથા તે જીવ હેય-ઉપાદેય, ગુણ-દોષ, કૃત્ય-અકૃત્ય, તત્ત્વ-અતત્ત્વ આદિના યથાર્થ વિવેચનમાં એકદમ અસમર્થ હોય છે; તેથી સ્વર્ગ તથા મોક્ષ પ્રાપ્તિની અભિલાષા રાખવાવાળા જીવે યત્નપૂર્વક પ્રતિદિન જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ. હિંસાદિ પાંચ પ્રકારના પાપોનો સર્વદા તથા સર્વ પ્રકારે ત્યાગ તથા ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિનું પાલન જ વ્યવહાર ચારિત્ર કહેવાય છે.

કર્મોના સંવર માટે આ અત્યંત આવશ્યક એવા ઉત્તમ ચારિત્ર વિના કાયક્લેશ દ્વારા કરવામાં આવેલું તપ પણ વ્યર્થ જ છે, તે ચારિત્ર વિના કર્મોનો સંવર ન થઈ શકે, સંવર વિના મુક્તિ ન થઈ શકે તથા તે મુક્તિ વિના અક્ષય પરમ સુખ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે? બીજાની તો વાત જ શું કરવી, સ્વયં ત્રૈલોક્યપૂજ્ય તથા દેવવંદ્ય તીર્થંકર પણ ચારિત્ર વિના મુક્તિરૂપી સ્ત્રીના મુખારવિંદને જોઈ શકતા નથી. જેવી રીતે દાંત વિના વિશાળકાય ગજરાજની શોભા નષ્ટ થઈ જાય છે, તેવી જ રીતે ચારિત્ર વિના મુનિ પણ શોભા પામતા નથી. ઘણા દિવસો સુધી દીક્ષા વિધિ પાળવાવાળા, બધામાં શ્રેષ્ઠ છે તથા અનેક શાસ્ત્રોના જ્ઞાતા છે, તો શું થયું? નિશ્ચય ચારિત્ર વિના તે બધું જ નગણ્ય છે. તેથી, બુદ્ધિમાન પુરુષોએ ચંદ્રમા સમાન અતિ સ્વચ્છ ચારિત્રને ધારણ કરવું જોઈએ તથા ઉપસર્ગ અને પરિષહોથી દુ:ખી થઈને ચારિત્રનો પરિત્યાગ સ્વપ્નમાં પણ ક્યારે પણ

કરવો ન જોઈએ કારણ કે તે ભવ્યજીવોને મહાન સુખ પ્રદાન કરે છે, શ્રેષ્ઠ છે, અનુપમ છે, લોકવંદ્ય છે તથા ભવ્યજીવોનું પરમ હિતૈષી છે.

જે અસંખ્યગુણોનો સમુદ્ર છે, આત્માના સ્વરૂપનું શ્રદ્ધાન છે તથા કલ્પનાહીન છે તે નિશ્ચય સમ્યક્ત્વ છે. પરમાત્માની અંદર જે જ્ઞાન છે તથા જે સ્વસંવેદનજ્ઞાનથી જણાવાયોગ્ય છે તે નિશ્ચયજ્ઞાન છે. બાહ્ય તથા અભ્યંતરના સંપૂર્ણ વિકલ્પોને ત્યાગીને પોતાના આત્માના વાસ્તવિક સ્વરૂપનું જે ધ્યાન કરવું છે તેને જ નિશ્ચય ચારિત્ર કહેવાય છે. આ નિશ્ચયરૂપી ત્રણેય રત્ન સંપૂર્ણ બાહ્યચિંતાઓથી રહિત છે, વિકલ્પરહિત છે તથા આમ હોવાના કારણે ભવ્યજીવોને નિઃસંદેહરૂપથી મોક્ષ પ્રદાન કરવાવાળા છે. મોક્ષાભિલાષી ભવ્યજીવોએ મોહરૂપી ફંદાને તોડીને સદાય આ રત્નત્રયનું સ્થિરભાવથી અનુષ્ઠાન કરતાં રહેવું જોઈએ. આ સંસારના જેટલા પણ ભવ્યજીવો મોક્ષ પ્રાપ્તિની ચેષ્ટામાં ક્રિયાશીલ છે તે આ રત્નત્રયોનું પાલન કર્યા વિના સફળતા પ્રાપ્ત નથી કરી શકતા. ભૂત, ભવિષ્ય તથા વર્તમાન–ત્રણેય કાળમાં આ રત્નત્રયો દ્વારા જ મોક્ષ મળ્યો છે, મળી રહ્યો છે તથા મળશે. આનાથી અન્ય કોઈ પણ ઉપાય હોય જ ન શકે.

ધર્મ બે પ્રકારનો છે—શ્રાવકધર્મ અને મુનિધર્મ. શ્રાવકધર્મ તો મુશ્કેલ નથી પરંતુ સુગમ છે; પરંતુ મુનિધર્મ અત્યંત મુશ્કેલ છે. શ્રાવકધર્મની અગિયાર પ્રતિમા હોય છે. જે જુગાર આદિ સાત પ્રકારના વ્યસનોથી રહિત છે, આઠ મૂલગુણોથી યુક્ત છે તથા અતિ વિશુદ્ધ સમ્યગ્દર્શનથી પરિપૂર્ણ છે તેને દર્શનપ્રતિમા કહે છે અને તે જ પહેલી પ્રતિમા છે. ત્યારબાદ બીજી પ્રતિમા વ્રતપ્રતિમા છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત આ પ્રકારના બાર વ્રત છે. જે વ્રતમાં મન-વચન અને કાય દ્વારા કૃત-કારિત-અનુમોદન અને પ્રયત્નપૂર્વક ત્રસ જીવોની રક્ષા કરવામાં આવે તે અહિંસા નામનું પ્રથમ અણુવ્રત છે. આ અહિંસા–અણુવ્રત સંપૂર્ણ જીવોની રક્ષા અને સંપૂર્ણ વ્રતોનું મૂળ છે, શ્રેષ્ઠ ગુણોનો દરિયો છે અને ધર્મનું મૂળ કારણ છે. જે વ્રતમાં અસત્ય અને નિંદનીય વચનોનો ઘૃણાપૂર્વક પરિત્યાગ હોય છે અને હિતકારક, સારરૂપી ધર્મનો દરિયો સત્ય વચનને કહેવામાં આવે છે, તેને સત્યાણુવ્રત કહે છે તથા આ દ્વિતીય વ્રત છે. સત્ય વચન બોલવાથી સંસારમાં

સ્વચ્છ કીર્તિનો વિસ્તાર થાય છે. સરસ્વતી, કળા, વિવેક અને ચાતુર્યની અભિવૃદ્ધિ થાય છે. જો કદાચિત્ બીજાનું ધન અજાણતા જ ક્યાંય પડી ગયું હોય, ભૂલથી છૂટી ગયું હોય, ગામના કોઈ ગુપ્તસ્થાનમાં રાખ્યું હોય તો આવા ધનને ગ્રહણ ન કરવું અચૌર્યાણુવ્રત છે તથા આ તૃતીય વ્રત છે. જે લોકો બીજાના ધનને ચોરી લે છે તે પાપકર્મના ઉદયથી આલોકમાં વધ-બંધન આદિ દુઃખને પ્રાપ્ત કરે છે તથા બીજા જન્મમાં પણ નરક આદિની યાતનાઓ ભોગવે છે.

જે વ્રતમાં પોતાની સ્ત્રી સિવાય અન્ય સમસ્ત સ્ત્રીઓને સર્પિણીની સમાન ત્યાજ્ય સમજીને તેનાથી અલગ રહેવામાં આવે છે તથા પોતાની વિવાહિતા સ્ત્રીથી સંતુષ્ટ રહેવામાં આવે છે તેને બ્રહ્મચર્યાણુવ્રત કહે છે તથા તે ચતુર્થવ્રત છે. ખેતર, ગૃહ, ધન, ધાન્ય, દાસ, દાસી, પશુ, આસન-શૈયા, વસ્ત્ર અને પાત્ર આ દસ બાહ્ય પરિગ્રહ છે. આ પરિગ્રહોની સંખ્યા નક્કી કરીને તથા લોભ અને તૃષ્ણાને ત્યાગવા માટે જે વ્રતનું વિધાન છે તેને પરિગ્રહ-પરિમાણ વ્રત કહે છે તથા આ પાંચમું વ્રત છે. આ પરિગ્રહ-પરિમાણ કરવાથી આશા અને લોભનો નાશ થાય છે, સંતોષ, ધર્મ અને સુખ સંપદાઓ પ્રાપ્ત થાય છે.

દશે દિશાઓમાં આવવા જવા માટે જે યોજન આદિ માર્ગ પરિમાણ અથવા મર્યાદા નક્કી કરવામાં આવે છે તે દિગ્વ્રત નામનું પ્રથમ ગુણવ્રત છે. અનેક કાર્યોને અકારણ જ શરૂ કરવું અને બંધ કરવું તે અનર્થદંડવ્રત નામનું બીજું ગુણવ્રત છે. આ અનર્થદંડવ્રતના પાંચ ભેદ છે—પાપોપદેશ, હિંસાદાન, અપધ્યાન, દુઃશ્રુતિ અને પ્રમાદચર્યા. જે ઈન્દ્રિયરૂપી પાંચ શત્રુઓને જીતવા માટે ભોગોપભોગ વસ્તુનું પરિમાણ નક્કી કરવામાં આવે છે તે ભોગોપભોગપરિમાણ નામનું ત્રીજું ગુણવ્રત છે. પાપનાશપૂર્વક વ્રત પરિચાલન માટે પાપભીરૂ વ્યક્તિઓ માટે સૂક્ષ્મજીવવાળા આદુ આદિ કંદ ત્યાજ્ય છે, તેવી જ રીતે કીડાઓના ખાધેલા ફળ, પુષ્પ અને સંપૂર્ણ અભક્ષ્ય વસ્તુઓને વિષ અને મળ આદિ વસ્તુઓથી વ્યાપ્ત સમજીને ત્યાગ કરી દેવો જોઈએ. ઘર, ટોળા, પડોશ, ખેતર, મોહલ્લો અને બજાર આદિ સ્થાનમાં આવવા જવાના પરિણામને નિત્યશઃ નિશ્ચિત કરી લેવું દેશાવગાશિક શિક્ષાવ્રત છે. કુધ્યાન તથા કુલેશ્યાનો પરિત્યાગ કરીને પ્રતિદિન ત્રણે સમયમાં સામાયિક-જાપ કરવામાં આવે છે

તેને સામાયિક શિક્ષાવ્રત કહે છે. અષ્ટમી તથા ચતુર્દશીના દિવસે અન્ય બધા કાર્યોનો પરિત્યાગ કરીને નિયમપૂર્વક જે વ્રત-ઉપવાસ કરવામાં આવે છે તેને પ્રૌષધોપવાસ શિક્ષાવ્રત કહે છે. નિત્ય પ્રતિ ભક્તિપૂર્વક મુનિઓને જે ચાર પ્રકારનું આહારદાન વિધિપૂર્વક દેવામાં આવે છે તેને અતિથિ સંવિભાગ શિક્ષાવ્રત કહે છે.

આ પ્રકારે મન, વચન, કાયની શુદ્ધિ થઈ જતા જે અતિચારરહિત થઈ જાય છે અને જ્યારે આ પૂર્વોક્ત પાંચ મહાવ્રતોના પાલનમાં તત્પર રહે છે ત્યારે તેને દ્વિતીય વ્રત પ્રતિમા હોય છે. જે પ્રાણી અણુવ્રત ધારણ કર્યા કરે છે તેને મૃત્યુ સમયમાં આહાર તથા કષાયનો ત્યાગ કરીને ઉન્નત પદ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી મુનિ-ચારિત્ર ધારણ કરી લેવું જોઈએ. શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક સંલ્લેખના વ્રતનું પાલન કરવું જોઈએ. ત્રીજી પ્રતિમાનું નામ સામાયિક પ્રતિમા છે, ચતુર્થ પ્રતિમાનું નામ પ્રૌષધોપવાસ પ્રતિમા છે. ફળ, બીજ, પત્તા, જળ ઈત્યાદિ પ્રાયઃ બધી વસ્તુઓ જીવોથી યુક્ત છે, દયાધર્મ પાલન કરવા માટે તેનો પરિત્યાગ કરવો સચિત્તત્યાગ નામની પાંચમી પ્રતિમા છે. મુક્તિ માટે રાત્રિ સમયમાં ચારે પ્રકારના આહારનો પરિત્યાગ કરી દેવો તથા દિવસના સમયે મૈથુનનો પરિત્યાગ કરવો તે છઠ્ઠી રાત્રિ ભોજનત્યાગ પ્રતિમા છે.

જે આ પૂર્વોક્ત છ પ્રતિમાનું પાલન કરે છે તથા મન-વચન-કાયની શુદ્ધિ કરી લે છે એવા જીવોને મુનીશ્વરોએ જઘન્ય શ્રાવક કહ્યા છે અને તે શ્રાવક નિયમથી સ્વર્ગમાં જ જાય છે. જે સ્ત્રીમાત્રને પોતાની માતા સમજીને અહર્નિશ બ્રહ્મસ્વરૂપ આત્મામાં જ લીન રહે છે તે સાતમી બ્રહ્મચર્ય પ્રતિમા છે. અત્યંત નિંદનીય અને અશુભ વ્યાપાર આદિ આચરણને પાપભીરૂ જીવોએ પરિત્યાગ કરી દેવો અત્યંત ઉત્તમ આરંભપરિત્યાગ નામની આઠમી પ્રતિમા છે. કેવળ માત્ર વસ્ત્રને છોડીને પાપકર્મનો આરંભ કરવાવાળા અન્ય સમસ્ત પ્રકારના પરિગ્રહોને મન-વચન-કાયની શુદ્ધિપૂર્વક જે ત્યાગ કરવામાં આવે છે તેને પરિગ્રહપરિત્યાગ નામની નવમી પ્રતિમા કહે છે. જે વિરક્ત જીવ આ નવ પ્રતિમાઓનું પાલન કરે છે તે દેવપૂજ્ય શ્રાવક કહેવાય છે. જે ગૃહકાર્ય આદિમાં, પોતાના આહારમાં, ધનોપાર્જનમાં મંત્રણા-ગુપ્તિથી પોતાનો મત પ્રગટ નથી કરતાં તેમને દસમી અનુમતિત્યાગ નામની પ્રતિમા હોય છે. જે દોષયુક્ત અન્ન આહારને અભક્ષ્ય વસ્તુઓની જેમ ત્યાગે છે અને ભિક્ષા-ભોજન

જ સ્વીકાર કરે છે તે અગિયારમી ઉદ્દીષ્ટત્યાગ નામની પ્રતિમાના ધારક છે. આ ઉપર્યુક્ત અગિયાર પ્રતિમાઓનું વિવિધ ઉપાયો દ્વારા પ્રતિદિન જે સેવન કરે છે તે ત્રિલોકમાં પૂજ્ય અને ઉત્કૃષ્ટ શ્રાવક કહેવાય છે તથા જે શ્રાવકોને પ્રતિમારૂપ ધર્મનું સદાય ધ્યાન રહે છે તે સ્વર્ગના ઉત્તમ સોળ સુખને પ્રાપ્ત કરે છે.

આ પ્રકારે મહાવીરપ્રભુએ ધર્માનુરાગી જીવોના હૃદયમાં શ્રાવકધર્મના ઉપદેશ દ્વારા અપાર હર્ષ ઉત્પન્ન કર્યો. ત્યારબાદ તે વિરક્ત મુનિઓના હિતની અભિલાષાથી મુનિધર્મનો ઉપદેશ કરવામાં પ્રવૃત્ત થયા.

અહિંસા આદિ પાંચ મહાવ્રત, ઈર્યા આદિ પાંચ સમિતિ, પંચેન્દ્રિયવિજય અર્થાત્ વિષયો તરફ પોતાની ઈન્દ્રિયો ન જવા દેવી, કેશલોંચ, સામાયિક, ઈત્યાદિ ષટ્ આવશ્યક કર્મ, નગ્નમુદ્રા, સ્નાનપરિત્યાગ, ભૂમિશયન, અદંતધોવન, એક સમય ભોજન, રાગરહિત ઊભા ઊભા ભોજન કરવું ઈત્યાદિ અઠ્ઠાવીસ મૂલગુણોનું હોવું તે જ મુનિધર્મ છે. મુનિએ આ સંપૂર્ણ મૂલગુણોનું સદાય પાલન કરતાં રહેવું જોઈએ. પ્રાણ વિસર્જનનો સમય પણ જો ઉપસ્થિત થઈ જાય તોપણ મુનિએ આ મૂલગુણોનો પરિત્યાગ ક્યારે પણ કરવો જોઈએ નહીં કારણ કે તેના દ્વારા ત્રણેય લોકની સુખ-સંપદા પ્રાપ્ત થઈ જાય છે. મુનિઓના ઉત્તમ ગુણોમાં પરિષહ જીતવું, આતાપન આદિ અનેક તપ, ઉપવાસ, મૌનધારણ ઈત્યાદિની ગણના કરવામાં આવી છે. યોગીઓએ પ્રથમ તો વિધિપૂર્વક નિર્દોષ થઈને મૂળગુણોનું પાલન કરવું અને ત્યારબાદ ઉત્તરગુણોનું પાલન કરવું જોઈએ. યોગીઓને ધર્મના દસ લક્ષણ હોય છે—ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય આ દસ ધર્મોના ઉત્પત્તિસ્થાન છે. ભવ્યજીવો માટે ઉત્તરગુણો દ્વારા અને પૂર્વોક્ત દશલક્ષણધર્મરૂપ મૂળગુણો દ્વારા વર્તમાન ભવમાં જ મોક્ષ પ્રદાન કરવાવાળા પરમોત્તમ ધર્મની પ્રાપ્તિ થાય છે, તેના દ્વારા જ બધા મુનીશ્વર સર્વાર્થસિદ્ધિ અને કેવળીની સુખ સંપત્તિને દીર્ઘકાળ સુધી ભોગવીને અંતમાં મોક્ષપદવી પ્રાપ્ત કરે છે. ભવ્યજીવો માટે આ સંસારમાં ધર્મ સમાન પ્રિય ન કોઈ બીજો ભાઈ છે, ન સ્વામી છે, ન હિતૈષી છે તથા ન કોઈ પાપનાશક છે. સર્વ પ્રકારે બધાનું કલ્યાણ કરવાવાળો આ ધર્મ જ છે.

ત્યારબાદ મહાવીરપ્રભુએ કહ્યું કે આ આર્યાવર્ત ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણીકાળમાં રૂપ, બળ, આયુ, દેહ અને સુખની સદાય વૃદ્ધિ થયા કરે છે. 'ઉત્સર્પિણી' શબ્દનો વાસ્તવિક અર્થ પણ આ જ પ્રગટ થાય છે. આ ઉત્સર્પિણીકાળ વધવાવાળો છે અને તે દસ ક્રોડાક્રોડી સાગરનો હોય છે. અવસર્પિણીકાળમાં રૂપ, બળ, આયુ આદિનો ક્ષય થતો જાય છે, તેથી તેનું નામ અવસર્પિણી રાખવામાં આવ્યું છે. તેના પૃથક્ પૃથક્ છ ભેદ છે. અવસર્પિણીનો પહેલો કાળ સુખમા-સુખમા છે અને તે ચાર ક્રોડાક્રોડી સાગરનો છે. તેની પ્રારંભ અવસ્થમાં જ આર્યપુરુષનો ઉદય થાય છે. તે સૂર્ય સમાન પરમ તેજસ્વી અને સુવર્ણ સમાન વર્ણવાળા હોય છે. તેમનું આયુષ્ય ત્રણ પલ્યનું અને શરીરની ઊંચાઈ ત્રીસ કોસની હોય છે. ત્રણ દિવસ વ્યતીત થતા તેમનો અલૌકિક આહાર **બોરના ફળ** સમાન હોય છે. તેમને નિહાર અર્થાત્ મળ-મૂત્રની બાધા હોતી જ નથી. તેમની આવશ્યકતાની પૂર્તિ દસ પ્રકારના કલ્પવૃક્ષ દ્વારા થયા કરે છે. મધ્યાંગ, તૂર્યાંગ, વિભૂષાંગ, માલાંગ, જ્યોતિરાંગ, વીણાંગ, ગૃહાંગ, ભોજનાંગ, વસ્ત્રાંગ અને ભાજનાંગ—આ કલ્પવૃક્ષની દસ જાતિઓ હોય છે. આ બધા વૃક્ષ ઉત્તમ પાત્રદાનના પ્રભાવ અને ફળથી પુણ્ય-પરાયણ પુરુષોની આંતરિક અને બાહ્ય અભિલાષાઓને સદાય પૂર્ણ કરવા માટે કટિબદ્ધ રહે છે અને સુખ સંપદાઓ પ્રદાન કરી તેમને આનંદિત રાખે છે. શ્રેષ્ઠ જીવ પુરુષ અને સ્ત્રીના રૂપમાં યુગલ-જોડી ઉત્પન્ન થઈને ચિરકાળ સુધી સુખ ભોગવીને ઉત્તમ પરિણામના પ્રભાવથી સ્વર્ગમાં જન્મ ગ્રહણ કરે છે. આ કાળમાં 'ભૂમિકા' નામની ઉત્તમ ભોગભૂમિ છે કે જે સંપૂર્ણ સુખ દેવાવાળી છે. ત્યાં ક્રૂર સ્વભાવવાળા પંચેન્દ્રિય તથા બે ઈન્દ્રિયવાળા વિકલત્રય આદિ હોતા નથી. ત્યારબાદ સુખમા નામના બીજા કાળનો આરંભ થાય છે. તેનો સમય ત્રણ ક્રોડાક્રોડી સાગરનો હોય છે. આ સમયમાં મધ્યમ ભોગભૂમિની રચના થાય છે અને મનુષ્યોનું આયુષ્ય બે પલ્યનું હોય છે. તેમનું શરીર બે કોસ ઊંચું હોય છે તથા આકૃતિ અને વર્ણ પૂર્ણચંદ્ર સમાન આકર્ષક હોય છે. આ લોકો બે દિવસના અંતરમાં બહેડાના ફળ સમાન અનુપમ આહાર આત્મતૃપ્તિ માટે ગ્રહણ કરે છે. તેમની સુખ સામગ્રી મધ્યમ ભોગભૂમિ સમાન જ રહે છે.

ત્યારબાદ ત્રીજો સુખમા-દુઃખમા નામનો કાળ શરૂ થાય છે. તેનો સમય બે ક્રોડાક્રોડી સાગરનો છે. તેમાં જઘન્ય ભોગભૂમિની રચના હોય છે. મનુષ્યનું આયુષ્ય એક પલ્ય, શરીરની ઊંચાઈ એક કોસ અને આભા પ્રિયંગુ વૃક્ષ સમાન હોય છે. આ લોકોનો આહારકાળ એક દિવસના અંતરમાં આમળા સમાન હોય છે. તેમને પણ કલ્પવૃક્ષોથી વિવિધ સુખ સામગ્રી પ્રાપ્ત થતી રહે છે. ત્યારબાદ દુઃખમા-સુખમા કાળનું પ્રવર્તન થાય છે અને કર્મભૂમિની શરૂઆત થાય છે. આ કાળમાં શલાકા અર્થાત્ પદવી ધારણ કરવાવાળા પુરુષોની ઉત્પત્તિ થાય છે. તેનો સમય એક ક્રોડાક્રોડી સાગરમાં બેતાલીસ હજાર વર્ષ ઓછો હોય છે. મનુષ્યોનું આયુષ્ય એક કરોડ વર્ષ પૂર્વ છે, શરીરની ઊંચાઈ પાંચસો ધનુષની છે તથા દેહવર્ણ પાંચ પ્રકારનો હોય છે. તેઓ દિવસમાં એકવાર શ્રેષ્ઠ ભોજન ગ્રહણ કરે છે. ત્રેસઠ શલાકાપુરુષો આવા જ સમયમાં ઉત્પન્ન થાય છે.

ત્રૈલોક્યાધિપતિ ચક્રવર્તી અને દેવરાજ ઈન્દ્ર સ્વયં જેમને નતમસ્તક થઈને નમસ્કાર કર્યા કરે છે તે ચોવીસ તીર્થંકરોના નામ છે—ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અરહ, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ અને મહાવીર. આ ચોવીસ તીર્થંકર ધર્મના પ્રવર્તક છે અને સંસારના સ્વામી છે. બાર ચક્રવર્તી છે કે જેમના નામ—ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિનાથ, કુંથુનાથ, અરહનાથ, સુભૂમ, મહાપદ્મ, હરિષેણ, જયકુમાર અને બ્રહ્મદત્ત છે. નવ બળભદ્ર હોય છે કે જેમના નામ—વિજય, અચલ, ધર્મ, સુપ્રભ, સુદર્શન, નંદી, નંદીમિત્ર, પદ્મ(–રામ) અને બળદેવ છે. નવ નારાયણ છે કે જેમના નામ—ત્રિપૃષ્ઠ(–મહાવીરસ્વામીનો પૂર્વનો એક ભવ), દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુંડરિક, દત્ત, લક્ષ્મણ અને શ્રીકૃષ્ણ છે. આ બધા નારાયણ ત્રણ ખંડના સ્વામી, ધીર, વીર અને સ્વભાવતઃ રૌદ્ર પરિણામી હોય છે. આ ઉપર્યુક્ત નવ નારાયણના પ્રતિનારાયણ—અશ્વગ્રીવ, તારક, મેરક, નિશુંભ, કૈટિભારિ, મધુસૂદન, બલિહંતા, દશાનન(–રાવણ) અને જરાસંઘ છે. આ બધા પણ નારાયણ સમાન વૈભવશાળી અર્ધચક્રી થઈને નિયમથી નારાયણના શત્રુ હોય છે. આ બધાને જ ત્રેસઠ શલાકા પુરુષ કહેવામાં આવે છે. આ પૂજનીય મહાત્માઓની વંદના મનુષ્ય, દેવ, વિદ્યાધર

આદિ બધા પ્રાણીઓ કર્યા કરે છે. પૂર્વવર્તી જિનેન્દ્ર પ્રભુએ તેમના જન્મવૃત્તાંતથી લઈને અંતકાળ સુધીના બધાના પૃથક્ પૃથક્ પુરાણ મોક્ષપ્રાપ્તિના નિમિત્તથી વિસ્તારપૂર્વક કહ્યા. તે પુરાણોમાં તેમની સંપત્તિ, આયુ, બળ, વૈભવ અને સુખનું વિસ્તૃત વર્ણન છે. ગણધરદેવ તથા અન્યાન્ય ઉપસ્થિત ભવ્ય સમૂહને મહાવીરપ્રભુએ આ બધો ઉપદેશ આપ્યો.

ત્યાં ઉપસ્થિત રાજકન્યાઓ તથા અન્ય સુશીલ સ્ત્રીઓ પણ ઉપદેશથી પ્રભાવિત થઈ અભિષ્ટ સિદ્ધિ માટે પ્રસન્નતાપૂર્વક તે જ સમયે આર્યિકા થઈ ગઈ, કેટલાય શુભ પરિણામી સ્ત્રી પુરુષોએ શ્રી જિનેન્દ્રદેવના ઉપદેશ પ્રમાણે શ્રાવકના વ્રત ગ્રહણ કરી લીધા; સિંહ, સર્પ આદિ હિંસક પશુએ પણ એ ઉપદેશામૃતના પ્રભાવથી પોતપોતાના હિંસક સ્વભાવનો ત્યાગ કરીને શ્રાવકોના વ્રત સ્વીકાર કર્યા. ચારેય જાતિના દેવ-દેવીઓ તથા મનુષ્ય અને પશુઓએ પ્રભુના વચનામૃતને ધારણ કરીને પોતાના મિથ્યાત્વરૂપી હલાહલને દૂર કરી દીધું તથા મોક્ષ પ્રાપ્તિ માટે સૌભાગ્યવશ પ્રાપ્ત સમ્યગ્દર્શનરૂપી બહુમૂલ્ય રત્નહારને પોતાના હૃદયમાં સુખપૂર્વક ધારણ કર્યો. જે કોઈ વ્રત આદિના પાલનમાં અસમર્થ હતા તેઓ આત્મકલ્યાણની ભાવનાથી દાન, પૂજા અને જિનેન્દ્ર પ્રતિષ્ઠા આદિનું આચરણ કરવા લાગ્યા. જે લોકોએ ભક્તિવશ તપ અને વ્રત ઈત્યાદિ ગ્રહણ કરી લીધું પરંતુ અંતમાં આતપન આદિ કઠિન કાર્ય ન કરી શક્યા તેઓ મન-વચન-કાયની શુદ્ધિમાં પ્રવૃત્ત થઈને કર્મરૂપી શત્રુના નાશ-કાર્યમાં પ્રવૃત્ત થઈ ગયા

✿ અહો! વિવેક-શૂન્ય મૂઢ આત્મા સર્વ ઈન્દ્રિય-વિષયોથી તપ્તાયમાન થયો થકો એટલો બધો તીવ્ર તૃષાતુર થયો છે કે મનોવાંછિત વસ્તુ નહીં મળતાં તેને જ મેળવવાની કામનામાં અનેક પાપરૂપ ઉપાય કરી કરી અત્યંત વ્યાકુળ થઈ રહ્યો છે. **—બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૨**

# અધ્યાય ઓગણીસમો

**જ્ઞાન-જ્યોત સે મોહ કો, દૂર કરેં જો નાથ;**
**ભવ્ય-કમલ વિકસિત કરેં, કર કે મુજે સનાથ.**

ધર્મોપદેશ પછી જ્યારે દિવ્યવાણીને વિરામ મળ્યો અને જીવોનો કોલાહલ શાંત થઈ ગયો ત્યારે ગુણવાન તથા બુદ્ધિમાન સૌધર્મ ઈન્દ્ર શ્રદ્ધા-ભક્તિપૂર્વક પોતાના અભિષ્ટની પ્રાપ્તિની ઈચ્છાથી મહાવીર પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. ભગવાન મહાવીરસ્વામી ત્રણેય લોકના ભવ્યજીવોની મધ્યમાં બિરાજમાન હતા અને ઈન્દ્રએ પોતાની રાણીઓની ઉપકાર-સાધનાની ઈચ્છાથી અને અન્યત્ર ધર્મોપદેશ કરવાની પ્રેરણા કરતાં જગદ્વંદ્ય મહાવીર પ્રભુની સ્તુતિ કરવાનું શરૂ કર્યું. 'હે દેવ! હું મારી મન-વચન-કાયની શુદ્ધિ માટે સ્તુતિ કરી રહ્યો છું. આપ અનંતગુણોના સાગર છો તથા ત્રણેય લોકના સ્વામીઓ દ્વારા પરમપૂજ્ય માનવામાં આવ્યા છો. બધા જ આપની સેવા તથા સ્તુતિ કરવામાં પોતાનું સૌભાગ્ય સમજે છે. આપની સ્તુતિ કરવાથી જ ભવ્યજીવોના ઘોર પાપ-મેલ દૂર થઈ જાય છે અને મનની વિશુદ્ધિ થઈ જતા સંસારની સંપૂર્ણ સુખ-સંપદાઓ પ્રાપ્ત થઈ જાય છે, પછી એવું કોણ છે કે જે અભ્યુત્થાન ઈચ્છતા છતાં પણ આપની સેવા-સ્તુતિ ન કરે? જે વિશિષ્ટ ફળ પ્રાપ્ત કરવાના ઈચ્છુક છે તે બધા આપની સ્તુતિ કરવા માટે સદાય તત્પર રહે છે. સ્તુતિના ચાર અંગ છે— (૧) સ્તુતિ, (૨) સ્તોતા, (૩) સ્તુત્ય તથા (૪) ફળ. જે વાણી દ્વારા ગુણસાગર શ્રી અરિહંતદેવના વાસ્તવિક ગુણોની પ્રશંસા કરવામાં આવે તેને 'સ્તુતિ' કહે છે તથા વિચારવાન પુરુષોને 'સ્તોતા' કહે છે. જે અનંતદર્શન, અનંતજ્ઞાન ઈત્યાદિ વિવિધ ઉત્તમોત્તમ ગુણોથી યુક્ત છે, વીતરાગી અને ત્રૈલોક્યનાથ છે, તે શ્રી જિનેન્દ્રદેવ જ બધા ભવ્યપુરુષો દ્વારા પરમ 'સ્તુત્ય' માનવામાં આવ્યા છે. પ્રભુની સ્તુતિ કરવાથી સાક્ષાત્

ફળ તો પરમપુણ્યની પ્રાપ્તિ છે, પરંતુ અંતમાં સંપૂર્ણ ગુણોની પણ પ્રાપ્તિ થઈ જાય છે કે જે પ્રભુમાં વિદ્યમાન છે. હું સંપૂર્ણ સામગ્રીઓને પામીને આપની સ્તુતિમાં પ્રવૃત્ત થયો છું. આપ પોતાની કલ્યાણમયી પ્રસન્નદષ્ટિથી અમને પવિત્ર કરવાની કૃપા કરો.

હે પ્રભુ! આજે આપના વચનરૂપી કિરણોએ ભવ્યોના આંતરિક મિથ્યાત્વરૂપી એ મહા અંધકારને પણ દૂર કરી દીધો કે જેને સૂર્યના કિરણો પણ અડી શકતા ન હતા. હે નાથ! જ્યારે આપે વચનરૂપી તીવ્ર ખડ્ગ દ્વારા મોહરૂપી મહાશત્રુને માર્યો ત્યારે તે મોહરાજા ભાગી ગયો અને જડ મન અને ઈન્દ્રિયોના આશ્રયમાં છુપાઈ ગયો. હે દેવ! જ્યારથી આપના વચનરૂપી વજ્ર કામદેવ પર પડ્યા ત્યારથી અન્ય ઈન્દ્રિયરૂપી ચોરની સાથે તે પણ મરણાસન્ન અવસ્થામાં પડ્યો છે. હે ઈશ! જ્યારે આપના કેવળજ્ઞાનરૂપી પૂર્ણ ચંદ્રમાનો ઉદય થયો ત્યારે ધર્મરૂપી સમુદ્ર વધી ગયો. આ ધર્મસાગરમાં સમ્યગદર્શન આદિ મહારત્ન ભરેલા છે તથા યત્નશીલ બુદ્ધિમાન પુરુષોને તે પ્રાપ્ત થાય છે. હે ભગવન્! સંપૂર્ણ ભવ્યજીવોને સંતાપ દઈને દુઃખી કરવાવાળા પાપરૂપી મહાશત્રુ આજે આપના ધર્મોપદેશરૂપી અસ્ત્રથી નષ્ટ થઈ ગયા. કેટલાય ભવ્યજીવો આપના દર્શન અને ચારિત્ર ઈત્યાદિ પરમોત્તમ વિભૂતિઓને પ્રાપ્ત કરી અક્ષયસુખની પ્રાપ્તિ માટે ઉત્તમ માર્ગ પર અગ્રસર થઈ રહ્યા છે, કેટલાય આપથી રત્નત્રય અને તપરૂપી બાણોને પ્રાપ્ત કરી કર્મશત્રુને મારવા માટે કટિબદ્ધ છે. મોક્ષપ્રાપ્તિની અત્યંત ઉત્કટ કામનાથી ઉગ્ર પુરુષાર્થ કરવામાં પ્રવૃત્ત છે હે નાથ! આપ નિત્યપ્રતિ ત્રૈલોક્યના ભવ્યોને સમ્યગ્દર્શન, જ્ઞાન તથા ચારિત્રધર્મરૂપી બહુમૂલ્ય તથા અત્યંત ઉત્તમ રત્ન પ્રદાન કરવાવાળા છો. આ રત્નો દ્વારા બધી જ સુખ-સંપત્તિ અને સર્વશ્રેષ્ઠ પદાર્થ પ્રાપ્ત થઈ જાય છે. તેથી હે દેવ! આપ સમાન કોઈ પણ આ સંસારમાં ન તો ધનવાન છે અને ન કોઈ એવો મહાદાની છે.

આ સમસ્ત સંસાર મોહનિદ્રામાં એકદમ બેસુધ થઈને પડ્યો હતો, પરંતુ આજે આપના વચનરૂપી વાદ્યના ગંભીર નાદથી જાગૃત થઈ ગયા છે. આપના અનુગ્રહથી કેટલાય ભવ્યજીવ સર્વાર્થસિદ્ધિ અને મોક્ષને પ્રાપ્ત થશે. આપના આ ઉપદેશામૃતને સાંભળીને દેવ, મનુષ્ય અને પશુ પોતપોતાના કર્મસમૂહને એકદમ નષ્ટ કરી દેવા

માટે પ્રવૃત્ત થયા છે તથા આપના વિહારના કારણે આર્યખંડનિવાસી શેષ જ્ઞાનવાન ભવ્યજીવ પણ સંપૂર્ણ તાત્ત્વિક રહસ્યોને જાણીને પાપકાર્યોના નાશમાં પ્રવૃત્ત થશે.

હે પ્રભુ! આપના પુનિત વિહારને કારણે અનેક ભવ્યજીવો તપરૂપી ખડગ દ્વારા સાંસારિક સ્થિતિને છિન્ન-ભિન્ન કરીને સુખસમુદ્ર અર્થાત્ મોક્ષને પ્રાપ્ત થશે. અનેક યોગીઓ આપના ઉત્તમ ધર્મોપદેશથી ચારિત્ર્યપાલનમાં તત્પર થઈને અહમિન્દ્ર પદ પ્રાપ્ત કરી લેવામાં સમર્થ થશે તથા કેટલાય સોળમાં સ્વર્ગમાં જશે. હે ભગવાન! સંસારના કેટલાય મોહી તથા પાપ-પરાયણ જીવ આપના ઉપદેશથી ઉત્તમ પથ પર આરૂઢ થઈ જશે તથા મોહરૂપી શત્રુનો નાશ કરવામાં પ્રવૃત્ત થશે. ભવ્યજીવોને મોક્ષના પરમ રમણીક દ્વીપમાં લઈ જવાવાળા ચતુર વ્યવસાયી આપ જ છો, ઈન્દ્રિય-કષાયરૂપી ચોરોને પકડીને તેને નષ્ટ કરવાવાળા મહા બળવાન યોદ્ધા આપ જ છો. હે પ્રભો! આપ ભવ્યજીવો પર અનુગ્રહ કરીને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ માટે ધર્મ-સાધક વિહાર-કાર્યનો પ્રારંભ કરો કે જે ભવ્યજીવરૂપી ધાન્ય, મિથ્યાત્વરૂપી દુષ્કાળના કારણે એકદમ સુકાઈ ગયા છે તેને ધર્મરૂપી અમૃતજળના સિંચન દ્વારા આપ ફરી હર્યાભર્યા કરી દો. જગતને દુઃખ દેવાવાળા અને દુર્જેય મોહરૂપી શત્રુને મારવા માટે સ્વર્ગ-મોક્ષદાયક આપના ધર્મોપદેશરૂપી બાણ પ્રાપ્ત થશે ત્યારે સમસ્ત પુણ્યાત્મા જીવોને નિશ્ચયથી સફળતા પ્રાપ્ત થશે, મિથ્યાજ્ઞાનરૂપી મહા અંધકારને નષ્ટ કરવાવાળા આ ઉત્તમ ધર્મચક્ર પણ સ્વયમેવ પ્રગટ છે. આ ધર્મચક્રને દેવોએ ચારે તરફથી ઘેરી રાખ્યું છે. તે આપના ગૌરવપૂર્ણ વિજયનું પરિચાયક છે, મિથ્યામાર્ગને દૂર કરી સત્યમાર્ગના પ્રતિપાદન માટે કાળ પણ આપની સન્મુખ ઉપસ્થિત છે. હું આથી વધારે શું કહું? બસ, આટલું જ કહેવું પર્યાપ્ત થશે કે હવે આપ યથાશીઘ્ર વિહાર કરીને આર્યખંડનિવાસી ભવ્યજીવોનું કલ્યાણ કરો તથા તેમને પવિત્ર કરો. મિથ્યામાર્ગરૂપી મહાન અંધકારને દૂર કરીને સ્વર્ગ અને મોક્ષનો સ્વાભાવિક પ્રશસ્ત માર્ગ દેખાડવાવાળા આપથી અન્ય કોઈ નથી. ભવ્યોનો ઉપકાર કરવાવાળા એકમાત્ર આપ જ છો. તેથી, હે સ્વામિ! આપને ફરી ફરી નમસ્કાર છે. આપ ગુણોના રત્નાકર છો. અનંત જ્ઞાન-અનંત દર્શન અને અનંત સુખશાળી આપ છો. આપ અનંત બળ સ્વરૂપ છો, દિવ્યમૂર્તિ છો, મહાલક્ષ્મીથી વિભૂષિત છો તથા વિરક્ત છો, તેથી આપને વારંવાર નમસ્કાર છે.

જોકે આપ અસંખ્ય દેવીઓથી ઘેરાયેલા છો તથાપિ પૂર્ણ બ્રહ્મચારી છો. આપ ઉદયપ્રાપ્ત જ્ઞાનસૂર્ય છો, મોહશત્રુ–નાશક છો, તેથી આપને નમસ્કાર કરુ છું. શાંતરૂપથી જ કર્મશત્રુને પરાસ્ત કરવાવાળા સંપૂર્ણ જગતના સ્વામી અને મુક્તિરૂપી સુંદર સ્ત્રીના પ્રિયતમ પતિ આપ છો, તેથી આપને ફરી ફરી નમસ્કાર છે. હે દેવ! હે સન્મતિનાથ! હે મહાવીરપ્રભુ! હું મારી અભિષ્ટ સિદ્ધિ માટે નતમસ્તક થઈને આપને કોટિશઃ પ્રણામ કરું છું. હે સ્વામિ! અમને હવે કોઈ પણ અન્ય વસ્તુની અભિલાષા નથી; બસ, જન્મ-જન્માંતરમાં આપની ઉત્તમ ભક્તિની કામના છે, તે જ આપ અમને સ્તુતિ-ભક્તિ-સેવા અને નમસ્કારના ફળ સ્વરૂપે પ્રદાન કરવાનો અનુગ્રહ કરો. ત્રણે લોકમાં સર્વોત્તમ સુખ અને મનોકામના પૂર્ણ કરવાવાળા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય એ જ, આપના ચરણારવિંદની ભક્તિ વડે, હું પ્રાપ્ત કરવા ઈચ્છું છું.

જોકે જગદ્ગુરુ શ્રી મહાવીર તીર્થંકર સંસારના સમુદ્બોધનમાં રત હતા છતાંપણ પૂર્વોક્ત પ્રકારે ઈન્દ્ર દ્વારા સ્તુતિ કરવામાં આવતા તેમણે બધા ભવ્યજીવોને મિથ્યામાર્ગથી દૂર કરીને નિર્ભ્રાંત મોક્ષમાર્ગ પર લાવવા માટે વિહાર કર્યો. જ્યારે પ્રભુ વિહાર માટે ઉદ્યત થયા ત્યારે બાર પ્રકારના જીવ સમૂહોએ તેમને ઘેરી રાખ્યા હતા, દેવલોકો ચમર ઢાળીને સેવા કરી રહ્યા હતા, શિર પર ત્રણ પરમોત્તમ છત્ર શોભાયમાન થઈ રહ્યા હતા અને તેમની પાસે અતુલ વિભૂતિ એકત્રિત હતી. કરોડો વાજિંત્રોની ધ્વનિ સાથે પ્રભુએ વિહાર કરવાનો શરૂ કર્યો. અનેક ધ્વજાઓ અને છત્રો ઈત્યાદિથી જાણે કે આકાશમંડળ ઢંકાઈ ગયું હોય. દેવવૃંદ ચારે તરફથી જયધ્વનિ કરવા લાગ્યા. હે ઈશ! આપ સંપૂર્ણ ભવ્યજીવોના મહાશત્રુ મોહને જીતીને જયવંત કહેવાયા. હે પ્રભો! આપની વૃદ્ધિ હો તથા આનંદને પ્રાપ્ત કરો. ત્યારબાદ પ્રભુ વિહાર કરવા લાગ્યા અને બધા જ સુર-અસુર આદિની મધ્યમાં તેજસ્વી સૂર્ય સમાન શોભાયમાન થયા. પ્રભુના વિહારસ્થાનથી લઈને સો યોજન સુધી સંપૂર્ણ દિશાઓમાં પૂર્ણતઃ સુકાળ હતો, સાતે પ્રકારની આપદાઓ ભવ્યજીવોને ક્યાંય દૃષ્ટિગોચર થતી ન હતી. અર્હતપ્રભુ અનેક દેશ, પર્વત, નગર અને નદી ઈત્યાદિ પાર કરતાં આકાશમાર્ગથી જ આગળ વધવા લાગ્યા. પ્રભુના શાંત પરિણામના પ્રભાવથી હરણ આદિ અન્ય જીવોને દુષ્ટ સિંહ આદિ હિંસક પશુઓનો કાંઈ પણ ભય ન હતો. પ્રભુ નોકર્મ વર્ગણાના આહારથી પુષ્ટ હતા, સુખી અને વિરક્ત હતા. કર્મોનો નાશ થઈ જવાના કારણે

કવલાહાર બંધ થઈ ગયો હતો. અનંત ચતુષ્ટયની સાથે ઈન્દ્ર આદિ પ્રભુને ઘેરીને બેઠા હતા. પ્રભુને અશાતાકર્મનો ઉદય અત્યંત મંદ હતો તેથી મનુષ્યો દ્વારા કરવામાં આવેલ ઉપસર્ગનો એકદમ અભાવ હતો.

ત્રિજગત્ગુરુ મહાવીરપ્રભુને અતિશયના કારણે ચારેય દિશામાં ચાર મુખ હતા, તેથી બધાને પોતાની સન્મુખ જણાતા હતા. બધા જીવ અત્યંત નિકટ હતા અને તેમને કોઈ પણ પ્રકારનો કોઈ ભય ન હતો. ઘાતિયાકર્મનો નાશ થઈ ગયા બાદ પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેઓ સંપૂર્ણ વિદ્યાઓના સ્વામી હતા અને તેમના નેત્ર પણ તેજસ્વી હતા. પ્રભુના દિવ્ય શરીરનો પડછાયો ન હતો, આંખની પલક ઝપકતી ન હતી તથા નખ અને કેશની ક્યારે પણ વૃદ્ધિ થતી ન હતી. ઘાતિયાકર્મરૂપી શત્રુનો નાશ થઈ જતા તે પ્રભુને દશ દિવ્ય અતિશય સ્વતઃ પ્રગટ થઈ ગયા. બધા અંગોથી અર્થસ્વરૂપ ૐ ધ્વનિ નીકળી. આ જ પ્રભુની દિવ્ય ભાષા હતી, તે બધા લોકોને આનંદદાયી, સમગ્ર સંદેહ મટાડવાવાળી, બંને પ્રકારના ધર્મને અને સંપૂર્ણ પદાર્થને કહેવાવાળી હતી.

તે સદ્ગુરુના પરમ વિસ્મય ઉત્પાદક પ્રભાવથી સ્વભાવતઃ જાતિવિરોધી સર્પ અને નોળિયો આદિ જીવ પરસ્પરનો વૈર-ભાવ ભૂલીને પરમ મિત્રની જેમ એક જ સ્થાન પર રહેવા લાગ્યા અને બધા વૃક્ષોમાં એકસાથે સંપૂર્ણ ઋતુઓના ફળ-ફૂલ થવા લાગ્યા. તેઓ આ વિચિત્ર પરિવર્તનથી પ્રભુના પરમોત્તમ દિવ્ય તપના પ્રભાવને જ વ્યક્ત કરી રહ્યા હતા. ધર્મના સમ્રાટ પ્રભુનો જ્યાં મંડપ થતો હતો ત્યાં પૃથ્વી ચારે તરફથી દર્પણ સમાન પારદર્શી અને પ્રભાપૂર્ણ જણાતી હતી. જ્યારે પ્રભુ જગતના જીવોને ઉદ્બોધિત કરવા માટે વિહાર કરતા હતા ત્યારે બધાને સુખ પહોંચાડીને સેવા કરવાની ઈચ્છાથી વાયુ શીતળ, મંદ અને સુગંધયુક્ત થઈને વહેવા લાગતો હતો. અતુલ આનંદ દેવાવાળી પ્રભુના જયજયકારની ધ્વનિથી તે મુખરિત હતું અને શોક-સંતપ્ત જીવોને તે સાંભળીને અપાર આનંદ પ્રાપ્ત થતો હતો.

પ્રભુના સભામંડપ આગળ ચાર કોસ સુધીની પૃથ્વીને વાયુકુમાર દેવ સ્વચ્છ અને તૃણ-કંટક આદિથી રહિત કરી દેતા હતા. આ રીતે સ્તનિત કુમાર દેવ વિજળીના કડાકા સાથે અત્યંત સુગંધિત જળની વર્ષા

ચારે તરફ કરતા હતા. દેવવૃંદ પ્રભુના પગ રાખવાના સ્થાન પર રત્નથી જડેલા દૈદીપ્યમાન સુવર્ણથી બનાવેલા પીળી કળીઓથી સાત સાત કમળ બનાવી દેતા હતા. પ્રભુના પાદપદ્મ તે સ્વર્ણકમળ ઉપર જ પડતા હતા. બધાને તૃપ્ત કરવાવાળા શાલિ આદિ અન્ન, વનસ્પતિ, ધાન્ય આદિ અધિકમાત્રામાં અને પુષ્ટકણોથી પરિપૂર્ણ થઈને એકદમ નમી જતા હતા તથા અન્યાન્યવૃક્ષ પણ સંપૂર્ણ ઋતુઓના ફળથી યુક્ત થઈને વિનયવંત પુરુષ સમાન નીચે નમી જતા હતા તથા તેની શોભા વધતી જતી હતી.

જેવી રીતે સંપૂર્ણ પાપ દૂર થઈ જતા હૃદય નિર્મળ થઈ જાય છે તેવી જ રીતે જ્યાં પ્રભુનો સભામંડપ હતો ત્યાં બધી દિશાઓ આકાશ સમાન એકદમ સ્વચ્છ થઈ જતી હતી જાણે કે તેના પણ પાપ ધોવાઈ ગયા હોય! ઈન્દ્રની આજ્ઞાથી ચારે જાતિના દેવ પ્રભુની યાત્રામાં સમ્મિલિત થવા માટે પરસ્પર એકબીજાને બોલાવ્યા કરતા હતા. તે મહામહિમાશાળી પ્રભુની આગળ આગળ પ્રભાપૂર્ણ રત્નોથી સુશોભિત હજારો આરાઓવાળું ધર્મચક્ર ચાલતું હતું. તે પોતાની પ્રખર જ્યોતિથી તિમિર અંધકારના હૃદયને વિદિર્ણ કરતું આગળ વધી રહ્યું હતું અને દેવમંડળી એને ઘેરેલી હતી. દર્પણ આદિ આઠ મંગળદ્રવ્યને દેવ પોતાની સાથે લઈને ચાલતા હતા. આ બધા ચૌદ અપૂર્વ અતિશય દેવોએ ભક્તિવશ પ્રગટ કર્યા. દિવ્ય ચૌત્રીસ અતિશય, આઠ પ્રાતિહાર્ય, ચાર અનંત ચતુષ્ટય અને અન્ય અપરિમેય ઉત્તમોત્તમ ગુણોથી સંયુક્ત પ્રભુ અનેકાનેક દેશ, વન, પર્વત, નગર અને ગામમાં વિહાર કરતાં થકા પ્રસિદ્ધ રાજગૃહીની બહાર વિપુલાચલ પર્વત ઉપર જઈ પહોંચ્યા. તે અરિહંત મહાવીરપ્રભુ ધર્મોપદેશરૂપી અમૃતથી અનેકાનેક ભવ્યજીવોને સંતુષ્ટ કરવાવાળા હતા. વસ્તુસ્વરૂપનું વાસ્તવિક રહસ્ય કહીને મોક્ષના પરિસ્કૃત પદ ઉપર લઈ જવાવાળા હતા, મિથ્યાજ્ઞાનરૂપી અત્યંત ઘોર અંધકારથી આચ્છન્ન, ભયોત્પાદક માર્ગને પોતાના વચનરૂપી પ્રકાશથી તેજમય કરવાવાળા હતા, રત્નત્રયસ્વરૂપ મોક્ષના માર્ગને પ્રગટ કરવાવાળા અને કલ્પવૃક્ષની જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અને દીક્ષારૂપી આકાંક્ષિત ચિંતામણિરત્નના તેઓ દાતા હતા તથા સંપૂર્ણ સંઘ અને દેવવૃંદથી ઘેરાયેલા હતા.

ત્યારબાદ રાજગૃહી નગરીના અધિપતિ મહારાજ શ્રેણિકે વનમાળીના મુખથી પ્રભુના શુભાગમના સમાચાર

સાંભળ્યા ત્યારે તે ભક્તિથી વશીભૂત થઈને શીઘ્ર જ સ્ત્રી, પુત્ર, બંધુ, બાંધવ અને વિપુલ સંપદાને પોતાની સાથે લઈને પ્રસન્નતાપૂર્વક તે વિપુલાચલ પર્વત ઉપર જઈ પહોંચ્યા કે જ્યાં પ્રભુ પધાર્યા હતા. ત્યાં જઈને તેણે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દીધી તથા મન-વચન-કાયથી પવિત્ર થઈને શ્રદ્ધાપૂર્વક પ્રણામ કર્યા તથા જળ આદિ અષ્ટદ્રવ્યોથી જિનેન્દ્રપ્રભુના ચરણારવિંદની પૂજા કરી. તે ભક્તિ-વિહ્વળ થઈને સ્તુતિ કરવા લાગ્યા—'હે નાથ! આજે અમે ધન્ય થયા, અમારું જીવન સફળ થયું, મનુષ્યજન્મ ચરિતાર્થ થયો! જગદ્‌ગુરુને પ્રાપ્ત કરવા તે કેટલા સૌભાગ્યની વાત છે. આપના કોમળ ચરણારવિંદના શુભ દર્શનથી અમારા નેત્ર તથા આપને નમસ્કાર કરવાથી અમારું મસ્તક કૃતાર્થ થઈ ગયું, આપની પૂજા કરવાથી અમારા હાથ, યાત્રા કરવાથી પગ, સ્તુતિ કરવાથી વાણી પવિત્ર અને ધન્ય થઈ ગઈ. આપના અનુપમ, અદ્‌ભુત તથા અલૌકિક ગુણોનું ચિંતવન કરવાથી મન પવિત્ર થઈ ગયું. અમારા પાપરૂપી મહાશત્રુને નષ્ટ કરવા માટે જ સંભવતઃ આપનું અહીં શુભાગમન થયું છે. હે પ્રભો! આપના જેવા વિશાળ જહાજની સામે તો આ ક્ષુદ્ર સંસારરૂપી સાગર એક સાધારણ ખાડા સમાન જણાય છે. હવે હું એકદમ નિર્ભય થઈ ગયો છું.'

આ રીતે ત્રૈલોક્યસ્વામી જિનેન્દ્રપ્રભુની સ્તુતિ અને ગદ્‌ગદ્ ચિત્તથી ફરીફરી તેમને નમસ્કાર કરી તે અત્યંત હર્ષિત થઈને સત્યધર્મનો ઉપદેશ સાંભળવા માટે મનુષ્યોના કોઠામાં જઈને જિજ્ઞાસાથી બેસી ગયા. મહારાજ શ્રેણિકે યતિધર્મ, ગૃહસ્થધર્મ, સંપૂર્ણ તત્ત્વ, તીર્થંકરોના પુરાણ, પુણ્ય-પાપનું પૃથક્-પૃથક્ ફળ, શ્રેષ્ઠધર્મના ક્ષમા આદિ લક્ષણ તથા વ્રતોના વિષયમાં અત્યંત મહત્વપૂર્ણ ઉપદેશ શ્રદ્ધાપૂર્વક જગદ્‌ગુરુના સર્વાંગથી નીકળેલી ગંભીર ધ્વનિમાં સાંભળ્યો. ★ત્યારબાદ તેમણે ભગવાનને હાથ જોડી નમસ્કાર કરીને પૂછ્યું કે હે પ્રભો! આ ગૌતમ સ્વામી કોણ છે? કઈ પર્યાયથી આવીને અહીં જન્મ લીધો છે અને કયા ધર્મથી તેમને લબ્ધિઓ પ્રાપ્ત થઈ છે? હે પ્રભો! કૃપા કરીને એ બધી વાત વિસ્તારથી કહો.

ભગવાન જિનેન્દ્રદેવ સમસ્ત સંસારના મળનું પ્રક્ષાલન કરતાં દિવ્યધ્વનિ દ્વારા કહેવા લાગ્યા કે આ

★ બોધિ-સમાધિ-નિધાન, ભાગ-૧માંથી

ભરતક્ષેત્રમાં અનેક નગરોથી સુશોભિત એક અવંતિ નામનો દેશ છે તેના રાજા મહીચંદ્ર હતા. એક દિવસ આ નગરીના ઉપવનમાં અંગભૂષણ નામના મહામુનિરાજ પધારતાં, મુનિરાજનું આગમન સાંભળી રાજા મહીચંદ્ર પોતાના રણવાસ અને નગરજનોને સાથે લઈને મુનિરાજના દર્શન કરવા ઉપવનમાં ગયા. ઉપવનમાં મુનિરાજના દર્શન, વંદન, પૂજન, સ્તુતિ કરીને, તે મુનિરાજના ધર્મવૃદ્ધિરૂપ આશીર્વાદ પામીને તેમની સમીપ બેસી ગયા. તે વનમાં બહુ જ જનસમુદાય ભેગો થયો હતો, ત્યાં શુદ્રની કુરૂપા ત્રણ કન્યાઓ શીઘ્રતાથી આવીને બેસી ગઈ.

મુનિરાજે પુણ્ય-પાપ-ધર્મ અને તેના ફળનો વિસ્તારથી ઉપદેશ આપ્યો, તે સાંભળી રાજા મહીચંદ્ર ઘણા જ ખુશી થયા. શુદ્રની કન્યાઓ બેઠી હતી તેના ઉપર રાજાની નજર પડી, તે કન્યાઓ દુષ્ટ સ્વભાવી હતી, દીન હતી, તીવ્ર દુઃખોથી દુઃખી હતી, કાળી હતી, દયા રહિત હતી, માતા પિતા ભાઈ બંધુઓથી રહિત હતી. તેને દેખતાં રાજાના નેત્ર પ્રફુલ્લિત થઈ ગયા, મુખ અને મન આનંદિત થઈ ગયા. તેથી રાજાએ તુરત મુનિરાજને પૂછ્યું કે આ શુદ્ર કન્યાઓને દેખતાં મારા હૃદયમાં અત્યંત પ્રેમ કેમ ઉભરાય છે? તેનો ઉત્તર આપતાં મુનિરાજે કહ્યું કે તેની સાથે તારે પૂર્વભવમાં સંબંધ હતો, તે હું કહું છું તું ધ્યાન દઈને સાંભળ!

આ ભરતક્ષેત્રમાં કાશી નામનો બહુ મોટો દેશ છે. તીર્થંકર પરમદેવના પંચકલ્યાણકોથી અનેક પ્રકારની શોભાથી બહુ સુશોભિત છે. આ કાશી દેશમાં બનારસ નામનું એક નગર છે. તેમાં વિશ્વલોચન નામના રાજા રાજ્ય કરતાં હતા. તે રાજાને વિશાલાક્ષી નામની રાણી હતી. તે ઈન્દ્રાણી, રતીદેવી, નાગશ્રી અથવા દેવાંગનાઓ જેવી સુંદર હતી. રાજા વિશ્વલોચનને તે બહુ જ પ્રિય હતી.

એક દિવસ રાણી વિશાલાક્ષી પ્રસન્નતાથી પોતાની ચામરી અને રંગિકા નામની બે દાસીઓ સાથે રાજમહેલના ઝરૂખામાં ઊભી હતી. રાજમાર્ગમાં નાચ, ગાન, આદિથી સુશોભિત એક નાટક ચાલી રહ્યું હતું જે સમસ્ત નગરજનોના મનને મોહિત કરતું હતું. તે નાટકને દેખતાં રાણી વિશાલાક્ષીનું મન ચંચળ થઈ ગયું, રાણી પોતાના હૃદયમાં વિચાર કરવા લાગી કે આ રાજ્યસુખથી મને શું લાભ છે? હું તો એક અપરાધીની

જેમ જેલખાનામાં બંધાઈને પડી છું, સંસારમાં તે જ સ્ત્રીઓ ધન્ય છે કે જેઓ પોતાની ઈચ્છા અનુસાર ચાહે ત્યાં સ્વતંત્રપણે ઘૂમતી ફરે છે. પરંતુ પહેલાં પાપ-કર્મોદયથી મને ઈચ્છાનુસાર હરવા-ફરવાનું સુખ મળ્યું નથી એટલે હવે હું ઈચ્છાનુસાર હરવા-ફરવારૂપ સંસારનું ફળ જલ્દી અને કાયમ માટે ઈચ્છું છું. આ વિષયમાં લજ્જા મારું શું કરશે? આ રીતે રાણી ચિંતા કરવા લાગી અને છલકપટમાં અત્યંત ચતુર એવી પોતાની બે દાસીઓને બોલાવીને કહ્યું કે હે દાસીઓ! ઈચ્છાનુસાર હરવા-ફરવાના સુખથી તો મનુષ્યભવ સફળ થાય છે અને તે કામ-ભોગને આપવાવાળું છે એટલે આપણે અહીંથી જલદી નીકળીને ઈચ્છાનુસાર ફરવું જોઈએ. તેના ઉત્તરમાં દાસીઓ કહેવા લાગી કે તમે આ વિચાર બહુ સારો કર્યો છે. સંસારમાં મનુષ્યજન્મનું ફળ એ જ છે.

ત્યારબાદ કામ-વાસનાથી પીડિત, કામાંધી તથા દુષ્ટ હૃદયવાળી એવી કુલાચાર રહિત અને કુબુદ્ધિને ધારણ કરવાવાળી રાણી પોતાના પાપકર્મોદયથી બે દાસીઓ સાથે ઘરેથી નીકળવાનો ઉપાય કરવા લાગી. જૂઠું બોલવું, દુર્બુદ્ધિ થવું, કુટિલ હૃદય, છળકપટ કરવા અને મૂર્ખતા એ સ્ત્રીઓના સ્વાભાવિક ગુણ છે. આ બધા ગુણો રાણીમાં વિદ્યમાન હોવાથી રાત્રિ પડતાં રૂ ભરીને એક સ્ત્રીનું પૂતળું બનાવ્યું અને તેનો કપડાં તથા દાગીનાથી શ્રુંગાર કર્યો અને આબેહુબ પોતાના રૂપ જેવું બનાવી પલંગ પર સુવડાવી દીધું.

રાણીએ દ્વારપાલ આદિ સેવકોને પણ વસ્ત્રાભૂષણ-ધન આદિ આપીને પોતાના વશમાં કરી લીધા. પછી રાણીએ પૂર્વે કરેલા પાપ-કર્મોદયથી બન્ને દાસીઓને સાથે લઈને કોઈ દેવીની પૂજાના બહાને અડધી રાતે રાજમહલ છોડી દીધો તથા સુન્દર વસ્ત્રાભૂષણ તથા રાજ્યના ચિન્હોંને તજીને ભગવા રંગના કપડા પહેરીને જોગણનું રૂપ ધારણ કર્યું. રાજ્યમાં મળનારું ભોજન તો છૂટી ગયું એટલે ભૂખ શાંત કરવા વૃક્ષના ફળ ખાવા લાગી.

રાજા વિશ્વલોચન રાત્રિના સમયે રાણીના મહેલમાં ગયા. રાણીનો શણગારેલો પલંગ જોઈ ખૂબ ખુશ થયો, પરંતુ રાણીનો આદર-સત્કાર ન જોઈને વિચાર કરવા લાગ્યા કે આજે રાણીને શું થયું છે! તેના શરીરમાં કોઈ રોગ થયો છે કે શું થયું! ચિંતાથી વ્યાકુલ રાજાએ પલંગમાં બેસીને રાણીને સ્પર્શ કર્યો ત્યારે સમજ્યા

કે આ તો રાણીનું પૂતળું છે અને રાણીને કોઈ પાપી હરણ કરી ગયો છે તેમ જાણીને રાજા બેહોશ થઈ જમીન પર પડી ગયા અને સેવકો દ્વારા શીતોપચારથી રાજા હોંશમાં આવતાં રાણીના ગુણ-ગાન કરવા લાગ્યા કે હે ચંદ્રવદની! તું ક્યાં ગઈ? તારી રક્ષા કરવાવાળી બન્ને દાસી ક્યાં ગઈ? આ મહેલમાં કોઈ આવી પણ ન શકે છતાં તને કોઈ ઉપાયથી હરણ કરી ગયા કે પછી કુળ-આચારથી રહિત દુષ્ટ તું પોતે જ નષ્ટ થઈ ગઈ છો? નીચ મનુષ્યોની સંગતથી સજ્જન પણ નષ્ટ થઈ જાય છે. સ્ત્રી જેવી અંદરથી હોય છે એવી બહાર ન દેખાય અને જેવી બહાર દેખાય એવું કાર્ય નથી કરતી. સ્ત્રીઓના ચરિત્રને ભલા કોણ જાણી શક્યું છે? અહા!! સમસ્ત ગુણોનો ધારણ કરવાવાળો અને પ્રજાપાલનમાં ચતુર એવો પુત્ર અને પટરાણીપદ છોડીને કેમ ચાલી ગઈ? આ રીતે રાણીના વિયોગમાં રાજા ઘણા સમય સુધી દુઃખી થઈને મરી ગયો અને મંત્રી આદિએ એના પુત્રને રાજ્ય ગાદીએ બેસાર્યો.

એ રાજાનો જીવ મરીને બહુ ઊંચો હાથી થયો, તેના પુણ્યોદયથી એ વનમાં એક અવધિજ્ઞાની મુનિ પધાર્યા. મુનિએ હાથીને ધર્મોપદેશ આપ્યો. એ સાંભળીને હાથીએ શ્રાવકના વ્રત ધારણ કર્યા અને અંત સમયમાં સમાધિમરણથી મરીને પહેલાં સ્વર્ગમાં દેવ થયો. સ્વર્ગના સુખો ભોગવીને ત્યાંથી ચ્યુત થઈને તું મહીચંદ્ર નામનો ઉત્તમ રાજા થયો છે. પૂર્વભવના સ્નેહથી તને આ કન્યાઓને દેખીને પ્રેમ થયો છે અને આગળ જતાં તારી મુક્તિ થશે.

હે રાજા મહીચંદ્ર! હવે તું આ ત્રણે સ્ત્રીઓની કથા સાંભળ! તે ત્રણે સ્ત્રીઓ પોતાની ઈચ્છાનુસાર ખૂબ જ પ્રસન્નતાથી અનેક દેશોમાં ભ્રમણ કરવા લાગી. આ ત્રણે જોગણ સાથે બીજી ઘણી જોગણ હતી જે સદા ભીખ માંગી માંગી પેટ ભરતી હતી. તે જોગણો હંમેશા પ્રમાદ કરવાવાળી, મદીરા પીતી અને શરીરને પુષ્ટ રાખવા માંસ ખાતી તથા અનેક જીવોથી ભરેલાં તથા મહાપાપ ઉત્પન્ન કરવાવાળા પાંચે ઉદંબર ફળોનું સેવન કરતી. ત્રણે સ્ત્રીઓ કામ-સેવનની ઈચ્છાથી ખુશ થઈને ઉત્તમ અથવા નીચ જે મળે તે પુરુષનું સેવન કરતી તથા લોકો સામે હંમેશા ગીત ગાતી હતી અને વિચિત્ર વાતો કરતી કે અમને જોગ ધારણ કરવામાં ૧૦૦

વર્ષ વીતી ગયા.

એક દિવસ ધર્માચાર્ય નામના મુનિરાજ આહાર માટે ઈર્યાપથ શુદ્ધિથી ગમન કરી રહ્યા હતા. આવા શ્રેષ્ઠ મુનિને જોઈને ત્રણે સ્ત્રીઓ ક્રોધથી લાલ-લાલ આંખો કરીને કહેવા લાગી કે અરે નગ્ન ફરવાવાળા! ઉજ્જયિની નગરીના દયાલુ રાજા પાસે અમે ધન લેવા જતા હતા અને ક્યા પાપના ઉદયથી તું અમારી સામે આવ્યો? તું દુરાચારી છો. તેં તારી લજ્જા વેચ્ચી દીધી છે કે સ્ત્રીઓ સામે પણ તું નગ્ન ફરે છે. હે મુર્ખયોગી! તે અમારું અપશુકન કર્યું છે એટલે હવે અમારા કાર્યની સિદ્ધિ નહીં થાય. અત્યારે તો દિવસ છે પરંતુ આ અપશુકનનું ફળ તને રાત્રે આપીશું. આ પ્રકારે તે સ્ત્રીઓના દુષ્ટ વચન સાંભળીને પણ મુનિરાજે ક્રોધ ન કર્યો. જેવી રીતે પાણીથી ભરેલી પૃથ્વી પર અગ્નિ કાંઈ નથી કરી શકતી એવી રીતે ક્ષમાધારી પુરુષ માટે દુષ્ટ વચન કાંઈ ન કરી શકે. જેવી રીતે કાળમીંઢ પત્થરનો મધ્યભાગ પાણીથી કદી પણ નરમ ન થાય એવી રીતે યોગીઓના નિર્મળ હૃદય ક્રોધાગ્નિથી કદી પણ સળગતા નથી.

ત્યારબાદ તે ત્રણે સ્ત્રીઓ રાત્રિના સમયે મુનિરાજ પાસે ગઈ અને ક્રોધિત થઈને અનેક પ્રકારે ઉપદ્રવ કરવા લાગી. એક આવીને મુનિરાજ પાસે રોવા લાગી, બીજી કામ-વાસનાથી પીડિત મુનિના શરીરને લપેટાઈ ગઈ અને ત્રીજીએ ધુમાડો કરીને મુનિરાજને બહુ દુ:ખ આપ્યું. ત્યારબાદ કામજ્વરથી પીડિત તે ત્રણે સ્ત્રીઓ અનેક પ્રકારના કટાક્ષ કરતી મુનિરાજ સામે નગ્ન થઈને નાચવા લાગી અને પત્થર, લાકડી, મુક્કા, લાત, જૂતા આદિથી ખૂબ માર માર્યો તથા મુનિરાજને બાંધી લીધા. છતાં મુનિરાજ ચલાયમાન ન થયા. શું પ્રલયકાળના વાયુથી મહાન મેરુ પર્વત ચલાયમાન થાય છે? તે સમયે મુનિરાજ પોતાના હૃદયમાં બાર અનુપ્રેક્ષાનું ચિંતવન કરવા લાગ્યા અને અત્યંત દુ:ખ દેવાવાળા તે સ્ત્રીઓના ઉપસર્ગને કાંઈ ન ગણ્યો. સંસારરૂપી સમુદ્રમાં ડૂબેલા પ્રાણીઓને પાર ઉતારવા અનુપ્રેક્ષા જ નાવ સમાન છે.

સવાર થતાં આ ઉપદ્રવોને વ્યર્થ સમજીને તથા રસ્તામાં આવતાં-જતાં લોકોના ડરથી ત્રણે સ્ત્રીઓ ભાગી ગઈ. મુનિરાજ પર ઘોર ઉપસર્ગ કર્યા હતા તે અત્યંત દુ:ખદાયી હતા. તેના પાપકર્મોદયથી ત્રણે સ્ત્રીઓને કોઢ

થઈ ગયો. બધા લોક તેની નિંદા કરવા લાગ્યા. કોઢના રોગથી ત્રણે સ્ત્રીઓ હંમેશા મહા દુ:ખી રહેતી હતી. આયુ સમાપ્ત થતાં રૌદ્રધ્યાન કરતાં મરીને, ત્રણે સ્ત્રીઓ પાંચમી નરકમાં ઉત્પન્ન થઈ અને અસહ્ય એવા નરકનાં મહાન દુ:ખ ભોગવવા લાગી.

નરક આયુ પૂર્ણ થયા પછી ત્રણેએ એક સરખા જ કર્મબંધ કર્યા હતાં તેથી ત્રણે જીવો ક્રમે બિલ્લી, સુઅરી, કુત્તી, મરઘીની યોનિમાં ઉત્પન્ન થઈ. ત્યાં ઘણાં જીવોની હિંસા કરતી, આપસમાં લડતી-ઝગડતી, ઘર-ઘર ફરતી અને મનુષ્યોનો માર ખાતી રહી.

આયુષ્ય પૂર્ણ થતાં ત્રણે મરઘીઓ ખૂબ જ દુ:ખી થઈને મરીને ધર્મસ્થાનોથી સુશોભિત એવા અવંતીદેશની બાજુમાં હલકા લોકોની વસ્તીમાં કોઈ એક કુટુંબના ઘરે કન્યાઓ થઈ. ગર્ભમાં આવતાં જ ધનાદિ નષ્ટ થઈ ગયા. જન્મ થતાં જ માતા મરી ગઈ. ત્રણમાં એક કાણી હતી, એક લંગડી હતી અને એક કાળા રંગની હતી. મુનિઓને ઘોર ઉપસર્ગ કરવાથી હંમેશા દુ:ખી રહ્યા કરતી. તેમના શરીર, અંગ-ઉપાંગ બેડોળે હતાં. રોગની દુર્ગંધથી નગરમાં જતાં જ આખા નગરમાં ખૂબ જ દુર્ગંધ ફેલાઈ જતી. ત્રણે કન્યાઓ ભૂખ-પ્યાસથી તીવ્ર પીડિત હતી. અત્યંત દુરાચાર કરવામાં હંમેશા તૈયાર એવી આ ત્રણે કન્યાઓ વિદેશ પર્યટન માટે નીકળી હતી. રસ્તામાં સદા આપસમાં લડતી ઝગડતી અનેક નગરોમાં ભ્રમણ કરતી, માંગતી-ખાતી, અનુક્રમે આ નગરમાં આવી છે. આ વનમાં મુનિ તથા ઘણાં લોકોને જોઈને ધન માંગવા માટે આવી છે. યદ્યપિ તેમના શરીર ખૂબ જ મલિન છે છતાં પ્રસન્નચિત્ત થઈને મુનિ પાસે આવીને વંદન કર્યા છે. જેવી રીતે વાદળોની ગર્જના સાંભળીને મોર ખુશ થાય છે તેવી રીતે મુનિરાજના મુખથી પોતાનો ભૂતકાળ સાંભળીને ત્રણે કન્યાઓ પશ્ચાતાપ પૂર્વક પ્રસન્ન થાય છે.

ત્યારબાદ સંસારના દુ:ખોથી ભયભીત થઈ ત્રણે કન્યાઓ મુનિરાજને ભક્તિથી નમસ્કાર સ્તુતિ કરીને પ્રાર્થના કરવા લાગી કે હે પ્રભો! હે સ્વામિન્! આ સંસારરૂપ અપાર સમુદ્રમાં ડૂબેલા સમસ્ત દુ:ખી પ્રાણીઓને પાર પહોંચાડવા તમે જહાજ સમાન છો. પહેલાં ભવમાં અમે જે ઘોર પાપ કર્યું છે, કૃપા કરીને તેના નાશનો

કોઈ ઉપાય બતાઓ.

મુનિરાજે તે કન્યાઓના શુભ વચન સાંભળીને તથા તેને નિકટભવી સમજીને મીઠી વાણીથી કહેવા લાગ્યા. હે પુત્રીઓ! તમે લબ્ધિવિધાન વ્રત કરો. આ વ્રત કર્મરૂપી શત્રુઓનો નાશ કરવાવાળો છે અને સંસારરૂપી સમુદ્રથી પાર ઉતારવાવાળો છે.

મુનિરાજના ઉપદેશ અનુસાર શ્રાવકોની મદદથી તે ત્રણે કન્યાઓએ ઉદ્યાપન ક્રિયાની સાથે સાથે લબ્ધિવિધાન વ્રત કર્યું, શ્રાવકોના વ્રત ધારણ કર્યા, શીલવ્રત ધારણ કર્યા અને અંત સમયે સમાધિમરણ ધારણ કરી મૃત્યુ પામી, પાંચમાં સ્વર્ગમાં જઈને સ્ત્રીલિંગ છેદીને પ્રભાવશાળી દેવ થયા અને સ્વર્ગમાં ઉત્તમ પ્રકારના ભોગ ભોગવ્યા.

આ ભરતક્ષેત્રમાં મગધદેશમાં બ્રાહ્મણ નામનું નગર છે તેમાં એક શાંડિલ્ય નામનો ધની ગુણવાન બ્રાહ્મણ હતો તેને સ્થંડિલા નામની રૂપવતી, સૌભાગ્યશાળી સ્ત્રી હતી. સ્વર્ગમાં જે મોટો દેવ હતો (રાણીનો જીવ) તે ચ્યવીને ગૌતમ નામનો પુત્ર થયો અને બીજો દેવ પણ સ્થંડિલાને ગાર્ગ્ય નામનો પુત્ર થયો અને ત્રીજો દેવ તે જ બ્રાહ્મણની બીજી પત્નીના ઉદરમાં ભાર્ગવ નામનો પુત્ર થયો. જેવી રીતે કુન્તીના પુત્ર પાંડવો વચ્ચે પ્રેમ હતો એવી જ રીતે ત્રણે ભાઈઓમાં ખૂબ જ પ્રેમ હતો. ત્રણે ભાઈઓએ બ્રાહ્મણોની બધી ક્રિયા ભણી લીધી હતી. ત્રણેમાં સૌથી મોટો ગૌતમ હતો તે બધા શાસ્ત્રોમાં ખૂબ જ જ્ઞાનવાન હતો. બ્રહ્મશાળામાં ગૌતમ પાંચસો શિષ્યોના ઉપાધ્યાય હતા.

૬૫ દિવસ સુધી દિવ્યધ્વનિ નહીં છૂટતાં, ઈન્દ્ર દ્વારા ગૌતમને સમવસરણમાં લઈ આવ્યા બાદ તેઓને ગણધરપદને પ્રાપ્ત થયું છે અને અમે મોક્ષે ગયા બાદ તેમને કેવળજ્ઞાન પ્રગટશે અને પછી તેઓ મોક્ષલક્ષ્મીને વરશે.

ગૌતમસ્વામીની ભવાવલી સાંભળ્યા બાદ રાજા શ્રેણિકે શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કર્યા અને પૂછ્યું કે 'હે દેવ! દયાપૂર્વક મારા પૂર્વજન્મનું વૃત્તાંત કહો.' આ પ્રકારે મહારાજ શ્રેણિકના પ્રશ્નને સાંભળી શ્રી ગૌતમ

ગણધરે રાજાને કહ્યું કે 'હે બુદ્ધિમાન તું તારા ત્રણ જન્મના પૂર્વ વૃત્તાંતને ધ્યાનથી સાંભળ—

આ વિશાળ જંબૂદ્વીપના વિખ્યાત વિંધ્ય પર્વત પર કુટવ નામના એક ગામમાં ખદિરસાર નામનો એક ભદ્રપરિણામી ભીલ રહેતો હતો. તે ખૂબ જ બુદ્ધિમાન હતો. એક દિવસ પુણ્યના ઉદયથી બધા જીવોના કલ્યાણકાર્યમાં તત્પર સમાધિગુપ્ત નામના મુનિને તેમણે જોયા અને નતમસ્તક થઈને તેમને પ્રણામ કર્યા. મુનિ મહારાજે પણ ધર્મલાભના ઉદ્દેશ્યથી તેને શુભ આશીર્વાદ આપ્યા. ધર્મલાભના આશીર્વાદ સાંભળીને ભીલે પૂછ્યું કે 'હે મહારાજ! ધર્મ શું છે? તેનું કાર્ય અને કારણ શું છે? તેનાથી શું લાભ થાય છે? આ બધી વાતો આપ મને સ્પષ્ટતાથી સમજાવો.' તેના પ્રશ્નને સાંભળીને મુનિરાજે કહ્યું કે હે ભવ્ય! મધ, માંસ અને મદિરાનો સંપૂર્ણપણે ત્યાગ કરવો જ અહિંસારૂપ ધર્મ છે. ધર્મ કરવાથી ઉત્તમ પુણ્યની પ્રાપ્તિ થાય છે તથા પુણ્યથી સ્વર્ગ અને મોક્ષના સુખની પ્રાપ્તિ થાય છે. આ જ ધર્મ કરવાનું ઉત્તમ ફળ છે.' મુનિરાજનો ઉત્તર સાંભળીને ભીલે કહ્યું કે 'હે મહારાજ! હું તો હજી પૂર્ણરૂપથી માંસ-મદિરા આદિનો ત્યાગ કરવામાં એકદમ અસમર્થ છું.' તેની વાત સાંભળીને મુનિરાજે કહ્યું કે 'ઠીક છે, તું પહેલાં એ તો કહે કે તે ક્યારેય કાગડાનું માંસ ખાધું છે કે નહીં?' ભીલે કહ્યું કે 'મેં ક્યારેય કાગડાનું માંસ નથી ખાધુ.' આ સાંભળીને મુનિરાજે કહ્યું કે 'જો આજ સુધી તેં કાગડાનું માંસ નથી ખાધું તો આજથી કાગડાનું માંસ નહીં ખાવાનો એક નિયમ લઈ લે.' નિયમ વિના કોઈ પણ કાર્યમાં સફળતા નથી મળતી, તો પછી પુણ્ય-પ્રાપ્તિની વાતનું તો વિચારવું જ વ્યર્થ છે.'

મુનીશ્વરની વાત સાંભળીને તે ભીલ અત્યંત પ્રસન્ન થયો તથા નિયમ લઈને તેમને પ્રણામ કર્યા અને પછી આજ્ઞા લઈને પોતાના ઘરે ચાલ્યો ગયો. અશુભ પાપોદયથી એક સમયે તેને કોઈ અસાધ્ય રોગ થઈ ગયો તથા વૈદ્યે તેને રોગ દૂર કરવા માટે ઔષધિસ્વરૂપ કાગડાનું માંસ ખાવાનું કહ્યું. ભીલને અત્યારસુધીમાં માંસભક્ષણથી જ અરુચિ તથા ઘૃણા ઉત્પન્ન થઈ ગઈ હતી, વૈદ્યની કહેલી ચિકિત્સા સાંભળી ભીલે પોતાના પરિવારજનોને કહ્યું કે **જે કરોડો જન્મમાં દુર્લભ વ્રતને પોતાના પ્રાણની રક્ષા માટે ત્યાગી દે છે તે મૂર્ખ છે, તેનાથી ધર્માત્મા પુરુષોને કોઈ લાભ પ્રાપ્ત નથી થતો. શરીર તો પ્રત્યેક જન્મમાં મળી જાય છે, પરંતુ શુભ વ્રત-આચરણનો અવસર તો પુણ્યશાળીઓને ક્યારેક ક્યારેક જ પ્રાપ્ત થાય છે. વ્રત ભંગ કરવાની અપેક્ષાએ**

**તો પ્રાણોનો પરિત્યાગ કરી દેવો જ ઉત્તમ છે. આ પ્રકારે શુભ પરિણામોથી પ્રાણ પરિત્યાગ કરવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે તથા વ્રત ભંગ કરવાથી ઘોર નરકમાં જવા માટે બાધ્ય થવું પડે છે.'**

ભીલના આ નિયમને જ્યારે સારસપુરમાં રહેવાવાળા શૂરવીર નામના ભીલે સાંભળ્યું કે જે તે ખદિર ભીલનો પરમ મિત્ર હતો, ત્યારે તે બિમાર મિત્રથી મળવા માટે તેના નગર તરફ ચાલ્યો. માર્ગમાં એક ઘોર વન હતું. તે વનમાં જતાં તે ભીલે જોયું કે એક દેવી વડના વૃક્ષની નીચે ઊભી હતી, તેને જોઈને ભીલે પૂછ્યું કે 'તું કોણ છે? તથા આ રીતે રોવાનું કારણ શું છે?' આ પ્રશ્ન સાંભળીને દેવીએ ભીલને કહ્યું કે 'હે મહાશય! હું આ વનની યક્ષિણી છું તથા માનસિક વ્યથાને કારણે અહીં જ રહું છું. ખદિર નામનો એક ભીલ કે જે તારો મિત્ર છે તથા જેને મળવા માટે તું જઈ રહ્યો છે, આ સમયે તે મરણાસન્ન છે. તે શુભ પુણ્યોદયથી કાગડાના માંસનો પરિત્યાગ કરી ચૂક્યો છે, તે આ પુણ્યોદયથી હવે મરીને બીજા જન્મમાં મારો પતિ થશે. તું તેને માંસ ખાવાનો આગ્રહ કરવા વ્યર્થ જઈ રહ્યો છે. માંસ ખવડાવીને તું તારા મિત્રને અસહ્ય દુઃખ ભોગવવા શું નરકમાં મોકલવા ઈચ્છે છે? તારા આ કાર્યની આશંકાથી મને ખૂબ દુઃખ થઈ રહ્યું છે તથા એ જ કારણે હું રડું છું.'

એ દેવીની વાત સાંભળીને ખદિર ભીલના મિત્રએ કહ્યું કે હે દેવી! તું શોક ત્યાગી દે. હવે હું તેનો નિયમ તોડાવાનો પ્રયત્ન ક્યારેય નહીં કરું.' તેની વાત સાંભળીને દેવી સંતુષ્ટ થઈ ગઈ અને તે ભીલ આગળ વધ્યો. જ્યારે તે પોતાના મિત્ર પાસે પહોંચ્યો અને તેને મરણ-શૈયા પર પડેલો જોયો ત્યારે તેના પરિણામોની પરીક્ષા કરવાના અભિપ્રાયથી તેણે કહ્યું કે 'હે મિત્ર! જ્યારે કાગડાનું માંસ ખાઈ લેવાથી તારો રોગ દૂર થઈ શકે છે, તો તારે ખાઈ લેવું જોઈએ, કારણ કે જો જીવન રહેશે તો બીજું ઘણું પુણ્યકાર્ય કરી શકીશ.' મિત્રની વાત સાંભળીને ખદિર ભીલે ઉત્તરમાં કહ્યું કે 'હે મિત્ર! આ સમયે મને અત્યંત નિંદનીય અને નરકમાં પહોંચાડવાવાળી સલાહ આપીશ એવી આશા ન હતી. તારી સલાહ તો ધર્મનો નાશ કરવાવાળી છે. મારા અંતિમ સમયમાં તું કાંઈ ધાર્મિક વાત કર કે જેથી પરલોકમાં મારા આત્માને સુખ પ્રાપ્ત થઈ શકે.' ખદિરનો દૃઢ નિશ્ચય સાંભળીને તે પ્રસન્ન થયો તથા વનની યક્ષિણીવાળી ઘટના સંભળાવીને કહ્યું કે આ કથા કહેવાનો

અભિપ્રાય એ છે કે તું તારા કાગમાંસના ત્યાગરૂપી વ્રતનું ફળ જાણી શકે.

આ વાત સાંભળ્યા બાદ ખદિરના હૃદયમાં ધર્મના ફળમાં વિશેષરૂપથી શ્રદ્ધા ઉત્પન્ન થઈ. તેણે સંવેગને પ્રાપ્ત થઈને માંસ ઈત્યાદિનો એકદમ પરિત્યાગ કરી દીધો તથા અણુવ્રતમાં તત્પર થઈ ગયો અને આયુના અંતમાં સમાધિપૂર્વક પોતાના પ્રાણોનો પરિત્યાગ કરી તે ખદિર નામધારી ભીલ વ્રતના પ્રભાવથી સૌધર્મ સ્વર્ગમાં જઈને ઉત્તમ સુખ ભોગવવાવાળો દેવ થયો. આ બાજુ તેનો મિત્ર શૂરવીર જ્યારે પોતાના ગામ તરફ પાછો ફરી રહ્યો હતો ત્યારે રસ્તામાં ફરી તે દેવીથી તેનો મેળાપ થયો. દેવીથી તેણે પૂછ્યું કે 'શુ મારો મિત્ર હજી સુધી તમારો પતિ થઈને નથી આવ્યો?' દેવીએ કહ્યું કે 'મારો પતિ તો ન થયો, પરંતુ સંપૂર્ણ વ્રતોથી ઉત્પન્ન પુણ્યના ઉદયથી તે અત્યંત ઋદ્ધિશાળી તથા ગુણવાન દેવ થઈને સૌધર્મ સ્વર્ગમાં, અમારી વ્યંતર જાતિથી શ્રેષ્ઠ, કલ્પવાસી દેવ થઈ ગયો. ત્યાં તે સ્વર્ગની અતુલ સંપદા પ્રાપ્ત કરીને જિનેન્દ્રદેવની પૂજામાં તત્પર છે તથા અનેકાનેક સુંદરી દેવીઓની સાથે સ્વર્ગસુખ ભોગવી રહ્યો છે.' દેવીના મુખથી પોતાના મિત્રના સંબંધમાં આ વાત સાંભળી તે વિચારવા લાગ્યો કે વ્રતનું ફળ કેટલું જલ્દી પ્રાપ્ત થઈ જાય છે! જે વ્રતના પ્રભાવથી પરલોકમાં પરમોત્તમ સંપદાઓ પ્રાપ્ત થાય છે તે વ્રત વિના એક ક્ષણ પણ કોઈએ વ્યર્થ પ્રયોજનથી વિતાવવી ન જોઈએ. આ પ્રકારથી વિચાર કરીને તે શૂરવીર તે જ સમયે સમાધિગુપ્ત મુનિ પાસે ગયો તથા તેને પ્રણામ કરીને પ્રસન્નતાપૂર્વક ગૃહસ્થને પાળવાયોગ્ય વ્રત ગ્રહણ કર્યાં.

તે ખદિરસાર નામના ભીલના જીવે સ્વર્ગમાં દેવ થઈને બે સાગર આયુષ્ય સુધી ત્યાંના અલૌકિક સુખ ભોગવ્યા તથા અંતમાં પુણ્યના ફળથી સ્વર્ગથી ચ્યવીને ભવ્યના રૂપમાં તથા મોક્ષમાર્ગના જ્ઞાતા થઈને રાજા ઉપશ્રેણિક અને રાણી ઈન્દ્રાણીના ગર્ભથી શ્રેણિકના રૂપમાં તારો જન્મ થયો.'

પોતાની આ કથા સાંભળીને રાજા શ્રેણિકનું મન જિનેન્દ્ર પ્રભુ, દેવ અને ગુરુમાં દૃઢ શ્રદ્ધાવાન થઈ ગયું. તેણે ગૌતમસ્વામીને વારંવાર પ્રણામ કરી ફરી પ્રશ્ન કર્યો કે 'હે દેવ! મારી શ્રદ્ધા ધાર્મિક કાર્યોમાં વિશેષ પ્રબળ છે, પરંતુ અલ્પમાત્ર પણ હું કોઈ વ્રત કેમ લઈ શકતો નથી?' મુનિરાજે ઉત્તર આપ્યો કે 'હે બુદ્ધિમાન! પહેલાં

તો તેં અત્યંત મિથ્યાત્વથી હિંસા આદિ પાંચ મહાપાપ, તીવ્ર આરંભ અને પરિગ્રહ, અતિશય વિષયભોગ તથા વિવેકહીન બૌદ્ધગુરુની ભક્તિથી આ જન્મમાં નરકાયુનો બંધ કરી લીધો છે; આ જ કારણ છે કે તારાથી અલ્પમાત્રમાં પણ કોઈ વ્રત ગ્રહણ નથી થતા.

જેમની પાસે દેવાયુ છે તે ભવ્યજીવ બે પ્રકારના વ્રત ગ્રહણ કરે છે. મોક્ષરૂપી રાજપ્રાસાદની પ્રથમ સીડી સમ્યક્ત્વ છે અને તેના દસ પ્રકાર છે—આજ્ઞા, માર્ગ, ઉપદેશ, રુચિ, બીજ, સંક્ષેપ, વિસ્તાર, અર્થ, અવગાઢ અને પરમાવગાઢ—આ દસ સમ્યક્ત્વના નામ છે. સર્વજ્ઞની જે આજ્ઞાના પ્રભાવથી છ દ્રવ્યોમાં અભિરુચિ ઉત્પન્ન થાય છે તે જ આજ્ઞા નામનું ઉત્તમ સમ્યક્ત્વ છે. પરિગ્રહથી રહિત, વસ્ત્રથી રહિત અને કરપાત્ર જ મુનિનું સ્વરૂપ છે અને તે મુનિસ્વરૂપ મોક્ષનો માર્ગ છે. આ મોક્ષમાર્ગમાં જે સમ્યક્ત્વથી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તેને માર્ગ કહે છે, જે ત્રેસઠ શલાકા મહાપુરુષોના પુરાણ સાંભળીને શીઘ્ર ધર્મનો નિર્ણય કરવામાં આવે છે તેને ઉપદેશ દર્શન કહે છે, આચારાંગ નામના પ્રથમ અંગમાં કહેવામાં આવેલી ક્રિયાઓ સાંભળીને જ્ઞાની પુરુષોની તે તરફની જે રુચિ ઉત્પન્ન થાય છે તેને રુચિ સમ્યક્ત્વ કહે છે, બીજરૂપી પદના ગ્રહણ કરવા માટે અને તેના અર્થને સાંભળવાથી જે રુચિ ઉત્પન્ન થાય છે તેને બીજદર્શન કહેવામાં આવે છે, સંક્ષેપરૂપમાં પદાર્થોના સ્વરૂપકથનથી જ જે શ્રદ્ધા ઉત્પન્ન થઈ જાય છે તે સંક્ષેપદર્શન છે, પ્રમાણ-નયના વિસ્તારથી પદાર્થોના સ્વરૂપને વિસ્તારપૂર્વક કહેવામાં આવતા જે કાંઈ નિર્ણય કરવામાં આવે છે તેને વિસ્તાર સમ્યક્ત્વ કહે છે, દ્વાદશાંગરૂપી સમુદ્રથી પ્રવિષ્ટ થઈને વચનવિસ્તાર પર વિશેષ ધ્યાન ન દેતાં કેવળ તેના સારભૂત અર્થમાત્રને ગ્રહણ કરવાની જે રુચિ અથવા સ્વભાવ હોય છે તે અર્થ સમ્યક્ત્વ છે, અંગ અને અંગબાહ્ય શ્રુતનું ચિંતવન કરવાથી જે વિશિષ્ટ રુચિ થાય છે તે અવગાઢદર્શન બારમા ગુણસ્થાનને પ્રાપ્ત યોગીઓને હોય છે, કેવળજ્ઞાનના ઉદય દ્વારા જ્ઞાન પ્રાપ્ત થતા સંપૂર્ણ પદાર્થોની જે શ્રદ્ધા થાય છે તે સર્વશ્રેષ્ઠ પરમાવગાઢ સમ્યક્ત્વ છે. જિનેન્દ્ર દ્વારા કહેવામાં આવેલા આ દસ સમ્યક્ત્વ સાચા સમ્યક્ત્વ છે. આ દશના પણ ભેદ-ઉપભેદ છે. હે રાજન્! તું દર્શનવિશુદ્ધિ આદિ પૃથક્ પૃથક્ અથવા સંપૂર્ણ એકત્રિત સોળ કારણોથી ભગવાન મહાવીરની પાસે આવીને જગતને આશ્ચર્યિત કરવાવાળા તીર્થંકર નામકર્મનો બંધ કરીશ, પરંતુ પૂર્વકર્મના પ્રભાવથી અને ફળથી આવતા જન્મમાં રત્નપ્રભા નામની પહેલી

નરકભૂમિમાં જઈશ તે નિશ્ચિત છે. ત્યાં પોતાના કર્મોનું ફળ ભોગવીને આયુનો નાશ થતાં બહાર નીકળીશ. આગામી ઉત્સર્પિણીના ત્રીજા કાળની શરૂઆતમાં તું મહાપદ્મ નામનો તીર્થંકર થઈશ. એ નિશ્ચિત છે કે તું જ સજ્જનોનો કલ્યાણકારક અને ધર્મતીર્થનો પ્રવર્તક પ્રથમ તીર્થંકર થઈશ. હે ભવ્ય! તું નિકટભવ્ય છે, તેથી હવે તારે સંસારમાં દુઃખથી ડરવાનું કોઈ વિશેષ કારણ નથી. સંસારમાં જેટલા ફરી ફરી ભટકવાવાળા જીવો છે તે બધાય અનેકવાર દુઃખોની ખાણ ઘોર નરકમાં ગમન-આમગન કરી ચૂક્યા છે.

રત્નપ્રભા નામની નરકમાં જવાની પોતાની વાત સાંભળીને મહારાજ શ્રેણિકનું હૃદય પરિતાપ અને ગ્લાનિથી ભરાઈ ગયું. [ શ્રેણિક મહારાજાએ ગણધરદેવને પૂછ્યું કે ***હે દેવ! કર્મ ઉત્પન્ન જ કેમ થાય છે? ગણધર મહારાજે ગંભીરતાથી કહ્યું કે હે ભવ્ય! અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે. હે તીર્થેશ! વિશેષ સાંભળ—***

***અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર તફાવત ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે : જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય ભિન્ન છે. જ્યારે અજ્ઞાનને લીધે આ આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ, જેમના રૂપે આત્મા***

---

* શ્રી સમયસાર, ગાથા-૯૨, ટીકા

*વડે પરિણમવું અશક્ય છે એવા રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું' ઈત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.*

*શ્રેણિક મહારાજાએ ફરી કહ્યું કે હે દેવ! સરળતાથી વિશેષ સમજાવવા કૃપા કરશો. ગણધરદેવ કહેવા લાગ્યા કે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ અવસ્થા પુદ્‌લકર્મના ઉદયનો સ્વાદ છે, તેથી તે શીત-ઉષ્ણની માફ પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહીં હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે; કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગ-દ્વેષાદિનો સ્વાદ શીત-ઉષ્ણપણાની માફક જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગ-દ્વેષમય થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે 'હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું' ઈત્યાદિ. આ રીતે, અજ્ઞાની જીવ રાગ-દ્વેષાદિનો કર્તા થાય છે.)*

*રાગ-દ્વેષ આદિરૂપ આત્મા વડે પરિણમવું જ અશક્ય છે, જેમ શીત-ઉષ્ણરૂપે પરિણમવું અશક્ય છે. અજ્ઞાની પણ ખરેખર તો રાગ-દ્વેષનો કર્તા છે જ નહીં, માત્ર કર્તા પ્રતિભાસે છે! જો અજ્ઞાની જીવ રાગ-દ્વેષનો કર્તા થાય કે તેરૂપે પરિણમે તો જીવ જડ-પુદ્‌ગલ થઈ જાય કારણ કે રાગ-દ્વેષ આદિ પરિણામ શીત-ઉષ્ણની માફક જ પુદ્‌ગલપરિણામ છે, તેથી એમ થવું અશક્ય છે.*

*ગણધર મહારાજનો ઉપદેશ સાંભળીને શ્રેણિક રાજા પોતાને કૃતકૃત્ય સમજવા લાગ્યા.*]

વિનયથી નમસ્કાર કરીને તેમણે ફરી ગણધરદેવને પ્રશ્ન કર્યો કે હે પ્રભો! મારા નગરને બધા લોકો ઉત્તમ પુણ્યસ્થાન કહ્યા કરે છે તો એ કહો કે કેવળ હું જ નરકમાં જઈશ કે ત્યાં રહેવાવાળા અન્ય લોકો પણ નરકગામી થાશે? આ પ્રશ્ન સાંભળીને શ્રી ગૌતમ ગણધરે રાજા ઉપર અનુગ્રહ કરીને કહ્યું કે હે રાજન્! હવે તું પોતાના શોકને દૂર કરવાવાળા સત્ય વચનને ધ્યાનથી સાંભળ—

આ જ રાજગૃહીમાં સ્થિતિબંધ અને નીચકર્મ દ્વારા મનુષ્ય આયુ બાંધીને નીચકુળમાં ઉત્પન્ન શૌકરિક નામનો એક ચાંડાળ રહે છે, તેને આ સમયે પૂર્વના સાત ભવોનું સ્મરણ થઈ આવ્યું છે. તેથી, હવે તે આ પ્રકારે વિચાર કરવા લાગ્યો છે કે જો જીવનો સંબંધ પાપ-પુણ્યથી જ થાય છે તો વિના પુણ્યે તેને મનુષ્યજન્મ કેમ પ્રાપ્ત થશે? તેથી પાપ-પુણ્યનું કોઈ પણ મહત્વનું સ્થાન નથી. જે કાંઈ પણ આ સંસારમાં છે તે કેવળ વિષયસુખ જ છે તથા તેનાથી જ કલ્યાણ થઈ શકશે. આમ વિચારીને તે પાપાત્મા નિ:સંગ થઈ ગયો છે તથા હિંસા આદિ કરીને માંસ આદિના આહારમાં આસક્ત રહે છે. તેના ફળ સ્વરૂપે ખૂબ જ આરંભ અને પરિગ્રહના કારણે તેને નરકાયુ બંધાઈ ગઈ છે તથા પોતાના આયુષ્યના અંતમાં તે પાપોદયથી નિશ્ચિતરૂપે સાતમી નરકમાં જશે.

આવી જ રીતે એક બ્રાહ્મણની કન્યા છે કે જેને લોકો 'શુભ' નામથી બોલાવે છે. તે એકદમ રાગાંધ છે, વેદકર્મના ફળથી શીલ તથા તેના શ્રેષ્ઠ ગુણોને જાણતા છતાં પણ તે દુ:શીલા તથા વિવેકભ્રષ્ટ છે. ઉદ્ધત ઈન્દ્રિયના વશમાં થઈ તે લંપટ થઈ ગઈ છે તથા તેનુ પણ નરકાયુ નિશ્ચિત થઈ ગયું છે. તે કોપકારિણી છે જેથી રૌદ્રધ્યાનથી મરશે તથા પાપોદયથી અનેક દુ:ખપૂર્ણ નિંદ્ય છઠ્ઠી નરક તમપ્રભા નામની પૃથ્વીમાં જન્મ ધારણ કરશે. જ્યારે ગણધરસ્વામીએ રાજા શ્રેણિકને આ વૃત્તાંત કહ્યો ત્યારે રાજાએ ફરી વિનયાવાન થઈને પોતાના પુત્ર અભયકુમારના પૂર્વજન્મનો વૃત્તાંત પૂછ્યો. ગણધરસ્વામીએ અનુગ્રહપૂર્વક અભયકુમારના પણ પૂર્વજન્મનો વૃત્તાંત કહેવાનું શરૂ કર્યું—

આ ભરતક્ષેત્રમાં સુંદર નામનો એક બ્રાહ્મણકુમાર હતો. તે લોકમૂઢતા આદિ ત્રણ મૂઢતાઓ સહિત મિથ્યાદૃષ્ટિપોષક વેદોના અધ્યયન તથા અભ્યાસમાં તત્પર રહ્યા કરતો હતો. આ નિમિત્તે તે એક દિવસ અર્હદ્દાસ જૈનની સાથે માર્ગમાં ક્યાંય જઈ રહ્યો હતો. માર્ગમાં એક પીપળના વૃક્ષની નીચે એકઠા ઘણા પત્થરોને જોઈને તેણે તે પત્થરને પોતાના ઈષ્ટદેવ સમજી લીધા અને પ્રદક્ષિણા દઈને નમસ્કાર કર્યા. તે મિથ્યાત્વીની આ ચેષ્ટા જોઈને અર્હદ્દાસને હસવું આવ્યું. તેમણે બ્રાહ્મણકુમારને જ્ઞાન પ્રદાન કરવાની શુભ

ઈચ્છાથી પીપળ ઉપર પાદ પ્રહાર કર્યો અને પીપળ તૂટી ગયો. ત્યાં પડેલી કપિરોષ નામની એક વેલ હતી, જેને જોઈને અર્હદ્દાસે કહ્યું કે 'આ મારા ઈષ્ટદેવ છે.' તેમણે તેને નમસ્કાર કર્યા. તે બ્રાહ્મણકુમાર અર્હદ્દાસના કપટ વ્યવહારને સમજી ન શક્યો અને પૂર્વ ઈર્ષ્યાને કારણે તે વેલને હાથથી ઉખાડી નાખી. લતાને અડતા જ બ્રાહ્મણકુમારના સર્વાંગમાં ખૂબ જ ખંજવાળ થવા લાગી તથા તે ડરી ગયો. તેણે અર્હદ્દાસે કહ્યું કે 'હે મિત્ર! વાસ્તમાં જ આ તમારા ઈષ્ટદેવ છે.' તેની આ વાત સાંભળીને શ્રાવક અર્હદ્દાસે તે મિથ્યાત્વીને સત્ય વાત સમજાવવાના અભિપ્રાયથી કહ્યું કે 'હે ભલા માણસ! આ બધા વૃક્ષ છે, કોઈનું કાંઈ બનાવી કે બગાડી ન શકે. પાપકર્મના ઉદયથી એમણે એકેન્દ્રિય જન્મ ધારણ કરવો પડયો છે, તેને દેવ સમજવા ભૂલ છે. તીર્થંકરથી અન્ય કોઈ દેવ ન હોઈ શકે. તીર્થંકર શ્રી અરિહંત પ્રભુ સંપૂર્ણ ભવ્યજીવોને ભોગ અને મોક્ષના પ્રદાતા છે, ત્રણેય લોક તેમને જ પ્રણામ કરે છે અને તેઓ જ ત્રૈલોક્યવંદ્ય છે. તેમને છોડીને બીજા કોઈ મિથ્યાત્વદેવ વંદનીય ન હોઈ શકે.' એ જૈનીના આ વચન સાંભળીને એ વિપ્રકુમારની દેવમૂઢતા દૂર થઈ ગઈ.

ત્યારબાદ તેઓ આગળ વધ્યા અને બંને ગંગા નદીને કિનારે જઈ પહોંચ્યા. ગંગાને જોઈને તે મિથ્યાત્વી વિપ્રકુમારે કહ્યું કે 'આનું જળ પરમ પવિત્ર છે અને બીજાઓને પવિત્ર કરવાની આનામાં અસીમ શક્તિ છે.' આમ કહીને તેણે ગંગાજળમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કર્યું તથા બહાર નીકળીને ફરી નમસ્કાર કર્યા. તેને આમ કરતાં જોઈને અર્હદ્દાસે પોતાનું એઠું ભોજન અને ગંગાજળ બ્રાહ્મણકુમારને ખાવા-પીવા માટે આપ્યા. વિપ્રએ કહ્યું કે 'શું હું તારું એંઠુ ખાઈશ?' તેના ઉત્તરને સાંભળીને અર્હદ્દાસે તર્કથી કહ્યું કે 'હે વિપ્ર! તને મારું એંઠું અન્ન-જળ તો અગ્રાહ્ય જણાય છે પછી ગધેડા આદિ અનેક પ્રકારના નિંદ્ય જીવ જળ પીને તેને એંઠું કરી દે છે, તોપણ તે ગંગાજળને તું પરમ પવિત્ર કેવી રીતે કહી રહ્યો છે? તે સ્વયં કેવી રીતે પવિત્ર છે અને બીજાઓને કેવી રીતે શુદ્ધ કરે છે? જળને તીર્થ સમજવું ભ્રમ છે. સ્નાન કરવાથી મનુષ્યની શુદ્ધિ નથી થતી પરંતુ જીવોની હિંસાનું પાપ જ લાગે છે. આ શરીર સ્વભાવતઃ સદાય અપવિત્ર છે અને જીવ સર્વદા સ્વચ્છ અને પરમ નિર્મળ છે. જો મિથ્યાત્વથી મલિન પ્રાણીઓ સ્નાન કરવાથી જ શુદ્ધ થઈ જાય તો સદાય સ્નાન કરતાં રહેવાવાળા મત્સ્ય આદિ જળચર જીવોને નમસ્કાર કરવા જોઈએ, તેના ઉપર કરુણાદૃષ્ટિ કેમ રાખવામાં આવે છે? તેથી

તારે સમજવું જોઈએ કે કેવળ અરિહંત જ તીર્થ છે. તેમના જ વચનામૃતથી આંતરિક પાપરૂપી મળ દૂર થઈ શકે છે અને તેઓ જ શુદ્ધિ પ્રદાન કરવામાં સમર્થ છે.' આ પ્રકારે તે અર્હદ્દાસે તે વિપ્રકુમારની તીર્થમૂઢતા પણ દૂર કરી દીધી.

પછી આગળ જતા પંચાગ્નિમાં બેઠેલા એક પુરુષને જોઈને વિપ્રકુમારે કહ્યું કે 'આ પ્રકારના તપસ્વીઓ અમારા ધર્મમાં ઘણા હોય છે.' તેના ગર્વથી ભરેલા શબ્દ સાંભળીને અનેક પ્રકારના શાસ્ત્રવચનોથી પ્રથમ તો તે તપસ્વીને જ મદરહિત કર્યો, પછી સ્પષ્ટ રીતે તે બ્રાહ્મણકુમારને કહ્યું કે આ તપસ્વી શું તપ કરશે? આ ધરતી પર મહાન દેવ અરિહંત જ સર્વજ્ઞ છે, નિર્ગ્રંથ જ ગુરુ છે તથા દયાળુતાપૂર્ણ ધર્મ જ પરમોત્તમ છે. જિનેન્દ્ર પ્રભુ દ્વારા કહેવામાં આવેલા દીપક સમાન પ્રકાશમાન જૈન શાસ્ત્ર જ સત્ય છે, જૈન મત જ વંદનીય છે અને પાપહીન તપ બધાને શરણ છે. તેની જ ઉત્તમતાને સ્વીકાર કરવી જોઈએ. તેથી હે મિત્ર! તું પણ મિથ્યાદર્શન, મિથ્યાધર્મરૂપી કુપ્રથાને શત્રુ સમાન જાણી દૂરથી જ ત્યાગી દે અને આત્મકલ્યાણ માટે સમ્યગ્દર્શન ગ્રહણ કર.

આ પ્રકારે વાર્તાલાપ કરતાં તે બંને મિત્ર જ્યારે આગળ વધ્યા ત્યારે પાપોદયથી ભયંકર વનમાં જઈ પહોંચ્યા અને માર્ગ ભૂલી ગયા. તે જનહીન વનમાં તેમના જીવનનો કોઈ આધાર ન હતો; તે બંને શરીર અને આહારથી મમતાનો ત્યાગ કરી મોક્ષ પ્રાપ્તિ માટે સંન્યાસી થઈ ગયા. તે બંનેએ ધૈર્યપૂર્વક ભૂખ-તરસ આદિ પરિષહ સહન કર્યા અને સમાધિરૂપ શુભધ્યાનથી શરીરનો ત્યાગ કર્યો. આ અંતિમ ઉત્તમ આચરણના પ્રભાવથી ઉત્પન્ન પુણ્યના ફળથી બંને સૌધર્મ સ્વર્ગમાં ગયા અને ત્યાં મહાન ઋદ્ધિધારી અને ઉત્કૃષ્ટ દેવ થયા. ચિરકાળ સુધી એ બંનેએ એ સ્વર્ગ-સુખ ભોગવ્યા અને અંતમાં પુણ્યોદયના પ્રભાવથી તે બ્રાહ્મણકુમારનો જીવ સુંદર નામનો પુત્ર ઉત્પન્ન થયો તથા તે અર્હદ્દાસનો જીવ અભયકુમાર થયો છે. તે તપના પ્રભાવથી કર્મોનો નાશ કરી શીઘ્ર જ મોક્ષને પ્રાપ્ત કરશે. આ પ્રકારે તે બંનેની પૂર્વકથા સાંભળીને કેટલાય લોકોએ સંસારથી વિરક્ત થઈને યતિધર્મનો સ્વીકાર કર્યો અને કેટલાય ગૃહસ્થ ધર્મ અને સમ્યક્ત્વમાં તત્પર થઈ ગયા. મહારાજ શ્રેણિક પણ પોતાના પુત્રની સાથે ધર્મશાસ્ત્રરૂપી અમૃતનું પાન કરવા ઉપરાંત મહાવીરપ્રભુને અને અન્ય ગણધરોને સવિનય નમસ્કાર કરી પોતાના નગરમાં પાછા ફર્યા.

આ ઉપરાંત જિનેન્દ્ર પ્રભુના સમવસરણમાં ઘણા મહાપુરુષો રહેતા હતા, તેનું વિવરણ પણ જાણી લેવું આવશ્યક છે. ઈન્દ્રભૂતિ-ગૌતમ, વાયુભૂતિ, અગ્નિભૂત, સુધર્મ, મૌર્ય, મૌંડ્ય, પુત્ર, મૈત્રેય, અકંપન, અંધવેલ અને પ્રભાસ—આ અગિયાર ગણધર દેવવંદ્ય હતા અને ચાર જ્ઞાનના ધારક હતા. પ્રભુના ચૌદ પૂર્વને સ્મરણમાં રાખવાવાળા ચૌદસો અગિયાર મુનિઓ હતા. ચારિત્ર ધારણ કરવામાં તત્પર શિક્ષક–મુનિ નવ હજાર નવસો તથા અવધિજ્ઞાની તેરસો હતા. આ ઉપરાંત સામાન્ય કેવળી સાતસો તથા વિક્રિયાઋદ્ધિધારી મુનિઓ નવસો હતા. પાંચસો મુનિ મનઃપર્યયજ્ઞાની હતા તથા ચારસો વાદી હતી. આ બધા સંયમી હોય છે તથા કાળક્રમથી રત્નત્રયથી અલંકૃત રહે છે. આ બધાની કુલ સંખ્યા ચૌદ હજાર અગિયાર હતી. આ બધા જિનેન્દ્ર પ્રભુના સમવસરણમાં વિદ્યમાન રહેતા હતા. ચંદના આદિ છત્રીસ હજાર અર્જિકાઓ તે સમવસરણ સભામાં ઉપસ્થિત રહેતી હતી તથા તપ આદિ મૂલગુણોથી યુક્ત થઈને પ્રભુના ચરણારવિંદને અહર્નિશ નમસ્કાર કરવામાં તત્પર રહેતી હતી. આ ઉપરાંત દર્શન-જ્ઞાન તથા ઉત્તમ વ્રતોથી યુક્ત એક લાખ શ્રાવક અને ત્રણ લાખ શ્રાવિકાઓ પ્રભુના પદારવિંદની પૂજામાં તત્પર રહેતા હતા. અસંખ્ય દેવ-દેવીના સમૂહ પ્રભુની અલૌકિક સ્તુતિ તથા પૂજા ઈત્યાદિ અનેક મહોત્સવની રચના કર્યા કરતાં હતા. સિંહ, સર્પ આદિ અસંખ્ય તિર્યંચ જીવ પણ સંસારચક્રથી ડરીને તથા શ્રદ્ધા ભક્તિપૂર્વક શાંતચિત્ત થઈને મહાવીરપ્રભુની શરણમાં આવી ગયા હતા. આ પ્રકારે સમવસરણમાં તે વિશેષ ભક્ત બાર પ્રકારના જીવસમૂહથી એક તરફ ઘેરાયેલું હતું.

ત્રૈલોક્યાધિપતિ અને જગદ્ગુરુ મહાવીરપ્રભુએ ધીરેધીરે વિહાર કરતાં અનેક દેશો તથા નગરોમાં રહેવાવાળા ભક્ત અને શ્રદ્ધાળુ ભવ્યજીવોને ધર્મોપદેશ દ્વારા જ્ઞાન પ્રદાન કર્યું તથા મોક્ષમાર્ગના તિમિર અજ્ઞાન અંધકારને પોતાના વચનરૂપી કિરણોથી પરાસ્ત કરી તેને તેજમય કરી દીધું. આ રીતે, ત્રીસ વર્ષ સુધી વિહાર કરતાં કરતાં અનેક સુંદર ફળફૂલોથી સુશોભિત પાવાપુરીના ઉપવનમાં જઈ પહોંચ્યા. એ ઉદ્યાનમાં આવીને મન-વચન-કાય અને દિવ્યવાણીના યોગને રોકીને તેઓ ક્રિયાહીન થઈ ગયા. છ દિવસ યોગ નિરોધ કર્યો અને મોક્ષપ્રાપ્તિ માટે અઘાતિયા કર્મોને નષ્ટ કરવાવાળો પ્રતિમાયોગ ધારણ કર્યો. ત્યારબાદ પ્રભુએ દેવગતિ, પાંચ શરીર, પાંચ સંઘાત, પાંચ બંધ, ત્રણ અંગોપાંગ, છ સંસ્થાન, છ સંહનન, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ,

આઠ સ્પર્શ, દેવગત્યાનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત-પરઘાત, ઉચ્છ્વાસ, બંને વિહાયોગતિ, અપર્યાપ્તિ પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, સુસ્વર, આદેય, અયશકીર્તિ, અશાતાવેદનીય, નીચ ગોત્ર અને નિર્માણ—મુક્તિરોધક આ બોંતેર કર્મ પ્રકૃતિઓને શત્રુ સમજીને પોતાની અતુલ શક્તિ દ્વારા મહાયોદ્ધાની જેમ 'અયોગી' નામના ચૌદમા ગુણસ્થાનમાં પ્રાપ્ત ચોથા શુક્લધ્યાનરૂપી ખડ્ગ દ્વારા અંતિમ બે સમયના પ્રથમ સમયમાં નષ્ટ કરી દીધા. ત્યારબાદ આદેય, મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપૂર્વી, પાંચ ઈન્દ્રિય જાતિ, મનુષ્યાયુપર્યાપ્તિ, ત્રસ, બાદર, સુભગ, યશકીર્તિ, શાતાવેદનીય, ઉચ્ચગોત્ર, તીર્થંકર તથા નામ—આ તેર કર્મ પ્રકૃતિઓને ચૌદમા ગુણસ્થાનના અંતિમ સમયમાં શુક્લધ્યાન દ્વારા પ્રભુએ નાશ કરી દીધી. આ પ્રકારે પ્રભુએ સંપૂર્ણ કર્મરૂપી શત્રુઓને તથા ઔદારિક આદિ ત્રણ પ્રકારના શરીરનો નાશ કરી સ્વભાવતઃ ઉર્ધ્વગતિ હોવાના કારણે એકદમ નિર્મળ થઈને મોક્ષસ્થાનને પ્રાપ્ત કરી લીધું. કારતક(ગુજરાતી આસો) વદ અમાસ સ્વાતિ નક્ષત્ર અને પ્રાતઃકાળના સમયમાં બોંતેર વર્ષની આયુમાં પ્રભુને મોક્ષ પ્રાપ્ત થયો હતો.

મહાવીરપ્રભુએ જ્યારે મૂર્તિહીન થઈને અને આઠ ગુણોથી સહિત થઈ સિદ્ધપદ પ્રાપ્ત કર્યું ત્યારે તેઓ નિર્બાધ હતા, કર્મહીન હતા, અનંત હતા, ઉત્કટ ઈન્દ્રિય આદિ સુખોથી પાર હતા, પરદ્રવ્યથી રહિત હતા તથા નિત્યદુઃખોથી નિતાંત જ રહિત હતા. તેમણે અનુપમ આત્મસુખ પ્રાપ્ત કર્યું હતું. મનુષ્ય અને સંસારના અન્ય સંપૂર્ણ પ્રાણીઓ નિશ્ચિંત થઈને જેટલા પ્રકારના સુખોને વર્તમાનમાં ભોગવી રહ્યા છે, ભૂતકાળમાં ભોગવ્યા છે અને ભવિષ્યમાં ભોગવશે એ ત્રૈકાલિક સુખોને જો એક સ્થાન પર એકત્રિત કરવામાં આવે તો જેટલું પણ સંપૂર્ણ સુખ(સાંસારિક સુખ=દુઃખ) થશે તેનાથી અનંતગણું વધારે અને સર્વોત્કૃષ્ટ સુખ (અતીન્દ્રિય સુખ) પ્રભુએ એક સમયમાં ભોગવ્યું અને ભવિષ્યમાં અનંતકાળ સુધી ભોગવતા રહેશે. એ સિદ્ધ મહાપુરુષને હું અહર્નિશ નમસ્કાર કરું છું. તેમને મોક્ષ પ્રાપ્ત થઈ જતાં દેવ અને ઈન્દ્રાણીઓની સાથે ચારેય જાતિના દેવ પ્રભુની મોક્ષપ્રાપ્તિ જાણીને પોતાના પૃથક્ પૃથક્ ચિહ્નોથી યુક્ત થઈને આવ્યા તથા નૃત્ય-ગીત અને ઐશ્વર્યપૂર્ણ મહોત્સવ મનાવીને પ્રભુની પૂજા કરી. જે ઉપવનમાં પ્રભુને નિર્વાણ પ્રાપ્ત થયું ત્યાં આવીને શ્રદ્ધાંજલિ અર્પિત કરવાથી બધાનું કલ્યાણ થયું.

ત્યારબાદ ઈન્દ્રએ નિર્વાણસાધક પ્રભુના શરરીને અત્યંત રત્નોજ્જ્વલ અને સ્વર્ણનિર્મિત પાલખીમાં રાખ્યું. પછી પ્રભુના શરીરમાં અનેક સુગંધિત દ્રવ્યો લગાવ્યા, તેની પૂજા કરી તથા મસ્તક નમાવીને ભક્તિપૂર્વક વારંવાર પ્રણામ કર્યાં. પછી અગ્નિકુમારદેવના મુકુટમાં અગ્નિકણ ઉત્પન્ન થયો અને તે જ દિવ્યાગ્નિથી પ્રભુના શરીરનો અગ્નિ સંસ્કાર કર્યો. પ્રભુના શરીરની સુગંધ સંપૂર્ણ દિશાઓમાં ફેલાઈ ગઈ. અંતમાં ઈન્દ્રની સાથે બધા દેવોએ પ્રભુના શરીરની ભસ્મને પોતપોતાના હાથમાં લઈને શીઘ્ર મોક્ષ પ્રાપ્તિની કામના પ્રગટ કરી. તે ભસ્મને મસ્કત અને નેત્ર ઉપર લગાવી અને મોક્ષ પ્રાપ્તિ માટે પ્રભુની પ્રશંસા કરી. ઈન્દ્ર આદિએ તે પવિત્ર તપોભૂમિમાં ધર્મની પ્રવૃત્તિને ધારણ કરી તથા મોક્ષભૂમિની કલ્પના કરી.

ત્યારબાદ શ્રી ગૌતમ ગણધરે પણ શુક્લધ્યાન દ્વારા ઘાતિયા કર્મરૂપી મહાશત્રુનો નાશ કર્યો અને તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. અન્ય ગણધરોની સાથે ઈન્દ્ર આદિ દેવોએ તેમની પૂજા કરી. ગૌતમસ્વામી પરમ વિભૂતિઓથી યુક્ત હતા, તેથી પરમ પૂજનીય હતા. ઉત્તમ ચારિત્રના પ્રભાવથી જીવ દેવગતિ આદિ ગતિમાં અનુપમ સાંસારિક સુખોને ભોગવીને અંતમાં મનુષ્ય થઈને વિદ્યાધર અને દેવોના સ્વામીઓ દ્વારા પૂજ્ય થઈ જાય છે, તીર્થંકરપદવી પ્રાપ્ત કરે છે અને કર્મોનો નાશ કરી ઉત્તમ મોક્ષપદને પ્રાપ્ત કરી લે છે. આ રીતે શ્રી ઈન્દ્રભૂતિ-ગૌતમ ગણધરસ્વામીએ સહજ જ મોક્ષમહેલ પ્રાપ્ત કરી લીધો. હવે, હું જિનેન્દ્ર પ્રભુ મહાવીર સ્વામીની વારંવાર સ્તુતિ કરું છું અને તેમને નમસ્કાર કરું છું.

# અધ્યાય વીસમો

જિનેન્દ્ર પ્રભુ મહાવીર ગુણોના રત્નાકર છે, શ્રેષ્ઠ પુરુષો દ્વારા પૂજિત છે, વીર પુરુષોનો આશ્રય અને આધાર એકમાત્ર મહાવીર જ છે. તેમના દ્વારા મોક્ષરૂપી પરમ સુખ પ્રાપ્ત થઈ શકે છે. પાપોને સર્વપ્રકારે પરાજિત કરવા માટે તથા જીતવા માટે મહાવીરપ્રભુ જ શૂરાગ્રણી મહાયોદ્ધા છે, તેમનું બળ અપરિમેય છે. એ અર્હંત ભગવાન મહાવીરને હું નિત્યશઃ અને કોટિશઃ પ્રણામ કરું છું અને પ્રાર્થના કરું છું કે મારું ચંચળ ચિત્ત એમના જ ચરણોમાં લાગ્યું રહે. હે મહાવીર પ્રભુ! દયાપૂર્વક આપ અમને પણ આપના સમાન જ વીર બનાવો.

આ પ્રકારે વિવિધ પ્રકારથી વારંવાર અનેક સ્તુતિ કર્યા બાદ ગ્રંથકાર કવિ કહે છે કે મેં ચરિત્રની રચનાના હેતુથી ભક્તિશ નતમસ્તક થઈને મહાવીર પ્રભુના ચરણોમાં પ્રણામ કર્યા છે, ભક્તિપૂર્વક મહાવીર પ્રભુના ઉત્તમોત્તમ ગુણોની પ્રશંસા અને સ્તુતિ કરી છે. મારા મનોભાવના કારણે શ્રદ્ધાવશ પ્રભુની અનેકશઃ પૂજા કરી છે. મહાવીરપ્રભુએ મોક્ષના હેતુભૂત સમ્યગ્દર્શન આદિ ત્રણ રત્ન અને તેનાથી ઉત્પન્ન વિવિધ પ્રકારના સંપૂર્ણ સુખ-સાધન, સમ્યગ્દર્શન આદિ રત્નત્રયથી સમુત્પન્ન સંયમને મોક્ષ-પ્રાપ્તિની અભિલાષાથી ધારણ કર્યા હતા. એ મહાવીરપ્રભુ અમને પણ આલોક અને પરલોકમાં મુક્તિના સંપૂર્ણ અવસર પ્રદાન કરી અનુગ્રહિત કરે! જેમણે પોતાના પરમોત્તમ ધ્યાનરૂપી અતિ તીક્ષ્ણ દૃષ્ટિથી કર્મરૂપી મહાશત્રુઓનો સંહાર કરી સહજમાં જ મોક્ષપદવી પ્રાપ્ત કરી લીધી, તે અર્હંત જિનેન્દ્ર પ્રભુ અમને પણ ઈન્દ્રિયરૂપી ચોરથી બચાવે તથા કર્મરૂપી મહાશત્રુઓનો શીઘ્ર નાશ કરે કે જેથી હું પણ મોક્ષનો અધિકારી બની જાવ. મહાવીરપ્રભુએ ત્રૈલૌક્ય-પ્રશંસિત અનંત અને નિર્મળ કેવળજ્ઞાન આદિ ઉત્તમ ગુણોને પ્રાપ્ત કરી લીધા હતા, એ ઉત્તમ ગુણો તેઓ અમને પણ

પ્રદાન કરે. પ્રભુએ મુક્તિરૂપી કુમારીને વિધિપૂર્વક સ્વીકારી લીધી; અમને પણ સુખ-શાંતિ પ્રાપ્ત કરવા માટે નિર્મળ અને અનંત મુક્તિ પ્રદાન કરે!''

ગ્રંથકાર કવિ ફરી આત્મ-નિવેદન કરતાં કહેવા લાગ્યા કે ''આ પવિત્ર ગ્રંથ મેં કીર્તિ-પૂજા-પ્રતિષ્ઠા આદિની લાલચમાં પડીને નથી લખ્યો અને અભિમાનવશ કવિત્વ-ચાતુર્ય દેખાડવા માટે પણ નથી બનાવ્યો; પરંતુ આ તો ફક્ત ધર્મબુદ્ધિથી બનાવ્યો છે કે જેથી ભવ્યજીવોનો ઉપકાર થાય અને મારા કર્મોનો નાશ થાય.

પ્રભુના અનેકાનેક ઉત્તમ ગુણોને માળામાં ગૂંથીને પરમ પવિત્ર ચારિત્રને સકલકીર્તિએ રચ્યું છે. પ્રભુની ગુણ-કથા હોવાથી આ દોષરહિત છે; છતાં પણ પ્રમાદ અને અજ્ઞાનથી ક્યાંય અશુદ્ધિ રહી ગઈ હોય અથવા મેં કાંઈ અસંબદ્ધ કહી દીધું હોય તો વિજ્ઞ પાઠક ઉદારતાપૂર્વક મને ક્ષમા કરે તથા તેની શુદ્ધિ કરી વાંચવાની કૃપા કરે. મારી અલ્પજ્ઞાનીની અસંબદ્ધતા, અક્ષર, સંધિ અને માત્રા આદિ દોષને ક્ષમા કરે. આ પરમ પવિત્ર ગ્રંથ જે વાંચશે અથવા વંચાવશે તથા સંપૂર્ણ ભારતમાં પ્રચાર કરવાના અભિપ્રાયથી સ્વયં લખીને અથવા લખાવીને પ્રકાશિત કરશે તે પુણ્યાત્મા કહેવાશે અને જ્ઞાન-દાનના પ્રભાવથી સંસારના સર્વોત્તમ સુખોને ભોગવીને અંતમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે!

જે મહાવીરપ્રભુ ગુણોના રત્નાકર છે, ધર્મરૂપી રત્નના ઉત્પત્તિસ્થાન છે, ભવ્ય-જીવોના એકમાત્ર શરણ છે, ઈન્દ્ર આદિ દેવો દ્વારા પૂજ્ય છે તથા સ્વર્ગ અને મોક્ષના મૂળકારણ છે, તે પ્રભુનું આ ઉત્તમ અને પવિત્ર ચરિત્ર છે. જ્યાં સુધી આ ધરતી પરથી કાળનો અંત ન થઈ જાય, ત્યાં સુધી આર્યખંડના બધા સ્થાનોમાં આ ચરિત્રનો પ્રસાર થાય, પ્રસિદ્ધિ થાય અને સંસ્થિત રહે–એ જ મારી મનોકામના છે.

પ્રભુએ સ્વર્ગ અને મોક્ષ પ્રદાન કરવાવાળા નિર્દોષ અહિંસામય ઉત્તમ ધર્મનો જે ઉપદેશ મુનિ-શ્રાવકના ભેદથી કર્યો છે, તે પરમ સુખદાયક ધર્મ, જ્યાં સુધી પૃથ્વી પર સૂર્ય ચંદ્ર છે, ત્યાં સુધી નિશ્ચયરૂપથી રહેશે. પવિત્ર ધર્મના ઉપદેષ્ટા અને વ્યાખ્યાતા શ્રી મહાવીરપ્રભુને હું વારંવાર નમસ્કાર કરું છું. તેઓ મારા ભવભ્રમણનો

શીઘ્ર અંત કરે. વિશેષ વિસ્તારથી ન કહીને એટલું જ કહેવું પર્યાપ્ત છે કે મારા દ્વારા શ્રદ્ધા-ભક્તિપૂર્વક સંસ્તુત મહાવીરપ્રભુ પોતાના સમાન જ અદ્ભુત, અનુપમ અને સર્વોત્તમ ગુણો, સુખ અને મુક્તિ-પ્રાપ્તિ માટે અમને પ્રદાન કરે! (આ ચરિત્રમાં ગ્રંથસંખ્યા અનુસાર કુલ ત્રણ હજાર પાંચસો શ્લોકોનો અનુવાદ છે.)

**શુભમસ્તુ—**

**સમાપ્ત**

## સ્વાધ્યાય એ પરમ તપ છે

## પરિશિષ્ટ

ભગવાન મહાવીરના સમયમાં કપિલવસ્તુના રાજા શુદ્ધોધનને ગૌતમ નામનો પુત્ર હતો કે જે પોતાના વિશાળ ઐશ્વર્યને ત્યાગીને સાધુ બની ગયો હતો. સાધુ ગૌતમબુદ્ધે પોતાની તપસ્યાથી 'મહાત્મા' પદ પ્રાપ્ત કર્યું હતું. મહાત્મા બુદ્ધ સ્થાને સ્થાને ફરી ફરીને બૌદ્ધધર્મનો પ્રચાર કર્યા કરતા હતા. બુદ્ધના અનુયાયી ''બૌદ્ધ'' અને ભગવાન મહાવીરના અનુયાયી ''જૈન'' કહેવાતા હતા. જોકે તે સમયે આ બંને સંપ્રદાય વૈદિક-વિધાન, બલિ, હિંસા આદિનો વિરોધ કરવામાં પૂરી શક્તિ લગાવતા હતા, છતાં પણ એ બંનેમાં ખૂબ જ મતભેદ હતો. બૌદ્ધ અને જૈનની દાર્શનિક તથા આચાર-વિષયક માન્યતાઓમાં ખૂબ જ વધારે અંતર હતો. જ્યાં સુધી ભગવાન મહાવીરની છદ્મસ્થ અવસ્થા રહી, ત્યાં સુધી પ્રાયઃ બુદ્ધના ઉપદેશનો જ અધિક પ્રચાર રહ્યો; પરંતુ જ્યારે ભગવાન મહાવીર 'કેવળજ્ઞાની' થઈને દિવ્ય-ધ્વનિ દ્વારા ઉપદેશ આપવા લાગ્યા, ત્યારે બુદ્ધનું માહાત્મ્ય ખૂબ જ ઘટી ગયું. રાજા શ્રેણિક જેવા કટ્ટર બૌદ્ધ પણ ભગવાન મહાવીરના અનુયાયી બની ગયા અર્થાત્ જૈન બની ગયા. એક જગ્યાએ સ્વયં ગૌતમબુદ્ધે પણ પોતાના શિષ્યોની સાથે ભગવાન મહાવીરને

'સર્વજ્ઞ' સ્વીકાર્યા હતા અને તેમના વચનોમાં પોતાની આસ્થા પ્રગટ કરી હતી.

પૂર્ણજ્ઞાની યોગી ભગવાન મહાવીરે પહેલાં તો વૈદિક હિંસા, બલિ તથા અન્ય કુરીતિઓ બંધ કરાવી હતી, પછી પોતાના માર્મિક ધાર્મિક ઉપદેશોથી બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય આદિ મત-મતાંતરોની માન્યતાઓનું ખંડન કરીને સ્યાદ્વાદિ દૃષ્ટિકોણથી જૈન ધર્મની માન્યતાઓની પ્રતિષ્ઠા કરી હતી.

ભગવાન મહાવીર જ્યારે મોક્ષ ગયા હતા ત્યારે ચતુર્થકાળના ૩ વર્ષ, ૮ મહિના અને ૧૫ દિવસ બાકી રહી ગયા હતા. તેમને ઉત્પન્ન થયાને આજે ૨૬૧૨ વર્ષ અને મોક્ષ પ્રાપ્ત કર્યાને ૨૫૪૦ વર્ષ વ્યતીત થઈ ગયા છે. તેઓ બાળબ્રહ્મચારી હતા. તેમણે ન તો લગ્ન કર્યા, ન રાજ્ય કર્યું, પરંતુ કુમાર અવસ્થામાં જ દીક્ષા ધારણ કરી લીધી હતી. જેમણે તેમનું આયુષ્ય ૭૧ વર્ષ ૩ મહિના અને ૨૫ દિવસ માન્યા છે તેઓએ તેનો વિભાગ આ રીતે લખ્યો છે–

ગર્ભકાળ ૯ મહિના ૮ દિવસ, કુમારકાળ ૨૮ વર્ષ ૭ મહિના ૧૨ દિવસ, છદ્મસ્થકાળ ૧૨ વર્ષ ૫ મહિના ૧૫ દિવસ, કેવળીકાળ ૨૯ વર્ષ ૫ મહિના ૨૦ દિવસ—કુલ ૭૧ વર્ષ ૩ મહિના ૨૫ દિવસ થયા. મુક્ત થતાં ચતુર્થકાળના ૩ વર્ષ ૮ મહિના ૨૫ દિવસ બાકી રહ્યા.

આ રીતે, ઉપરોક્ત મતમાં ચતુર્થકાળના ૭૫ વર્ષ ૧૦ દિવસ બાકી રહેતાં ભગવાન મહાવીરે માતાના ગર્ભમાં પ્રવેશ કર્યો હતો. જેમણે તેમનું આયુષ્ય ૭૨ વર્ષનું માન્યું છે તેમણે કહ્યું છે કે ચતુર્થકાળના ૭૫ વર્ષ ૮ મહિના ૧૫ દિવસ બાકી રહેતા ભગવાન મહાવીરે માતા ત્રિશલાના ગર્ભમાં પ્રવેશ કર્યો હતો.

ભગવાન મહાવીર પછી ગૌતમ, સુધર્મ અને જંબૂસ્વામી—આ ત્રણ કેવળી થયા હતા, આજે જૈનધર્મ એમનાં જ સારગર્ભિત ઉપદેશોથી ચાલી રહ્યો છે.

આ પ્રમાણે મહાવીર, વીર, અતિવીર, સન્મતિ અને વર્ધમાનના નામે પ્રસિદ્ધ વર્ણનથી યુક્ત, આચાર્ય શ્રી સકલકીર્તિજી વિરચિત, ''મહાવીર પુરાણ''નો પ્રશમ જિતુભાઈ મોદી, સોનગઢ કૃત ગુજરાતી અનુવાદ પૂર્ણ થયો.

# અમારા સંકલિત પ્રકાશનો

- ☞ દૃષ્ટિના નિધાન
- ☞ પરમાગમ ચિંતામણિ
- ☞ વૈરાગ્ય-વર્ષા
- ☞ દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર—પર્યાયદૃષ્ટિ વિનશ્વર
- ☞ બોધિ-સમાધિ-નિધાન ભાગ-૧
- ☞ સમજ
- ☞ અધ્યાત્મગંગા
- ☞ દ્રવ્યદૃષ્ટિ—પ્રવેશિકા
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૧
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૨
- ☞ બોધિ-સમાધિ-નિધાન ભાગ-૨
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૩
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૪
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૫
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૬
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૭
- ☞ પાંડવ પુરાણ (ગુજરાતી)
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૮
- ☞ મહાવીર પુરાણ (ગુજરાતી)

# આગામી સંકલિત પ્રકાશનો

- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૯
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૧૦
- ☞ શાંતિનાથ પુરાણ (ગુજરાતી)
- ☞ આદિપુરાણ ભાગ-૧ (ગુજરાતી)
- ☞ ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ-૧૧
- ☞ બોધિ-સમાધિ-નિધાન ભાગ-૩
- ☞ આદિપુરાણ ભાગ-૨ (ગુજરાતી)

